
'હું પરમાત્મા છું'
સિદ્ધાંત હૃદયગત કરવાની કળા

# 'હું પરમાત્મા છું'

## સિદ્ધાંત હૃદયગત કરવાની કળા

: લેખક :

સુભાષ શેઠ

: પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :

**વાંકાનેર દિગંબર જૈન સંઘ**
પ્રતાપ રોડ, દેનાબેંકની બાજુમાં,
વાંકાનેર (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૨૮) ૨૨૩૫૯૬
Email : subhash.sheth@yahoo.co.in

**Jain Swadhyay Mandir Songadh**
304, Tall Oak Trall,
Taragon Spring, FL 34688 U.S.A.
Phone : 727 934 3255
Email : kahanguru@hotmail.com
hasmukh33@yahoo.com

પ્રથમ આવૃત્તિ : પ્રત ૨૦૦૦
વીરનિર્વાણ સંવત ૨૫૩૬,
વિક્રમ સંવત ૨૦૬૬, નિજ વૈશાખ સુદ ૨
ને શનિવાર તા. ૧૫-૫-૨૦૧૦
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની
૧૨૧મી જન્મજયંતી

© લેખકને આધીન

મૂલ્ય : સ્વાધ્યાય
('હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટેનો અભ્યાસ)

આ પુસ્તકનો ખરેખર ઉપયોગ કરવા માંગતા હોય તેમણે નીચેની સંસ્થાને પોતાના પૂરા સરનામા સાથે લખી જણાવવું. સ્ટોકમાં હશે ત્યાં સુધી મોકલવામાં આવશે.

પ્રાપ્તિ સ્થાન :
**વાંકાનેર દિગંબર જૈન સંઘ**
પ્રતાપ રોડ, દેનાબેંકની બાજુમાં,
વાંકાનેર (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૨૮) ૨૨૩૫૯૬
Email : subhash.sheth@yahoo.co.in

ટાઈપ સેટીંગ :
**'ક્રિએટીવ'**
તરૂણ શાહ
૨૦૨, અખંડઆનંદ ફ્લેટ્સ, ગોપાલનગર,
ઢેબર રોડ, રાજકોટ.
મો. ૯૪૨૭૨ ૧૩૦૭૨

જેકેટ અને ડીઝાઈન :
**ડોટ એડ.**
૨૩૪, રાજ ચેમ્બર્સ,
માલવિયા પેટ્રોલ પંપ સામે,
ગોંડલ રોડ, રાજકોટ-૧.
ફોન : ૬૬૨૬૦૭૩

મુદ્રક :
**કહાન મુદ્રણાલય**
સોનગઢ (સૌરાષ્ટ્ર)
ફોન : ૦૨૮૪૬-૨૪૪૦૮૧

ચિત્રકાર : **નલીન સૂચક**
મો. ૯૪૨૭૨ ૫૨૨૦૪

# 'હું પરમાત્મા છું'
## સિદ્ધાંત હૃદયગત કરવાની કળા

## અનુક્રમણિકા


❖ પ્રકાશકીય નિવેદન

❖ આત્મનિવેદન

૧. 'હું પરમાત્મા છુ' **એક સર્વગ્રાહી સિદ્ધાંત** ... ૦૦૧

૨. 'હું પરમાત્મા છુ' **કઈ રીતે ?** ... ૦૨૫

૩. 'હું પરમાત્મા છુ' **સિદ્ધાંત હૃદયગત થવાની પાત્રતા** ... ૦૪૯

૪. 'હું પરમાત્મા છુ' **સિદ્ધાંત હૃદયગત કરવાનો ઉપાય** ... ૦૬૭

૫. 'હું પરમાત્મા છુ' **સિદ્ધાંત હૃદયગત થવાની પાત્રતા** ... ૦૯૫

૬. 'હું પરમાત્મા છુ' **સિદ્ધાંત હૃદયગત થવાનો ક્રમ** ... ૧૩૩

૭. 'હું પરમાત્મા છુ' **સિદ્ધાંત હૃદયગત થવાનું ફળ** ... ૧૫૧

❖ પરિશિષ્ટ : ૧ : હેતુલક્ષી પ્રશ્નોના જવાબ ... ૧૭૯

❖ પરિશિષ્ટ : ૨ : **સ્વમૂલ્યાંકન** ... ૧૮૧

• અર્પણ ... ૧૯૦

• વાંચકોની અંગત નોંધ ... ૧૯૨

# આત્મનિવેદન

**'હું પરમાત્મા છું'** ના પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પડકારોથી પ્રભાવિત થઈને તેમના દ્વારા પ્રચલિત થયેલ આ સિદ્ધાંતને હૃદયગત કરવાની કળા દર્શાવતું આ પુસ્તક આધુનિક વૈજ્ઞાનિક લેખનકળા અનુસારનું પ્રસ્તુતિકરણ છે. તેમાં પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ દ્વારા પરમાત્મદશા તરફ પહોંચાડનાર પારમાર્થિક પંથમાં પ્રયાણ કરાવવાના એક માત્ર હેતુને સિદ્ધ કરવા માટે **'હું પરમાત્મા છું'** સિદ્ધાંતનું સર્વાંગીણ વિવેચન કરવાનો વિનમ્ર પ્રયાસ છે.

આ પુસ્તક સંશોધનપૂર્વકની સ્વતંત્ર વિચારધારા હોવા છતાં તે મૂળ શાસ્ત્રોના આધારે હોય તેની કાળજી રાખવામાં આવી છે અને દરેક પ્રકરણના અંતે આપવામાં આવેલ સંદર્ભ ગ્રંથોની યાદીમાં તે મુદ્દાસર અને વિગતવાર દર્શાવવામાં આવેલ છે. વધુ અભ્યાસ કરવા ઈચ્છતા મુમુક્ષુઓ અને વિદ્વાનો માટે પણ તે ઉપયોગી રહેશે. દરેક પ્રકરણના અંતે વીસ હેતુલક્ષી પ્રશ્નો આપવામાં આવેલ છે. તેમાં બે કે ત્રણ પ્રશ્નો સિવાય બાકીના પ્રશ્નોનું કઠિનતામૂલ્ય એકદમ અલ્પ છે. આ પ્રશ્નોના ઉત્તરો લખવાથી વિષય સંબંધી કેળવાયેલી સમજણની સરળતાથી ચકાસણી થશે અને પોતાની સમજણ સંબંધી સંતોષ મેળવી શકાશે. હેતુલક્ષી પ્રશ્નો ઉપરાંત સૈદ્ધાંતિક પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરવાથી વિષયનું દ્રઢીકરણ થશે, વધુ અભ્યાસ માટેનો ઉત્સાહ પ્રગટશે અને પ્રકરણને વારંવાર વાંચવાથી થતી રસક્ષતિ નિવારી શકાશે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંત હૃદયગત થવામાં પોતે ક્યાં સુધી છે? તેનું સ્વમૂલ્યાંકન મેળવવા માટેની કસોટી પુસ્તકના અંતે અપાયેલી છે. આ પુસ્તકનો અભ્યાસ શરૂ કરતાં પહેલા અને પછી, ત્યારબાદ આનુષંગિક અભ્યાસ કર્યા પછી સમયાંતરે આ કસોટી કરવાથી **'હું પરમાત્મા છું'** સિદ્ધાંત હૃદયગત કરવામાં પોતે ક્યાં હતો અને ક્યાં સુધી પહોંચ્યો છે? તેનો ક્યાસ જાતે જ મેળવી શકાશે. તેથી પુસ્તક વાંચતા પહેલા સ્વમુલ્યાંકન (પાનું ૧૮૧) કરી જવા ભલામણ છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતના પ્રવર્તક અને પ્રત્યક્ષ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ આ સિદ્ધાંતને સુવર્ણપુરી તીર્થધામના મુદ્રાલેખ તરીકે પ્રસ્થાપિત કરનાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં મંગલ આશિષ અને પરોક્ષ કૃપા હેઠળ આ પુસ્તક પ્રકાશન પામે છે. તેથી તેમાં જે કોઈ સારું જણાય તે સાક્ષાત્ ઉપકારી કહાન ગુરુદેવ અને ભગવતીમાતા બહેનશ્રીનું જ જાણવું અને જે કોઈ ખામી હોય તે મારી અલ્પજ્ઞતા અને અજ્ઞાનતાના કારણે જ જાણવી.

સુજ્ઞ વાંચકોને જે કોઈ દોષ, ક્ષતિ કે કચાશ જણાઈ તે નિઃસંકોચ જણાવવા વિનંતી છે. આ ઉપરાંત વિષયને અનુરૂપ કોઈ સલાહ, સૂચન, માર્ગદર્શન અને અન્ય કોઈ આધારો હોય તો તે પણ જણાવવા વિનંતી છે. નવી આવૃત્તિમાં તેનો સમુચિત ઉપયોગ કરવામાં આવશે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરી સૌ પરમાત્મદશા પ્રગટ કરવા માટેના પારમાર્થિક પંથમાં પ્રયાણ કરે એ જ પરમ પવિત્ર ભાવના.

દિવાનપરા, **વાંકાનેર** (સૌરાષ્ટ્ર) ૩૬૩ ૬૨૧
Email : subhash.sheth@yahoo.co.in

**(સુભાષ શેઠ)**

# પ્રકાશકીય નિવેદન

**'હું પરમાત્મા છું'** એ પાયાનો, પ્રમુખ અને પ્રયોજનભૂત સિદ્ધાંત છે. વળી તે સર્વ સિદ્ધાંતોનો શિરમોર હોય તેવો સર્વગ્રાહી સિદ્ધાંત છે. પૂજ્યશ્રી કાનજીસ્વામી દ્વારા બહોળી પ્રસિદ્ધિ પામેલ આ સિદ્ધાંતને હૃદયગત કરવાની કળા દર્શાવતું આ પ્રકાશન અત્યંત ઉપયોગી અને ઉપયુક્ત છે. મુમુક્ષુ સમાજને તે સાદર સમર્પિત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત એવા લેખક સુભાષ શેઠની આ સૌ પ્રથમ પ્રકાશિત થતી મહત્વપૂર્ણ મૌલિક કૃતિ છે. તેમાં સાત પ્રકરણ દ્વારા પ્રસ્તુત વિષયનું સર્વાંગીણ સમીક્ષણ કરવામાં આવ્યું છે, તત્ત્વજ્ઞાનના ગહન અને ગૂઢ સિદ્ધાંતને પણ સરળ, રોચક અને પ્રવાહી શૈલીમાં પ્રસ્તુત કરી લોકભોગ્ય બનાવવાની લેખકની કળા નજરે તરી આવે તેવી છે.

લેખક સને ૧૯૯૬થી લગભગ દર વર્ષે અમેરિકા આવે છે. અહીંની સંસ્થા દ્વારા અમેરિકાના જુદા જુદા સેન્ટરોમાં તેમની શિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. તેઓ પોતાની અસરકારક અને સચોટ શિક્ષણ શૈલી માટે જાણીતા છે. તેમની લેખન શૈલી પણ પ્રભાવક અને પદ્ધતિસરની છે.

આ પુસ્તક wwwkahanguru.org અને wwwatam-darshan.org ઉપર ઉપલબ્ધ છે. આ પુસ્તકની શિક્ષણ માટેની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર છે અને ઓડીયો સી.ડી. ટૂંક સમયમાં તૈયાર થશે. જેમને જરૂરિયાત હોય તેમણે માંગણી કરવા વિનંતી છે.

લેખકના માતુશ્રીના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે. માતુશ્રીનું ચિત્ર અને સ્મરણાંજલિ પુસ્તકના પાછળના ભાગમાં રાખી પુસ્તકના વિષયવસ્તુની મુખ્યતાને જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બ્રહ્મચારી વજુભાઈ શાહે સમગ્ર લખાણ તપાસી ભાષા શુદ્ધિ કરી આપેલ છે. આ પુસ્તકના પ્રકાશનમાં ઘણી ઉપયોગી સેવાઓ રાજકોટના અતુલભાઈ ધીયાએ આપી છે તે ઉપરાંત પ્રુફ સંશોધનમાં રસિકભાઈ શાહ, શૈલેષભાઈ ગાંધી, કિરણબેન ગાંધી વગેરે મુમુક્ષુઓએ સહાય કરી છે મોરબીના હીરેન શેઠે આ પુસ્તકના શિક્ષણ માટે ઉપયોગી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરી આપેલ છે. સુભાષભાઈના શિક્ષક મિત્ર નલીન સૂચકે સુંદર રેખાંકનો તૈયાર કરી આપેલ છે. ક્રિએટીવના તરુણ શાહે ટાઈપ સેટીંગ અને ડોટ એડના કમલેશ સોમપુરાએ સેટીંગ અને ડીઝાઈનનું તેમ જ કહાન મુદ્રણાલયના જ્ઞાનચંદ જૈને પ્રીન્ટીંગ - બાઈન્ડીંગનું કામ સારી રીતે કરી આપેલ છે. તે સર્વેનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા **'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સૌ હૃદયગત કરે તેવી મંગલ ભાવના.

304, Tall Oak Traill,
Tarapon Spring, FL 34688 U.S.A.
Phone : 727-934-3255
Email : hasmukh33@yahoo.com
wwwatam-darshan.org


**હસમુખ શાહ**
પ્રમુખશ્રી,
જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ, U.S.A.

પ્રકરણ

૧

# 'હું પરમાત્મા છું'

# એક સર્વગ્રાહી સિદ્ધાંત




◆ પ્રકરણની રૂપરેખા

- પ્રાસ્તાવિક
- **તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો એટલે શું ?**
- **તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું હૃદયગતપણું એટલે શું ?**
- **'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત કરવાની આવશ્યકતા**
- **'હું પરમાત્મા છું' એક સર્વગ્રાહી સિદ્ધાંત**
  - (૦૧) દ્રવ્યની સ્વતંત્રતા
  - (૦૨) સ્વભાવની સંપૂર્ણતા
  - (૦૩) ભેદજ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન
  - (૦૪) વીતરાગતા એ જ ધર્મ
  - (૦૫) ધર્મનું મૂળ સમ્યગ્દર્શન
  - (૦૬) મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ
  - (૦૭) પરપદાર્થનું અકર્તૃત્ત્વ
  - (૦૮) નિમિત્તની નિરપેક્ષતા
  - (૦૯) દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ
  - (૧૦) પાંચ સમવાયમાં પુરૂષાર્થની મુખ્યતા
- ઉપસંહાર

## પ્રકરણ : ૧

## 'હું પરમાત્મા છું' એ સર્વગ્રાહી સિદ્ધાંત સંબંધી

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પડકારો


*'હું જ પરમાત્મા છું' એમ નક્કી કર,*
*'હું જ પરમાત્મા છું' એવો નિર્ણય કર,*
*'હું જ પરમાત્મા છું' એવો અનુભવ કર.*

*વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકીનાથ પરમાત્મા (સીમંધરદેવ) સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે, 'હું પરમાત્મા છું' એમ નક્કી કર.*

*"ભગવાન! 'તમે પરમાત્મા છો' એટલું તો અમને નક્કી કરવા દો!"*

*એ ક્યારે નક્કી થશે? કે જ્યારે 'હું પરમાત્મા છું' એવો અનુભવ થશે, ત્યારે 'આ (સીમંધર ભગવાન) પરમાત્મા છે' એવો વ્યવહાર તને નક્કી થશે; નિશ્ચય નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ.*

('ગુરુદેવશ્રીનાં વચનામૃત'નું આમુખ)



*મા૨ ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવું છે! પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે! ભગવાન આત્મા — હું પોતે — દ્રવ્યે પરમેશ્વરસ્વરૂપ જ છું એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો ત્યાં તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ.*

*હું તો પુરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી. એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. અહાહા! દિગંબર સંતોની કથન—શૈલી અલૌકિક છે.*

(આત્મધર્મ : એપ્રિલ ૨૦૦૯ : 'તુ પરમાત્મા છો એમ નક્કી કર' - એ મથાળા હેઠળ અપાયેલાં ગુરુદેવશ્રીનાં ઉદ્‌ગારો : બોલ નં. ૭, પાનુ ૧૦ તેમ જ દૃષ્ટિના નિધાન : બોલ નં. ૨૪)

## મંગલાચરણરણ

नमः श्रीवर्धमानाय, निर्धूतकलिलात्मने ।
सालोकानां त्रिलोकानां, यद्विद्या दर्पणायते ॥



**શ્રી વર્ધમાન સ્વામી, વાંકાનેર.**
(જેઓની પરમ પવિત્ર નિશ્રામાં આ પુસ્તકનું આલેખન થયું છે.)

(દોહરો)

**જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;**
એમ જાણી હે યોગીજન ! કરો ન કોઈ વિકલ્પ.

**ભાવાર્થ : હે યોગી ! તમારે જો પરમાત્મદશા પ્રગટ કરવી હોય તો અન્ય કોઈ વિકલ્પ ન કરો અને જે પરમાત્મા છે તે જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે એમ જાણો.** (યોગસાર : દોહરો નં. ૨૨)

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવો એ જ પરમાત્મદશા પ્રગટ કરવાનો એક માત્ર ઉપાય છે. પોતાને પરમાત્મપણે જાણ્યો તેણે પરમાત્મદશા પ્રગટ કરવાનાં પારમાર્થિક પંથનાં પ્રથમ પગથિયે પગ મૂક્યો છે. સમવસરણનાં પ્રથમ પગથિયે પગ મૂકનાર ઠેઠ ઉપર સુધી પહોંચી જાય છે, તેમ પરમાત્મદશા પ્રગટ કરવાનાં પારમાર્થિક પંથનાં પ્રથમ પગથિયે પગ મૂકનાર પણ પરમાત્મદશાને પ્રાપ્ત થાય છે.

**'હું પરમાત્મા છું'** એ જૈન દર્શનનો મુખ્ય અને મહાન સિદ્ધાંત છે. પૂજ્ય ગુરુદેવશ્રીશ્રી કાનજીસ્વામીના મહાન પ્રભાવના યોગે જૈન દર્શનની મુખ્ય મુખ્ય વિશેષતાઓ અને સિદ્ધાંતો બહારમાં પ્રસિદ્ધિ પામ્યા છે. આત્માનું અનેકાંત-સ્વરુપ, આત્માનું શુદ્ધસ્વરુપ, આત્માની ઓળખાણ માટે પ્રમાણ અને નય, નવતત્ત્વો વગેરે જૈન દર્શનની મુખ્ય વિશેષતાઓ છે. આ વિશેષતાઓને આધારે દ્રવ્યની સ્વતંત્રતા, સ્વભાવની સંપૂર્ણતા, ભેદજ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન, વીતરાગતા એ જ ધર્મ, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ, ધર્મનું મૂળ: સમ્યગ્દર્શન, મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ વગેરે મહત્ત્વના સિદ્ધાંતો પણ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા પ્રસિદ્ધિ પામેલા છે. પણ આ બધા સિદ્ધાંતોનો '*શિરમોર* હોય તો તે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંત છે. આ એક જ સિદ્ધાંતમાં બીજા બધા સિદ્ધાંતો સમાઈ જાય છે. તેથી આ એક સર્વગ્રાહી સિદ્ધાંત છે. આ સર્વગ્રાહી સિદ્ધાંત સમજ્યા વિના પરમાત્મદશા પ્રગટ કરવાના પારમાર્થિક પંથમાં એક ડગલુંય આગળ વધી શકાતું નથી.

**'હું પરમાત્મા છું'**નાં ગુરુદેવશ્રીના ગગનભેદી નારાથી સોનગઢની શરૂઆત થાય છે. *'હું પરમાત્મા છું'* સંબંધી ગુરુદેવશ્રીનાં આ પડકારો *'ગુરુદેવશ્રીનાં વચનામૃત'* પુસ્તકનાં આમુખ તરીકે



સ્થાન પામેલ છે. ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં ગુરુદેવશ્રીનાં સઘળાં ઉપદેશનાં સારભૂત સિદ્ધાંત તરીકે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને પૂજય બહેનશ્રી ચંપાબહેન દ્વારા પસંદ કરાયેલ છે. ગુરુદેવશ્રી અને સોનગઢનાં પ્રતિકસમા એક આદર્શસૂચક આગવા સિદ્ધાંત તરીકે તે આજે ઓળખાય છે.
જેમ તલમાં તેલ છે, ચકમકમાં આગ છે; તેમ પોતાના આત્મામાં પોતાનો પરમાત્મસ્વભાવ છે. કેરીનો રસ તેના રેષા-ગોટલાં-છોતરા વિનાનો હોતો નથી, શ્રીફળનો ગોળો તેની રાતપ-કાચલી-છોતરા વિનાનો હોતો નથી, તેમ પોતાનો આત્મા પોતાના ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ વિનાનો હોતો નથી. પરંતુ જેમ કેરીનું અસલી સ્વરૂપ તેનો રસ છે, શ્રીફળનું તેનો ગોળો છે; તેમ પોતાના આત્માનું અસલી સ્વરૂપ પોતાનો પરમાત્મસ્વભાવ છે.

પરંતુ આ જીવને શરીરાદિ પરપદાર્થોમાં પોતાપણું છે, પણ પોતાના પરમાત્મસ્વભાવમાં જ પોતાપણું નથી. 'હું માણસ છું', 'હું બુદ્ધિશાળી છું' જેવો સ્વીકાર છે, પણ 'હું પરમાત્મા છું' તેવો સ્વીકાર નથી. પરિવારની, પૈસાની વગેરે અનેકની દરકાર છે, ખેવના છે, પણ એકમાત્ર પોતાના પરમાત્મસ્વભાવની જ દરકાર નથી, ખેવના નથી. પોતાની ઓળખ માટેના બાયોડેટા (Biodata)માંાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ જેવી ઘણી માહિતિઓને સ્થાન છે; પણ પોતાની સાચીચી ઓળખ આપનાર પોતાના પરમાત્માસ્વભાવને કોઈ સ્થાન નથી. પોતાને કોઈ ન માને, ન ગણકારે, પોતાનો ભાવ પણ કોઈ ન પૂછે તો પોતાને માઠું લાગે છે, પણ પોતે જ પોતાને એટલે કે પોતાના પરમાત્મસ્વભાવને ન માને, ન ગણકારે, તેનો ભાવ પણ ન પૂછે તો તેમાં પોતાને કોઈ માઠું જણાતું નથી.

આ જીવનો મોટામાં મોટો અપરાધ પોતાના પરમાત્મમસ્વભાવનો અસ્વીકાર જ છે. હિંસા, જૂઠ, ચોરી, વિષય-વાસના વિગેરે જેવા પાપ પોતાના પરમાત્મસ્વભાવના અસ્વીકરવામાં જ છે, પોતે પોતાના પરમાત્મસ્વભાવને સ્વીકારે તો બીજા અપરાધ આપમેળે અટકી જાય છે.

પોતાને પરમાત્માપણે સ્વીકારે તેનું જીવન આખુંય બદલાઈ જાય છે. તેના વર્તનમાં સમૂળગું પરિવર્તન આવે છે. પોતાને પરમાત્મા માને તે પૈસાની પાછળ આંધળી દોટ ન મૂકે, તે પરવિષયોથી પોતાનું સુખ ન સમજે. પોતાની સુવિધાઓને સંતોષવા માટે વધુ પડતા પરિગ્રહોને પોષવાનું પાપ ન કરે. પરંતુ આવું બધું ભાગ્યે જ જોવા મળે છે, તે એમ બતાવે છે કે પોતે પરમાત્મા છે એવો મહાન સિદ્ધાંત પોતે પચાવ્યો નથી.

લાંબા સમયથી પોતે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. પોતે સત્શ્રવણ, સત્સમાગમ, સદ્વાંચન, સદ્વિચાર અને સદાચારથી સમૃદ્ધ છે. ભગવાનની ભક્તિ-પૂજા અને અનુષ્ઠાનોમાં પોતે અગ્રેસર છે. દયા, દાન, વ્રત, તપ, યમ, નિયમ પણ યથાશક્તિ અપનાવે છે. તેમ છતાં પોતાનાં વર્તનમાં કોઈ પરિવર્તન જણાતું નથી. પોતાનું જીવન જરાય બદલાતું નથી. પોતાની પરિણતિની પરાશ્રિતતા પાછું વળવાનું નામ લેતી નથી. પોતાની વિષયાસક્તિ ઘટતી નથી. પોતાનાં કષાયો શાંત થતા નથી. મિથ્યાત્વમાં મંદતા આવતી નથી અને અનંતાનુબંધીનો અનુભાગ ઢીલો થતો નથી. આ બધાનું એકમાત્ર કારણ એ છે કે પોતે તત્ત્વજ્ઞાનના આ મહાન સિદ્ધાંતને પચાવી શક્યો નથી, તેનું

હૃદયગતપણું થયું નથી.

તેથી તત્ત્વજ્ઞાનના આ મહાન સિદ્ધાંતને હૃદયગત કરવાની કળા વિષે આપણે ચર્ચા કરવાની છે. તેમાં સૌ પ્રથમ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો એટલે શું ? તે જોઈએ.

## તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો એટલે શું ?

**પ્રયોજનભૂત વસ્તુના સ્વભાવને તત્ત્વ કહે છે. તત્ત્વસબંધી જાણકારીને તત્ત્વજ્ઞાન કહે છે. અને આ તત્ત્વજ્ઞાન સબંધી કોઈ નિશ્ચિત મત, ઠરાવ કે નિર્ણય અને તેની સૂત્રાત્મક રજૂઆતને તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત કહે છે.**

આ જગતમાં પારમાર્થિક પ્રયોજનભૂત વસ્તુ પોતાનો આત્મા છે. તેથી પ્રયોજનભૂત આત્મ-સ્વભાવને તત્ત્વ અને તે તત્ત્વ સબંધી જાણકારીને **તત્ત્વજ્ઞાન** કહે છે.

આપણો આત્મા પોતાનાં સ્વભાવથી શુદ્ધ હોવા છતાં સંસારાવસ્થામાં અશુદ્ધ પણ હોય છે. આત્માની શુદ્ધ કે અશુદ્ધ અવસ્થામાં પૌદ્‌ગલિક કર્મના અભાવ કે સદ્‌ભાવનું નિમિત્તપણું હોય છે. આત્માના સર્વાંગી સ્વરુપને જીવતત્ત્વ અને તેની સાથે સબંધ ધરાવનારા અન્ય દ્રવ્યોને અજીવતત્ત્વ કહે છે. તેથી જીવ અને અજીવ એ બે મુખ્ય દ્રવ્યરૂપ તત્ત્વો છે. જીવ-અજીવની પરસ્પર સબંધિત અવસ્થાને પર્યાયરૂપ તત્ત્વ કહે છે. આ પર્યાયરૂપ તત્ત્વો આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષરૂપ કુલ સાત છે. દ્રવ્યરૂપ બે અને પર્યાયરૂપ સાત મળીને કુલ નવ તત્ત્વો છે. આ તત્ત્વો સબંધી સાચી જાણકારી તે **તત્ત્વજ્ઞાન** છે.

આ તત્ત્વજ્ઞાન સબંધી પૂરી તપાસ અને વિચારણા કરી સાબિત થયેલ કોઈ નિશ્ચિત મત, ઠરાવ કે નિર્ણયને સિદ્ધાંત કહે છે. સામાન્યપણે સિદ્ધાંતની રજૂઆત સૂત્રાત્મક હોય છે. જૈન દર્શનના પરમ સત્ય સનાતન સિદ્ધાંતો [2]*અપૌરુષેય* હોય છે. એટલે કે તે કોઈ છદ્મસ્થ દ્વારા નહિ પણ વીતરાગ સર્વજ્ઞ દ્વારા પ્રરૂપિત છે. તેથી આ સિદ્ધાંતો અફર, અબાધિત અને [3]*અકાટ્ય* હોય છે. તેથી તે [4]*અતિનિષ્તુષ* [5]*નિર્બાધ* યુક્તિથી સિદ્ધ થઈ શકે તેવા અને અન્યમતની મિથ્યા માન્યતાઓનું નિરાકરણ કરવામાં સમર્થ હોય છે.

### પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા

પાંચ સમવાયમાં પુરુષાર્થ જ આત્મહિતનું ચોક્કસ, વાસ્તવિક, સત્ય અને સીધું કારણ હોવાથી તે નિશ્ચયથી કારણ છે. પુરુષાર્થ સિવાયનાં બાકીનાં કારણો પુરુષાર્થ સાથે સંબંધિત તેમ જ પુરુષાર્થનાં પ્રતિપાદક અને પ્રેરક હોવાથી વ્યવહારથી કારણ છે. નિશ્ચય કારણ હંમેશા એક અને માત્ર એક જ હોય છે. અને તે પોતાનો પુરુષાર્થ જ છે. તેથી પુરુષાર્થની જ મુખ્યતા છે.

પુરુષાર્થ એ આત્માની વીર્યશક્તિરૂપ નિજશક્તિ છે. પોતાનું કોઈપણ કાર્ય પોતાના પુરુષાર્થથી જ પરિણમે છે. કાર્યનાં પરિણમન માટેનું સંચાલક બળ કે ઊર્જા પોતાનો પુરુષાર્થ જ હોય છે. તે કાર્યની ઉત્પાદકપ્રક્રિયામાં સીધી રીતની સામેલગીરી ધરાવે છે. તેથી પુરુષાર્થ એ ઉપાદન કારણ છે. ઉપાદન કારણ પણ એક જ હોય છે અને તે પુરુષાર્થ જ છે. તેથી પણ પુરુષાર્થની મુખ્યતા છે.

પોતાના આત્મહિતનું કોઈપણ કાર્ય પોતાના પુરુષાર્થને અનુસરીને નિયમથી થતું હોવાથી પુરુષાર્થ એ નિયામક કારણ છે. પુરુષાર્થ સિવાયના બાકીના કારણો કાર્યના નિયામક નથી. તેથી પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા છે.

(લેખકનાં આગામી પ્રકાશન **પાંચ સમવાયમાં પુરુષાર્થ** પ્રકરણ-૧માંથી)

## તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું હૃદયગતપણું એટલે શું?

**તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોનું આત્મસાત્ થવું તે તેનું હૃદયગતપણું છે.**

ભાવભાસન અને સંવેદનપૂર્વક જે સિદ્ધાંત આત્મસાત્ થાય તેને હૃદયગતપણું કહે છે. હૃદયગતપણાંના કારણે જે તે સિદ્ધાંત હૃદયમાં બરાબર બેસે છે અને તે અનુસારનું આચરણ આવે છે.

સામાન્ય રીતે સાંસારિક પ્રાણીઓને હું મનુષ્ય છું, હું પામર છું, હું પરતંત્ર છું, હું અપૂર્ણ છું, હું અલ્પજ્ઞ છું જેવી બાબતો એકદમ આત્મસાત્ હોય છે. પરપદાર્થનું કર્તૃત્વ, સંસારમાં સુખબુદ્ધિ, પર્યાયદૃષ્ટિ જેવી બાબતો પણ અનાદિથી રૂઢ હોય છે. પણ તેનાથી વિરુદ્ધ હું આત્મા છું, હું પરમાત્મા છું, હું સ્વતંત્ર છું, હું પરિપૂર્ણ છું, હું સર્વજ્ઞ છું જેવી બાબતો બિલકુલ આત્મસાત્ હોતી નથી. પરપદાર્થનું અકર્તૃત્વ, મોક્ષ અને મોક્ષમાર્ગમાં સુખબુદ્ધિ, દ્રવ્યદૃષ્ટિ જેવી બાબતો જરાય જચતી નથી. ગુરુદેવ પોકારી પોકારીને પોતાને પરમાત્મા કહે પણ પોતે પોતાની જાતને પામર માનવાનું જ ચાલુ રાખે છે. પોતાનું આચરણ પણ પામરપણાનું જ હોય છે. તે જ બતાવે છે કે પોતાને *'હું પરમાત્મા છું'* સિદ્ધાંત હૃદયગત થયો નથી.

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થાય તો તે પ્રકારની દઢ શ્રદ્ધા કે પ્રતીતિ હોવી જોઈએ. પોતાને પોતાનાં નામ તરીકેની પોતાની પ્રતીતિ છે પણ પરમાત્માપણાની નથી. કોઈ પોતાનું નામ લઈને બોલાવશે તો પોતે ઊંઘમાંથી પણ ઊભો થઈ જશે. પણ કોઈ પોતાને પરમાત્મા કહીને બોલાવશે તો પોતે ભગવાનની પ્રતિમા તરફ નજર નાખશે. પણ પોતાને તે પ્રકારે માનશે નહિ. તેનું કારણ પોતાને અંદરથી પરમાત્માપણાનો સિદ્ધાંત હૃદયગત નથી.

જે સિદ્ધાંત હૃદયગત હોય તેનું તે પ્રકારે વેદન, લાગણી કે અનુભવન પણ અવશ્ય હોય છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોનો ભોગવટો ઝેરનો ઘડો છે તે એક સત્ય સિદ્ધાંત છે. પણ અજ્ઞાનીને તેનુ વેદન કે અનુભવન ઝેર જેવું જણાતું નથી. તે તેને અમૃત માનીને જ તેની પાછળ દોડે છે તે એમ બતાવે છે કેકે તે સિદ્ધાંત તેને હૃદયગત નથી. તેમ *'હું પરમાત્મા છું'* એ એક સત્ય સિદ્ધાંત છે. પણ અજ્ઞાનીને પોતાનું વેદન કે અનુભવન પરમાત્મા જેવું જણાતું નથી. તે પોતાને પામર માનીને જ પરની પાછળ દોડે છે તે એમ બતાવે છે કે તે સિદ્ધાંત તેને હૃદયગત નથી. તેથી જે સિદ્ધાંતની વેદનપૂર્વકની પ્રતીતિ હોય તેને જ તે સિદ્ધાંતનું હૃદયગતપણું કહે છે.

## 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત કરવાની આવશ્યકતા

આ સંસારનું એકચક્રી શાસન કરનાર મોહ છે. અનાદિનાં મોહને ટાળવાનો એક માત્ર ઉપાય તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોને હૃદયગત કરવામાં છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થયા વિના મોહ બિલકુલ મચક આપતો નથી અને મોહ મટ્યા વિના મોક્ષ કે મોક્ષનો માર્ગ મળતો નથી. પારમાર્થિક પંથમાં પ્રવેશ મેળવવા માટે મોહને મટાડવો જરૂરી છે. શાસ્ત્ર સ્વાધ્યાયથી થતાા જ્ઞાનનાં ક્ષયોપશમથી મોહની મંદતા કે ટળવું નથી. પરંતુ તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત થાય તે

અનુસાર મોહની મંદતા કે ટળવું હોય છે. જેટલો મોહ ટળે તેટલું મમત્વ ટળે છે અને મમત્વ ટળેળે તેટલું સમત્વ આવે છે. સમત્વના કારણે જ મોક્ષમાર્ગ પ્રગટી મોક્ષના પારમાર્થિક પંથમાંાં આગળ વધી શકાય છે. આ સમત્વ લૌકિક જીવનમાં પણ ઉપયોગી છે. પણ તે માટે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા આવશ્યક છે.

**'હું પરમાત્મા છું'** એ એક જ સિદ્ધાંતમાં બીજા બધાં પ્રયોજનભૂત સિદ્ધાંતો સમાઈ જતા હોઈ આ એક જ સિદ્ધાંતને હૃદયગત કરવામાં આવે તો બીજા બધા સિદ્ધાંતો હૃદયગત થઈ જાય છે. તેથી *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંત હૃદયગત કરવાની અત્યંત આવશ્યકતા છે.

જેમ આહાર કરતાં તેનું પાચન વધુ મહત્ત્વનું છે. વકરો કરતાં નફો વધારે મહત્ત્વનો છે. તેમ શાસ્ત્ર સ્વાધ્યાય કરતાં તેનું પરિણમન વધુ મહત્ત્વનું છે. ખાધું ઘણું પણ પચ્યું નહિ તો શું કામનું ? વકરો ઘણો થયો પણ નફો ન થયો તો શું કામનું ? તેમ શાસ્ત્ર સ્વાધ્યાય ઘણો કર્યો પણ તત્ત્વજ્ઞાનનો એકેય સિદ્ધાંત જરાય પચ્યો કે હૃદયગત ન થયો, તો તે શું કામનું ? માટે તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોનો અભ્યાસ કરવાની સાથે તે હૃદયગત થાય તો જ તે કામનું છે.

તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત થવાનું ફળ અલૌકિક અને અચિંત્ય છે. તેની ચર્ચા પછી કરવામાં આવશે. આ ફળ પ્રાપ્ત કરવા માટે તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત થવા જરૂરી છે. જે બાબત આપણે હૃદયગત નથી કરી, સ્વયં સાક્ષાત્કાર નથી કર્યો, તદ્નુસારનું વેદન કે અનુભવન નથી થયું તો તે ઉધારની મૂડી છે. કદાચિત્ આ સિદ્ધાંતો ધારણામાં દૃઢ હોય અને બુદ્ધિમાં પણ બેઠા હોય પણ ભાવભાસન અને સંવેદન પામી તે હૃદયમાં નથી બેઠા તો તે એક માન્યતાથી વિશેષ કાંઈ નથી. તત્ત્વજ્ઞાનનાા સિદ્ધાંતો હૃદયમાં બેઠા વિના તેનો અભિપ્રાય બંધાતો નથી. તેની પ્રતીતિ આવતી નથી, તે અનુસારનું આચરણ આવતું નથી. અને તેથી તેનું ફળ પણ પ્રાપ્ત થતું નથી.

આજે ઘણા યુવાનો ફરિયાદ કરે છે કે મારા પિતાજી વર્ષોથી સ્વાધ્યાય કરે છે પણ તેમનો ક્રોધ આસમાને હોય છે. મારા ફૈબા ઘરબાર છોડીને તીર્થભૂમિમાં વસે છે પણ તેમનો જીભનો સ્વાદ છૂટતો નથી. મારા મામા આખો દિવસ તત્ત્વનો અભ્યાસ કર્યા કરે છે તોપણ તેમનામાં સંસારનો થાક કે મુક્તિની અભિલાષા જણાતી નથી. મારા દાદાએ મંદિરના પગથિયા ઘસી નાંખ્યા પણ તેમનામાં દયાનો છાંટોય નથી. આ બધાનું એકમાત્ર કારણ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવા તે જ છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થયા વિના કષાયની ઉપશાંતતા, વિષયની વિરક્તતા, ભવનો ખેદ કે મુક્તિની અભિલાષા અને પ્રાણીમાત્ર પ્રત્યે કરૂણાભાવ જેવા સદ્ગુણો આવતા નથી. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થયા વિના આત્મહિત કે આત્મોદ્ધારનો કોઈ માર્ગ [૬] *પ્રશસ્ત* થતો નથી. તેથી આ સિદ્ધાંતોને હૃદયગત કરવાની આવશ્યકતા અત્યંત જ નહિ અનિવાર્ય પણ છે.

**'હું પરમાત્મા છું'** એ સઘળાં સિદ્ધાંતોમાં શિરમોર, સર્વોપરી અને સર્વોત્કૃષ્ટ છે. તોપણ આ સિદ્ધાંતને હૃદયગત કરવાની અનિવાર્ય આવશ્યકતાની સૌથી મોટી વજૂદ એ છે કે તે એક **સર્વગ્રાહી સિદ્ધાંત** છે તે છે તેની ચર્ચા હવે કરવામાં આવે છે.



# 'હું પરમાત્મા છું' એક સર્વગ્રાહી સિદ્ધાંત

यत्सिद्धावन्य प्रकरण सिद्धि सो अधिकरण सिद्धांत ॥३०॥
यथा देहेन्द्रियव्यतिरिक्तो ज्ञाता ॥३१॥

**ભાવાર્થ : જે સિદ્ધાંતની સિદ્ધિમાં તે પ્રકરણ સબંધી અન્ય સિદ્ધાંતોની સિદ્ધિ પણ સમાયેલી છે તેવા સિદ્ધાંતને અધિકરણ સિદ્ધાંત કહે છે.**

**જેમ કે, દેહ અને ઈન્દ્રિયોથી ભિન્ન 'હું એક જ્ઞાયક આત્મા છું.'** (અર્થાત્ 'હું પરમાત્મા છું') **એ સિદ્ધાંતની સિદ્ધિમાં પારમાર્થિક અન્ય સિદ્ધાંતોની સિદ્ધિ છે.** (ન્યાયદર્શન સૂત્ર : ૧/૧/૩૦, ૩૧)

જે એક સિદ્ધાંતના અધિકરણ એટલે કે આધારમાં તેને લગતા બીજા અનેક સિદ્ધાંતો આવેલા હોય તેને અધિકરણ સિદ્ધાંત કહે છે. અધિકરણને વ્યાપક કે સર્વગ્રાહી સિદ્ધાંત પણ કહે છે.

અધિકરણ સિદ્ધાંત તે વિષયને લગતા બીજા બધાં સિદ્ધાંતોમાં પ્રસરી કે ફેલાઈ જતા હોય તેવી વિશાળતા ધરાવનાર હોવાથી તેને વ્યાપક કહે છે. અધિકરણ સિદ્ધાંતમાં તે પ્રકરણ સંબંધી સઘળાં સિદ્ધાંતો સમાઈ જતા હોવાથી તેને સર્વગ્રાહી સિદ્ધાંત પણ કહે છે.

**'હું પરમાત્મા છું'** એ આવો અધિકરણ, વ્યાપક કે સર્વગ્રાહી સિદ્ધાંત છે. આ એક જ પારમાર્થિક સિદ્ધાંતની સમજણમાં બીજા બધા પારમાર્થિક પ્રયોજનભૂત સિદ્ધાંતોની સમજણ સમાયેલી છે. આ એક સિદ્ધાંતને સમજ્યા વિના બીજો કોઈ પારમાર્થિક પ્રયોજનભૂત સિદ્ધાંત સમજી શકાતો નથી. અને આ એક જ સિદ્ધાંતને સમજી લેવામાં આવે તો પછી બીજા બધા સિદ્ધાંતો સમજવા સાવ સરળ છે. વળી બીજા બધા સિદ્ધાંતો સમજવા છતાં આ એક સિદ્ધાંત નથી સમજાયો તો તે કાંઈ સમજ્યો નથી. કેમ કે, જેમ હાથીના એક જ પગલામાં બીજા બધાં પગલાઓ સમાવેશ પામે છે, તેમ આ એક જ સિદ્ધાંતમાં બીજા બધા સિદ્ધાંતો સમાવેશ પામે છે તેવો આ સર્વગ્રાહી સિદ્ધાંત છે.




**'હું પરમાત્મા છું'** એ સર્વગ્રાહી સિદ્ધાંતમાં સમાવેશ પામતા અનેક સિદ્ધાંતો પૈકી નમૂનારૂપ મહત્ત્વનાં દશ સિદ્ધાંતો આ નીચે આપવામાં આવે છે.

૧. દ્રવ્યની સ્વતંત્રતા
૨. સ્વભાવની સંપૂર્ણતા
૩. ભેદજ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન
૪. વીતરાગતા એ જ ધર્મ
૫. ધર્મનું મૂળ : સમ્યગ્દર્શન
૬. મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ
૭. પરપદાર્થનું અકર્તૃત્વ
૮. નિમિત્તની નિરપેક્ષતા
૯. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ
૧૦. પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા

ઉપરોક્ત દરેક સિદ્ધાંતની ચર્ચા આ નીચે કરવામાં આવે છે. તેમાં સૌ પ્રથમ જે તે સિદ્ધાંતની વ્યાખ્યા, તે વ્યાખ્યાની સમજૂતી, *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતમાં તેનો સમાવેશ કઈ રીતે છે ? અને અંતમાં કોઈ કાવ્ય દ્વારા સારભૂત કથન કરી સમાપ્તિ કરવામાં આવી છે.

## ૧. દ્રવ્યની સ્વતંત્રતા

**દરેક દ્રવ્ય પોતાના સ્વભાવથી કોઈનાં તાબામાં ન હોય તેવું સ્વાધીન હોય છે. સ્વભાવની આવી સ્વાધીનતાને *'દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત'* કહે છે.**

દ્રવ્યની સ્વતંત્રતા એ જૈન દર્શનનો મુખ્ય અને મૂળભૂત સિદ્ધાંત છે. દરેક દ્રવ્ય અનેકાંતસ્વરુપીી હોવાથી તે પોતાનાં સ્વભાવથી જ કાયમ ટકીને કાયમ પરિણમે છે. કાયમ ટકવાનાં કારણે પોતાની હયાતિ અને કાયમ પરિણમવાનાં કારણે પોતાની કોઈને કોઈ કામગીરી હોય છે. તેથી તેની હયાતિ અને પરિણમન માટે કોઈની અપેક્ષા કે તાબાગીરી હોતી નથી. દ્રવ્યનું સ્વરુપ જ એવું છે કે તેની કોઈપણ બાબત માટે અન્ય કોઈ સાધનની જરૂર હોતી નથી. પોતે અકારણપારિણામિક પદાર્થ છે તેથી પોતાનાં કોઈ કાર્ય માટે અન્ય કોઈ કારણ નથી. પોતાનાં કાર્ય માટે અન્ય કોઈ કર્તા નથી. પોતાનાં કાર્યોની ક્રિયા માટે અન્ય કોઈ કારક નથી. કોઈપણ કાર્યની ક્રિયા સાથે સંબંધ ધરાવનારા કર્તા, કર્મ,કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ કારકો હોય છે. આ છ કારકો જ પોતાનાં કોઈપણ કાર્યની ક્રિયા માટેની વ્યવસ્થા, પ્રબંધ, યોજના, આયોજન કે ગોઠવણ હોવાથી તે જ પોતાનું તંત્ર છે. આ કારકો દ્રવ્યને પોતાને આધીન હોય તો તે દ્રવ્યની સ્વતંત્રતા કહેવાય છે. નિશ્ચયથી આ છયે કારકો એક જ દ્રવ્યમાં અભિન્નપણે હોય છે. તેથી આ છયે કારકો પોતાને જ આધીન હોવાથી દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. તેથી કોઈ પણ દ્રવ્યનો કે પોતાનાં આત્માનો અન્ય કોઈ કર્તા-હર્તા હોતો નથી. બાહ્ય કારકોથી નિરપેક્ષ દ્રવ્યસ્વરુપની આવી સ્વાધીનતા એ જ દ્રવ્યની સ્વતંત્રતા છે.

દ્રવ્યની સ્વતંત્રતા એ દ્રવ્યના પોતાના સ્વભાવથી છે. દ્રવ્ય પોતાના સ્વભાવથી પરમાત્મસ્વભાવે છે. આ પરમાત્મસ્વભાવની સમજણ એ જ 'હું પરમાત્મા છું' સિદ્ધાંતની સમજણ છે. તેથી 'દ્રવ્યની સ્વતંત્રતા' અને 'હું પરમાત્મા છું' એ બન્ને પરસ્પર અવિનાભાવી છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંત પોતે પોતાનાં સ્વભાવથી પરમાત્મા છે એમ દર્શાવે છે. પરમાત્મા હોય તે સ્વતંત્ર જ હોય. જે પોતાને પરમાત્મપણે માને તે પોતાની સ્વતંત્રતાને સ્વીકારે. સ્વતંત્રતાનાંા સ્વીકારથી જ પરમાત્મદશા પ્રગટે. સ્વતંત્રતા વિના પરમાત્માપણું સંભવતું નથી. પોતે પોતાનાં સ્વભાવથી પરમાત્મા હોવાથી પોતાનાં સ્વભાવથી જ સ્વતઃ ટકે છે અને સ્વતઃ પરિણમે છે. તેથી પોતે કોઈને આધીન કે તાબામાં ન હોય તેવું સ્વતંત્ર રીતે ટકતું અને પરિણમતું દ્રવ્ય છે. આ કારણે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતમાં દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત સહજપણે સમાવેશ પામે છે.

**'હું પરમાત્મા છું'**નો નાદ સમસ્ત જગતમાં ગજાવીને તેના દ્વારા વર્તમાન કાળમાં દ્રવ્યની સ્વતંત્રતાની ઘોષણા કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત પણ સમજાવીને પ્રસિદ્ધ કરેલો છે. તેમ કરીને તેમણે શાસનનાયક ભગવાન શ્રી મહાવીરની પરંપરાથી



ચાલ્યા આવતા સ્વાત્માનુભૂતિના પંથને પ્રકાશ્યો છે. આ કારણે હે ગુરુદેવ! તમારો જન્મ જગતને આત્મિક આનંદ પ્રદાન કરનારો છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કથન અનુસાર —

'હું પરમાત્મા છું'નો નાદ જગમાંહી ગજાવનહારા,
દ્રવ્ય સકળની સ્વતંત્રતાનો સિદ્ધાંત સમજાવનારા,
વીર કથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા,
ગુરુજી ! જન્મ તમારો રે, જગતને આનંદ કરનારો.

## ૨. સ્વભાવની સંપૂર્ણતા

**પોતે પોતાનાં ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ અનંતગુણોનાં પરિપૂર્ણ સામર્થ્યથી ભરપૂર હોય છે તેને '*સ્વભાવની સંપૂર્ણતા*' કહે છે.**

આપણા આત્મસ્વભાવમાં દશેય દિશાઓમાં અનંત રીતે વિસ્તરેલા આકાશના પ્રદેશોથી પણ અનંતગુણા ગુણો છે અને એક એક ગુણનું સામર્થ્ય પણ અનંત અનંત છે. અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્ય જેવા અનંત ગુણો અનંતાનંત સામર્થ્યથી સભર છે અને તે જ સ્વભાવની સંપૂર્ણતા છે.

આપણે જોઈ ગયા તે મુજબ દરેક દ્રવ્ય અને આપણો આત્મા સ્વતંત્ર છે. દ્રવ્યની આ સ્વતંત્રતા તેના સ્વભાવની સંપૂર્ણતાના કારણે જ છે. જો પોતે અપૂર્ણ હોય તો સ્વતંત્રતા સંભવે નહિ અને તે અપૂર્ણતા પૂરી કરવા માટે પરતંત્રતા સંભવી શકે. તેથી સ્વભાવની સંપૂર્ણતા વિના દ્રવ્યની સ્વતંત્રતા સંભવતી નથી.

સ્વભાવની સંપૂર્ણતા વિના પર્યાયમાં સંપૂર્ણતા પ્રગટતી નથી. સ્વભાવની સંપૂર્ણતાનો સ્વીકાર કરી તે સ્વભાવનો આશ્રય કરવાથી પલટતી પર્યાય પણ સ્વભાવ જેવી પૂર્ણ પ્રગટ થાય છે. સિદ્ધ ભગવાને આ રીતે પોતાનાં દ્રવ્યસ્વભાવ જેવી પર્યાયસ્વભાવની પૂર્ણતા પ્રગટ કરી છે.

દરેક જીવ પોતાનાં સ્વભાવથી સિદ્ધ સમાન સંપૂર્ણ જ હોય છે. જો આમ ન હોય તો કોઈ આત્માનો સ્વભાવ ઓછા જ્ઞાનવાળો, કોઈ તેનાથી વધુ જ્ઞાનવાળો અને કોઈ પૂર્ણ જ્ઞાનવાળો હોઈ શકે. આ રીતે કોઈનામાં સુખ ઓછું, કોઈનામાં વધુ, કોઈનામાં પરિપૂર્ણ હોય. આ કારણે જગતમાં જેટલા જીવ હોય તે દરેક જુદા-જુદા સ્વભાવનો એટલે કે જુદી જુદી જાતિનો થઈ જાય. પરંતુ જગતમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો છે. અને બધાં જીવદ્રવ્યો જાતિ અપેક્ષાએ એક સમાન પ્રકારે જ છે. એક સમાન પ્રકારે સંપૂર્ણતા જ સંભવેછે, અપૂર્ણતા નહિ. પાણીથી ભરેલો અપૂર્ણ ઘડો અડધો હોય, પોણો હોય તેમ અનેક પ્રકારે સંભવે છે. પણ સંપૂર્ણ પૂરેપૂરો ભરાયેલો ઘડો તો એક જ પ્રકારે સંભવે છે. દરેક જીવ પોતાની જાતિ અપેક્ષાએ એટલે કે સ્વભાવથી એક સમાન હોવાથી પોતાનાં સ્વભાવથી એક સમાન સંપૂર્ણ જ માનવા યોગ્ય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંત એમ સૂચવે છે કે પોતે પોતાની વર્તમાન પલટતી પર્યાયની અપેક્ષાએ પામર હોવા છતાં ત્રિકાળ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ પરમાત્મા છે. જે પોતાનાં પરિપૂર્ણ સામર્થ્યથી ભરપૂર હોય તે પરમાત્મા કહેવાય છે. તેથી '*હું પરમાત્મા છું*'નો અર્થ હું પોતાનાં સ્વભાવથી પરિપૂર્ણ સામર્થ્યથી સભર છું. એટલે કે પોતાનાં સ્વભાવની સંપૂર્ણતા છે. આ રીતે '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતના આધારે તેમાં સમાવેશ પામતો સિદ્ધાંત 'સ્વભાવની સંપૂર્ણતા'નો પણ છે.

સિદ્ધ ભગવાને પોતાનાં સંપૂર્ણ સ્વભાવ જેવી પરિપૂર્ણ અવસ્થા પ્રગટ કરેલી છે. અને બધાં જીવો પોતાનાં સ્વભાવની અપેક્ષાએ સિદ્ધ ભગવાન જેવાં જ છે. *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજવાથી પોતાનાં પરિપૂર્ણ પરમાત્મસ્વભાવનો સ્વીકાર થાય છે. પોતાનાં આ પરિપૂર્ણ પરમાત્મસ્વભાવનો આશ્રય કરવાથી પોતાનાં સ્વભાવ જેવી સંપૂર્ણતા પ્રગટ થાય છે. પોતાનાં પરમાત્મસ્વભાવ અને તે સ્વભાવની સંપૂર્ણતા સમજવા માટે સદ્ગુરુનો સદુપદેશ અને જિનેન્દ્ર ભગવાનનું સ્વરુપ સહકારી નિમિત્ત કારણ છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં—

**સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,**
**સદ્ગુરુ આજ્ઞા, જિનદશા, નિમિત્તકારણ માંય.**

**ભાવાર્થ : બધાં જીવો સિદ્ધ ભગવાન જેવા સ્વભાવથી સંપૂર્ણ છે. *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજવાથી સ્વભાવની સંપૂર્ણતાનો સિદ્ધાંત સમજાય છે. આ સમજવામાં સદ્ગુરુની આજ્ઞા અને જિનેન્દ્ર ભગવાનની પ્રગટ દશા નિમિત્ત કારણ તરીકે હોય છે.**

(શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૧૩૫)

## ૩. ભેદજ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન

**પોતાનો પરમાત્મસ્વભાવ દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી તદ્દ્ન ભિન્ન છે તેવા સ્વ-પરના વિવેકને ભેદજ્ઞાન કહે છે. અને પોતાનાં પરમાત્માસ્વભાવના સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત યથાર્થ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે. *'ભેદજ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન'* એ એક અગત્યનો સમ્યક્ સિદ્ધાંત છે.**

દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી ભિન્ન પોતાનાં ત્રિકાળ શુદ્ધ પરમાત્મસ્વભાવને ઓળખવો તે **ભેદજ્ઞાન** છે. જીવની સાથે બંધાયેલ જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના પૌદ્ગલિક કર્મ તે **દ્રવ્યકર્મ** છે. દ્રવ્યકર્મ પૈકી અઘાતિકર્મના કારણે મળતા શરીર-મન-વાણી, સ્ત્રી-પુત્ર-પરિવાર, સત્તા-સંપત્તિ-સન્માન વગેરે જેવા બાહ્ય સંયોગો તે **નોકર્મ** છે. અને ઘાતિકર્મના કારણે થતા જીવના મોહ-રાગ-દ્વેષ જેવા વિકારી ભાવ તે **ભાવકર્મ** છે. પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ એટલે કે પરમાત્મસ્વભાવ આ બધાથી એકદમ અલગ છે એમ જાણવું તે ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાનના કારણે સ્વ-પર, હેય- ઉપાદેય, સુખ-દુ:ખ વગેરે વચ્ચેનો વિવેક આવે છે. આવા વિવેકી જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે. તેથી ભેદજ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનમાં [૭]*સંશય*, [૮]*વિપર્યય* કે [૯]*અનધ્યવસાય* જેવા જ્ઞાન સબંધી દોષોનો અભાવ હોય છે. ભેદજ્ઞાન એ જ સાચું જ્ઞાન એટલે કે સમ્યગ્જ્ઞાન છે તે એક સમ્યક્ સિદ્ધાંત છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવા માટે પોતાનાં ત્રિકાળ શુદ્ધ પરમાત્મસ્વભાવને સઘળાં સંયોગો અને પરભાવોથી ભિન્ન ઓળખવાનો હોય છે અને તેનું જ નામ ભેદજ્ઞાન છે. તેથી ભેદજ્ઞાન વિના આ સિદ્ધાંતને સમજી શકાતો નથી. તેમ જ પોતાનાં પરમાત્મસ્વભાવને ઓળખ્યા વિના ભેદજ્ઞાન પણ થતું નથી. આ કારણે 'ભેદજ્ઞાન' અને *'હું પરમાત્મા છું'*નો સિદ્ધાંત એક બીજાના આધારે હોય તેવા [૧૦]*અવિનાભાવી* છે. તેથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતમાં 'ભેદજ્ઞાન'નો સિદ્ધાંત સમાઈ જાય છે.

સંવર-નિર્જરાના કારણભૂત મોક્ષમાર્ગ એટલે કે પરમાત્મદશા તરફનું પ્રયાણ પોતાનાં પરમાત્મ-



સ્વભાવની ઓળખાણ એટલે કે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવાથી થાય છે. પરંતુ પોતાનાં પરમાત્મસ્વભાવની ઓળખાણ સ્વ-પરના વિવેકરૂપ સમ્યગ્જ્ઞાન એટલે કે ભેદજ્ઞાનથી જ થાય છે. તેથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવા માટે આ સિદ્ધાંતમાં સમાવિષ્ટ ભેદજ્ઞાનને નિરંતર અત્યંત ભાવવો જોઈએ. આચાર્યશ્રી અમૃતચંદ્રના કથન અનુસાર —

(ઉપજાતિ)

सम्पद्यते संवर एष: साक्षात्
शुद्धात्मतत्त्वस्य किलोपलम्भात् ।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम् ॥

**ભાવાર્થ :** આ મોક્ષમાર્ગરૂપ સાક્ષાત્ સંવરની પ્રગટતા ખરેખર પોતાનાં શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિ એટલે કે પોતાનાં પરમાત્મસ્વભાવની ઓળખાણ એટલે કે **'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી થાય છે. અને તે ભેદવિજ્ઞાનથી જ થાય છે. માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે. (સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક ૧૨૯)

## ૪. વીતરાગતા એ જ ધર્મ

પોતાનાં ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જેવી શુદ્ધતા પોતાની પલટતી પર્યાયમાં પણ પ્રગટે તેને વીતરાગતા કહે છે. પોતાનાં ત્રિકાળ શુદ્ધ સ્વભાવને ધારણ કરવાને ધર્મ કહે છે. તેથી વીતરાગતા અને ધર્મમાં કોઈ તફાવત નથી. *'વીતરાગતા એ જ ધર્મ'* એ જૈન દર્શનનો વિશિષ્ટ સિદ્ધાંત છે.

આત્માની પરિણતિ પરાશ્રિત અથવા સ્વાશ્રિત હોય છે. સ્વાશ્રિત કે સ્વાધીન પરિણતિ પોતાનાં શુદ્ધ સ્વભાવ જેવી શુદ્ધ હોય છે તેને વીતરાગતા કહે છે. વીતરાગતામાં શુદ્ધ સ્વભાવનું ધારણ હોવાથી તે જ આત્માનો ધર્મ છે.

પોતાનાં શુદ્ધ સ્વભાવને ચૂકીને થતી પરાશ્રિત કે પરાધીન પરિણતિ શુભ કે અશુભરાગરૂપ અશુદ્ધ હોય છે. જગતમાં કેટલાંક લોકો દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ જેવા શુભરાગને ધર્મ માનતા હોય છે તે આત્માના અશુદ્ધ પરિણામ હોવાથી ખરેખર ધર્મ નથી.

वत्थु सहावो धम्मो । એ સૂત્ર અનુસાર વસ્તુના ધ્રુવ સ્વભાવ જેવી તેની પ્રગટતા તે જ ધર્મ છે. પોતાનો આત્મા પોતાનાં ધ્રુવ સ્વભાવથી પરમાત્મસ્વભાવે એટલે કે શુદ્ધ વીતરાગ સ્વભાવે છે. પોતાની પલટતી અવસ્થામાં આવા શુદ્ધ વીતરાગ સ્વભાવની પ્રગટતા તે જ ધર્મ છે. એટલે કે વીતરાગતા એ જ ધર્મ છે.

'વીતરાગતા એ જ ધર્મ' એ જૈન દર્શનનો આગવો સિદ્ધાંત છે કે જે બીજે ક્યાંય જોવા મળતો નથી. આવા વીતરાગતારૂપ ધર્મની પ્રગટતા માટે વીતરાગતાની મૂર્તિ સમાન પોતાનાં ત્રિકાળ શુદ્ધ પરમાત્મસ્વભાવનો સ્વીકાર જરૂરી છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી પોતાનાં ત્રિકાળ શુદ્ધ પરમાત્મસ્વભાવનો સ્વીકાર થાય છે. આ પરમાત્મસ્વભાવના સ્વીકારના આધારે જ તેનો આશ્રય થાય છે અને પરમાત્મસ્વભાવના આશ્રયના કારણે જ વીતરાગતારૂપ ધર્મ પ્રગટે છે. આ રીતે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતમાં તેની સાથે સંબંધિત *'વીતરાગતા એ જ ધર્મ'* એ સિદ્ધાંત સહજપણે સમાવેશ પામે છે.

આ જીવ અનાદિકાળથી પરાશ્રયે થતા રાગ-દ્વેષ કરતો આવ્યો છે. જો પોતાનાં શુદ્ધ પરમાત્મ-સ્વભાવને ઓળખે અને તેનો સ્વીકાર કરે તો તેના આશ્રયે તેને વીતરાગતારૂપ ધર્મ પ્રગટ થાય છે અને આ જ ધર્મ જીવને સંસારની ચાર ગતિથી વિલક્ષણ એવી પંચમ ગતિના પરમાત્મપદની પ્રાપ્તિ કરાવે છે. આચાર્ય શ્રી યોગીન્દુદેવના શબ્દોમાં —

(દોહરો)

**રાગ-દ્વેષ બે ત્યાગીને નિજમાં કરે નિવાસ,**
**જિનવર ભાષિત ધર્મ તે પંચમ ગતિ લઈ જાય.**

**ભાવાર્થ : રાગ અને દ્વેષ એ બન્નેનો ત્યાગ કરીને જે પોતાનાં શુદ્ધ પરમાત્મસ્વભાવમાં સ્થિત થાય છે તેને જ વીતરાગતારૂપ ધર્મ પ્રગટે છે. આ ધર્મ જ જીવને પંચમગતિ એટલે કે પરમાત્મદશાની પ્રાપ્તિ કરાવે છે, તેમ શ્રી જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.** (યોગસાર : દોહરો ૪૮)

## ૫. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન

**પોતાનાં શુદ્ધાત્મસ્વભાવનાં શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શનના કારણે પોતાનાં શુદ્ધાત્મસ્વભાવનો આશ્રય સંભવે છે. શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે વીતરાગતા હોય છે અને વીતરાગતા એ જ ધર્મ છે. આથી *'ધર્મનું મૂળ: સમ્યગ્દર્શન'* છે એમ કહી શકાય છે. જે જૈનદર્શનનો પાયાનો સિદ્ધાંત છે.**

પોતાનાં ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ એટલે કે પરમાત્મસ્વભાવની ઓળખાણ કરીને તેનો સ્વીકાર કરવો તે શુદ્ધાત્માનું શ્રદ્ધાન છે. આ શુદ્ધાત્માનું શ્રદ્ધાન એ જ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનપૂર્વક જ શુદ્ધાત્માનો આશ્રય હોય છે. શુદ્ધાત્માના આશ્રયે જ વીતરાગતા પ્રગટે છે અને વીતરાગતાને જ ધર્મ કહેવામાં આવે છે. આ રીતે ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે. **'ધર્મનું મૂળઃ સમ્યગ્દર્શન'** એ જૈન દર્શનનો મહત્ત્વનો અને મૂળભૂત સિદ્ધાંત છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતનો આશય પોતાનાં પરમાત્મસ્વભાવની ઓળખાણ અને સ્વીકાર કરાવવાનો છે. પોતાનાં પરમાત્મસ્વભાવ કે શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ અને સ્વીકારના કારણે જ સમ્યગ્દર્શન છે અને *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતના હૃદયગતપણાનું ફળ પણ સમ્યગ્દર્શન જ છે. તેથી સમ્યગ્દર્શન એ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંત સાથે સંબંધિત છે અને તેના આધારે પણ છે. આ કારણે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતમાં 'ધર્મનું મૂળઃ સમ્યગ્દર્શન' સિદ્ધાંત સમાવી શકાય છે..

આત્માના સઘળા ગુણો અને મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનના કારણે હોય છે. સમ્યગ્દર્શન આત્માના સુખ અને કલ્યાણનું કારણ છે. સમ્યગ્દર્શનના કારણે જ વીતરાગતારૂપ ધર્મ છે. તેથી સમ્યગ્દર્શન જ ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ અને સ્વીકાર જરૂરી છે. આ પરમાત્મસ્વભાવની ઓળખાણ અને સ્વીકાર *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવાથી થાય છે. તેથી સમ્યગ્દર્શન અને તેથી થતા ધર્મની પ્રાપ્તિ માટે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ અને સ્વીકાર જરૂરી છે. તે માટે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને હૃદયગત કરવો આવશ્યક છે. આના વિના ધર્મ માટે દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપાદિ જે કાંઈ ક્રિયાકાંડ કરવામાં આવે છે તે વૃથા છે. પં. દૌલતરામજીના શબ્દોમાં —



तीनलोक तिहुँकाल माँहि नहिं, दर्शन सो सुखकारी।
सकल धर्मको मूल यही, इस बिन करनी दुःखकारी।

**ભાવાર્થ : ત્રણલોક ત્રણકાળમાં સમ્યગ્દર્શન સિવાય સુખદાયક અન્ય કોઈ નથી. તેથી સમ્યગ્દર્શન જ ધર્મનું મૂળ છે. આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિના પુરુષાર્થ સિવાય ધર્મના નામે જે કોઈ ક્રિયાકાંડ કરવામાં આવે છે તે આત્મહિત સાધી શકતા ન હોવાથી દુઃખદાયક છે.**

(છ ઢાળા : ઢાળ ૩, ગાથા ૧૬નો ઉતરાર્ધ)

## ૬. મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષનો માર્ગ કહે છે. મોક્ષના માર્ગનું પ્રથમ પગથિયું સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન માટે શુદ્ધાત્માની સાચી સમજણ જરૂરી હોય છે. તેથી *'મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ છે.'*. જે જૈન દર્શનનો વિશિષ્ટ સિદ્ધાંત છે.**

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. તેમાં સમ્યગ્દર્શનની મુખ્યતા છે. સમ્યગ્દર્શન માટે શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાનની આવશ્યકતા હોય છે અને તેના માટે સાચી સમજણની જરૂર હોય છે. આ કારણે મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ છે..

મોટા ભાગના લોકો મોક્ષના માર્ગ માટે દયા, દાન,ા, ભક્તિ, પૂજા, વ્રત, તપ, જપાદિ ક્રિયાકાંડની મુખ્યતા રાખે છે. પણ જૈન દર્શનમાં ક્રિયાકાંડનીી ગૌણતા છે અને સમજણની મુખ્યતા છે. સમજણથી જ સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ પ્રગટે છે. તેથી **'મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ'** એ જૈન દર્શનનો આગવો કે વિશિષ્ટ સિદ્ધાંત છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ સમ્યગ્દર્શનરૂપી મોક્ષમાર્ગ છે. આ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી વસ્તુ સ્વરૂપની સાચી સમજણની ખાસ જરૂર રહે છે. તેથી સાચી સમજણ વિના આ કે બીજો કોઈ સિદ્ધાંત હૃદયગત થઈ શકતો નથી. આ રીતે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતમાં મોક્ષનો માર્ગ તેમ જ સાચી સમજણ સંકળાયેલ છે. તેથી *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતમાં 'મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ' સિદ્ધાંત સમાવિષ્ટ થઈ જાય છે.

આ જીવ અનાદિકાળથી સંસારના દુઃખો ભોગવે છે. તેનું મૂળ કારણ તેનું મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એટલે અજ્ઞાન કે અણસમજણ છે. મોક્ષના સુખનું કારણ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ એટલે આત્માનું યથાર્થ જ્ઞાન કે સાચી સમજણ છે. પોતાનાં શુદ્ધ પરમાત્મસ્વભાવની સાચી સમજણ આપનારા શ્રી સદ્‌ગુરુને નમસ્કાર છે, તેમ જણાવતા શ્રીમદ્ રાજચંદ્ર કહે છે —

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત**

**ભાવાર્થ : પોતાનાં શુદ્ધાત્માના સ્વરૂપની સાચી સમજણ વિના આ જીવ અનાદિકાળથી અનંત દુઃખો ભોગવતો આવ્યો છે. પોતાનાં સ્વરૂપની સાચી સમજણ આપનારા આત્મલક્ષ્મીવંત જ્ઞાની ગુરુને મારા નમસ્કાર છે.**

(શ્રીમદ્ રાજચંદ્ર આત્મસિદ્ધિ : ગાથા ૧)

## ૭. પરપદાર્થનું અકર્તૃત્વ

**આપણો આત્મા પરપદાર્થના કોઈ પણ કાર્યનો કર્તા નથી તેમ જ કોઈ પણ પરપદાર્થ આપણા આત્માના કાર્યનો કર્તા નથી તેને પરપદાર્થનું અકર્તૃત્વ**

**કહે છે. *'પરપદાર્થનું અકર્તૃત્વ'* એ જૈન દર્શનનો મૂળભૂત અને મહત્ત્વનો સિદ્ધાંત છે.**

જૈન દર્શન અનુસાર દરેક દ્રવ્ય અનેકાંતસ્વરુપી હોય છે. અનેકાંતસ્વરુપી પદાર્થ સ્વતઃ પરિણમનશીલ હોય છે. સ્વતઃ પરિણમનશીલ પદાર્થ પોતે જ કર્તા છે અને તેના સમયે સમયે થતા પરિણામ જ એનું કાર્ય કે કર્મ છે. તેથી અનેકાંતસ્વરુપી સ્વતઃ પરિણમનશીલ પદાર્થનો અન્ય કોઈ કર્તા નથી અને પોતે જ પોતાનો કર્તા છે.

જ્યાં વ્યાપક-વ્યાપ્યપણું હોય ત્યાં જ કર્તા-કર્મપણું હોય છે. વ્યાપક-વ્યાપ્યપણું તત્સ્વરુપમાં એટલે કે એક જ પદાર્થમાં હોય છે. અને અતત્વસ્વરુપમાં એટલે કે અન્ય અન્ય પદાર્થમાં હોતું નથી.

કર્તા-કર્મની પરિભાષા અનુસાર જે સ્વતંત્રપણે કરે તે કર્તા હોય છે અને કર્તા જેમાં અંતર્વ્યાપીને જેને પ્રાપ્ત કરે, જે રૂપે ઉપજે કે જે રૂપે પરિણમે તેને કર્મ કહે છે. કર્તા-કર્મની આ પરિભાષા અનુસાર પણ કર્તા-કર્મનું એક જ દ્રવ્યમાં અભિન્નપણું હોય છે.

*'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ને ટચ, આટલું કર તો બસ'* એ સૂત્ર અનુસાર પરથી પાછું વળી સ્વમાં વસવું એ જ આત્માનું એક માત્ર પ્રયોજન છે અને આ પ્રયોજનને પાર પાડનારો સિદ્ધાંત છે: *'પરપદાર્થનું અકર્તૃત્વ'*. પરપદાર્થના અકર્તૃત્વના સિદ્ધાંતને સમજવાથી પરનું કોઈ પણ પ્રયોજન કે અપેક્ષા ભાસતા નથી. તેથી પરાધીન પરપરિણતિ રાખવાનું કોઈ કારણ રહેતું નથી. અને પોતાની પરિણતિને પરથી પાછી વાળી સ્વ તરફ વાળી શકાય છે. પોતાની પરિણતિને સ્વતરફ વાળવા માટે પોતાનાં સ્વ એવા શુદ્ધાત્મસ્વભાવ કેકે પરમાત્મસ્વભાવની ઓળખાણ અને સ્વીકાર જરૂરી હોય છે. આ રીતે નાસ્તિથી પરપરિણતિ ટાળવા માટે *'પરપદાર્થનું અકર્તૃત્વ'* અને અસ્તિથી સ્વપરિણતિ પ્રગટાવવા માટે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજવાથી પોતાનું આત્મહિતનું પ્રયોજન પાર પડે છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી તેની અંદર *'પરપદાર્થનું અકર્તૃત્વ'*નો સિદ્ધાંત આવી જાય છે. *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવાથી પોતાના ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવમાં જ પોતાપણું ભાસે છે અને દેહ, મન, વાણી જેવા કોઈ પરમાં પોતાપણું ભાસતું નથી. જેમાં પોતાપણું હોય ત્યાં જ તેનું કર્તાપણું હોય છે અને જ્યાં પોતાપણું ન હોય ત્યાં તેનું કર્તાપણું પણ હોતું નથી. કર્તા-કર્મનું સ્વરુપ પણ એક જ પદાર્થમાં અભિન્નપણે હોય છે. આથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતમાં *'પરપદાર્થનું અકર્તૃત્વ'*નો સિદ્ધાંત આપમેળે આવી જાય છે.

એક દ્રવ્યને બીજા દ્રવ્ય વચ્ચે નિશ્ચયથી કોઈ પણ પ્રકારનો સંબંધ હોતો નથી. એક જ દ્રવ્યમાં અભિન્નપણે હોય તેવા વાસ્તવિક સંબંધને નિશ્ચય અને અન્ય અન્ય દ્રવ્યમાં ભિન્નભિન્નપણે હોય તેવા ઉપચરિત કે આરોપિત સંબંધને વ્યવહાર કહે છે. વ્યવહાર સંબંધ એ નિશ્ચયને બતાવનારો અને તેની સાથે સહચરી કે સહકારી હોય છે. જીવદ્રવ્ય અને પરદ્રવ્ય વચ્ચે અનુકૂળતા-અનુરૂપતારૂપ નિમિત્ત-નૈમિત્તિક પ્રકારનો વ્યવહાર સંબંધ હોવા છતાં નિશ્ચયથી કોઈપણ સંબંધ પણ નથી. તેથી કર્તા-કર્મ સંબંધ પણ નથી. આચાર્યશ્રી અમૃતચંદ્રના શબ્દોમાં —



(અનુષ્ટુપ)

नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः ।
कर्तृकर्मत्व सम्बन्धाभावे तत्कर्तृता कुतः ॥

**શ્લોકાર્થ : પરદ્રવ્યને અને આત્મતત્ત્વને નિશ્ચયથી સઘળોય સંબંધ નથી. એમ કર્તા-કર્મપણાના સંબંધનો અભાવ હોતાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય ? ન જ હોય.**

(સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક ૨૦૦)

## ૮. નિમિત્તની નિરપેક્ષતા

કોઈપણ કાર્યમાં બાહ્ય અનુકૂળ પદાર્થની ઉપસ્થિતિ હોય તેને નિમિત્ત કહે છે. નિમિત્તને અનુસરીને થતા કાર્યને નૈમિતિક કહે છે. નૈમિત્તિક કાર્યમાં અનુકૂળ નિમિત્તની ઉપસ્થિતિ હોવા છતાં તે કાર્યની પ્રક્રિયામાં કોઈ ભાગ લેતું નથી. તેથી તે કાર્ય નિમિત્તથી નિરપેક્ષ હોય છે. '*નિમિત્તની નિરપેક્ષતા*' એ જૈન દર્શનનો મુખ્ય સિદ્ધાંત છે.

પદાર્થનું પરિણમન જ તેનું કાર્ય કહેવાય છે. અનેકાંતસ્વરૂપી પદાર્થ પોતે જ પોતાના સ્વભાવથી જ સ્વયં પરિણમનશીલ હોય છે. પદાર્થનું પરિણમન પોતાના જ ઉપાદાનથી એટલે કે પોતાની નિજશક્તિરૂપ પુરુષાર્થથી થતું હોવા છતાં તે પરિણમનને અનુકૂળ કોઈ બાહ્ય પદાર્થની ઉપસ્થિતિ પણ હોય છે, તેને નિમિત્ત કહે છે. નિમિત્ત સહિતનું ઉપાદાન કાર્ય કરવામાં સમર્થ હોય છે તેથી નિમિત્તને સહકારી માનવામાં આવે છે. તોપણ નિમિત્ત એ એક પરપદાર્થનો યોગ છે તે પોતે કાર્યની કોઈ પ્રક્રિયામાં ભાગ લેતું નથી કે કોઈ હસ્તક્ષેપ કરતું નથી. તેથી નિમિત્ત અકિંચિત્કર એટલે કે અકાર્યકારી હોય છે, જે નિમિત્તની નિરપેક્ષતાને દર્શાવે છે. શાસ્ત્રસ્વાધ્યાય કરવા માટે પ્રકાશની જરૂર હોય છે તેથી તેને શાસ્ત્ર સ્વાધ્યાયમાં નિમિત્ત કહેવાય છે. પરંતુ પ્રકાશ હોવા છતાં કોઈ શાસ્ત્ર સ્વાધ્યાય કરે કે કોઈ વર્તમાનપત્ર વાંચે તેમાં પ્રકાશની કોઈ કામગીરી, ભાગીદારી કે હસ્તક્ષેપ નથી. સમ્યગ્દર્શન થવામાં સદ્ગુરુના સદુપદેશનું નિમિત્તપણું હોય છે. પણ આવું નિમિત્ત હોવા છતાં બધાંને સમ્યગ્દર્શન થતું નથી. તે નિમિત્તની નિરપેક્ષતાને દર્શાવે છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવા માટે સર્વોત્કૃષ્ટ નિમિત્તભૂત સાક્ષાત્ પરમાત્મા પોતાનાં દિવ્યધ્વનિમાં એમ ફરમાવે છે કે પોતાના ઉપાદાન કારણરૂપ પુરુષાર્થથી જ પોતાનો પરમાત્મસ્વભાવ ઓળખાય છે. અને અમારા જેવા નિમિત્તથી પણ નહિ. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંત સમજીને હૃદયગત કરવાથી પોતાનાં પરિપૂર્ણ સામર્થ્યનો સ્વીકાર થાય છે અને નિમિત્તનું અકિંચિત્કરપણું ભાસે છે. તેથી આ સિદ્ધાંતની સમજણમાં '*નિમિત્તની નિરપેક્ષતા*'નો સિદ્ધાંત સમાઈ જાય છે.

**'હું પરમાત્મા છું'** જેવા સિદ્ધાંતને સમજવામાં ઉપાદાનની જ મુખ્યતા હોય છે અને નિમિત્તની નિરપેક્ષતા હોય છે. પં. બનારસીદાસજીના શબ્દોમાં—

(દોહરો)

उपादान बल जहां तहां, नहिं निमित्तको दाव ।
एक चक्र सौं रथ चलै, रवि को यहै स्वभाव ॥

**ભાવાર્થ : જગતમાં જેમ કહેવાય છે કે સૂર્યનારાયણનો રથ એક જ પૈડાંથી ચાલે છે.** *(પર્વત પર ચાલતી રોપવેની ટ્રોલીનું પણ એક જ પૈડું હોય છે)* **તેમ જ્યાં જુઓ ત્યાં દરેક કાર્યમાં ઉપાદાનનું જ સામર્થ્ય હોય છે અને નિમિત્તની હાજરી હોવા છતાં તેની કોઈ મદદ કે અસર**

હોતી નથી. એટલે કે નિમિત્તની નિરપેક્ષતા હોય છે. (બનારસીદાસ કૃત ઉપાદાન-નિમિત્ત દોહરા નં. ૫)

## ૯. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ

**પોતાના આત્માનીઓળખાણ, સ્વીકાર અને આશ્રય કરાવનાર આત્માના જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર ગુણની અમુક ખાસ પ્રકારની અવસ્થાને દૃષ્ટિ કહે છે. પોતાના આત્માની દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ પ્રકારે સંભવે છે. તેમાં દ્રવ્યદૃષ્ટિ એ સમ્યક્ છે. દ્રવ્યદૃષ્ટિ એ સમ્યક્ હોવાથી દ્રવ્યદૃષ્ટિ હોય તે જીવ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. *'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ'* એ જૈન દર્શનનો વિશિષ્ટ અને મહત્ત્વનો સિદ્ધાંત છે.**

અનેકાંતસ્વરુપી આત્મા દ્રવ્યપર્યાયમય પરસ્પર વિરોધી એવા બે અંશોથી રચાયેલ છે. આ બન્ને અંશો સાપેક્ષ છે. એટલે કે એક દૃષ્ટિથી આત્મા દ્રવ્યપણે જણાય છે અને તે જ આત્મા બીજી દૃષ્ટિથી પર્યાયપણે જણાય છે. તેની દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ રીતે સંભવે છે. અહીં દૃષ્ટિ એટલે પોતાના આત્માને દ્રવ્ય કે પર્યાયપણે ઓળખવાની રીત છે. અને જે પ્રકારે ઓળખાણ હોય તો તે પ્રકારે તેનું શ્રદ્ધાન, પ્રતીતિ, ભરોસો, વિશ્વાસ કે સ્વીકાર હોય છે. વસ્તુ એક જ છે તો તેનું શ્રદ્ધાન પણ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ રીતે હોઈ શકે તે દેખીતું છે. તેથી દૃષ્ટિનો વિષય દ્રવ્ય કે પર્યાય પૈકી કોઈ એક જ પ્રકારે હોય છે.

અનાદિ અજ્ઞાની જીવને પોતાની પલટતી પર્યાયનો જ પરિચય અને અનુભવ હોય છે. પણ પર્યાયની પાછળ તેના આશ્રયભૂત ત્રિકાળ દ્રવ્યસ્વભાવનો કોઈ પરિચય કે અનુભવ નથી. તેથી તેને પર્યાયદૃષ્ટિ હોય છે અને દ્રવ્યદૃષ્ટિ હોતી નથી. પર્યાયદૃષ્ટિના કારણે આત્મા અનેકરૂપ, વિસદૃશ, અશુદ્ધ, અલ્પજ્ઞ અને પામર ભાસે છે. વસ્તુનું સાચું મુલ્યાંકન તેના દ્વારા થતું નથી. પર્યાય પલટતીી અને ક્ષણિક છે તેથી તે ધ્યાનનો વિષય નથી. વર્તમાન પર્યાયની પ્રગટતામાં પરનું નિમિત્તપણું હોવાથી પર્યાયદૃષ્ટિથી પરપરિણતિ ચાલુ જ રહે છે. આ રીતે પર્યાયદૃષ્ટિ જ મિથ્યાત્વનું કારણ છે. તેથી પર્યાયદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ કહે છે.

પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારથી અનાદિની પર્યાયદૃષ્ટિ ટળી દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. દ્રવ્યદૃષ્ટિથી આત્મા એકરૂપ, સદૃશ, શુદ્ધ, સર્વજ્ઞ અને ત્રૈકાળિક પરિપૂર્ણ સામર્થ્યથી ભરપૂર ભાસે છે. વસ્તુનું સાચું મૂલ્યાંકન તેના વડે થાય છે. દ્રવ્યદૃષ્ટિનો વિષયભૂતત દ્રવ્યસ્વભાવ સ્થિર અને શાશ્વત છે. તેથી તે આશ્રય કે ધ્યાનનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્યનો આશ્રય આવે છે. દ્રવ્યના આશ્રયથી સ્વાધીન સ્વપરિણતિ પ્રગટે છે. સ્વાધીન સ્વપરિણતિ જ સમ્યગ્દર્શનનું કારણ હોય છે. તેથી દ્રવ્યદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ કહે છે.

વસ્તુના અનેકાંતસ્વરુપના આધારે જ દ્રવ્યદૃષ્ટિ સંભવે છે. તેથી તે જૈન દર્શનનો વિશિષ્ટ અને મહત્ત્વનો સિદ્ધાંત છે..

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવામાં પોતાનાં ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવનો સ્વીકાર થાય છે. પોતાનાં પરમાત્મસ્વભાવનો સ્વીકાર એ જ દ્રવ્યદૃષ્ટિ છે. આ સિદ્ધાંતના સ્વીકાર વિના દ્રવ્યદૃષ્ટિ સંભવતી નથી. આ દ્રવ્યદૃષ્ટિ જ સમ્યગ્દર્શનનું કારણ છે. તેથી *'હું પરમાત્મા છું'*



સિદ્ધાંતમાં *'દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ'*નો સિદ્ધાંત સહજપણે સમાઈ જાય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતના સ્વીકારના કારણે દ્રવ્યદષ્ટિ પ્રગટે છે. દ્રવ્યદષ્ટિના પ્રગટવાથી બધા જીવો સિદ્ધ સમાન ભાસે છે. બધાં જીવો એક સમાન ભાસવાથી રાગ-દ્વેષનું કોઈ કારણ રહેતું નથી. આચાર્ય શ્રી યોગીન્દુદેવના જણાવ્યા અનુસાર —

(દોહરો)

કોણ કોની સમતા કરે, સેવે પૂજે કોણ,
કોની સ્પર્શાસ્પર્શતા, ઠગે કોઈને કોણ?
કોણ કોની મૈત્રી કરે, કોની સાથે કલેશ,
જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ.

**ભાવાર્થ : દ્રવ્યદષ્ટિના કારણે બધા જીવો ત્રિકાળ શુદ્ધ, જ્ઞાનસ્વરૂપી અને સર્વજ્ઞ સ્વભાવી સિદ્ધ સમાન એક સરખા જણાય છે. પોતાનાં સ્વભાવથી બધા જીવો એક સરખાં જ છે તો તેમાં સમાનતા લાવનારી સમતા કરનારું કોણ હોય ? કોઈ નાનુ મોટું નથી તો કોણ કોની સેવા કરે ? કોઈ કોઈનાથી મહાન નથી તો કોણ કોની પૂજા કરે ? બધાં શુદ્ધ ચૈતન્યધાતુની એક જ જાતિના હોવાથી તેમાં કોણ સ્પૃશ્ય અને કોણ અસ્પૃશ્ય ? બધા જ પ્રમાણિક અને વિશ્વાસપાત્ર છે તો કોણ કોની છેતરપીંડી કરે? કોઈ શત્રુ જ નથી અને બધા જ મિત્રો છે તો કોણ કોની સાથે મૈત્રી કરે ? બધાં જ સુલેહસંપથી સાથે રહે છે ત્યાં કોણ કોની સાથે કજીયો કરે? આ પ્રકારે દ્રવ્યદષ્ટિ પ્રગટવાથી રાગ કે દ્વેષનુ કોઈ કારણ બનતું નથી.** (યોગસાર : દોહરો ૪૦)

## ૧૦. પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા

**કોઈ પણ કાર્ય સમયે સ્વભાવ, નિમિત્ત, ભવિતવ્ય, કાળલબ્ધિ અને પુરુષાર્થ એ પાંચ કારણોનો સમુદાય હાજર હોય છે તેને પાંચ સમવાય કહે છે. આ પાંચ સમવાયમાં ઉપાદાન કે નિશ્ચય કારણ એકમાત્ર પુરુષાર્થ જ છે. તેથી *'પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા'* હોય છે. જે એક મુખ્ય સિદ્ધાંત છે.**

કોઈ પણ કાર્ય કારણને અનુસરીને હોય છે. આ કારણ પાંચ પ્રકારના છે, જેને પાંચ સમવાય કહે છે. ૧. સ્વભાવ, ૨. નિમિત્ત, ૩. ભવિતવ્ય, ૪. કાળલબ્ધિ અને ૫. પુરુષાર્થ એ પાંચેય સમવાય પર્યાયરૂપ અને તેના કારણે થતું કાર્ય પણ પર્યાયરૂપ હોય છે. અહીં સ્વભાવ એટલે ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવ નથી પણ પલટતી ક્ષણિક પર્યાયસ્વભાવ છે. વર્તમાન પર્યાયસ્વભાવમાં પ્રગટ કે લબ્ધરૂપ જે યોગ્યતા હોય તેને અનુસરીને કાર્ય થાય તેને સ્વભાવ કારણ કહે છે. કાર્ય સમયે પરપદાર્થનો સાનુકૂળ સંયોગ હોય તેને નિમિત્ત કારણ કહે છે. કાર્યના સમયને કાળલબ્ધિ કારણ અને સર્વજ્ઞ ભગવાનના જ્ઞાન અનુસાર જે થવા યોગ્ય કાર્ય તેના ક્રમાનુસાર થાય તેને ભવિતવ્ય કારણ કહે છે. કાર્ય થવામાં પ્રવર્તતું પોતાનું આત્મિકવીર્ય કે બળ તે પુરુષાર્થ કારણ છે.

કોઈપણ કાર્ય સમયે આ પાંચેય કારણોનો સમુદાય એટલે કે પાંચ સમવાય હાજર હોય છે. તેથી પાંચ સમવાયને સમર્થકારણ માનવામાં આવે છે. તોપણ નિશ્ચયથી એક કાર્યનું કારણ પણ એક જ હોય છે અને તે માત્ર જીવનો પુરુષાર્થ જ છે. બીજા કારણો હોય પણ પુરુષાર્થ ન હોય તો કાર્ય થતું નથી અને પુરુષાર્થ હોય ત્યારે બીજા કારણો પણ હોય છે અને કાર્ય પણ થાય છે. તેથી પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા છે.

પાંચ સમવાયમાં પુરુષાર્થ જ આત્મહિતનું ચોક્કસ, વાસ્તવિક, સત્ય અને સીધું કારણ હોવાથી તે નિશ્ચયથી કારણ છે. પુરુષાર્થ સિવાયના બાકીના કારણો પુરુષાર્થ સાથે સંબંધિત તેમજ પુરુષાર્થના પ્રતિપાદક અને પ્રેરક હોવાથી વ્યવહારથી કારણ છે. નિશ્ચય કારણ હંમેશા એક અને માત્ર એક જ હોય છે. તેથી પુરુષાર્થની જ મુખ્યતા હોય છે.

પુરુષાર્થ એ આત્માની વીર્યશક્તિરૂપ નિજશક્તિ છે. પોતાનું કોઈપણ કાર્ય પોતાના પુરૂષાર્થથી જ પરિણમે છે. કાર્યનાં પરિણમન માટેનું સંચાલક બળ કે ઊર્જા પોતાનો પુરુષાર્થ હોય છે. તે કાર્યની ઉત્પાદક પ્રક્રિયામાં સીધી રીતની સામેલગીરી ધરાવે છે. તેથી પુરુષાર્થ એ ઉપાદાન કારણ છે. ઉપાદાન કારણ પણ એક જ હોય છે અને તે પુરુષાર્થ જ છે. તેથી પણ પુરુષાર્થની મુખ્યતા છે.

પોતાના આત્મહિતનું કોઈ પણ કાર્ય પોતાના પુરુષાર્થને અનુસરીને નિયમથી થતું હોવાથી પુરુષાર્થ નિયામક કારણ છે. પુરુષાર્થ સિવાયના બાકીના કારણો નિયામક નથી. તેથી પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા છે.

પુરુષાર્થ પોતાનો જ સ્વભાવ હોવાથી સ્વાધીન છે. બાકીના ચાર કારણો પરાધીન છે. તે પૈકીનો સ્વભાવ રૂપ કારણ એ પર્યાયસ્વભાવ છે. અને તે કર્માધીન હોવાથી તે પરાધીન છે. બાકીનાં કારણો પરદ્રવ્યરૂપ હોવાથી તે તો પરાધીન છે જ. પોતાનો પુરુષાર્થ સ્વલક્ષી એટલે કે સવળો હોય તો બાકીના ચાર કારણો પણ અવશ્ય હોય છે અને તે પુરુષાર્થ અનુસારનું સ્વલક્ષી કાર્ય પણ થાય જ છે, તેથી તે સફળ છે. પુરુષાર્થ પરલક્ષી કે અવળો હોય તો બીજા કારણો મળે તો પરસંબંધી કાર્ય થાય અને ન મળે તો ન થાય. અહીં પરના કાર્ય માટેનો પોતાનો પુરુષાર્થ એ નિમિત્ત બની જાયજાય છે. નિમિત્ત અનુસાર કાર્ય થવાનો નિયમ નથી. તેમ છતાં તે અવળા પુરુષાર્થનું અવળું ફળ તો આવે જ છે. તેનાથી પોતાના શુદ્ધ સ્વભાવનો ઘાત, આકુળતા અને દુઃખ થાય છે. જે નવીન કર્મબંધ પણ કરાવે છે આ રીતે સવળાં પુરુષાર્થનું ફળ સવળું અને અવળા પુરુષાર્થનું ફળ અવળું આવે છે. તેથી બેય રીતે પુરુષાર્થ નિષ્ફળ નથી. આ રીતે પુરુષાર્થ સ્વાધીન અને સફળ છે. તેથી પાંચ સમવાયમાં તેની મુખ્યતા છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે પોતાનો સ્વલક્ષી સવળો પુરુષાર્થ જ કાર્યકારી છે. પારમાર્થિક સિદ્ધાંતને સમજવા માટે પોતાનાં પુરુષાર્થ સિવાય બીજો કોઈ ઉપાય નથી. જેણે આ સિદ્ધાંતને હૃદયગત કર્યો છે તેણે પોતાનાં પુરુષાર્થથી જ તે કર્યો છે. *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવા માટે કર્મના ક્ષયોપશમ અનુસાર વર્તમાન પર્યાયસ્વભાવની યોગ્યતા છે. નિમિત્ત તરીકે વીતરાગી સત્‌દેવ—ગુરુ શાસ્ત્ર પણ મળ્યા છે. પુરુષાર્થ અનુસાર જે સમયે કાર્ય થાયાય તે કાળલબ્ધિ અને જે કાર્ય થયું તે જ ભવિતવ્ય છે. તેથી જે કોઈ ખામી હોય તો તે પુરુષાર્થની જ હોય છે. પોતે સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે સ્વલક્ષે શાસ્ત્રસ્વાધ્યાય, સત્સંગ, ચિંતન,ા, મનન, ,[૧૧]*નિદિધ્યાસન*, પરીક્ષા જેવા પ્રથમ ભૂમિકાને યોગ્ય પુરુષાર્થ કરે તો આ સિદ્ધાંત હૃદયગત થાય જ છે. આ રીતે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતનાં હૃદયગતપણામાં પુરુષાર્થ જ કાર્યકારી હોવાથી આ સિદ્ધાંતમાં પુરુષાર્થની મુખ્યતાનો સિદ્ધાંત સહજપણે સમાવેશ પામે છે.



જો આપણને આપણા આત્મહિતની મન-વચન કાયાથી સર્વાંગીપણે રુચિ હશે તો રુચિ અનુયાયી વીર્ય એ સૂત્ર અનુસાર આપણું આત્મિકવીર્ય એટલે કે પુરુષાર્થ પણ સ્વલક્ષી આત્મહિત માટે પોતાના આત્માને ઓળખવા માટે કામ કરશે. પોતાના પરમાત્મસ્વભાવી જ્ઞાયક આત્માને જાણવામાં પ્રવર્તતો સ્વલક્ષી સઘળો પુરુષાર્થ સફળ થાય છે અને તેના ફળમાં *'હું પરમાત્મા છું'* સિદ્ધાંત હૃદયગત થઈ પરમાત્મદશા તરફ પ્રયાણ થશે અને અનુક્રમે પરમાત્મપદની પ્રાપ્તિ પણ થશે. આચાર્યશ્રી કુંદકુંદના કથન અનુસાર —

(હરિગીત)

**આ કારણે તે આત્માની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,**
**તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો.**

**ભાવાર્થ : અગાઉ કહ્યા અનુસાર જે પોતાનાં પરમાત્મસ્વભાવને ઓળખતો નથી તેની મુક્તિ ક્યારેય થતી નથી. તેથી હે ભવ્ય જીવો ! તમે તમારા શુદ્ધાત્માની ત્રિવિધે એટલે કે મન-વચન-કાયાથી સર્વ પ્રકારે રુચિ કરો અને પૂરા પુરુષાર્થથી તેને જાણો. પોતાનાં પરમાત્મ-સ્વભાવને જાણવાથી પરમાત્મપદ એટલે કે મોક્ષને પ્રાપ્ત કરશો.** (સૂત્રપાહુડ : ગાથા ૧૬, ભાવપાહુડ : ગાથા ૮૭)

## ઉપસંહાર

પ્રયોજનભૂત વસ્તુના સ્વરુપ સંબંધી જાણકારીને તત્ત્વજ્ઞાન કહે છે. તત્ત્વજ્ઞાન સંબંધી નિશ્ચિત મત, ઠરાવ કે નિર્ણયને તેનો સિદ્ધાંત કહે છે.. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું મૂળ સ્ત્રોત વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્ર ભગવાન છે. આચાર્યોની પરંપરા દ્વારા તે આપણા સુધી પહોંચેલા છે. તત્ત્વજ્ઞાનના સઘળાં સિદ્ધાંતોમાં શિરમોર *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંત છે. વર્તમાન સમયમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા આ સિદ્ધાંત બહોળી પ્રસિદ્ધિ પામેલ છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ અલૌકિક અને અચિંત્ય છે. તેનાથી આપણો અનાદિનો મોહ ટળે છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી છે. આપણી સઘળી સમસ્યાઓનું સમાધાન કરાવી અનેક પ્રકારના લાભો અપાવનારો આ સિદ્ધાંત હૃદયગત કરવો અત્યંત આવશ્યક જ નહિ અનિવાર્ય પણ છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંત મૂળભૂત અને મહત્ત્વનો છે તે ઉપરાંત સર્વગ્રાહી પણ છે.. સર્વગ્રાહી હોવાના કારણે આ એક જ સિદ્ધાંતના આધારભૂત અને તેમાં સમાવેશ પામતાં બીજા અનેક સિદ્ધાંતો છે તેથી જેણે આ એક જ સિદ્ધાંત સમજીને હૃદયગત કર્યો તેણે બીજા અનેક સિદ્ધાંતો પણ જાણ્યા છે. અને બીજા ઘણા બધા જાણવા છતાં આ એક સિદ્ધાંત ન જાણ્યો તો તેનું સઘળું જાણવું કોઈ કામનું નથી. યશોવિજયજીનાં શબ્દોમાં—

(અનુષ્ટુપ)

ज्ञाते ह्यात्मनि नो भूयो, ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन्, ज्ञानमन्यन्निरर्थकम् ॥

**ભાવાર્થ : જેણે પોતાનો શુદ્ધાત્માને જાણ્યો અને અનુભવ્યો** *(એટલે કે 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કર્યો)* **તો પછી તેણે બીજું કાંઈ જાણવા યોગ્ય બાકી રાખ્યું નથી. અને જેણે પોતાનાં શુદ્ધાત્માને જાણ્યો કે અનુભવ્યો નથી તો તેણે બીજુ જે કાંઈ જાણ્યું છે તે નિરર્થક છે.**

(યશોવિજયજી કૃત અધ્યાત્મસારમાંથી)

## ટિપ્પણ

(અઘરા તથા અપરિચિત શબ્દોના અર્થ)

***૧. શિરમોર :*** માથાના મુકુટ સમાન સર્વોચ્ચ અને શોભાસ્પદ ***૨. અપૌરુષેય :*** સામાન્ય મનુષ્યકૃત નહિ એવા જૈન સિદ્ધાંત વીતરાગ સર્વજ્ઞ પ્રરૂપિત હોવાથી અપૌરુષેય કહેવાય છે. ***૩. અકાટ્ય :*** કટાય કે કપાય નહિ તેવું, દૃઢ, મજબૂત. ***૪. અતિનિષ્તુષ :*** એકદમ ફોતરા વિનાની હોય તેવી, કસદાર, સત્ત્વશીલ. ***૫. નિર્બાધ :*** બાધા, હરકત કે વિઘ્ન વિનાની ***૬. પ્રશસ્ત :*** ખુલ્લો, મોકળો ***૭. સંશય :*** શંકા ***૮. વિપર્યય :*** વિપરીતતા ***૯. અનધ્યવસાય :*** અનિર્ણય ***૧૦. અવિનાભાવી :*** એકબીજા વિના ન હોય તેવું, પરસ્પર સંબંધિત ***૧૧. નિદિધ્યાસન :*** નિરંતર ચિંતવન

---

## સંદર્ભ ગ્રંથો

***પ્રાસ્તાવિક ::*** ૧. યોગસાર : દોહરો : ૮, ૧૯ થી ૨૪; • ૨. ગુરુદેવશ્રીના વચનામૃતનું આમુખ.

***તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો એટલે શું ? ::*** ૧. જૈ. સિ. કોશ : ભાગ-૨ : પાનુ ૩૫૨ : તત્ત્વની પ્રસ્તાવના; પાનુ ૩૫૩ : તત્ત્વનો અર્થ; • ૨. સર્વાર્થસિદ્ધિ : ૨/૧/૧૫૦/૧૧; ૧/૨/૮/૩; • ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૨/૧/૭/૧૦૦/૨૫; ૧/૨/૧/૧૯/૯; ૧/૨/૫/૧૯; • ૪. સમાધિશતક : ગાથા ૩૫ની ટીકા; • ૫. ભગવતી આરાધના : ગાથા ૫૬ની ટીકા; • ૬. સ્યાદ્વાદમંજરી : ૨૫/૨૯૬/૧૫.

***તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાની આવશ્યકતા ::*** ૧. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક : ૨૩.

***"હું પરમાત્મા છું " એક સર્વગ્રાહી સિદ્ધાંત ::*** ૧. ન્યાયદર્શન સૂત્ર ૧/૧/૩૦; • ૨. જૈ.સિ.કોશ:ભાગ-૪ સિદ્ધાંત પાનું ૪૨૭;

***૧. દ્રવ્યની સ્વતંત્રતા ::*** ૧. પ્રવચનસાર : ગાથા ૧૦, ૧૬, ૯૮, ૧૦૫, ૧૯૨ અને તેની ટીકા; • ૨. ગુરુદેવશ્રીના વચનામૃત નં. ૩૩, ૨૮૧; • ૨. બહેનશ્રીના વચનામૃત નં. ૨૫૧, ૪૧૧; ૪. જયધવલા : પુસ્તક ૭, પેરા ૨૪૪, પાનુ ૧૧૭.

***૨. સ્વભાવની સંપૂર્ણતા ::*** ૧. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૭૮ની ટીકા • ૨. પ્રવચનસાર : ગાથા ૯૬, ૯૮, ૧૯૨, ૨૩૫ અને તેની ટીકા; • ૩. સમયસાર : ગાથા ૧૮૬ અને તેની ટીકા; • ૪. બહેનશ્રીના વચનામૃત : નં. ૨૫૧, ૨૮૧, ૩૮૪, ૪૧૪; • ૫. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૬, ૧૭; • ૬. શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૧૩૫.

***૩. ભેદ જ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન ::*** ૧. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૨૦૦, ૩૧૪; • ૨. નિયમસાર : ગાથા ૫૧ની ટીકા; • ૩. મોક્ષપાહુડ : ગાથા ૪૧; • ૪. બહેનશ્રીના વચનામૃત : નં. ૫૮, ૫૯, ૧૯૭, ૨૮૫, ૩૮૯, ૪૦૪, ૪૨૯; • ૫. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૫૬.

***૪. વીતરાગતા એ જ ધર્મ ::*** ૧. પ્રવચનસાર : ગાથા ૬, ૭ અને તેની ટીકા; • ૨. ભાવપાહુડ : ગાથા ૮૩; • ૩. સર્વાર્થસિદ્ધિ : ૯/ ૧૮/ ૪૩૬/ ૪; • ૪. જૈ.સિ.કોશ: ભાગ ૨: ચારિત્ર ૨/૧, ૨ પાનુ ૨૮૫, ૨૮૬; • ૫. ગુરુ દેવશ્રીનાં વચનામૃત નં. ૯૧; ૬. યોગસાર દોહરો ૪૮.

***૫. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન ::*** ૧. દર્શન પાહુડ : ગાથા ૨ થી ૧૩; • ૨. મોક્ષપાહુડ : ગાથા ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૬; • ૩. રત્નકરંડશ્રાવકાચાર : ગાથા ૩૪; • ૪. છ ઢાળા : ઢાળ ૩, ગાથા ૧૬નો ઉતરાર્ધ.

***૬. મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ ::*** ૧. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૧, સૂત્ર ૧ અને તેની ટીકા; • ૨. બહેનશ્રીના વચનામૃત : નં. ૧૪૪, ૩૮૬; • ૩. શ્રીમદ રાજચંદ્ર પત્રાંક ૫૩૭નો છેલ્લો ફકરો પાનુ ૪૩૬; • ૪. આત્મસિદ્ધિ ગાથા ૧.

***૭. પરપદાર્થનું અકર્તૃત્વ ::*** ૧. પ્રવચનસાર : ગાથા ૧૦, ૧૬, ૧૮૪ અને તેની ટીકા; • ૨. સમયસાર : ગાથા ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૬, ૧૦૨, ૧૦૫ ૩૧૧ અને તેની ટીકા; • ૩. સમયસાર : આત્મખ્યાતિ શ્લોક ૪૯, ૫૧, ૨૦૦, ૨૧૧; • ૪. ગુરુદેવશ્રીનાં વચનામૃત : નં. ૩૩.

***૮. નિમિતની નિરપેક્ષતા ::*** ૧. શ્લોકવાર્તિક : ૧/૨/૧૧/૨૮/૧૩; • ૨. પ્રવચનસાર : ગાથા ૯૫ની ટીકા; • ૩. પંચાધ્યાયી : ઉતરાર્ધ : ગાથા ૩૫૧; • ૪. સમાધિતંત્ર : ગાથા ૯૯ની ટીકા; • ૫. ઈષ્ટોપદેશ : ગાથા ૨નો વિશેષ; • ૬. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન ૨૯૩, ૨૯૬; • ૭. સમયસાર : ગાથા ૮૬ની ટીકા; • ૮. બનારસીદાસકૃત ઉપાદાન નિમિત્ત દોહરા.

***૯. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ ::*** ૧. પ્રવચનસાર : ગાથા ૯૩ની ટીકા; • ૨. નિયમસાર : ગાથા ૪૭, ૧૧૦ અને તેની ટીકા; • ૩. આત્મસિદ્ધિ : ગાથા ૧૧૭, ૧૩૫; • ૪. બહેનશ્રીના વચનામૃત નં. ૨૦૧, ૨૩૦, ૩૧૫, ૩૪૪, ૩૫૩, ૩૭૬, ૩૮૯, ૩૯૩, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦; • ૫. યોગસાર : દોહરો ૨૦, ૪૦, ૫૭.

***૧૦. પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા ::*** ૧. સમયસરનાટક : સર્વ વિશુદ્ધિ દ્વાર - દોહરો ૪૨; • ૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય ૩, પાનુ ૫૫; અધિકાર ૭, મોક્ષમાર્ગમાં પુરુષાર્થની મુખ્યતા : પાનુ ૩૧૧; • ૩. ગોમ્મટસાર કર્મકાંડ : ગાથા ૭૯ થી ૮૮૩; • ૪. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૫૩; • ૫. બહેનશ્રીના વચનામૃત : નં. ૭, ૩૪૩; • ૬. શ્રીમદ્ રાજચંદ્ર : આંક ૯૫૭, ઉપદેશ છાયા ૬, પાનુ ૭૨૪; • ૭. સૂત્રપાહુડ : ગાથા ૧૬; ૮. ભાવપાહુડ : ગાથા ૮૬.

***ઉપસંહાર ::*** યશોવિજયજીકૃત અધ્યાત્મસાર



# હેતુલક્ષી પ્રશ્નો

***યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.***

૧. પરમાત્મદશા પ્રગટ કરવાનું પહેલું પગથિયું શું છે ? ૧. ☐
A. પોતાને પરમાત્મપણે જાણવો
B. પોતાને પરમાત્માની ભક્તિમાં લીન કરવો.
C. પોતાના પરમાત્મસ્વભાવનું ધ્યાન ધરવું.
D. પોતાની પરમાત્મદશાનો સ્વીકાર કરવો

૨. જૈન દર્શનનો મુખ્ય અને મહાન સિદ્ધાંત કયો છે કે જેમાં બીજા બધાં સિદ્ધાંતો સમાય જાય છે? ૨. ☐
A. હું પરમાત્મા છું B. હું સ્વતંત્ર છું
C. હું પરિપુર્ણ છું D. હું જ્ઞાયક છું.

3. 'હું પરમાત્મા છું સિદ્ધાંત કયા પ્રકારનો નથી? 3. ☐
A. સર્વગ્રાહી B. સર્વમાન્ય
C. વ્યાપક D. અધિકરણ

૪. દ્રવ્યની સ્વતંત્રતાનું કારણ શું નથી? ૪. ☐
A. દ્રવ્યનું અનેકાંતસ્વરુપ
B. દ્રવ્યનું અકારણપારિણામિકપણું
C. દ્રવ્યની પ્રગટ અવસ્થા
D. દ્રવ્યનાં છ કારકોની સ્વાધીનતા

૫. વર્તમાનકાળે દ્રવ્યની સ્વતંત્રતાની જોરશોરથી ઘોષણા કરનાર કોણ છે? ૫. ☐
A. પંડિત ટોડરમલજી B. શ્રીમદ્ રાજચંદ્ર
C. બહેનશ્રી ચંપાબેન
D. પૂજ્યશ્રી કાનજીસ્વામી

૬. જો બધા જીવો પોતાના સ્વભાવથી સંપૂર્ણ ન હોય તો શું થાય ? ૬. ☐
A. સ્વભાવ અને પર્યાયની એકરૂપતા થાય
B. દરેક જીવ પર્યાયથી સંપૂર્ણ હોય
C. દરેક જીવ પોતાના સ્વભાવને સંપૂર્ણ કરવા પ્રયત્ન કરે
D. દરેક જીવ જુદી જુદી જાતિના થાય

૭. ભેદજ્ઞાનમાં કોનાથી ભિન્ન પોતાના પરમાત્મસ્વભાવને ઓળખવાનો હોય છે ? ૭. ☐
A. સત્તા-સંપતિ-સન્માન
B. મન-વચન-કાયા
C. દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ.
D. દ્રવ્ય-ગુણ-પર્યાય

૮. ધર્મમાં કોનો સમાવેશ નથી ? ૮. ☐
A. મોહક્ષોભરહિત પરિણામ B. દયા-દાનાદિના શુભભાવ
C. સ્વાશ્રિત પરિણતિ
D. વીતરાગતા

૯. ધર્મ માટે શેનો ત્યાગ જરુરી છે? ૯. ☐
A. રાગ-દ્વેષ B. સત્તા-સંપતિ
C. કર્મ-નોકર્મ D. ઘરબાર

૧૦. ધર્મનું મૂળ શું છે ? ૧૦. ☐
A. સમ્યગ્દર્શન B. સમ્યગ્જ્ઞાન
C. સમ્યક્ચારિત્ર D. સદાચાર

૧૧. ત્રણકાળ ત્રણલોકમાં સુખદાયક શું છે? ૧૧. ☐
A. સમ્યગ્દર્શન B. ભોગોપભોગ
C. પરોપકાર D. પરદયા

૧૨. જૈન દર્શન અનુસાર મોક્ષનો માર્ગ એ કયા પ્રકારનો માર્ગ છે ? ૧૨. ☐
A. સમજણનો માર્ગ B. ભક્તિનો માર્ગ
C. ક્રિયાનો માર્ગ D. અનેકાંતનો માર્ગ

૧૩. જીવના દુઃખોનું મૂળ કારણ શું છે ? ૧૩. ☐
A. પાપનો ઉદય B. અણસમજણ
C. ગરીબાઈ D. આધિ-વ્યાધિ-ઉપાધિ

૧૪. નિશ્ચયથી કર્તા-કર્મપણું કયાં હોતું નથી? ૧૪. ☐
A. વ્યાપક-વ્યાપ્યપણું B. પરિણામી-પરિણામપણું
C. અનુકૂળ-અનુરૂપપણું D. તત્સ્વરુપપણું

૧૫. નિશ્ચયથી એક દ્રવ્યને અને બીજા દ્રવ્ય વચ્ચે કયા પ્રકારનો સંબંધ હોય છે? ૧૫. ☐
A. કર્તા-કર્મ B. કારણ-કાર્ય
C. નિમિત્ત-નૈમિતિક
D. કોઈ પણ પ્રકારનો સંબંધ નથી.

૧૬. નિમિત્ત એ કયા પ્રકારનું કારણ છે? ૧૬. ☐
A. નિશ્ચયકારણ B. ઉપાદાનકારણ
C. નિયામકકારણ D. સહકારીકારણ

૧૭. આપણા આત્માની દ્દષ્ટિ કયા બે પ્રકારે સંભવે છે? ૧૭. ☐
A. સહભાવીગુણો કે ક્રમભાવી પર્યાયો

B. ત્રિકાળી દ્રવ્ય કે પ્રમાણના વિષયભૂત દ્રવ્ય
C. દ્રવ્ય કે પર્યાય D. સ્વ કે પર

૧૮. દ્રવ્યદૃષ્ટિ પ્રગટવાથી બધાં જીવો કેવા ભાસે છે ? ૧૮. ☐
A. સમ્યગ્દૃષ્ટિ
B. સિદ્ધસમાન
C. રાગીદ્વેષી
D. જીવ જે અવસ્થામાં હોય તે રીતે બરાબર ભાસે છે.

૧૯. પાંચેય સમવાય કયા સ્વરૂપે હોય છે ? ૧૯. ☐
A. પર્યાયરૂપ B. ગુણરૂપ
C. દ્રવ્યરૂપ D. કારકરૂપ

૨૦. પોતાનો પુરુષાર્થ કેવો હોય છે ? ૨૦. ☐
A. સ્વાધીન અને સફળ
B. પરાધીન અને નિષ્ફળ
C. નબળો અને મર્યાદિત
D. અધૂરો અને અવળો

## સૈદ્ધાંતિક પ્રશ્નો

***નીચેના પ્રશ્નોના જવાબ એક કે બે વાક્યોમાં આપો.***

૧. પરમાત્મદશા પ્રગટ કરવાનો એકમાત્ર ઉપાય શો છે ?
૨. જૈન દર્શનનાં બધાં સિદ્ધાંતોનો શિરમોર સિદ્ધાંત કયો છે ?
૩. તત્ત્વ કોને કહે છે ?
૪ તત્ત્વજ્ઞાન કોને કહે છે ?
૫. તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત એટલે શું ?
૬. અધિકરણ સિદ્ધાંત કોને કહે છે ?
૭. અધિકરણ સિદ્ધાંતને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
૮. સર્વગ્રાહી સિદ્ધાંત કોને કહે છે ?
૯. '*હું પરમાત્મા છું*' એ કયા પ્રકારનો સિદ્ધાંત છે?
૧૦. દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત શું છે ?
૧૧. સ્વભાવની સંપૂર્ણતા એટલે શું ?
૧૨. સ્વભાવની સંપૂર્ણતાનો સ્વીકાર કરી તે સ્વભાવનો આશ્રય કરવાથી શું થાય ?
૧૩. પોતાના સ્વભાવની સંપૂર્ણતાને સમજવા માટે નિમિત્તકારણ કોણ હોય છે ?
૧૪. ભેદજ્ઞાન કોને કહે છે ?
૧૫. સમ્યગ્જ્ઞાન કોને કહે છે ?
૧૬. દ્રવ્યકર્મ કોને કહે છે ?
૧૭. નોકર્મ કોને કહે છે ?
૧૮. ભાવકર્મ કોને કહે છે ?
૧૯. જ્ઞાન સંબંધી દોષો કયા કયા છે ?
૨૦. વીતરાગતા કોને કહે છે ?
૨૧. ધર્મ કોને કહે છે ?
૨૨. શા માટે વીતરાગતા એ જ ધર્મ છે ?
૨૩. સમ્યગ્દર્શન કોને કહે છે ?
૨૪. ધર્મનું મૂળ : સમ્યગ્દર્શન કઈ રીતે છે ?
૨૫. મોક્ષનો માર્ગ કોને કહે છે ?
૨૬. મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ કઈ રીતે છે ?
૨૭. પરપદાર્થનું અકર્તૃત્વ એટલે શું ?
૨૮. નિમિત્ત કોને કહે છે ?
૨૯. દ્રવ્યદૃષ્ટિ એટલે શું ?
૩૦. દ્રવ્યદૃષ્ટિમાં દૃષ્ટિ એટલે શું ?
૩૧. દૃષ્ટિનો વિષય કેટલા પ્રકારે હોય છે ?
૩૨. પાંચ સમવાય એટલે શું ? તેના નામ આપો ?
૩૩. પાંચ સમવાયમાં કોની મુખ્યતા હોય છે ? શા માટે ?
૩૪. પાંચ સમવાયમાં પુરુષાર્થ શું છે ?
૩૫. સમર્થકારણ કોને માનવામાં આવે છે ?
૩૬. સવળો પુરુષાર્થ એટલે શું ?
૩૭. પ્રથમ ભૂમિકાને યોગ્ય પુરુષાર્થ શું છે ?

***નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.***

૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંત વિષેની સમજૂતી આપો
૨. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતનું 'હૃદયગતપણું' એટલે શું ?
૩. અનાદિના મોહને ટાળવો શા માટે જરૂરી છે ? મોહને ટાળવા માટે શું કરવું જોઈએ ?
૪. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાની આવશ્યકતા સમજાવો.
૫. શા માટે '*હું પરમાત્મા છું*' એક સર્વગ્રાહી સિદ્ધાંત છે? તેમાં સમાવેશ પામતા મહત્ત્વના સિદ્ધાંતો જણાવો.
૬. દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત સમજાવો.
૭. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતમાં દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત કઈ રીતે સમાવેશ પામે છે ?
૮. સ્વભાવની સંપૂર્ણતાનો સિદ્ધાંત સમજાવો
૯. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતમાં સ્વભાવની સંપૂર્ણતાનો સિદ્ધાંત કઈ રીતે સમાવેશ પામે છે ?
૧૦. ''ભેદજ્ઞાન એજ સમ્યગ્જ્ઞાન'' સિદ્ધાંત સમજાવો.
૧૧. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતમાં ભેદજ્ઞાનનો સિદ્ધાંત કઈ રીતે સમાવેશ પામે છે ?



૧૨. શા માટે ભેદજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે ?
૧૩. "'વીતરાગતા એ જ ધર્મ' સિદ્ધાંતની સમજૂતી આપો.
૧૪. "'હું પરમાત્મા છું' સિદ્ધાંતમાં 'વીતરાગતા એ જ ધર્મ' સિદ્ધાંતનો સમાવેશ કઈ રીતે છે ?
૧૫. 'ધર્મનું મૂળ સમ્યગ્દર્શન' એ સિદ્ધાંત સમજાવો.
૧૬. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતમાં 'ધર્મનું મૂળ સમ્યગ્દર્શન સિદ્ધાંત' કઈ રીતે સમાવેશ પામે છે ?
૧૭. "'મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ' સિદ્ધાંતની સમજૂતી આપો.
૧૮. '*હું પરમાત્મા છું*' એ સિદ્ધાંતમાં 'મોક્ષનો માર્ગ એ સમજણનો માર્ગ' સિદ્ધાંત કઈ રીતે સમાવિષ્ટ થઈ જાય છે ?
૧૯. "'પરપદાર્થનું અકર્તૃત્વ' એ સિદ્ધાંત સમજાવો.
૨૦. કર્તા-કર્મની પરિભાષા આપો
૨૧ આત્મહિતનું પ્રયોજન શું છે ? અને તે કઈ રીતે પાર પડે ?
૨૨. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતમાં 'પરપદાર્થનું અકર્તૃત્વ'નો સિદ્ધાંત કઈ રીતે આવી જાય છે ?
૨૩. 'નિમિત્તની નિરપેક્ષતા'નો સિદ્ધાંત સમજાવો.
૨૪. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતમાં 'નિમિત્તની નિરપેક્ષતા'નો સિદ્ધાંત કઈ રીતે સમાઈ જાય છે.
૨૫. "'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' તે સિદ્ધાંત સમજાવો
૨૬. શા માટે પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે ?
૨૭. શા માટે દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે ?
૨૮. "'હું પરમાત્મા છું' સિદ્ધાંતમાં 'દ્રવ્યદૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ'નો સિદ્ધાંત કઈ રીતે સમાય છે ?
૨૯. શા માટે દ્રવ્યદૃષ્ટિ પ્રગટવાથી રાગદ્વેષનું કોઈ કારણ બનતું નથી ?
૩૦. પાંચ સમવાયમાં સ્વભાવ શું છે ?
૩૧. શા માટે પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા છે ?
૩૨. પુરુષાર્થ અને બાકીના કારણો વચ્ચેનો તફાવત દર્શાવો ?
૩૩. પુરુષાર્થની સ્વાધીનતા અને સફળતા સમજાવો ?
૩૪. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતમાં પુરુષાર્થની મુખ્યતાનો સિદ્ધાંત કઈ રીતે સમાવેશ પામે છે ?
૩૫. આત્મહિતનાં પારમાર્થિક સિદ્ધાંત સમજવા માટે આપણને ઉપલબ્ધ પાંચ સમવાય કઈ રીતે છે ?
૩૬. શું જાણવું સાર્થક છે અને શું જાણવું નિરર્થક છે ? કઈ રીતે ?

## ગુરુદેવશ્રી અને સોનગઢનાં પ્રતિકસમો
## એક આદર્શ સૂચક આગવો
# સર્વગ્રાહી સિદ્ધાંત

બધા સિદ્ધાંતોનો શિરમોર હોય તો તે 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંત છે. આ એક જ સિદ્ધાંતમાં



બીજા બધા સિદ્ધાંતો સમાય જાય છે. તેથી આ એક સર્વગ્રાહી સિદ્ધાંત છે. આ સર્વગ્રાહી સિદ્ધાંત સમજ્યા વિના પરમાત્મદશા પ્રગટ કરવાના પારમાર્થિક પંથમાં એક ડગલુંય આગળ વધી શકાતું નથી. 'હું પરમાત્મા છું'નાં ગુરુદેવશ્રીના ગગનભેદી નારાથી સોનગઢની શરૂઆત થાય છે. 'હું પરમાત્મા છું' સંબંધી ગુરુદેવશ્રીનાં આ પડકારો 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પુસ્તકનાં આમુખ તરીકે સ્થાન પામેલ છે. ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં ગુરુદેવશ્રીનાં સઘળાં ઉપદેશનાં સારભૂત સિદ્ધાંત તરીકે 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા પસંદ કરાયેલ છે. ગુરુદેવશ્રી અને સોનગઢનાં પ્રતિકસમા એક આદર્શસૂચક આગવા સિદ્ધાંત તરીકે તે આજેઓળખાય છે.

(પ્રકરણ-૧ : 'હું પરમાત્મા છું' એક સર્વગ્રાહી સિદ્ધાંતની પ્રસ્તાવનામાંથી)

પ્રકરણ

૨

# 'હું પરમાત્મા છું' કઈ રીતે ?

◆ પ્રકરણની રૂપરેખા

- પ્રાસ્તાવિક
- અનેકાંતસ્વરૂપ અને એકાંતમાર્ગ
- વસ્તુની સિદ્ધિ માટે તેનાં અનેકાંતસ્વરૂપની આવશ્યકતા
- વસ્તુની પ્રાપ્તિ માટે તેનાં એકાંતમાર્ગની આવશ્યકતા
- વસ્તુનાં અનેકાંતસ્વરૂપ અને એકાંતમાર્ગનાં આધારે 'હું પરમાત્મા છું' કઈ રીતે ?
- પામરદશાનાં આધારે પરમાત્મસ્વભાવને ઓળખવાનો ઉપાય
  - ૧. વિરોધીનું અસ્તિત્વ
  - ૨. અનેકમાં એકત્વ
  - ૩. નવતત્ત્વો વડે નિર્ણય
  - ૪. આત્માની એક જ જાતિ
- ઉપસંહાર



## પ્રકરણ : ૨

# ‘હું પરમાત્મા છું’ કઈ રીતે?

### તે માટે દ્રવ્યદૃષ્ટિનો મહિમા દર્શાવતા

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનો

*દ્રવ્ય અને પર્યાય બન્ને સમાન કોટિનાં નથી. દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. અપરિણામી તત્ત્વ ઉપર – જ્ઞાયક (દ્રવ્ય) ઉપર – દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે.*

*સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને; – તે શુદ્ધ – અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સુખ–દુઃખરૂપ વેદનનો, સાધક–બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે. જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે. તે કદી છૂટતો નથી.*

*દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ – ચૈતન્ય જ ભાસે છે. હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે. – આવો અચળ નિર્ણય હોય છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. તે એકેય ભેદને સ્વીકારતી નથી. ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. આત્મા અનંત ગુણમય છે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ – અપરિણામી અભેદ એક દળ – તેમાં દૃષ્ટિ છે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ.*



*અનંત ગુણસ્વરૂપ અભેદ એક ચેતન દ્રવ્યનો જ – અખંડ પરમાત્મદ્રવ્યનો જ – આશ્રય કરવો, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, ત્યાં જ દૃષ્ટિ દેવી, કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે. દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ. અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે.*

*(દ્રવ્યદૃષ્ટિથી) તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો.*

(બહેનશ્રીનાં વચનામૃત : નં. ૨૦૧, ૨૧૬, ૩૦૫, ૩૧૫, ૩૪૪, ૩૫૩, ૩૭૬, ૩૮૯, ૩૯૩, ૪૦૦માંથી સંકલિત અંશો)



સીમંધર ભગવાન, સોનગઢ.

(સવૈયા એક્ત્રીસા)

केई उदास रहै प्रभु कारन, केई कहैं उठि जांहि कहींकै ।
केई प्रनाम करैं गढि मूरति, केई पहार चढैं चढि छींके ॥
केई कहैं आसमानकें उपरि, केई कहैं प्रभु हेठि जमींकै ।
मेरा धनी नहि दूर दिसन्तर, मोहिमैं है मोहि सूझत नीकै ॥

**ભાવાર્થ : પોતાના પરમાત્માને જાણવા માટે કોઈ તો ઉદાસીન કે ત્યાગી બની જાય છે. કેટલાંય તેને શોધવા માટે ક્યાંથી ક્યાં દૂરદેશાવરમાં પહોંચી જાય છે. કોઈ પરમાત્માની પ્રતિમા બનાવી તેની પૂજા-ભક્તિ કરે છે. કોઈ** (અશક્ત હોય તો) **ડોળીમાં બેસીને પણ પર્વત ચઢે છે. કોઈ એમ માને છે કે, પોતાનો પરમાત્મા અદ્ધર આકાશમાં છે. તો કોઈ તેને નીચે પાતાળમાં માને છે. પરંતુ પોતાનો પરમાત્મા દૂરદેશાવરમાંાં નથી. પોતામાં જ છે. પોતે જ છે. 'હું પરમાત્મા છું' કઈ રીતે ? તે જાણવાથી તે પોતાનાં અનુભવમાં આવે છે.** (સમયસારનાટક : અ. ૮, બંધદ્વાર, દોહરો ૪૮)

**'હું પરમાત્મા છું'** એટલે કે પોતે જ પરમાત્મ-સ્વભાવી છે. પોતાનો પરમાત્મા પોતાથી દૂર નથી, પોતામાં જ છે, પોતે જ છે. તોપણ લોકો પોતાના પરમાત્માને બહારમાં શોધે છે. તે માટે ત્યાગ, વૈરાગ્ય, પૂજા, ભક્તિ, તીર્થયાત્રા, દયા, દાન, વ્રત, તપ જેવા અનેક પ્રકારના બાહ્ય ઉપાયો કરવામાં આવે છે. પરંતુ પોતાની અંદરનો પરમાત્મા બાહ્ય ઉપાયોથી જણાતો નથી *'હું પરમાત્મા છું'* કઈ રીતે ? તે જાણવા માટે સૌ પ્રથમ આત્માનું અનેકાંતસ્વરુપ અને તેની પ્રાપ્તિનો એકાંતમાર્ગ જાણવો જરૂરી હોય છે.

## અનેકાંતસ્વરૂપ અને એકાંતમાર્ગ

**વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી પરસ્પર વિરોધી બે શક્તિઓનું એકીસાથે પ્રકાશવું તે વસ્તુનું અનેકાંતસ્વરુપ છે. વસ્તુની પ્રાપ્તિનો ઉપાય એક જ પ્રકારે હોય તેને એકાંતમાર્ગ કહે છે.**

**અનેકાંત = અન્ + એકાંત.** જે એકાંત નથી, એકાંતનો વિરોધી છે, તે અનેકાંત છે. અહીં અનેકાંત એ વસ્તુનું બંધારણ કે તેની રચના છે, એટલે કે વસ્તુનું સ્વરુપ છે.

વસ્તુનું સ્વરુપ એકાંત કે અનેકાંત એ બે પૈકી કોઈ એક પ્રકારે હોય છે. તેમ વસ્તુની પ્રાપ્તિનો માર્ગ પણ એકાંત કે અનેકાંત એ બે પૈકી કોઈ એક પ્રકારે હોય છે. જે વસ્તુના સ્વરુપને અનેકાંત માને છે તેના માટે તેની પ્રાપ્તિનો માર્ગ એકાંત હોય છે. અને જે વસ્તુના સ્વરુપને એકાંત માને છે તે તેની પ્રાપ્તિનાં માર્ગને અનેકાંત માને છે.

વાસ્તવમાં વસ્તુનું સ્વરુપ અનેકાંત છે અને તેની પ્રાપ્તિનો માર્ગ એકાંત છે. તેથી વસ્તુના સ્વરુપને અનેકાંત માનવું તે સમ્યક્ અનેકાંત છે પણ વસ્તુની પ્રાપ્તિના માર્ગને અનેકાંત માનવો તે મિથ્યા



અનેકાંત છે. તે જ રીતે વસ્તુની પ્રાપ્તિનો માર્ગ એકાંત માનવો તે સમ્યક્ એકાંત છે પણ વસ્તુના સ્વરુપને એકાંત માનવું તે મિથ્યા એકાંત છે.

વસ્તુનું અનેકાંતસ્વરુપ એક જ પ્રકારે સંભવે છે અને તેને માનનાર એકમાત્ર જૈન દર્શન જ છે. વસ્તુનું એકાંતસ્વરુપ અનેક પ્રકારે સંભવે છે અને તેને માનનાર જૈન દર્શન સિવાયનાં અન્ય અનેક દર્શનો છે.

આત્મવસ્તુની પ્રાપ્તિનો એકાંતમાર્ગ એક જ પ્રકારે સંભવે છે અને તેને અનુસરનાર પણ એક માત્ર જૈન દર્શન જ છે. આત્માની પ્રાપ્તિનો અનેકાંતમાર્ગ અનેક પ્રકારે સંભવે છે. અને તેને અનુસરનાર જૈન દર્શન સિવાયના અન્ય અનેક દર્શનો છે.

વસ્તુનું સ્વરુપ અનેકાંત હોય છે અને તેની પ્રાપ્તિનો માર્ગ કે ઉપાય એકાંત હોય છે. બીજી રીતે કહીએએ તો **અનેકાંતસ્વરુપ** વિના વસ્તુની સિદ્ધિ નથી અને **એકાંતમાર્ગ** વિના વસ્તુની પ્રાપ્તિ નથી. અનેકાંતસ્વરુપ અને એકાંતમાર્ગની વિશદ સમજૂતી માટે દ્રવ્યબંધારણનો અભ્યાસ આવશ્યક છે. અહીં *'હું પરમાત્મા છું'* કઈ રીતે ? તે બાબતને સમજવા પૂરતી તેની સંક્ષિપ્ત સમજૂતી આપવામાં આવે છે. તે માટે નીચેના મુદ્દા અનુસાર ચર્ચા કરવામાં આવે છે.

- **વસ્તુની સિદ્ધિ માટે તેનાં અનેકાંતસ્વરુપની આવશ્યકતા**
- **વસ્તુની પ્રાપ્તિ માટે તેનાં એકાંતમાર્ગની આવશ્યકતા**
- **વસ્તુનાં અનેકાંતસ્વરુપ અને એકાંતમાર્ગના આધારે 'હું પરમાત્મા છું' કઈ રીતે ?**
- **પામરદશાના આધારે પરમાત્મસ્વભાવનો ઓળખવાનો ઉપાય**

## વસ્તુની સિદ્ધિ માટે તેનાં અનેકાંતસ્વરૂપની આવશ્યકતા

**વસ્તુમાં વસ્તુપણાંનાં નીપજાવનાર પરસ્પર વિરોધી બે ધર્મોનું એકીસાથે પ્રકાશવું તે વસ્તુનું અનેકાંતસ્વરુપ છે.**

અનેકાંતસ્વરુપ વસ્તુમાં વસ્તુપણાંનાં નીપજાવનાર એટલે કે વસ્તુની સિદ્ધિ કરાવનાર પરસ્પર વિરોધી બે ધર્મો મૂળભૂતપણે અન્વય અને વ્યતિરેક છે.

**'આ તે જ છે'** એવાં જ્ઞાનનાં કારણભૂત એકરૂપપણું કે સદશપણું તેને અન્વય કહે છે.

**'આ તે નથી'** એવાં જ્ઞાનનાં કારણભૂત અનેકરૂપપણું કે વિસદશપણું તેને વ્યતિરેક કહે છે.

અનેકાંતસ્વરુપી વસ્તુનાં પરસ્પર વિરોધી મૂળભૂત ધર્મયુગલ અન્વય-વ્યતિરેકનાં આધારે બીજાં અનેક પરસ્પર વિરોધી ધર્મયુગલો હોય છે.

**પ્રશ્ન : અનેકાંતસ્વરુપી વસ્તુમાં અન્વય-વ્યતિરેકનાં આધારે અન્ય પરસ્પર વિરોધી ધર્મયુગલો કઈ રીતે છે ?**

**ઉત્તર**: અનેકાંતસ્વરુપી વસ્તુનાં અન્વયી ધર્મપણે તે એકરૂપ, અભેદરૂપ, અખંડરૂપ, નિત્ય, સાધારણ, કાયમ ટકતાં દ્રવ્યસ્વભાવપણે છે. અને તે જ સમયે વ્યતિરેકી ધર્મપણે તે અનેકરૂપ, ભેદરૂપ, ખંડરૂપ, અનિત્ય, અસાધારણ, કાયમ પલટતાં પર્યાય સ્વભાવપણે છે. આ રીતે અન્વય-વ્યતિરેકના આધારે એક-અનેક, અભેદ-ભેદ, અખંડ-ખંડ, નિત્ય-અનિત્ય, સાધારણ-અસાધારણ, દ્રવ્ય-પર્યાય અને તેનાં જેવાં બીજાં અનેક પરસ્પર વિરોધી ધર્મયુગલો હોય છે. આવા નિત્ય-અનિત્ય જેવા

પરસ્પર વિરોધી ધર્મોને એક જ વસ્તુમાં એકસાથે રહેવામાં કોઈ વિરોધ હોતો નથી.

**પ્રશ્ન : નિત્ય-અનિત્ય જેવાં પરસ્પર વિરોધી ધર્મોને એકસાથે રહેવામાં વિરોધ કેમ હોતો નથી?**

**ઉત્તર**: અનેકાંતસ્વરુપી વસ્તુનાં પરસ્પર વિરોધી ધર્મો સાપેક્ષ હોવાનાં કારણે તેમને સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. સાપેક્ષ ધર્મો વિરોધી જ હોય છે. અને વિરોધી ધર્મો સાપેક્ષ હોય તો તેને સાથે રહેવામાં વિરોધ હોતો નથી.

જેમ કોઈ વ્યક્તિ એક અપેક્ષાએ એટલે કે પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે, અને તે જ વ્યક્તિ બીજી અપેક્ષાએ એટલે કે પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર પણ છે. આ રીતે એક જ વ્યક્તિમાં પિતા-પુત્ર જેવા પરસ્પર વિરોધી ધર્મો સાથે હોઈ શકે છે, પણ તેઓ સાપેક્ષ હોવાથી તેમને સાથે રહેવામાં વિરોધ નથી. તેમ એક જ વસ્તુ તેના ત્રિકાળ ધ્રુવ અન્વયી દ્રવ્યસ્વભાવપણે જોવામાં આવે તો તે નિત્ય છે અને તે જ વસ્તુને તેના ક્ષણિક પલટાતાં વ્યતિરેકી પર્યાયસ્વભાવપણે જોવામાં આવે તો તે અનિત્ય પણ છે. આ રીતે એક જ વસ્તુમાં નિત્ય-અનિત્ય જેવા પરસ્પર વિરોધી ધર્મો સાથે હોઈ શકે છે. તેઓ સાપેક્ષ હોવાથી તેમને સાથે રહેવામાં વિરોધ નથી.

અનેકાંતસ્વરુપી વસ્તુનાં નિત્ય-અનિત્ય જેવાં પરસ્પર વિરોધી ધર્મયુગલ સાપેક્ષ હોવાનાં કારણે અનેકાંતસ્વરુપી વસ્તુનાં તેનાં સ્વરુપ સંબંધી કથનની પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે. સ્યાદ્વાદ એ સ્યાત્ અને વાદ એ બે શબ્દોનો બનેલો છે. જેમાં સ્યાત્ એટલે કથંચિત્ કે કોઈ અપેક્ષાએ અને વાદ એટલે કથન છે. વસ્તુસ્વરુપની અનેકાંત માન્યતામાં વસ્તુનું સ્વરુપ સાપેક્ષ હોવાથી તેનું કથન *'સ્યાત્'* શબ્દથી કરવામાં આવે છે. જૈન દર્શન વસ્તુસ્વરુપની અનેકાંત માન્યતાવાળો હોવાથી તેના વસ્તુના સ્વરુપ સંબંધી કોઈ પણ કથનમાં *'સ્યાત્'* શબ્દ કહ્યો હોય કે ન હોય તોપણ લાગુ પડે છે. આ રીતે જૈન દર્શનમાં આત્માને *'નિત્ય'* કહેતાં સ્યાત્ શબ્દ ન વાપર્યો હોય તોપણ તે *'સ્યાત્ નિત્ય'* છે. તે જ રીતે *'અનિત્ય'* માટે *'સ્યાત્ અનિત્ય'* છે.

નિત્ય-અનિત્ય જેવાં પરસ્પર વિરોધી ધર્મયુગલ એકસાથે રહી શકે તેનું બીજું કારણ તેઓ વસ્તુના એક અંશના ધર્મો છે પણ વસ્તુ પોતે હોય તેવાં અંશીના ધર્મો નથી.

વસ્તુ પોતે જ અન્વયપણે કાયમ ટકતી નથી, નિત્ય નથી. જો અંશી એવી વસ્તુ પોતે જ અન્વયી ધર્મપણે નિત્ય હોય તો તે ધર્મ સાપેક્ષને બદલે નિરપેક્ષ બની જાય છે. તેથી વેદાંત મત જેવી વસ્તુને સર્વથા નિત્ય માનવા જેવી વસ્તુસ્વરુપની એકાંત માન્યતાની આપત્તિ આવી પડે છે. જો આમ માનવામાં આવે તો તેમાં વ્યતિરેકી અનિત્યભાવોનો અભાવ થાય છે. અનિત્યભાવોનો અભાવ થતાં દ્રવ્યની કોઈ ક્રિયા કે પ્રયોજન સંભવતું નથી અને પ્રયોજન વિનાનું કોઈ દ્રવ્ય જ હોતું નથી. આ પ્રકારના દોષથી બચવા અન્વયને અંશીને બદલે અંશનો જ ધર્મ માનવો યોગ્ય છે. એટલે કે વસ્તુ પોતાના અન્વયી ધર્મ એવા અંશના આશ્રયે કાયમ ટકે છે, નિત્ય છે.

તે જ રીતે વસ્તુ પોતે જ વ્યતિરેકપણે કાયમ પલટતી નથી, અનિત્ય નથી. જો અંશી એવી વસ્તુ



પોતે જ વ્યતિરેકી ધર્મપણે અનિત્ય હોય તો તે ધર્મ સાપેક્ષને બદલે નિરપેક્ષ બની જાય છે. તેથી બૌદ્ધમત જેવી વસ્તુને સર્વથા અનિત્ય માનવા જેવી આપત્તિ આવી પડે છે. જો આમ માનવામાં આવે તો તેમાં અન્વયી નિત્યભાવનો અભાવ થાય છે. નિત્યભાવનો અભાવ થતાં દ્રવ્યની કોઈ હયાતિ કે અસ્તિત્વ સંભવતું નથી. અને અસ્તિત્વ વિના કોઈ દ્રવ્ય જ હોતું નથી. આ પ્રકારના દોષથી બચવા માટે વ્યતિરેકને અંશીને બદલે અંશનો જ ધર્મ માનવો યોગ્ય છે. એટલે કે વસ્તુ પોતાના વ્યતિરેકી ધર્મ એવા અંશના આશ્રયે કાયમ પલટે છે, અનિત્ય છે.

નિત્ય-અનિત્ય જેવા પરસ્પર વિરોધી ધર્મ સાપેક્ષ અને અંશના ધર્મો હોવાથી તેઓને એકસાથે રહેવામાં કોઈ વિરોધ નથી. તે ઉપરાંત તેઓ વચ્ચે કોઈ સમયભેદ પણ નથી તેથી પણ તેઓ એકસાથે રહી શકે છે. દ્રવ્ય એક સમયે ટકવાપણે નિત્ય રહે અને બીજા સમયે પલટવાપણે અનિત્ય રહે એવું નથી. જો એવું હોય તો નિત્ય-અનિત્ય સાથે ન રહી શકે. પરંતુ નિત્ય-અનિત્ય એ અંશીના આશ્રયે નથી પણ અંશના આશ્રયે છે. તેથી તે પોતાના કાયમ ટકતાં એવા અન્વયી અંશના આશ્રયે નિત્ય છે અને તે જ સમયે તે જ દ્રવ્ય તેના કાયમ પલટતાં એવા વ્યતિરેકી અંશના આશ્રયે અનિત્ય પણ છે. આ રીતે નિત્ય-અનિત્ય જેવા પરસ્પર વિરોધી ધર્મોમાં કોઈ સમયભેદ ન હોવાથી તેઓને એકસાથે રહેવામાં કોઈ વિરોધ નથી.

ઉપર મુજબ નિત્ય-અનિત્ય જેવા પરસ્પર વિરોધ ધર્મોને એકસાથે રહેવામાં કોઈ વિરોધ હોતો નથી. વાસ્તવમાં આવા પરસ્પર વિરોધી ધર્મો ધરાવતાં વસ્તુના અનેકાંત સ્વરુપને જ કારણે વસ્તુની સિદ્ધિ હોય છે. એટલે કે વસ્તુની સિદ્ધિ માટે તેના અનેકાંતસ્વરુપની આવશ્યક્તા હોય છે.

**પ્રશ્ન : શા માટે વસ્તુની સિદ્ધિ માટે તેના અનેકાંતસ્વરુપની આવશ્યકતા હોય છે ?**

**ઉત્તર**: એક જ વસ્તુમાં વસ્તુપણાનાં નીપજાવનાર પરસ્પર વિરોધી બે ધર્મોનું એકી-સાથે હોવું તે વસ્તુનું અનેકાંતસ્વરુપ છે. આ પરસ્પર વિરોધી બે ધર્મો મૂળભૂતપણે અન્વય અને વ્યતિરેક છે. વસ્તુના કાયમ ટકતા અંશને અન્વય અને કાયમ પરિણામતા અંશને વ્યતિરેક કહે છે.

વસ્તુની સિદ્ધિ માટે એટલે કે વસ્તુની સાબિતિ માટે એટલે કે વસ્તુનાં વસ્તુપણા માટે તેનું સ્વરુપપ અનેકાંત હોવું અત્યંત આવશ્યક છે. વસ્તુના અનેકાંતસ્વરુપનાં કારણે તેનામાં કાયમ ટકતો અને કાયમ પરિણામતા એવાં પરસ્પર વિરોધી બે ધર્મો છે. અને તેના કારણે જ વસ્તુની સિદ્ધિ છે.

કોઈપણ વસ્તુ કે પદાર્થની સિદ્ધિ માટે બે બાબતો અનિવાર્ય છે. એક તો તેનું અસ્તિત્વ અને બીજું તેનું પ્રયોજન. અસ્તિત્વ એટલે કાયમ ટકવું અને પ્રયોજન એટલે કાયમ પરિણમવું. વસ્તુનાં અનેકાંતસ્વરુપનાં જ કારણે તેનામાં કાયમ ટકવું અને કાયમ પરિણમવું જેવાં પરસ્પર વિરોધી બે ધર્મો હોય છે.

વસ્તુનું કાયમ ટકવું ન માનવામાં આવે તો તેનાં અસ્તિત્વને જ આંચ આવશે. અને અસ્તિત્વ એટલે કે હયાતિ કે વિદ્યમાનતા વિના કોઈ વસ્તુનો વિચાર જ કરી શકાતો નથી. તે જ રીતે તેનું કાયમ પરિણમવું ન માનવામાં આવે તો તેની કોઈ ક્રિયા કે કામગીરી જ થશે નહિ. ક્રિયા કે કામગીરી વિના

તે કોઈ પ્રયોજન ધરાવી શકે નહિ. પ્રયોજન વિનાનો કોઈ પદાર્થ જોઈ શકાતો નથી. આ કારણે વસ્તુ કાયમ ટકીને કાયમ પરિણમતી હોય તો જ તે વસ્તુનું વસ્તુપણું એટલે કે વસ્તુની સાબિતિ કે સિદ્ધિ સંભવે છે. વસ્તુનાં અનેકાંતસ્વરુપના કારણે જ તેનામાં કાયમ ટકવું અને કાયમ પરિણમવું જેવા પરસ્પર વિરોધી બે ધર્મો છે તેથી વસ્તુની સિદ્ધિ માટે તેના અનેકાંતસ્વરુપની આવશ્યકતા હોય છે..

આ રીતે વસ્તુનાં અનેકાંતસ્વરુપથી જ તેની સિદ્ધિ છે અને એકાંતસ્વરુપથી નથી.

**પ્રશ્ન : શા માટે વસ્તુના એકાંતસ્વરૂપથી વસ્તુની સિદ્ધિ નથી ?**

**ઉત્તર** : વસ્તુનું અનેકાંતસ્વરુપ તેમાં નિત્ય-અનિત્ય જેવા પરસ્પર વિરોધી હોય તેવા બે ધર્મોને માને છે. નિત્ય-અનિત્ય જેવા પરસ્પર વિરોધી બો ધર્મો પૈકી એકને માને અને બીજાને ન માને તેને વસ્તુસ્વરુપની એકાંત માન્યતા કહે છે. જેમ વસ્તુ-સ્વરુપની અનેકાંત માન્યતાની કથન પદ્ધતિને સ્યાદ્વાદ કહેવાય છે તેમ વસ્તુસ્વરુપની એકાંત માન્યતાની કથન પદ્ધતિને સર્વથાવાદ કહેવાયાય છે. તેથી વસ્તુસ્વરુપની એકાંત માન્યતા ધરાવનાર વસ્તુનાં સ્વરુપ સંબંધી કોઈપણ કથન કરે તો તેના કથનમાં '*સર્વથા*' શબ્દ કહ્યો હોય કે ન હોય તોપણ લાગુ પડે છે.

વસ્તુની સિદ્ધિ માટે તેના અસ્તિત્વ અને પ્રયોજનની આવશ્યકતા છે. અસ્તિત્વ માટે કાયમ ટકવું અને પ્રયોજન માટે કાયમ પરિણમવું જરૂરી છે.

વસ્તુસ્વરુપની એકાંત માન્યતા ધરાવનાર કોઈ વસ્તુને કાયમ ટકવારૂપ નિત્ય માને છે, ત્યારે તેને કાયમ પરિણમવારૂપ અનિત્ય માનતો નથી, વસ્તુસ્વરુપની આ પ્રકારની એકાંત માન્યતા ધરાવનાર સાંખ્યમત છે. સાંખ્યમત આત્મવસ્તુને નિત્ય કહે છે. તેની માન્યતા અનુસાર તે સર્વથા નિત્ય હોય છે. એટલે કે કોઈ પણ અપેક્ષાએ અનિત્ય હોતો નથી. હવે અનિત્યતા વગર નિત્યતા જ સંભવતી નથી. વળી અનિત્યતા વગર કોઈ ક્રિયા, કામગીરી કે પ્રયોજન સંભવતું નથી. અને પ્રયોજન વગર પદાર્થની સિદ્ધિ નથી.

તે જ રીતે કોઈ વસ્તુને કાયમ પરિણમવારૂપ અનિત્ય માને છે અને કાયમ ટકવારૂપ નિત્ય માનતો નથી. વસ્તુસ્વરુપની આ પ્રકારની એકાંતત માન્યતા ધરાવનાર બૌદ્ધમત છે. બૌદ્ધમત અનુસારાર આત્મા અનિત્ય છે અને તે સર્વથા અનિત્ય છે. એટલે કે તે કોઈ પણ અપેક્ષાએ નિત્ય નથી. હવે નિત્યતા વગર અનિત્યતા જ સંભવતી નથી. નિત્યના આધાર વિના અનિત્યતા કોના આધારે રહેશે ? જેમ દૂધ, દહીં, છાશ, માખણ, ઘી જેવી અનિત્ય અવસ્થાઓ તેનાં આધારભૂત નિત્ય અવસ્થિત ગોરસ વિના સંભવતા નથી. તેમ પદાર્થની એક પછી એક થતી ક્રમિક વ્યતિરેકી અનિત્ય પર્યાયો તેનાં આધારભૂત નિત્ય અન્વયી દ્રવ્યસ્વભાવ વિના સંભવતી નથી. વળી આત્માના કાયમ ટકતા નિત્ય ધ્રુવ દ્રવ્યસ્વભાવ વિના જ તેની ક્ષણિક કે અનિત્ય અવસ્થાઓ માનવામાં આવે તો આ ક્ષણિક કે અનિત્ય અવસ્થાઓનું ફળ કોણ ભોગવશે ? પોતે તો અનિત્ય હોવાથી ભોગવી શકશે નહિ. પાપ પોતે કરે અને પોતે તો ક્ષણિક હોવાથી નરકમાં પોતે જશે નહિ અને નરકમાં જનારો કોઈ જુદો જ હશે. તે જ રીતે પુણ્ય પોતે કરે અને સ્વર્ગમાં કોઈ બીજો જ જાય. ધર્મ પોતે



કરે અને તેનાં ફળમાં મોક્ષને કોઈ અન્ય જ પામે વળી નિત્યતા વિના સત્ કે અસ્તિત્વપણું સંભવતું નથી. અને અસ્તિત્વ વગર પદાર્થની સિદ્ધિ નથી.

ઉપર મુજબ પદાર્થ કે વસ્તુની સિદ્ધિ માટે તેના અનેકાંત સ્વરુપની આવશ્યકતા છે હવે તે જ વસ્તુની પ્રાપ્તિ માટેના માર્ગ એકાંત હોય છે તેની ચર્ચા કરીશું.

## વસ્તુની પ્રાપ્તિ માટે તેનાં એકાંતમાર્ગની આવશ્યકતા

*અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવાં નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી.*

(શ્રીમદ રાજચંદ્ર : વર્ષ ૨૯મું : પત્રાંક ૭૦૨, પાનુ ૫૧૧)

વસ્તુનું બંધારણ, રચના કે સ્વરુપ અનેકાંત છે. અનેકાંતસ્વરુપી વસ્તુમાં વસ્તુપણાના નીપજાવનાર પરસ્પર વિરોધી બે ધર્મો હોય છે. આ પરસ્પર વિરોધી બે ધર્મો અન્વય અને વ્યતિરેક છે. આ બે ધર્મો પૈકી અન્વયી દ્રવ્યસ્વભાવનાં આશ્રયે જ વસ્તુની પ્રાપ્તિ હોય છે અને વ્યતિરેકી પર્યાય સ્વભાવનાં આશ્રયે નહિ. તેને વસ્તુની પ્રાપ્તિનો એકાંતમાર્ગ કહે છે.

વસ્તુનાં સ્વરુપને અનેકાંત માનવું તે *'સમ્યક્ અનેકાંત'* છે. અનેકાંતનું રહસ્ય જ એ છે કે અનેકાંતસ્વરુપી વસ્તુની પ્રાપ્તિનો માર્ગ એકાંત જ હોય છે. વસ્તુની પ્રાપ્તિના માર્ગને એકાંત માનવો તે જ *'સમ્યક્ એકાંત'* છે.

**પ્રશ્ન : વસ્તુની પ્રાપ્તિ એટલે શું ? અને તે કઈ રીતે થાય ?**

**ઉત્તર** : વસ્તુની પ્રાપ્તિ એટલે પોતાની વસ્તુનો અનુભવ છે. આપણે સૌ આત્મવસ્તુ છીએ. આપણા માટે પોતાના નિજ આત્માનો સ્વાનુભવ તે જ જ વસ્તુની પ્રાપ્તિ છે. પારમાર્થિક પંથમાં પ્રારંભથી પૂર્ણતા સુધી સ્વાનુભવની આવશ્યકતા હોય છે.

પોતાના આત્માનાં સ્વાનુભવ માટે તેનો આશ્રય, તેનું ધ્યાન એટલે કે તેમાં લીનતા, સ્થિરતા કે એકાગ્રતાની આવશ્યકતા હોય છે. તેને સ્વસમય કે સ્વચારિત્રની પ્રવૃત્તિ પણ કહેવાય છે. અને તે જ નિશ્ચયથી સમ્યક્ચારિત્ર હોય છે. આ સમ્યક્ચારિત્ર હંમેશા સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક જ હોય છે. તેથી પોતાના આત્માની પ્રાપ્તિ એટલે કે સ્વાત્માનુભવ માટે સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર એ ત્રણેયનીી આવશ્યકતા હોય છે.

**પ્રશ્ન : સ્વાત્માનુભવ માટે સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર એ ત્રણેયની આવશ્યકતા શા માટે હોય છે ? ?**

**ઉત્તર** : સ્વાત્માનુભવ એ સમ્યક્ ચારિત્ર છે. આ સમ્યક્ ચારિત્ર હંમેશા સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન પૂર્વક જ સંભવે છે. તેથી સ્વાત્માનુભવ માટે સૌ પ્રથમ સમ્યક્ જ્ઞાન, ત્યાર પછી સમ્યક્ શ્રદ્ધાન અને ત્યાર પછી સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક સમ્યક્ ચારિત્ર હોય છે.

સૌ પ્રથમ જે આત્માની પ્રાપ્તિ એટલે કે સ્વાનુભવ કરવાનો છે તેને જાણવો જરૂરી હોય છે. આ આત્મા શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન હોય છે. આ શુદ્ધાત્મા શરીરાદિ નોકર્મ, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ અને રાગાદિ ભાવકર્મથી ભિન્ન હોય છે. અનેક પ્રકારના ભેદભાવોથી પણ તે ભિન્ન હોય છે. સ્વ-પરના ભેદજ્ઞાન વડે પોતાના શુદ્ધાત્માને જુદો જાણવો તે સમ્યક્ જ્ઞાન છે.

શુદ્ધાત્માને જાણ્યા વિના શુદ્ધાત્માનું શ્રદ્ધાન થતું નથી. જાણ્યા વિનાનું શ્રદ્ધાન સસલાનાં શિંગડા જેવું જૂઠું હોય છે. શુદ્ધાત્માનાં સાચા જ્ઞાન પછી આ શુદ્ધાત્મા જ પોતાનાં આત્માનું અસલી સ્વરુપ છે, તેના આશ્રયથી આત્માની પ્રાપ્તિ થશે. તેવો વિશ્વાસ, પ્રતીતિ કે ભરોસો થવો તે સમ્યક્ શ્રદ્ધાન છે.

સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક જ સમ્યક્ ચારિત્ર સંભવે છે. સમ્યક્ ચારિત્ર એ આત્માનું યથાર્થ આચરણ છે. જેવું જ્ઞાન-શ્રદ્ધાન હોય તેવું જ આચરણ હોય છે. જેને પરપણે પોતાના આત્માનું મિથ્યા જ્ઞાન-શ્રદ્ધાન હોય તેને પરાચરણરૂપ મિથ્યા ચારિત્ર હોય છે અને જેને સ્વપણે પોતાના આત્માનું સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન હોય તેને સ્વરુપાચરણરૂપ સમ્યક્ ચારિત્ર હોય છે.

ઉપર મુજબ સ્વાત્માનુભૂતિ માટે સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર એ ત્રણેયની આવશ્યકતા હોય છે. આ સ્વાત્માનુભૂતિનો એટલે કે આત્મપ્રાપ્તિનો માર્ગ એકાંત હોય છે.

**પ્રશ્ન : આત્મપ્રાપ્તિનો એકાંતમાર્ગ એટલે શું ?**

**ઉત્તર** : આત્માનું સ્વરુપ અનેકાંત છે. અનેકાંતસ્વરુપના કારણે તે પરસ્પર વિરોધી અને સાપેક્ષ એવા બે ધર્મોથી રચાયેલો છે. આ બે ધર્મો મૂળભૂતપણે અન્વય અને વ્યતિરેક છે..

અન્વયપણે આત્મા એકરૂપ, અભેદરૂપ, અખંડરૂપ કાયમ ટકતાં ધ્રુવ દ્રવ્યસ્વભાવરૂપ છે. અને તે જ આત્મા તે જ સમયે વ્યતિરેકપણે અનેકરૂપ, ભેદરૂપ, ખંડ-ખંડરૂપ, કાયમ પલટતાં ક્ષણિક પર્યાયસ્વભાવરૂપ છે. આ રીતે આત્મા અન્વય-વ્યતિરેકાત્મક એટલે કે દ્રવ્ય-પર્યાયરૂપ છે.

આત્માની દૃષ્ટિ આ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક પ્રકારે હોય છે. તેથી આત્મપ્રાપ્તિનો માર્ગ પણ એક જ પ્રકારે હોય છે તેને આત્મપ્રાપ્તિનો એકાંતમાર્ગ કહે છે.

**પ્રશ્ન : દૃષ્ટિ એટલે શું ? તે શા માટે દ્રવ્ય કે પર્યાય બેમાંથી કોઈ એક જ પ્રકારે સંભવે છે ?**

**ઉત્તર** : દૃષ્ટિનો એક અર્થ નજર, જોવાની અપેક્ષા કે ઓળખાણની રીત છે. દૃષ્ટિનો આ અર્થ તેની મૂળ સંસ્કૃત ધાતુની વ્યુત્પત્તિ અનુસારનો છે. આઆ પ્રકારની દૃષ્ટિ એ આત્માના જ્ઞાનગુણનું કાર્ય છે.

દૃષ્ટિનો બીજો અર્થ શ્રદ્ધા, ભરોસો, રુચિ, વિશ્વાસ કે પ્રતીતિ છે. દૃષ્ટિનો આ અર્થ પ્રચલિત છે. આ પ્રકારની દૃષ્ટિ એ આત્માનાં શ્રદ્ધાન કે દર્શનગુણની અવસ્થા છે.

દૃષ્ટિનો ત્રીજો અર્થ લક્ષ કે ધ્યાન છે. દૃષ્ટિનો આ અર્થ લાક્ષણિક છે. આ પ્રકારની દૃષ્ટિ એ આત્માના ચારિત્રગુણની અવસ્થા છે.

ઉપર મુજબ દૃષ્ટિ એ આત્માના જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર એ ત્રણેય ગુણની અવસ્થા છે. આત્માની પ્રાપ્તિ એટલે કે સ્વાત્માનુભવ માટે જ્ઞાન-શ્રદ્ધાન, ચારિત્રની સમ્યક્ પ્રકારની અવસ્થા એટલે કે સમ્યક્ પ્રકારની દૃષ્ટિની આવશ્યકતા હોય છે. આત્માનું સ્વરુપ અનેકાંત છે. તેથી તે પરસ્પર વિરોધી અને સાપેક્ષ એવા બે ધર્મોથી રચાયેલો હોય છે. આ બે ધર્મો મૂળભૂતપણે અન્વય-વ્યતિરેકાત્મક કે દ્રવ્ય-પર્યાયરૂપ છે. અનેકાંતસ્વરુપી આત્માની પ્રાપ્તિનો માર્ગ એકાંત હોય છે. આત્માની પ્રાપ્તિ કરવા માટેટે જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્રરૂપ સમ્યક્ પ્રકારની દૃષ્ટિ આ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક રીતે જ સંભવે



છે. એટલે કે સમ્યક્ પ્રકારના જ્ઞાન માટે જ્ઞાનનું જ્ઞેય, સમ્યક્ શ્રદ્ધાન માટે શ્રદ્ધાનનું શ્રદ્ધેય અને સમ્યક્ ચારિત્ર માટે ધ્યાનનાં ધ્યેયરૂપ દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ પ્રકારે સંભવે છે. તે આ રીતે —

સમ્યક્ પ્રકારના જ્ઞાન માટે પોતાના આત્માને જોવાની અપેક્ષા કે ઓળખવાની રીત દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી એક જ પ્રકારે સંભવે છે. અહીં જ્ઞાનનું કાર્ય માત્ર જાણવાનું એટલે અવલોકન કે પ્રતિભાસ જેટલું જ નથી. પણ તે ઉપરાંત જેને જાણે તેનું મૂલ્યાંકન કરવાનું, તેની કિંમત આંકવાનું અને તેનું મહત્ત્વ સ્થાપવાનું પણ છે. આ ઉપરાંત જે જાણે તેમાં હેય-ઉપાદેય અને સ્વ-પરનો વિવેક કરવાનું પણ છે. જ્ઞાન દ્રવ્ય અને પર્યાય બન્નેને જાણી તેમાં સ્વ-પરનો વિવેક એટલે કે સ્વ-પરનું ભેદજ્ઞાન કરી સ્વને સ્વ તરીકે અને પરને પર તરીકે જાણે તેને જોવાની અપેક્ષા કે ઓળખવાની રીત માટેની દૃષ્ટિ એટલે કે જ્ઞાનની દૃષ્ટિ કહે છે. અહીંહીં જ્ઞાનની દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક જ પ્રકારે સંભવી શકે તે સમજી શકાય છે.

સમ્યક્ પ્રકારના શ્રદ્ધાન માટે પોતાના આત્માનો સ્વીકાર વિશ્વાસ, ભરોસો કે પ્રતીતિ પણ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી એક જ પ્રકારે સંભવે છે. જ્ઞાન પોતાના આત્માને દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી જે અપેક્ષાએ જોવે કે જે રીતે ઓળખે તેનો દર્શન ગુણ એટલે કે શ્રદ્ધાન ગુણ તે પ્રમાણે વિશ્વાસ, ભરોસો કે પ્રતીતિ કરી તેનો સ્વીકાર કરે તે શ્રદ્ધાન ગુણ કે દર્શન ગુણની દૃષ્ટિ છે. અહીં દર્શન કે શ્રદ્ધાનગુણની દૃષ્ટિ પણ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ પ્રકારે હોય છે.

સમ્યક્ પ્રકારના આચરણ કે ચારિત્ર માટે પોતાના આત્માનું લક્ષ, આશ્રય કે ધ્યાન એ પણ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એકનું જ સંભવે છે. જ્ઞાન-શ્રદ્ધાનની દૃષ્ટિ પોતાના આત્માને દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી જે પ્રકારે સ્થાપે તે પ્રમાણે ચારિત્ર ગુણ પણ તે દ્રવ્ય કે પર્યાય તે બે પૈકી કોઈ એકનું લક્ષ કરી તેનું ધ્યાન ધરે છે. તે ચારિત્ર ગુણની દૃષ્ટિ છે. અહીં ચારિત્ર ગુણની દૃષ્ટિ પણ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક જ પ્રકારે સંભવે છે.

ઉપર મુજબ જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્રની દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ પ્રકારે સંભવે છે. તેમાં દ્રવ્યદૃષ્ટિ એ સમ્યક્ છે અને પર્યાયદૃષ્ટિ મિથ્યા છે.

**પ્રશ્ન : શા માટે દ્રવ્યદૃષ્ટિ એ સમ્યક્ છે અને પર્યાય દૃષ્ટિ મિથ્યા છે ?**

**ઉત્તર : આત્મપ્રાપ્તિ કે સ્વાત્માનુભવ માટે જરૂરી આત્માના જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્રગુણની અમુક ખાસ પ્રકારની અવસ્થાને દૃષ્ટિ કહે છે.** જ્ઞાનગુણ વડે આત્માને દ્રવ્ય કે પર્યાયરૂપે ઓળખવાની રીતને જ્ઞાનની દૃષ્ટિ કહે છે. જ્ઞાનગુણની ઓળખાણ અનુસાર શ્રદ્ધાનગુણ તેનો વિશ્વાસ પૂર્વકનો સ્વીકાર કરે તે શ્રદ્ધાનની દૃષ્ટિ છે. જ્ઞાન-શ્રદ્ધાનની દૃષ્ટિ અનુસાર ચારિત્રગુણ વડે તેમાં લીનતા, સ્થિરતા કે એકાગ્રતારૂપ ધ્યાન તે ચારિત્રની દૃષ્ટિ છે. અહીં દૃષ્ટિ એ જ્ઞાનનું જ્ઞેય, શ્રદ્ધાનનું શ્રદ્ધેય અને ધ્યાનનું ધ્યેય છે. તે દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક પ્રકારે હોય છે. તેમાં દ્રવ્યદૃષ્ટિ એ સમ્યક્ છે અને પર્યાયદૃષ્ટિ એ મિથ્યા છે. તેની સમજૂતી નીચે મુજબ છે.

**દ્રવ્યદૃષ્ટિ :**

૧. દ્રવ્યદૃષ્ટિનાં વિષયભૂત દ્રવ્યસ્વભાવે પોતાનો આત્મા કાયમ ટકતા એકરૂપ ધ્રુવ સ્વભાવે છે. એકરુપ ધ્રુવ સ્વભાવે જ પોતાનાં આત્માની સાચી ઓળખ, ગણતરી, કિંમત કે મૂલ્યાંકન છે.

૨. દ્રવ્યદૃષ્ટિનાં વિષયભૂત દ્રવ્યસ્વભાવે જ પોતાની સાચી ઓળખ હોવાથી તે જ સાચું *'સ્વ'* છે. તેથી દ્રવ્યસ્વભાવની દ્રવ્યદૃષ્ટિ જ સ્વાશ્રય કે સ્વાધીનતાનું કારણ છે. આ સ્વાધીનતાથી જ મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે..

૩. દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત દ્રવ્યસ્વભાવે જ પોતે કાયમ ટકતા ધ્રુવ સ્વભાવે છે. તેમ જ તે પોતાનું સાચું *'સ્વ'* હોવાથી તે જ આધાર, અવલંબન કે ધ્યાનને યોગ્ય હોય છે. તેથી તેનાં આધારે, અવલંબને કે ધ્યાને જ આત્માની પ્રાપ્તિ એટલે કે સ્વાનુભવ હોય છે.

૪. દ્રવ્યદૃષ્ટિનાં વિષયભૂત દ્રવ્યસ્વભાવે પોતાનો આત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ, અણસંયુકત, નિયત, એકરૂપ સ્વભાવે છે. નિયત કે એકરૂપ સ્વભાવે જે હોય તે હંમેશાં શુદ્ધ અને પૂર્ણ હોય છે. જે શુદ્ધ અને પૂર્ણ હોય તે જ પરમાત્મસ્વભાવ કહેવાય છે. તેથી દ્રવ્યદૃષ્ટિથી પોતાનો આત્મા અત્યારે પણ પરમાત્મસ્વભાવે છે.

૫. દ્રવ્યદૃષ્ટિનાં વિષયભૂત દ્રવ્યસ્વભાવે પોતાનો આત્મા અનેક ગુણોથી ભરચક ભરેલા અભેદ પરમાત્મસ્વભાવે છે. તેથી તેનાં આશ્રયથી જ આત્માના આનંદાદિ અનેક ગુણોથી સભર પરમાત્મદશા પ્રગટે છે.

**ઉપરોકત કારણોસર દ્રવ્યદૃષ્ટિ જ સમ્યક્ છે.**

**પર્યાયદૃષ્ટિ :**

૧. પર્યાયદૃષ્ટિનાં વિષયભૂત પર્યાયસ્વભાવે પોતાનો આત્મા કાયમ પલટતાં અનેકરૂપ અધ્રુવ સ્વભાવે છે. અનેકરૂપ અધ્રુવ સ્વભાવે પોતાનાં આત્માની સાચી ઓળખ, ગણતરી, કિંમત કે મૂલ્યાંકન નથી.

૨. પર્યાયદૃષ્ટિનાં વિષયભૂત પર્યાયસ્વભાવે પોતાની સાચી ઓળખ ન હોવાથી તે પોતા માટે 'સ્વ' નથી. વર્તમાન પર્યાયસ્વભાવાવ પરાશ્રયે પ્રવર્તતો હોવાથી તે રીતે પણ તે 'પર' છે તેથી પર્યાયસ્વભાવની પર્યાયદૃષ્ટિ જ પરાશ્રય કે પરાધીનતાનું કારણ છે. આ પરાધીનતાથી સંસારનો માર્ગ અને સંસાર ચાલુ રહે છે.

૩. પર્યાયદૃષ્ટિનાં વિષયભૂત પર્યાયસ્વભાવે પોતે કાયમ પલટતાં ક્ષણિક સ્વભાવે છે. તેમ જ તે પોતાનું સાચું 'સ્વ' ન હોવાથી તે આધાર, અવલંબન કે ધ્યાનને યોગ્ય નથી. તેથી તેના આધારે, અવલંબને કે ધ્યાને આત્માની અપ્રાપ્તિ એટલે કે પરાનુભવ જ હોય છે.

૪. પર્યાયદૃષ્ટિનાં વિષયભૂત પર્યાયસ્વભાવે પોતાનો આત્મા અત્યારે બદ્ધસ્પષ્ટ, અન્ય-અન્ય, વિશેષ, સંયુકત, અનિયત, અનેકરૂપ સ્વભાવે છે. અનિયત કે અનેકરૂપ સ્વભાવે જે હોય તે અશુદ્ધ અને અપૂર્ણ હોય છે. જે અશુદ્ધ કે અપૂર્ણ હોય તે જ પામરદશા કહેવાય છે. તેથી પર્યાયદૃષ્ટિથી પોતાનો આત્મા અત્યારે પામરદશાપણે છે.

૫. પર્યાયદૃષ્ટિના વિષયભૂત પર્યાયસ્વભાવે પોતાનો આત્મા અનેક પ્રકારના ગુણો અને પર્યાયોના ભેદ સહિતનો પામરદશાપણે છે.



ભેદના આશ્રયે કે પામરદશાના આશ્રયે રાગાદિ દોષોથી સભર પામરદશા ચાલુ જ રહે છે.

**ઉપરોક્ત કારણોસર પર્યાયદૃષ્ટિ મિથ્યા જ છે.**

દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિની ઉપરોક્ત સમજૂતીના આધારે દ્રવ્યદૃષ્ટિ જ સમ્યક્ છે અને પર્યાયદૃષ્ટિ મિથ્યા જ છે, તે બાબત સમજી શકાય છે. આ બાબતને આધારે દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ વચ્ચેનો ભેદ સંક્ષેપમાં નીચેનાં કોઠા અનુસાર આપવામાં આવે છે.

| દ્રવ્યદૃષ્ટિ | પર્યાયદૃષ્ટિ |
|---|---|
| ૧. દ્રવ્યદૃષ્ટિપણે આત્માની સાચી ઓળખ કે મૂલ્યાંકન છે. | ૧. પર્યાયદૃષ્ટિપણે આત્માની સાચી ઓળખ કે મૂલ્યાંકન નથી. |
| ૨. દ્રવ્યદૃષ્ટિથી સ્વાધીનતા અને તેથી થતો મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. | ૨. પર્યાયદૃષ્ટિથી પરાધીનતા અને તેથી થતો બંધમાર્ગ અને બંધ ચાલુ રહે છે. |
| ૩. દ્રવ્યદૃષ્ટિનો વિષય જ પોતાનું સાચું 'સ્વ' છે. તેથી તેનાં આશ્રયે સ્વાનુભવ હોય છે. | ૩. પર્યાયદૃષ્ટિનો વિષય પોતા માટે 'પર' છે. તેથી તેનાાા આશ્રયે પરાનુભવ હોય છે. |
| ૪. દ્રવ્યદૃષ્ટિથી પોતાનો આત્મા અત્યારે પણ પરમાત્મસ્વભાવે છે. | ૪. પર્યાયદૃષ્ટિથી પોતાનો આત્મા અત્યારે પામર-દશાપણે છે. |
| ૫. દ્રવ્યદૃષ્ટિ અનેક ગુણોથી સભર પરમાત્મદશા પ્રગટાવવાનું કારણ છે. | ૫. પર્યાયદૃષ્ટિ અનેક દોષોથી સભર પામરદશા ચાલુ રહેવાનું કારણ છે. |
| ૬. ઉપરોક્ત દરેક કારણોસર દ્રવ્યદૃષ્ટિ એ સમ્યક્ છે. | ૬. ઉપરોક્ત દરેક કારણસર પર્યાયદૃષ્ટિ એ મિથ્યા છે. |

ઉપર મુજબ દ્રવ્યદૃષ્ટિ એ સમ્યક્ છે તેમ નક્કી થાય છે. તેથી જો દૃષ્ટિ સમ્યક્ હશે તો બધું સમ્યક્ ભાસશે અને દૃષ્ટિ મિથ્યા હશે તો બધું મિથ્યા ભાસશે. એટલે કે બધું જ દૃષ્ટિ ઉપર નિર્ભર હોય છે.

**પ્રશ્ન : બધું જ દૃષ્ટિ ઉપર નિર્ભર હોય છે. તે કઈ રીતે ?**

**ઉત્તર** : *'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'* એ એક સનાતન સત્ય સિદ્ધાંત છે. આપણી દૃષ્ટિ અનુસાર સૃષ્ટિ એટલે કે વિશ્વ અને તેની વસ્તુઓ જણાય છે. વસ્તુઓ તો જે હોય તે જ હોય છે. વસ્તુઓમાં કોઈ દોષ હોતો નથી. પણ જે કોઈ દોષ હોય છે તે દૃષ્ટિનો જ હોય છે. મિથ્યા એવી પર્યાયદૃષ્ટિથી વસ્તુ સદોષ જણાય છે અને તે જ વસ્તુ તે જ સમયે સમયક્ એવી દ્રવ્યદૃષ્ટિથી નિર્દોષ જણાય છે. દૃષ્ટિ બદલવાથી જે વસ્તુમાં દોષ દેખાતો હતો ત્યાં જ હવે ગુણ દેખાય છે. વળી કોઈ વસ્તુ પોતાથી બદલતી નથી કે તેને બદલાવી શકાતી પણ નથી. પરંતુ પોતાની દૃષ્ટિ બદલી શકે છે અને તેને બદલાવી પણ શકાય છે.

કોઈ આત્માના બંધ-મોક્ષ નથી. પણ તે આત્માને જોવાની દૃષ્ટિમાં બંધ-મોક્ષ છે. તે આત્માને પર્યાયદૃષ્ટિથી જોતાં તેનામાં બંધ દેખાય છે અને તેને દ્રવ્યદૃષ્ટિથી જોતાં તેનામાં મોક્ષ દેખાય છે. પર્યાયદૃષ્ટિએ જે આત્મા પામર છે, તે જ આત્મા તે જ સમયે દ્રવ્યદૃષ્ટિએ પરમાત્મા છે. આ બાબતને વધુ સમજવા બાદશાહ-બીરબલનું પ્રસિદ્ધ ઉદાહરણ જોઈએ.

બાદશાહ અને બીરબલ છૂપા વેશે નગરચર્યા માટે નીકળ્યા. એક ગટર ઉભરાતી જોઈને બાદશાહે બીરબલને પૂછ્યું, 'આ શું છે?' બીરબલે જવાબ આપ્યો, 'સાહેબ પાણી છે.' બાદશાહે કહ્યું, 'અરે! આ તો ગંદકી છે. આને પાણી કહેવાતું હશે?' બીરબલે આ વાત મનમાં રાખી અને થોડા સમય પછી બાદશાહને પોતાને ત્યાં ભોજન માટે

નિમંત્ર્યા. ભોજન પછી પાણી પીરસવામાં આવ્યું. પાણી પીને બાદશાહ આફરીન પોકારી ઉઠ્યા. 'અરે? રાજમહેલના કૂવામાં પણ આવું પાણી નથી. આ તું ક્યાંથી લાવ્યો?' બીરબલે જવાબ આપ્યો, 'સાહેબ, આપણે નગરચર્યા માટે નીકળેલા ત્યારે જે ગટર ઉભરાતી હતી તે જ આ પાણી છે. તેનું ગાળણ અને બીજી પ્રક્રિયા વડે શુદ્ધિકરણ કરી તેમાં સુગંધી દ્રવ્યો ઉમેરી તમને પીરસવામાં આવ્યું છે.'

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે પર્યાયદૃષ્ટિના કારણે બાદશાહને જે પાણી મલિન જણાયું હતું તે જ પાણી તે જ સમયે દ્રવ્યદૃષ્ટિના કારણે બીરબલને નિર્મળ જણાયું હતું. એ જ રીતે એક જ આત્મા પર્યાયદૃષ્ટિથી પામર ભાસે છે, તે જ આત્મા તે જ સમયે દ્રવ્યદૃષ્ટિથી પરમાત્મા ભાસે છે. તેથી બધું દૃષ્ટિ ઉપર નિર્ભર હોય છે તે સમજી શકાય છે.

જે પોતાને પર્યાયદૃષ્ટિથી પામર માને છે તેની પર્યાયનું પામરપણું કાયમ ચાલુ જ રહે છે. અને પોતાને દ્રવ્યદૃષ્ટિથી પરમાત્મા માને છે તેની પર્યાયની પામરદશા ટળી પરમાત્મદશા પ્રગટે છે. તેથી દૃષ્ટિ પલટતાં દશા પણ પલટાઈ જાય છે.

**પ્રશ્ન : દૃષ્ટિ પલટતાં દશા પણ પલટાઈ જાય છે. તે કઈ રીતે ?**

**ઉત્તર** : તું તને જો ; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તું પોતે જ પરમાત્મા છો, પોતાને પરમાત્માપણે માનતાં પામરપણું ઊભું નહિ રહે.

પર્યાયદૃષ્ટિથી પોતે પામર હોવા છતાં દ્રવ્યદૃષ્ટિથી પોતે પરમાત્મા જ છે. તેમાં પર્યાયદૃષ્ટિ મિથ્યા છે અને દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ છે. પર્યાયદૃષ્ટિથી પોતે પામર છે. પામરપણું પોતાનો વિભાવ હોવાથી તે 'પર' છે. તેથી પર્યાયદૃષ્ટિથી પરાશ્રય હોય છે. અને તેથી પરાશ્રયના કારણે થતી પામરદશા ચાલુ જ રહે છે. દ્રવ્યદૃષ્ટિથી પોતે પરમાત્મા છે. પરમાત્મપણું પોતાનો સ્વભાવ હોવાથી તે 'સ્વ' છે. તેથી દ્રવ્યદૃષ્ટિથી સ્વાશ્રય હોય છે, અને તેથી સ્વાશ્રયના કારણે થતી પરમાત્મદશા પ્રગટે છે. આ રીતે દૃષ્ટિ પલટતાં દશા પણ પલટાઈ જાય છે.

કોઈ ખનિજ પર્યાયદૃષ્ટિથી જોતા પથ્થરપણે જણાય છે. પરંતુ ત્યારબાદ ભૂસ્તરશાસ્ત્રનો અભ્યાસ થતાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. અને દ્રવ્યદૃષ્ટિથી તે જ ખનિજ સોનાપણે ભાસે છે. તેનો સોનાપણે સ્વીકાર થતાં તેની શુદ્ધિકરણની પ્રક્રિયા દ્વારા તે પથ્થર અવસ્થા પલટીને સોનાની લગડી સ્વરુપે પ્રગટ થાય છે. તેમ પોતાનો આત્મા પર્યાયદૃષ્ટિથી જોતા પામરપણે જણાય છે. પરંતુ ત્યારબાદ સમયસાર શાસ્ત્રનો અભ્યાસ થતાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. અને દ્રવ્યદૃષ્ટિથી તે જ પોતાનો આત્મા પરમાત્માપણે ભાસે છે. તેનો પરમાત્માપણે સ્વીકાર થતાં તેની મોક્ષમાર્ગની પ્રક્રિયા દ્વારા તે પામરદશા પલટીને પરમાત્મદશાપણે પ્રગટ થાય છે. આ રીતે પર્યાયદૃષ્ટિ પલટી દ્રવ્યદૃષ્ટિ થતાં પામરદશા ટળી પરમાત્મદશા પ્રગટે છે. એટલે કે દૃષ્ટિ પલટાતાં દશા પણ પલટાઈ જાય છે.

**પ્રશ્ન : દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ છે. પણ તેના આધારે વસ્તુની પ્રાપ્તિનો માર્ગ એકાંત છે તેમ કેમ નક્કી થાય ?**

**ઉત્તર** : આત્મવસ્તુની પ્રાપ્તિ એટલે કે સ્વાનુભવ માટે સમ્યક્ પ્રકારે જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્રરૂપ દૃષ્ટિનીી આવશ્યકતા હોય છે. વસ્તુનું સ્વરુપ અનેકાંત



હોવાથી તેની આ દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક જ રીતે હોય છે. તેમાં દ્રવ્યદૃષ્ટિ જ સમ્યક્ છે, અને પર્યાયદૃષ્ટિ મિથ્યા જ છે. દ્રવ્યદૃષ્ટિ જ સમ્યક્ હોવાથી આત્મવસ્તુની પ્રાપ્તિનો એક જ માર્ગ દ્રવ્યદૃષ્ટિ છે. દ્રવ્યદૃષ્ટિ જ વસ્તુની પ્રાપ્તિનો એકમાત્ર માર્ગ હોવાથી વસ્તુની પ્રાપ્તિનો માર્ગ એકાંત છે તેમ નક્કી થાય છે.

## વસ્તુના અનેકાંતસ્વરૂપ અને એકાંતમાર્ગનાં આધારે હું પરમાત્મા છું કઇ રીતે ?

(આર્યા)

एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण ।
अन्तेन जयति जैनी नीतिः मन्थाननेत्रमिव गोपी ॥

**ભાવાર્થ : વલોણું એકબીજાથી વિરુદ્ધ બે છેડાવાળું હોય છે તેમાં ગોવાલણ વલોણાંનો એક છેડો ખેંચીને બીજો છોડી દે છે. અને ત્યારપછી બીજો ખેંચીને પહેલો છોડી દે છે. તેમ કરીને તે છાશમાંથી માખણ છૂટું પાડે છે.**

**તેમ જિનેન્દ્ર ભગવાનની વસ્તુતત્ત્વ સંબંધી જૈનનીતિ પણ અનેકાંત અને એકાંત એવાં એકબીજાથી વિરુદ્ધ બે પડખાવાળી છે. તેમાં મુમુક્ષુ વસ્તુનાં સ્વરુપ માટે અનેકાંતનો અપનાવીને એકાંત પડખાને છોડી દયે છે. અને ત્યારપછી તે જ વસ્તુની પ્રાપ્તિ માટે એકાંતને અપનાવીને અનેકાંત પડખાને છોડી દયે છે. તેમ કરીને તે પામરદશામાંથી પરમાત્મસ્વભાવને જુદો તારવે છે.** (પુરુષાર્થસિદ્ધિઉપાય : ગાથા ૨૨૫)

વસ્તુનું સ્વરુપ અનેકાંત હોય છે અને તેની પ્રાપ્તિનો માર્ગ એકાંત હોય છે. અનેકાંતસ્વરુપ અનો એકાંતમાર્ગના આધારે પામરદશામાં પણ પરમાત્મસ્વભાવને ઓળખી શકાય છે.

અનેકાંતસ્વરુપનાં કારણે વસ્તુમાં વસ્તુપણાંનાં નીપજાવનારા પરસ્પર વિરોધી અને સાપેક્ષ એવા બે ધર્મો મૂળભૂતપણે અન્વય અને વ્યતિરેક હોય છે. અન્વયપણે આત્મા અખંડ, અભેદ, એકરૂપ, કાયમ ટકતાં, ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવે છે. અને વ્યતિરેકપણે તે ખંડખંડરૂપ, ભેદરૂપ, અનેકરૂપ, કાયમ પરિણમતાં, ક્ષણિક અધ્રુવ પર્યાયસ્વભાવે છે. આ રીતે આત્મા દ્રવ્ય-પર્યાયરૂપ છે. દ્રવ્યપણે પોતાનો આત્મા કાયમ પરમાત્મસ્વભાવપણે છે. અને તે જ આત્મા પર્યાયપણે વર્તમાનમાં પામરદશાપણે છે. આ આત્માની પ્રાપ્તિનો માર્ગ એકાંત છે. તેથી તેનો સ્વીકાર આ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ પ્રકારે સંભવે છે. પોતાનાં આત્માની પ્રાપ્તિ માટે તેનો સ્વીકાર તેનાં પરમાત્મસ્વભાવપણે જ કરવાનો છે અને પામરદશાપણે બિલકુલ નહિ.

**પ્રશ્ન : શું પામરદશા પોતાની નથી ? જો પોતાની છે તો તેનો સ્વીકાર કેમ નહિ ?**

**ઉત્તર** : પામરદશા પોતાથી ભિન્ન નથી, પોતાની જ છે, પોતે જ પામરદશાપણે છે. તોપણ પોતાનો આત્મા અનેકાંતસ્વરુપે છે. અનેકાંત-સ્વરુપનાં કારણે તે દ્રવ્ય-પર્યાયાત્મક પરસ્પર વિરોધી બે અંશો ધરાવનારો છે. આ બન્ને અંશો સાપેક્ષ છે. તેથી દ્રવ્ય અપેક્ષાએ પોતાનો આત્મા પરમાત્મસ્વભાવે છે. અને તે જ આત્મા તે જ સમયે પર્યાય અપેક્ષાએ પામરદશાપણે છે. બીજી રીતે કહીએ તો દ્રવ્યદૃષ્ટિથી પોતે પરમાત્મા છે અને પર્યાયદૃષ્ટિથી તે જ વખતે પામર પણ છે. વસ્તુની પ્રાપ્તિ માટે દ્રવ્યદૃષ્ટિ જ સમ્યક્ છે અને પર્યાયદૃષ્ટિ મિથ્યા છે. આત્માનાં અનેકાંતસ્વરુપનું રહસ્ય પણ

એવું છે કે તેની પ્રાપ્તિનો માર્ગ એકાંત એટલે કે દ્રવ્યદૃષ્ટિથી જ હોય છે. દ્રવ્યદૃષ્ટિથી પોતાનાં પરમાત્મપણાનો સ્વીકાર કરવાથી જ પર્યાયમાં પરમાત્મદશા પ્રગટે છે. પર્યાયદૃષ્ટિથી પોતાને પામર માનવાથી પોતાની પામરદશા ચાલુ જ રહે છે. તેથી પોતાને પરમાત્મપણે સ્વીકારવામાં જ પોતાની ભલાઈ છે.

**પ્રશ્ન : ચાલો, અમે પોતાને પરમાત્મા જ માનીએ છીએ. પરમાત્મા હોવાથી પોતે '*કૃતકૃત્ય* છે, તેથી પોતાને પુરુષાર્થની કોઈ આવશ્યકતા નથી ?**

**ઉત્તર** : અહીં દૃષ્ટિ અપેક્ષાએ પોતાને પરમાત્મા માનવાની વાત છે. દૃષ્ટિ એ જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્રપણે હોય છે. તેમાં સૌ પ્રથમ જ્ઞાનની દૃષ્ટિથી પોતાને જોવાની અપેક્ષા કે ઓળખવાની રીતે પોતાને પરમાત્મા માનવાનો છે.

અનેકાંતસ્વરુપી આત્માની દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ પ્રકારે થઈ શકે છે. તેમાં દ્રવ્યદૃષ્ટિ જ સમ્યક્ હોવાથી દ્રવ્યદૃષ્ટિપણે પોતાને પરમાત્મા માનવાનો છે. દ્રવ્યદૃષ્ટિથી પોતે પરમાત્મા છે, એટલે કે પોતાના દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ પોતે પરમાત્મા છે. અહીં શક્તિ કે સામર્થ્યની અપેક્ષાએ પોતે પરમાત્મા છે પણ પ્રગટ પર્યાયની અપેક્ષાએ નહિ.

**'હું પરમાત્મા છું'** એ પોતાનાં ત્રિકાળ ધ્રુવ સામાન્ય સ્વભાવની અપેક્ષાએ છે. પણ વર્તમાન પલટતી પર્યાયની અપેક્ષાએ તો પોતે પામર જ છે, તેનો વિવેક ચૂકવાનો નથી. જ્ઞાનની દૃષ્ટિથી પોતાને પરમાત્માપણે સ્વીકારતો હોવા છતાં તે જ જ્ઞાનનાં વિવેકમાં પામરદશાનો પણ સ્વીકાર હોય છે. અને તે જ વિવેક અનુસાર પામરદશા ટાળી પોતાનાં સ્વભાવ જેવી પરમાત્મદશા પ્રગટ કરવાનો પુરુષાર્થ પણ કરવાનો છે. સ્વચ્છંદી બની આળસુ કે પ્રમાદી થવાનું નથી.

જ્ઞાનની દૃષ્ટિ અનુસાર પોતાને પરમાત્મા માનતા હોવા છતાં ગણધર જેવા મહાપુરુષો પણ તે જ જ્ઞાનનાં વિવેકમાં પોતાને પામર પણ જાણે છે અને પામરદશા ટાળી પરમાત્મદશા પ્રગટાવવાનો પ્રબળ પુરુષાર્થ પણ કરે છે.

જ્ઞાનની દૃષ્ટિ અનુસાર પામર કે પરમાત્મા પૈકી પોતાને જોવાની કે ઓળખાણની અપેક્ષાએ પોતે પરમાત્મા છે અને તે જ જ્ઞાનનાં વિવેક અનુસાર પામર કે પરમાત્મા પૈકી પોતે પામર છે. અહીં પામરદશાનો વિવેક છતાં દૃષ્ટિમાં તો *'હું પરમાત્મા છું'* તેમ આવવું જોઈએ.

**પ્રશ્ન : અમને તો અમારી પામરદશા જ જણાય છે અને પરમાત્મસ્વભાવ જણાતો જ નથી. તો પછી અમારી દૃષ્ટિમાં *'હું પરમાત્મા છું'* કઈ રીતે આવે ?**

**ઉત્તર** : વાત એકદમ વ્યાજબી છે. પોતાનો પરમાત્મસ્વભાવ અતીન્દ્રિય મહાપદાર્થ છે. તેથી તે ઈન્દ્રિયગમ્ય નથી. વર્તમાન મતિ-શ્રુતજ્ઞાનની છદ્મસ્થદશામાં તે પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય પણ નથી. તેથી તે દેખાતો જ નથી. તેનો કોઈ પરિચય કે અનુભવ નથી. આ રીતે અનાદિકાળથી પોતાનો પરમાત્મસ્વભાવ પોતાથી અજાણ્યો છે અને તેનાથી વિપરીત પલટતી પર્યાયની પામરદશા જાણીતી છે. તેનો પરિચય અને અનુભવ છે. તેથી પોતે જેને જાણે છે, તેને માને છે, સ્વીકારે છે, તે પણે પોતાને જોવે છે અને ઓળખે છે. તેથી પોતાની જ્ઞાનની દૃષ્ટિમાં *'હું પરમાત્મા છું'* એવી દૃષ્ટિ પ્રગટતી



નથી. તે જ રીતે પરમાત્મસ્વભાવને ઓળખ્યા વિના પામરદશાનો પણ પામરપણે વિવેક થતો નથી. સાચા વિવેક અને દૃષ્ટિ માટે પામરદશા ઉપરાંત પરમાત્મસ્વભાવને પણ જાણવો જરૂરી હોય છે.

પોતાનો પરમાત્મસ્વભાવ પોતાના પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય ન હોવા છતાં તે પરોક્ષજ્ઞાનનો વિષય તો છે જ. પ્રત્યક્ષજ્ઞાનની જેમ પરોક્ષજ્ઞાન પણ પ્રમાણ હોય છે. આવા પ્રમાણજ્ઞાન અનુસાર પોતાના ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવને જાણી, પલટતી પર્યાયદશાનો ક્ષણિક પામરદશાપણે વિવેક કરી, પ્રયોજનભૂત દ્રવ્યદૃષ્ટિના વિષયપણે '*હું પરમાત્મા છું*' એવી જ્ઞાનની દૃષ્ટિ થઈ શકે છે.

**પ્રશ્ન : પ્રમાણજ્ઞાન અને તેની આવશ્યકતા સમજાવો ?**

**ઉત્તર : આત્મવસ્તુનાં સર્વાંગીણ, સંપૂર્ણ અને સત્ય જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે.**

અનેકાંતસ્વરુપી આત્મા કાયમ ટકતાં ધ્રુવ દ્રવ્યસ્વભાવ અને નિરંતર પરિણમતાં ક્ષણિક પર્યાયસ્વભાવ એવા પરસ્પર વિરોધી બે ધર્મો કે અંશોથી રચાયેલો છે. આ બન્ને અંશોનું સર્વાંગીણ, સંપૂર્ણ અને સત્ય જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન નિભ્રાંત અને નિઃશંક હોય છે.

અનેકાંતસ્વરુપી આત્માના દ્રવ્ય-પર્યાયરૂપ બે અંશો સાપેક્ષ હોય છે. એટલે કે એક અપેક્ષા કે દૃષ્ટિએ આત્મા દ્રવ્યરૂપ છે અને બીજી અપેક્ષા કે દૃષ્ટિએ તે જ આત્મા તે જ સમયે પર્યાયરૂપ છે. તેથી આત્માની દૃષ્ટિ આ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક રીતે જ સંભવે છે. વળી આત્મા પણ એક જ વસ્તુ છે તેથી તેની દૃષ્ટિ પણ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક જ રીતે હોઈ શકે છે. દ્રવ્યદૃષ્ટિએ પોતાનો આત્મા પરમાત્મા છે અને તે જ આત્મા તે જ સમયે પર્યાયદૃષ્ટિએ પામર પણ છે.

અહીં દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ અને પર્યાયદૃષ્ટિ મિથ્યા હોય છે.

**'હું પરમાત્મા છું'** એ દ્રવ્યદૃષ્ટિ છે એટલે કે દ્રવ્યદૃષ્ટિથી પોતે પરમાત્મા છે. સમ્યક્ એવી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવા માટે પ્રમાણજ્ઞાનની આવશ્યકતા હોય છે. દ્રવ્ય-પર્યાયરૂપ સમગ્ર વસ્તુનાં સત્ય જ્ઞાન એટલે કે પ્રમાણજ્ઞાન વિના સાચી દૃષ્ટિ એટલે કે દ્રવ્યદૃષ્ટિ પ્રગટતી નથી. તે જ રીતે પ્રમાણજ્ઞાન વિના દ્રવ્ય-પર્યાયનો સાચો વિવેક પણ થતો નથી. વિવેક વિના પર્યાયની તુચ્છતા અને દ્રવ્યની મહાનતા ભાસતી નથી. તેમ જ દ્રવ્યનું ઉપાદેયપણું અને પર્યાયનું હેયપણું સમજાતું નથી અને તેથી પણ દ્રવ્યદૃષ્ટિ પ્રગટતી નથી. આ રીતે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવા માટે પ્રમાણજ્ઞાનની આવશ્યકતા છે.

**પ્રશ્ન : પ્રમાણજ્ઞાન માટે શું કરવું ?**

**ઉત્તર** : દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુસ્વરુપનાં સાચા જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે. પ્રમાણજ્ઞાન માટે અનેકાંતસ્વરુપી આત્માનાં પરસ્પર વિરોધી અને સાપેક્ષ એવા કાયમ ટકતા દ્રવ્યસ્વભાવ અને નિરંતર પરિણમતા પર્યાયસ્વભાવ એ બન્ને પડખાંને જાણવાં જરૂરી છે. દ્રવ્યસ્વભાવપણે પોતે પરમાત્મા છે અને પર્યાયસ્વભાવપણે પામર છે. પલટતી પર્યાયરૂપ પામરદશા પ્રત્યક્ષ અને પ્રગટ છે. તેનો પરિચય અને અનુભવ છે. તેથી પલટતી પર્યાયરૂપ પામરદશાનું પડખું જાણીતું છે. કાયમ ટકતાં દ્રવ્યરૂપ પરમાત્મસ્વભાવ અપ્રત્યક્ષ અને અપ્રગટ છે. તેનો પરિચય અને અનુભવ નથી. તેથી કાયમ ટકતાં દ્રવ્યરૂપ પરમાત્મસ્વભાવનું

પડખું જાણીતું નથી. પ્રમાણજ્ઞાન માટે આ પરમાત્મસ્વભાવને પણ જાણવો જરૂરી છે આ પરમાત્મસ્વભાવ પ્રત્યક્ષજ્ઞાનનો વિષય નથી, તોપણ તે પરોક્ષજ્ઞાનનો વિષય છે. પ્રત્યક્ષજ્ઞાનની જેમ પરોક્ષજ્ઞાન પણ પ્રમાણ બની શકે છે. દ્રવ્ય-પર્યાયરૂપ આત્માની પરોક્ષજ્ઞાન વડે ઓળખાણ તે પરોક્ષપ્રમાણ છે. પ્રત્યક્ષપ્રમાણની જેમ પરોક્ષપ્રમાણ પણ સાચું જ્ઞાન છે. પરોક્ષપ્રમાણ માટે પરંપરાથી ચાલ્યો આવતો ગુરુનો ધર્મોપદેશ, સત્શાસ્ત્રોનું અધ્યયન, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, અનુમાન, યુક્તિ જેવા સાધનો ઉપયોગી છે.

આ ઉપરાંત પોતાની પામરદશા વડે જ પોતાના પરમાત્મસ્વભાવનો નિર્ણય કરી શકાય છે. જો એકવાર પણ પોતાના દ્રવ્યસ્વભાવપણે પરમાત્મસ્વભાવનો નિર્ણય થશે તો દ્રવ્ય-પર્યાયરૂપ સમગ્ર આત્માનું સાચું જ્ઞાન એટલે કે પ્રમાણજ્ઞાન થશે. પ્રમાણજ્ઞાન થતાં જ દ્રવ્યદૃષ્ટિ પ્રગટશે. અને તેથી *'હું પરમાત્મા છું'* કઈ રીતે? તે સમજી શકાશે. તેથી પ્રમાણજ્ઞાન, દ્રવ્યદૃષ્ટિ કે *'હું પરમાત્મા છું'* કઈ રીતે ? તે સમજવા માટે પોતાની પામરદશાના આધારે જ પોતાના પરમાત્મસ્વભાવને ઓળખવાનો ઉપાય કરવો.

## પામરદશાનાં આધારે પરમાત્મસ્વભાવને ઓળખવાનો ઉપાય

**'હું પરમાત્મા છું'** કઈ રીતે ? તે સમજવા માટે પોતાના પરમાત્મસ્વભાવને ઓળખવો જરૂરી છે. પોતાની પામરદશા વડે પોતાના પરમાત્મ-સ્વભાવને ઓળખી શકાય છે.

પોતાની વર્તમાન પામરદશા પ્રગટ છે, પ્રત્યક્ષ છે, પરિચિત છે અને અનુભવમાં પણ છે. આ પામરદશામાં છૂપાયેલો પરમાત્મસ્વભાવ અપ્રગટ છે, અપ્રત્યક્ષ છે, અપરિચિત છે અને અનુભવમાં પણ નથી. તેથી પામરદશા જાણીતી છે અને પરમાત્મસ્વભાવ અજાણ્યો છે. જાણીતી પામરદશાનાં આધારે અજાણ્યો પરમાત્મસ્વભાવ ઓળખવાનો ઉપાય નીચે મુજબ છે.

**૧. વિરોધીનું અસ્તિત્વ**

**૨. અનેકમાં એકત્વ**

**૩. જવાબો વડે નિર્ણય**

**૪. આત્માની એક જ જાતિ**

### દૃષ્ટિ એટલે શું?

- દૃષ્ટિનો એક અર્થ નજર, જોવાની અપેક્ષા કે ઓળખાણની રીત છે. દૃષ્ટિનો આ અર્થ તેની મૂળ સંસ્કૃત ધાતુની વ્યુત્પત્તિ અનુસારનો છે. આ પ્રકારની દૃષ્ટિ એ આત્માના જ્ઞાનગુણનું કાર્ય છે.
- દૃષ્ટિનો બીજો અર્થ શ્રદ્ધા, ભરોસો, રુચિ, વિશ્વાસ કે પ્રતીતિ છે. દૃષ્ટિનો આ અર્થ પ્રચલિત છે. આ પ્રકારની દૃષ્ટિ એ આત્માનાં શ્રદ્ધાન કે દર્શનગુણની અવસ્થા છે.
- દૃષ્ટિનો ત્રીજો અર્થ લક્ષ કે ધ્યાન છે. દૃષ્ટિનો આ અર્થ લાક્ષણિક છે. આ પ્રકારની દૃષ્ટિ એ આત્માના ચારિત્રગુણની અવસ્થા છે.

ઉપર મુજબ દૃષ્ટિ એ આત્માના જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર એ ત્રણેય ગુણની અવસ્થા છે.

(પ્રકરણ-૨ : 'હું પરમાત્મા છું' કઈ રીતે ? વસ્તુની પ્રાપ્તિ માટે તેના એકાંત માર્ગની આવશ્યકતામાંથી)

## ૧. વિરોધીનું અસ્તિત્વ

**પોતાથી વિરોધીની હાજરી હોવી તેને વિરોધીનું અસ્તિત્વ કહે છે. વિરોધીનું અસ્તિત્વ હોવું એ એક સનાતન પ્રાકૃતિક સિદ્ધાંત છે.**

જગતમાં કોઈ પણ બાબત તેનાં વિરોધી વિનાની હોતી નથી. શબ્દકોશમાં કોઈ પણ શબ્દનો વિરોધી શબ્દ જોવા મળે છે. જગતમાં અંધારૂં છે તો અજવાળું પણ છે, શત્રુ છે તો મિત્ર પણ છે, દુઃખ છે તો સુખ પણ છે. સંસાર છે તો મોક્ષ પણ છે. મોક્ષ દેખાતો નથી અને વર્તમાનમાં અહીંયા મોક્ષક્ષ છે પણ નહિ. તોપણ મોક્ષ વિના સંસારને સંસાર કેમ કહેવાશે ? મોક્ષ વિના સંસારનું સ્વરુપ પણ કેમ સમજાશે? તેથી વિરોધીપક્ષ હોવો એ એક રાજકીય રીત છે તેમ જગતની બધી બાબતો વિરોધીની હાજરી ધરાવે તે એક સનાતન સિદ્ધાંત છે. તેથી પોતાની પામરદશા છે તો તેથી વિરોધી પરમાત્મસ્વભાવ પણ છે.

વળી વસ્તુનું સ્વરુપ જ પરસ્પર વિરોધી ધર્મોથી રચાયેલું છે. તેથી પ્રગટ પામરદશા છે તો તેની સામે તેનો વિરોધી અપ્રગટ પરમાત્મસ્વભાવ પણ હોવો જ જોઈએ.



આ રીતે વિરોધીનાં અસ્તિત્વના સિદ્ધાંતના આધારે પોતાની પામર-દશામાં પણ પરમાત્મ-સ્વભાવનો નિર્ણય થઈ શકે છે.

## ૨. અનેકમાં એકત્વ

**અનેક પ્રકારની અવસ્થાઓ તેના આધારભૂત એકત્વ વિના હોતી નથી તેને અનેકમાં એકત્વ કહે છે.**

પામરદશામાં પોતાનો આત્મા અનેક પ્રકારની ચિત્રવિચિત્ર અવસ્થાઓપણે હોય છે. આ અનેકરૂપતા વડે જ પોતાનાં એકરૂપ સ્વભાવને ઓળખી શકાય છે.

જેમ દૂધ, દહીં, છાસ, માખણ, ઘી જેવી અનેક પ્રકારની અવસ્થાઓ તેના આધારભૂત એકરૂપ ગોરસ વિના હોતી નથી. તેમ નર, નારકાદિ અનેક પ્રકારની પામર અવસ્થાઓ તેના આધારભૂત એકરૂપ આત્મસ્વભાવ વિના હોતી નથી. ચર્મચક્ષુથી ગોરસ જણાતું નથી તોપણ તેનો નિર્ણય થઈ શકે છે. તેમ ઈન્દ્રિયજ્ઞાનથી એકરૂપ આત્મસ્વભાવ જણાતો નથી તોપણ તેનો નિર્ણય થઈ શકે છે. આ રીતે જાણીતી અનેકરૂપતા જ તેના આધારભૂત અજાણ્યા એકરૂપ સ્વભાવને બતાવનારી છે.

પામરદશાપણે આત્મા અશુદ્ધ અને અપૂર્ણપણે છે. અશુદ્ધતા કે અપૂર્ણતા હોય ત્યાં જ અનેકરૂપતા હોય છે. પણ શુદ્ધતા અને પૂર્ણતા હોય ત્યાં હંમેશાં એકરૂપતા જ હોય છે. જે શુદ્ધ અને પૂર્ણ હોય તે પરમાત્મસ્વભાવ છે. આ રીતે પામરદશાની અનેકરૂપતા જ પોતાના એકરૂપ પરમાત્મસ્વભાવને પ્રકાશનાર છે.

આ રીતે વિવિધ પ્રકારની અનેક અવસ્થાઓમાં તેના આધારભૂત એકત્વસ્વરુપી પરમાત્મ-સ્વભાવને ઓળખી શકાય છે.

## ૩. નવતત્ત્વો વડે નિર્ણય

**૧. જીવ ૨. અજીવ ૩. આસ્રવ ૪. બંધ ૫. પુણ્ય ૬. પાપ ૭. સંવર ૮. નિર્જરા અને ૯. મોક્ષ એ નવતત્ત્વો છે જે જાણીતા છે. આ નવતત્ત્વોમાં પોતાનો પરમાત્મસ્વભાવ છૂપાયેલો છે, જે અજાણ્યો છે. જાણીતા નવતત્ત્વો દ્વારા અજાણ્યા પરમાત્મસ્વભાવનો નિર્ણય કરવો તેને નવતત્ત્વો વડે નિર્ણય કહેવામાં આવે છે.**

નવતત્ત્વો જાણીતા છે. નવતત્ત્વોમાં છૂપાયેલ અસ્ખલિત ચૈતન્ય જયોતિસ્વરુપ પોતાનો પરમાત્મસ્વભાવ અજાણ્યો છે. નવતત્ત્વોમાં જીવ અને અજીવ એ બે પ્રમાણના વિષયભૂત સમગ્ર દ્રવ્યો છે અને બાકીના સાત જીવ-અજીવની પર્યાયરૂપ છે. આ નવેય તત્ત્વો પોતાના શુદ્ધાત્માનાં આશ્રયે હોય છે. તત્વજ્ઞાનનો સમ્યક્ અભ્યાસ કરવાથી નવતત્ત્વોનાં આધારભૂત પરમાત્મસ્વભાવને ઓળખી શકાય છે.

જેમ ભૂસ્તરવિજ્ઞાનનો અભ્યાસ કરવાથી ખનિજ પથ્થરમાં સોનાપણાનો નિર્ણય થઈ શકે છે. આયુર્વેદની ઔષધિશાસ્ત્રનો અભ્યાસ કરવાથી તૂરી અનુભવાતી લીંડીપીપરમાં તીખાશનો નિર્ણય થઈ શકે છે. તેમ સમયસાર જેવા પરમાગમનો અભ્યાસ કરવાથી પામરદશામાં પણ પરમાત્મસ્વભાવનો નિર્ણય થઈ શકે છે. સમયસાર શાસ્ત્રમાં જાણીતાં નવતત્ત્વો દ્વારા અજાણ્યા પરમાત્મસ્વભાવનો નિર્ણય કરવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે.

આ રીતે નવતત્ત્વોનાં યથાર્થ અભ્યાસ દ્વારા તેના આધારભૂત પરમાત્મસ્વભાવને સમજી શકાય છે.

## ૪. આત્માની એક જ જાતિ

**વિવિધ પ્રકારની પામર અવસ્થા ધરાવતાં આત્માઓ પોતાના સ્વભાવ અપેક્ષાએ એટલે કે જાતિ અપેક્ષાએ એક સમાન હોય છે તેને આત્માની એક જ જાતિ કહે છે.**

પોતે પામર છે અને પોતાના જેવાં બીજા અનેક પામરાત્માઓ જોવા મળે છે. તેમાં કોઈ મનુષ્ય કે પશુ, પુરુષ કે સ્ત્રી, બાળક કે વૃદ્ધ, સુખી કે દુઃખી, જ્ઞાની કે અજ્ઞાની એમ અનેક પ્રકારની વિવિધતાઓ વર્તે છે. આ બધી વિવિધતાઓ તેની પલટતી પર્યાયની અપેક્ષાએ છે પણ તેના ત્રિકાળ ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ આ બધા આત્માઓ એક જ પ્રકારના પરમાત્મસ્વભાવે છે. વીસાશ્રીમાળી વાણિયાઓ એક જ નાતનાં કહેવાય છે. તેમાં કોઈ ભણેલ કે અભણ, ગરીબ કે તવંગર, મૂર્ખ કે વિદ્વાન હોય પણ નાતનાં મેળાવડામાં બધા એક સમાન જ છે. તેમ બધા આત્માઓ એક સમાન પરમાત્માની જાતિનાં છે.

વર્તમાનમાં જેઓ પરમાત્મદશાને પ્રાપ્ત થયા છે, તેઓ ભૂતકાળમાં પોતાના જેવા પામર જ હતા. પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ, સ્વીકાર અને આશ્રયરૂપ દ્રવ્યદૃષ્ટિથી તેઓ પરમાત્મદશાને પ્રાપ્ત થયાં છે. જો કોઈ આત્મા પોતાના સ્વભાવથી પરમાત્મસ્વભાવે ન હોય તો તે પરમાત્મદશા કયારેય પ્રગટે નહિ. પરમાત્મદશા બહારથી આવતી નથી, પોતામાંથી જ પ્રગટે છે. જેમણે પામરદશામાંથી પરમાત્મદશા પ્રગટ કરી છે તે પોતાના પરમાત્મસ્વભાવના આશ્રયે જ કરી છે. પોતે વર્તમાનમાં પામરદશાપણે હોવા છતાં



સ્વભાવની અપેક્ષાએ પોતે અને પરમાત્મદશા ધરાવનારા એક જ જાતિનાં છે. તેથી પોતે પણ જાતિ કે સ્વભાવ અપેક્ષાએ પરમાત્મસ્વભાવે છે. જો બધા આત્માઓ પોતાના સ્વભાવથી ભિન્ન જ હોય તો તેઓ બધા જુદી-જુદી જાતિનાં થઈ જાય. જાતિ અપેક્ષાએ જગતમાં કુલ છ પ્રકારના દ્રવ્યો છે. અને તેમાં આત્માની એક જાતિ છે. તેથી બધા આત્માઓ એક સમાન જાતિના છે. અને સમાન જાતિ પરમાત્મસ્વભાવે જ સંભવે છે.

બધા આત્માની વિવિધતા તેની પામરદશાપણે છે. પોતાના સ્વભાવપણે બધા એક જ છે. જો પામરદશાને જ પોતાનો સ્વભાવ માનવામાં આવે તો તે પામરદશા પોતાને પ્રતિકૂળ છે. વસ્તુનો સ્વભાવ જ પોતાને પ્રતિકૂળ હોય તો વસ્તુનું વસ્તુપણું બનતું નથી. તેથી પ્રતિકૂળ પામરદશા જ પોતાનો સ્વભાવ હોઈ શકે નહિ. વળી પામરદશા જ પોતાનો સ્વભાવ હોય તો તે કાયમ માટે રહે અને પામરદશા પલટીને પરમાત્મદશાશા ક્યારેય પ્રગટે નહિ. પરંતુ પામરદશા ગમતી નથી, પામરદશા કાયમ ટકતી નથી, માટે પામરદશા પોતાનો સ્વભાવ નથી અને પોતે સ્વભાવથી પરમાત્મસ્વભાવે જ છે.

આ રીતે બધા આત્માઓ એક જ જાતિનાં હોવાથી તેઓ પરમાત્મસ્વભાવે નક્કી થાય છે.

## ઉપસંહાર

આત્માનું સ્વરુપ અનેકાંત છે. અનેકાંતસ્વરુપના કારણે પોતાનો આત્મા દ્રવ્ય-પર્યાયરૂપ પરસ્પર વિરોધી અને સાપેક્ષ એવા બે અંશોથી રચાયેલો છે. દ્રવ્યપણે પોતાનો આત્મા પરમાત્મસ્વભાવે છે અને પર્યાયપણે તે જ આત્મા તે જ સમયે પામરદશાએ છે.

આત્માનું સ્વરુપ અનેકાંત હોવા છતાં આત્માની પ્રાપ્તિનો માર્ગ તો એકાંત જ હોય છે. આત્માની પ્રાપ્તિ એટલે કે સ્વાત્માનુભૂતિ માટે જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્રરૂપ દૃષ્ટિની આવશ્યકતા હોય છે. આત્મપ્રાપ્તિનાં એકાંતમાર્ગના કારણે આ દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક જ પ્રકારે હોઈ શકે છે.

દ્રવ્યદૃષ્ટિપણે પોતાનો આત્મા પરમાત્મા છે અને પર્યાયદૃષ્ટિપણે તે પામર છે. દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ છે. અને પર્યાયદૃષ્ટિ મિથ્યા છે. દ્રવ્યદૃષ્ટિનાં કારણે મોક્ષમાર્ગ અને મોક્ષ હોય છે. પર્યાયદૃષ્ટિનાં કારણેણે બંધમાર્ગ અને બંધ ચાલુ રહે છે.

અનાદિકાળથી ચાલી આવતી પર્યાયદૃષ્ટિ ટાળી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવા માટે દ્રવ્ય-પર્યાયરૂપ સમગ્ર આત્માની સાચી જાણકારી એટલે કે પ્રમાણજ્ઞાનની આવશ્યકતા હોય છે. પ્રમાણજ્ઞાન માટે અજાણ્યો પરમાત્મસ્વભાવ જાણવો જરૂરી છે. જાણીતી પામરદશા વડે જ અજાણ્યો પરમાત્મસ્વભાવ જાણી શકાય છે. પામરદશા અને પરમાત્મસ્વભાવ બન્નેને જાણનારાં પ્રમાણજ્ઞાનમાં પામરદશા હેય છે અને પરમાત્મસ્વભાવ ઉપાદેય છે તેવો વિવેક પણ સમાયેલો હોય છે. દ્રવ્યદૃષ્ટિનાં વિષયભૂત પરમાત્મસ્વભાવ અપ્રગટ અને અપ્રત્યક્ષ હોવાથી અદૃશ્ય હોય છે અને પર્યાયદૃષ્ટિનાં વિષયભૂત પામરદશા પ્રગટ અને પ્રત્યક્ષ હોવાથી દૃશ્ય હોય છે. *'હું પરમાત્મા છું'* કઈ રીતે ? તે સમજવા માટે દૃશ્ય પર્યાયને અદૃશ્ય એટલે કે ગૌણ કરીને અદૃશ્ય પરમાત્મસ્વભાવને દૃશ્ય એટલે કે મુખ્ય કરવો. આ રીતે જે દ્રવ્યદૃષ્ટિ વડે પોતાને પરમાત્મસ્વભાવે જાણે છે તેની પલટતી પર્યાયની પામરદશા પલટીને પરમાત્મદશાપણે પ્રગટ થાય છે.





આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં—

(હરિગીત)

જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે.

**ભાવાર્થ :** જે પોતાનાં આત્માને શુદ્ધ એટલે કે પરમાત્મસ્વભાવપણે જાણે છે, એટલે કે '*હું પરમાત્મા છું*' એમ સ્વીકારે છે. તે એવાં જ શુદ્ધ પરમાત્મસ્વભાવને પોતાની પર્યાયમાં પ્રગટ કરે છે. પણ જે પોતાનાં આત્માને અશુદ્ધ એટલે કે પામરદશાપણે જાણે છે, એટલે કે 'હું પામર છું' એમ માને છે, તે પોતાની પામરદશાને પ્રાપ્ત થઈ તેને ચાલુ જ રાખે છે. (સમયસાર : ગાથા ૧૮૬)

## ટિપ્પણ

**૧. *કૃતકૃત્ય* :** કરવા યોગ્ય દરેક કામ પાર પાડવું તે.

## સંદર્ભ ગ્રંથો

● ***પ્રાસ્તાવિક*** ૧. સમયસારનાટક, અધ્યાય ૮, દોહરો ૪૮.

● ***અનેકાંતસ્વરુપ અને એકાંત માર્ગ***

૧. સમયસાર : આત્મખ્યાતિ ટીકાના પરિશિષ્ટમાંની અનેકાંતની વ્યાખ્યા; ● ૨. ન્યાયદીપિકા : અધિકાર ૩, પ્રકરણ ૩૭૬; ● ૩. સપ્તભંગી તરંગિણી : પાનુ ૩૭,૭૩,૭૪; ● ૪. તત્વાર્થરાજવાર્તિક : ૧/૬,૭/૩૫/૨૭; ● ૫. જૈ.સિ.કોશ : ભાગ-૧: અનેકાંત : ૧/૧,૨,૩: પાનુ ૧૦૫.

● ***વસ્તુની સિદ્ધિ માટે તેનાં અનેકાંતસ્વરુપની આવશ્યકતા***

૧. સ્વયંભૂસ્તોત્ર: શ્લોક ૨૨,૨૪,૨૫,૪૨,૪૩,૪૪,૬૨,૬૩,૬૪,૬૫; ● ૨. પંચાધ્યાયી: પૂર્વાર્ધ : ગાથા ૯૫,૯૬,૨૦૨,૨૦૪,૨૦૫, ૨૧૮ થી ૨૨૫, ૨૪૭,૩૦૦,૩૧૧,૩૧૨,૩૧૯,૩૨૦; ● ૩. ધવલ: ૧/૧, ૧/૧૨૭/૫૬૭; ● ૪. પ્રવચનસાર: ગાથા ૧૦૦,૧૦૧,૧૦૨ અને તેની ટીકા; ● ૫. પં. રાજમલજીકૃત સમયસાર કળશ ટીકા : કળશ : ૨૫૨; ● ૬. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૧; :: ૭. આપ્તમીમાંસા :- શ્લોક ૫૯; ● ૮. તત્વાર્થસૂત્ર : અધ્યાય ૫, સૂત્ર ૩૨; ● ૯. જૈ.સિ.કોશ : ભાગ-૧: અનેકાંત : ૨/૩, પાનુ ૧૦૬.

● ***વસ્તુની પ્રાપ્તિમાટે તેનાં એકાંતમાર્ગની આવશ્યકતા***

૧. શ્રીમદ્ રાજચંદ્ર:વર્ષ ૨૯ મું, પત્રાંક ૭૦૨, પાનું ૫૧૧; ● ૨. બહેનશ્રીના વચનામૃત : નં. ૨૩૫, ૨૯૯,૩૫૩; ● ૩. પંચાધ્યાયી : પૂર્વાર્ધ : ગાથા ૨૮૮ ● ૪. સપ્તભંગીતરંગિણી : પાનુ ૭૩ ● ૫. તત્વાર્થસુત્ર : અધ્યાય ૧ સુત્ર ૬ની મુ. રામજીભાઈ કૃત ટીકા પાનુ ૨૦,૨૧,૨૨ ● ૬. જૈ.સિ.કોશ : ભાગ-૧ એકાંત ૧ પાનુ ૪૫૯, ૪૬૦

● ***વસ્તુનાં અનેકાંતસ્વરુપ અને એકાંતમાર્ગનાં આધારે 'હું પરમાત્મા છું' કઈ રીતે ?***

૧. પુરુષાર્થસિદ્ધિ-ઉપાય : ગાથા ૨૨૫ ● ૨. સર્વાર્થ સિદ્ધિ : ૧/૧૦/૯૭/૧, ૧/૧૦/૯૮/૨ ● ૩. તત્વાર્થરાજવાર્તિક : ૧/૧૦/૧/૪૯/૧૩, ૧/૧૦/૬-૭/૫૦/૪; ● ૪. ન્યાયદીપિકા : અધિકાર ૧, પ્રકરણ ૧૦, પાનુ ૧૧ ● ૫. આલાપપદ્ધતિ : અધિકાર ૯ ● ૬. તત્વાર્થ સૂત્ર : અધ્યાય ૧, સુત્ર ૧૦,૧૧,૧૨ ● ૭. ધવલ : ૯/૪, ૧,૪૫/૧૬૬/૧ ● ૮. કષાયપાહુડ : ૧ પ્રકરણ ૧૭૪/૨૧૦/૩ ● ૯. પરીક્ષામુખ : પરિચ્છેદ ૧, સુત્ર-૨, પરીછેદ ૫, સુત્ર - ૧ ● ૧૦ જૈ.સિ. કોશ ભાગ-૩, પ્રમાણ : ૧,૨ પાનુ ૧૪૧, ૧૪૨

● ***પામરદશાનાં આધારે પરમાત્મ સ્વભાવને ઓળખવાનો ઉપાય***

૧. પ્રવચનસાર : ગાથા ૧૦,૯૮,૧૯૧ અને તેની ટીકા :: ૨. સમયસાર : ગાથા ૧૧ થી ૧૮; આત્મખ્યાતિ : શ્લોક ૬ થી ૧૪ :: ૩. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ ગાથા ૭૩ :: ૪. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૭૮ ની ટીકા :: ૫. બહેનશ્રીના વચનામૃત : નં. ૨૩૫,૨૩૬,૨૫૧,૨૮૧,૨૯૯,૩૦૫, ૩૮૪, ૪૦૪ :: ૬. ગુરુદેવશ્રીનાં વચનામૃત : નં. ૬,૧૭,૨૮૧.

● ***ઉપસંહાર***

૧. સમયસાર ગાથા ૧૮૬



# હેતુલક્ષી પ્રશ્નો

*યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.*

૧. પોતાનો પરમાત્મા ક્યાં હોય છે ? ૧. ☐
A. પોતામાં B. જિનમંદિરમાં
C. અદ્ધર આકાશમા D. સંપૂર્ણ લોકમાં

૨. અનેકાંતસ્વરૂપી વસ્તુનાં પરસ્પરવિરોધી ધર્મો મૂળભૂતપણે ક્યા બે છે ? ૨. ☐
A. દ્રવ્ય અને પર્યાય
B. અન્વય અને વ્યતિરેક
C. ધ્રૌવ્ય અને ઉત્પાદવ્યય
D. પરમાત્મસ્વભાવ અને પામરદશા

૩. અનેકાંતસ્વરૂપી વસ્તુનાં નિત્ય-અનિત્ય જેવાં પરસ્પર વિરોધી ધર્મયુગલો એક સાથે રહી શકે છે તેનું કારણ કયું ન હોઈ શકે ? ૩. ☐
A. તેઓ સાપેક્ષ ધર્મો છે
B. તેઓ અંશીનાં ધર્મો છે.
C. તેઓમાં સમયભેદ નથી
D. તેઓ વસ્તુને નીપજાવનારાં છે.

૪. અનેકાંતસ્વરૂપી વસ્તુની કથનપદ્ધતિને શું કહે છે ? ૪. ☐
A. અનેકાંતવાદ B. રૂઢીવાદ
C. સ્યાદ્વાદ D. સર્વથાવાદ

૫. વસ્તુની સિદ્ધિ માટે કઈ બે બાબતો અનિવાર્ય છે ? ૫. ☐
A. ચોક્કસ કદ અને આકાર
B. કર્તૃત્વ અને ભોક્તૃત્વ
C. પરમાત્મસ્વભાવ અને પામરદશા
D. અસ્તિત્વ અને પ્રયોજન

૬. વસ્તુનું અનેકાંતસ્વરૂપ ક્યાં હેતુએ ઉપકારી છે? ૬. ☐
A. બધાં ધર્મો સાચાં છે તેવી વિશાળદૃષ્ટિ કેળવવાનાં
B. આત્માનો ધર્મ નિશ્ચયપણે હોય અને વ્યવહારપણે પણ હોય તે બતાવવાનાં
C. વસ્તુસ્વરૂપની એકાંત માન્યતાનો નિષેધ કરાવવાનાં
D. સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવાનાં

૭. આત્માની દૃષ્ટિ એ કયા ગુણની પર્યાય છે? ૭. ☐
A. એકલાં જ્ઞાનની
B. જ્ઞાન સહિત જ્ઞાન-શ્રદ્ધાન બેયની
C. જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર ત્રણેયની
D. એકેય ગુણની પર્યાય નથી.

૮. પોતાની સાચી ઓળખ કે કિંમત કઈ રીતે? ૮. ☐
A. પોતાનાં નામ અને નામનાથી
B. પોતાનાં દ્રવ્યસ્વભાવ અને તેની દૃષ્ટિથી
C. પોતાનાં પર્યાયસ્વભાવ અને તેનાં સામર્થ્યથી
D. પોતાની સત્તા અને સંપતિથી

૯. કઈ દૃષ્ટિ સમ્યક્ છે? ૯. ☐
A. એકલી પર્યાયને જોનારી પર્યાયદૃષ્ટિ
B. એકલાં દ્રવ્યને દેખનારી દ્રવ્યદૃષ્ટિ
C. દ્રવ્ય-પર્યાય બન્નેને એકસાથે જોનારી પ્રમાણદૃષ્ટિ
D. જગતનાં બધાં જીવોનું ભલું ઈચ્છનારી પરમાર્થદૃષ્ટિ

૧૦. પોતાની પામરદશા કેવી હોતી નથી? ૧૦. ☐
A. દૃષ્ટિનો વિષય B. વિભાવ
C. સાપેક્ષ D. દુઃખરૂપ

૧૧. પોતાની ભલાઈ શેમાં છે? ૧૧. ☐
A. પોતાને પરમાત્માપણે સ્વીકારવામાં
B. પોતાને પામરપણે માનવામાં
C. પોતે સ્વભાવથી પરમાત્મા અને પર્યાયથી પામર છે એમ બંન્ને બાબતોનો સ્વીકાર કરવામાં
D. મહાવીરાદિ પ્રગટ પરમાત્માની ભક્તિ કરવામાં

૧૨. પોતાનો પુરુષાર્થ કઈ રીતે પ્રવર્તે છે? ૧૨. ☐
A. પોતાનાં જ્ઞાનમાં પરમાત્મસ્વભાવનો વિવેક કરવાથી
B. પોતાનાં જ્ઞાનમાં પામરદશાનો વિવેક કરવાથી
C. પોતાની પામરદશાનો અસ્વીકાર કરવાથી
D. પોતાનાં પરમાત્મસ્વભાવનો સ્વીકાર કરવાથી

૧૩. કયા પ્રકારનાં જ્ઞાન વડે પોતાની પામરદશામાં પણ પરમાત્મસ્વભાવને ઓળખી શકાય છે? ૧૩. ☐
A. કેવળજ્ઞાન B. પ્રમાણજ્ઞાન
C. શ્રુતજ્ઞાન D. અવધિજ્ઞાન

૧૪. 'હું પરમાત્મા છું' કઈ રીતે ? ૧૪. ☐
A. પ્રમાણદૃષ્ટિથી B. પર્યાયદૃષ્ટિથી
C. દ્રવ્યદૃષ્ટિથી D. દરેક પ્રકારની દૃષ્ટિથી

૧૫. દ્રવ્યદૃષ્ટિ સમયે જ્ઞાનમાં કોનો વિવેક કરવાનો હોય છે ? ૧૫. ☐
A. પોતાનાં અનંત ગુણોનો
B. પોતાનાં પરમાત્મસ્વભાવ અને પામરદશા બન્નેનો એકસરખો
C. પોતાનાં પરમાત્મસ્વભાવનો
D. પોતાની પામરદશાનો

૧૬. ગણધર જેવાં મહાપુરુષો પોતાને પામર માને તેનું શું કારણ ? ? ૧૬. ☐
A. પોતાની નમ્રતા
B. પોતે પોતાનાં સ્વભાવથી પામર હોવાથી
C. પોતાની દૃષ્ટિમાં પોતાનું પામરપણું ભાસવાથી
D. વિવેકજ્ઞાનમાં પોતાની પામરદશાની સમજણ હોવાથી

૧૭. પોતાનો પરમાત્મસ્વભાવ કેવો છે ? ૧૭. ☐
A. પ્રગટ છે. B. પરિચિત છે.
C. અતીન્દ્રિય મહાપદાર્થ છે.
D. અનુભવમાં છે.

૧૮. 'વિરોધીનું અસ્તિત્વ' એ શું છે ? ૧૮. ☐
A. શબ્દકોશનો એક શબ્દ સમૂહ
B. સનાતન પ્રાકૃતિક સિદ્ધાંત
C. લોકશાહી રાજકીય રીત
D. પોતાનો પાપનો ઉદય

૧૯. શુદ્ધતા અને પૂર્ણતા શેમાં હોય ? ૧૯. ☐
A. તીર્થંકરનાં અવતારમાં
B. એકરૂપતામાં
C. અમૂર્ત દ્રવ્યોમાં
D. ભગવાનની ભક્તિમાં

૨૦. જાણીતા નવતત્ત્વો દ્વારા અજાણ્યા પરમાત્મસ્વભાવનો નિર્ણય કરવા માટે ખાસ કરીને કયા શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ ? ૨૦. ☐
A. સમયસાર B. પ્રવચનસાર
C. નિયમસાર D. કોઈપણ શાસ્ત્રનો

## સૈદ્ધાંતિક પ્રશ્નો

***નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો***

૧. વસ્તુનું અનેકાંતસ્વરૂપ એટલે શું ?
૨. વસ્તુની પ્રાપ્તિનો એકાંતમાર્ગ કોને કહે છે?
૩. સમ્યક્ અનેકાંત અને સમ્યક્ એકાંત એટલે શું ?
૪. મિથ્યા અનેકાંત અને મિથ્યા એકાંત એટલે શું ?
૫. વસ્તુનું અનેકાંતસ્વરૂપ કેટલાં પ્રકારે સંભવે છે? તેને માનનાર કોણ છે ? ?
૬. વસ્તુનું એકાંતસ્વરૂપ કેટલાં પ્રકારે સંભવે છે? તેને માનનાર કોણ છે ? ?
૭. અન્વય કોને કહે છે ?
૮. વ્યતિરેક કોને કહે છે ?
૯. પરસ્પરવિરોધી બે ધર્મો પૈકી કોના આશ્રયે વસ્તુની પ્રાપ્તિ હોય છે ?
૧૦. સ્વાત્માનુભવ માટે કોની આવશ્યકતા હોય છે ?
૧૧. સમ્યક્જ્ઞાન કોને કહે છે ?
૧૨. સમ્યક્ શ્રદ્ધાન કોને કહે છે ?
૧૩. સમ્યક્ ચારિત્ર કોને કહે છે ?
૧૪. આત્માની દૃષ્ટિ ક્યા બે પ્રકાર પૈકી એક પ્રકારે હોય છે ?
૧૫. જ્ઞાનની દૃષ્ટિ એટલે શું ?
૧૬. શ્રદ્ધાનની દૃષ્ટિ એટલે શું ?
૧૭. ચારિત્રની દૃષ્ટિ એટલે શું ?
૧૮. આત્માનાં અનેકાંતસ્વરૂપનું રહસ્ય શું છે ?
૧૯. પોતે કઈ રીતે પરમાત્મા અને કઈ રીતે પામર છે?
૨૦. પ્રમાણજ્ઞાન કોને કહે છે ?
૨૧. પ્રમાણજ્ઞાનના બે પ્રકાર જણાવો.
૨૨. પોતાનો પરમાત્મસ્વભાવ ક્યા પ્રકારનાં પ્રમાણજ્ઞાનથી જણાય છે ?
૨૩. પરોક્ષપ્રમાણ માટે ક્યા સાધનો ઉપયોગી છે ?
૨૪. જાણીતી પામરદશા વડે અજાણ્યા પરમાત્મ-સ્વભાવને ઓળખવા માટેનાં ઉપાયની યાદી આપો.
૨૫. વિરોધીનું અસ્તિત્વ કોને કહે છે ?
૨૬. અનેકમાં એકત્વ એટલે શું ?
૨૭. નવતત્ત્વોનાં નામ આપો.
૨૮. બધા આત્માઓ કઈ એક જ જાતિનાં છે ?
૨૯. બધા આત્માઓની જાતિ જુદી જુદી હોય તો શું થાય ?
૩૦. વસ્તુનો સ્વભાવ કેવો હોય છે ?



***નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.***

૧. પોતાનાં પરમાત્માને ક્યાં શોધવામાં આવે છે અને તે ખરેખર ક્યાં હોય છે ?

૨. અનેકાંતસ્વરૂપી વસ્તુનાં મૂળભૂતપણે પરસ્પર વિરોધી ધર્મયુગલ અન્વય-વ્યતિરેકનાં આધારે અન્ય પરસ્પર વિરોધી ધર્મયુગલો કઈ રીતે અને ક્યા ક્યા હોય છે ?

૩. અનેકાંતસ્વરૂપી વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મયુગલને એક સાથે રહેવામાં વિરોધ ન હોવાનાં ત્રણ કારણો બતાવી તે પૈકી કોઈ એકની સમજૂતી આપો.

૪. વસ્તુ પોતે જ કાયમ ટકતી અને કાયમ પરિણમતી હોય તો શો દોષ આવે ?

૫. શા માટે વસ્તુની સિદ્ધિ માટે તેનાં અનેકાંત-સ્વરૂપની આવશ્યકતા હોય છે ?

૬. આત્માને સર્વથા નિત્ય માનવામાં શો દોષ આવે ?

૭. આત્માને સર્વથા અનિત્ય માનવામાં શો દોષ આવે ?

૮. વસ્તુની પ્રાપ્તિ એટલે શું ? અને તે કઈ રીતે થાય ?

૯. સ્વાત્માનુભવ માટે સમ્યક્ જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર એ ત્રણેયની આવશ્યકતા શા માટે હોય છે ?

૧૦. દૃષ્ટિ એટલે શું ?

૧૧. શા માટે દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બે માંથી કોઈ એક જ પ્રકારે સંભવે છે ?

૧૨. દ્રવ્યદૃષ્ટિ એટલે શું ? શા માટે દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ છે ?

૧૩. દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિનો ભેદ સંક્ષેપમાં આપો.

૧૪. શા માટે આત્મવસ્તુની પ્રાપ્તિનો માર્ગ એકાંત છે તેમ નક્કી થાય છે ?

૧૫. પામરદશા પોતાની જ હોવા છતાં તેનો સ્વીકાર કેમ નહિ ?

૧૬. અનાદિ અજ્ઞાની જીવને પર્યાયદૃષ્ટિ હોય છે અને દ્રવ્યદૃષ્ટિ હોતી નથી તેનું શું કારણ છે ?

૧૭. પ્રમાણજ્ઞાનની આવશ્યકતા શી છે ?

૧૮. પ્રમાણજ્ઞાન માટે શું કરવું ?

૧૯. વિરોધીનાં અસ્તિત્વનાં સિદ્ધાંતને આધારે પ્રગટ પામરદશા વડે અપ્રગટ પરમાત્મસ્વભાવને કઈ રીતે ઓળખી શકાય ?

૨૦. પામરદશાની અનેકરૂપતાના આધારે એકરૂપ પરમાત્મસ્વભાવને ઓળખવાનો ઉપાય સમજાવો.

૨૧. નવતત્ત્વોના અભ્યાસ દ્વારા તેમાં છૂપાયેલ પરમાત્મસ્વભાવને કઈ રીતે સમજી શકાય ?

૨૨. બધા આત્માઓ એક જ સ્વભાવના કઈ રીતે છે? એક જ સ્વભાવના હોવાથી તેઓ કઈ રીતે પરમાત્મસ્વભાવે હોય છે ?

૨૩. 'હું પરમાત્મા છું' કઈ રીતે ? તે સમજવા માટે શું કરવું જોઈએ ? અને તે સમજવાથી શો ફાયદો થાય ?

## દૃષ્ટિ પલટતાં દશા પણ પલટાઈ જાય છે. તે કઈ રીતે ?

તું તને જો ; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તું પોતે જ પરમાત્મા છો, પોતાને પરમાત્માપણે માનતાં પામરપણું ઊભું નહિ રહે.

પર્યાયદૃષ્ટિથી પોતે પામર હોવા છતાં દ્રવ્યદૃષ્ટિથી પોતે પરમાત્મા જ છે. તેમાં પર્યાયદૃષ્ટિ મિથ્યા છે અને દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ છે. પર્યાયદૃષ્ટિથી પોતે પામર છે. પામરપણું પોતાનો વિભાવ હોવાથી તે 'પર' છે. તેથી પર્યાયદૃષ્ટિથી પરાશ્રય હોય છે. અને તેથી પરાશ્રયના કારણે થતી પામરદશા ચાલુ જ રહે છે. દ્રવ્યદૃષ્ટિથી પોતે પરમાત્મા છે. પરમાત્મપણું પોતાનો સ્વભાવ હોવાથી તે 'સ્વ' છે. તેથી દ્રવ્યદૃષ્ટિથી સ્વાશ્રય હોય છે, અને તેથી સ્વાશ્રયના કારણે થતી પરમાત્મદશા પ્રગટે છે. આ રીતે દૃષ્ટિ પલટતાં દશા પણ પલટાઈ જાય છે.

(પ્રકરણ : ૨ 'હું પરમાત્મા છું' કઈ રીતે? પાના નંબર ૩૭ પરથી)

પ્રકરણ

# 3

# હું પરમાત્મા છું

## સિદ્ધાંત હૃદયગત થવા માટેની પાત્રતા



◆ પ્રકરણની રૂપરેખા


❖ પ્રાસ્તાવિક

❖ **૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા**

૧. સંસારનો ખરેખરો ત્રાસ

૨. પરની તુચ્છતા

૩. સ્વભાવનો મહિમા

૪. સ્વભાવ - સન્મુખતાનો પુરુષાર્થ

❖ **૨. તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઇચ્છનીય યોગ્યતા**

૧. સત્પુરુષનાં ચરણનો ઇચ્છુક

૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી

૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર

૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન

૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર

૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર

૭. એકાંતવાસને વખાણનાર

૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી

૯. આહાર, વિહાર, નિહારનો નિયમી

૧૦. પોતાની ગુરુત્તા દબાવનાર

❖ ઉપસંહાર

પ્રકરણ : ૩

## 'હું પરમાત્મા છું'

### હૃદયગત થવા માટેની પાત્રતા માટે જરૂરી

## જયસેનાચાર્યકૃત

# પરમાત્મ–ભાવના

હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું; હું નિર્વિકલ્પ છું; હું ઉદાસીન છું; હું નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય-રત્નત્રયાત્મક જે નિર્વિકલ્પ સમાધિ તેનાથી ઉત્પન્ન વીતરાગ - સહજાનંદરૂપ સુખની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય (પોતાથી વેદાવાયોગ્ય) – **ગમ્ય** (જણાવાયોગ્ય) – **પ્રાપ્ય** (પ્રાપ્ત થવા યોગ્ય) – **એવો ભરિતાવસ્થ** ( ભરેલી અવસ્થાવાળો, પરિપૂર્ણ સ્વરૂપ) છું.

હું રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઈન્દ્રિયોનો વિષય-વ્યાપાર, મન-વચન-કાયાનો વ્યાપાર, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ, ખ્યાતિ-પૂજા-લાભની તેમ જ દૃષ્ટ-શ્રુત-અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા તથા મિથ્યારૂપ ત્રણ શલ્ય ઈત્યાદિ સર્વ વિભાવ પરિણામરહિત શૂન્ય છું.



ત્રણે લોકમાં, ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયે હું આવો છું તથા બધાય જીવો એવા છે - એમ મન-વચન-કાયાથી તથા કૃત-કારિત-અનુમોદનાથી નિરંતર ભાવના કર્તવ્ય છે.

(સમયસારની જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ નામની ટીકાનાં સ્યાદ્‌વાદ અધિકાર નામનાં પરિશિષ્ટમાંથી)

જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.

(સમયસાર : ગાથા ૩૨૦ ની જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાંથી)



(આર્યા)

ये भवदुःखेभ्यः भीताः पदं इच्छन्ति निर्वाणम्; ।
ईह परमात्मप्रकाशकस्य ते परं योग्या विजानीहि ॥

ये परमात्मनो भक्तिपराः विषयान न येऽपि रमन्ते ।
ते परमात्मप्रकाशकस्य मुनिवरा योग्या भवन्ति ॥

ज्ञानविचक्षणः शुद्धमना यो जन ईदशः कश्चिदपि।
तं परमात्मप्रकाशकस्य योग्यं भणन्ति ये योगिनः ॥

**ભાવાર્થ: તેઓ જ વ્યવહારથી આ પરમાત્મપ્રકાશ નામના ગ્રંથના અભ્યાસને અને પરમાર્થથી પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવા ‘હું પરમાત્મા છું’ એ સિદ્ધાંતને હૃદયગત કરવા માટેના યોગ્ય છે એમ જાણો કે જેઓ ૧. ભવનાા દુ:ખોથી ભયભીત હોય, ૨. મોક્ષપદના ઈચ્છુક હોય, ૩. પરમાત્માની ભક્તિમાં પરાયણ હોય, ૪. વિષયોથી વિરક્ત હોય, ૫. જ્ઞાનમાં વિચક્ષણ હોય અને ૬. શુદ્ધ મનવાળા હોય.**

(પરમાત્મપ્રકાશ : અધિકાર ૨ : દોહા ૨૦૭-૮-૯)

'पात्रम् आयाति संपद् ।' એ સૂત્ર અનુસાર યોગ્ય પાત્રમાં સઘળી સંપદાઓ આપમેળે આવી મળે છે. જૈન દર્શનનાં તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત થવા માટે કેટલીક પાત્રતા કે યોગ્યતાની આવશ્યકતા હોય છે. પાત્રતા હોય તો સિદ્ધાંતો સહજપણે હૃદયગત થાય છે. સિંહણનું દૂધ ગમે તે પાત્રમાં સાચવી શકાતું નથી પણ માત્ર સોનાનાં પાત્રમાં સાચવી શકાય છે; તેમ જૈન દર્શનનાં તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો ગમે તે હૃદયગત કરી શકતો નથી પણ અમૂક પાત્રતા ધરાવનારો જ હૃદયગત કરી શકે છે. આ પાત્રતા પૈકી કેટલીક અનિવાર્યપણે આવશ્યક હોય છે અને કેટલીક ઈચ્છનીય હોય છે.

ઉપરોક્ત દોહાઓમાં આચાર્યશ્રી યોગીન્દુદેવના જણાવ્યા અનુસાર પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો અભ્યાસ કરવા માટે અને તેના આધારે પોતાના પરમાત્મસ્વભાવનો પ્રકાશ કરવા માટે એટલે કે *‘હું પરમાત્મા છું’* સિદ્ધાંતને હૃદયગત કરવા માટે કેટલીક પાત્રતા કે યોગ્યતા જરુરી હોય છે તેમાં સૌ પ્રથમ યોગ્યતામાં નાસ્તિથી ભવથી ભયભીતપણું અને અસ્તિથી મોક્ષની અભિલાષા છે. કોઈ પણ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે આ બન્ને યોગ્યતાઓ એકદમ અનિવાર્ય છે. અહીં દર્શાવેલી સંસારનો ખરેખરો ત્રાસ નામની સૌ પ્રથમ અનિવાર્ય આવશ્યકતામાં આ બન્નેનો સમાવેશ થઈ જાય છે. આ સિવાયની બાકીની ચાર આવશ્યકતાઓ ઉપરોક્ત દોહાઓમાં દર્શાવેલી છે તે ઈચ્છનીય પ્રકારની યોગ્યતાઓ છે. અહીં આપણે ઈચ્છનીય યોગ્યતાના જે દસ મુદ્દાઓ આપેલા છે તેમાં પ્રથમ ચારમાં આ ચારનો સમાવેશ થઈ જાય છે તે આ રીતે —

સત્પુરુષના ચરણનો ઈચ્છુક હોય તે પરમાત્માની ભક્તિમાં તત્પર હોય, સદૈવ સુક્ષ્મ બોધનો અભિલાષી હોય તે જ્ઞાનમાં વિચક્ષણ પણ હોય, ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનારો હોય તે શુદ્ધ મનવાળો પણ હોય અને બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન હોય તે વિષયોથી વિરક્તતા રાખનારો હોય જ છે.



તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોને હૃદયગત કરવા માટેની પાત્રતા કે યોગ્યતાને અનિવાર્ય અને ઈચ્છનીય એમ બે વિભાગમાં બતાવી તે દરેકની ચર્ચા કરવામાં આવશે. આ બે વિભાગ નીચે મુજબ છે.

**૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા**

**૨. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઈચ્છનીય યોગ્યતા**

## ૧. તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા

જેના વગર તત્ત્વનાં સિદ્ધાંતો કોઈ પણ સંજોગોમાં ક્યારેય પણ હૃદયગત ન થઈ શકે તેવી યોગ્યતાને અનિવાર્ય માનવામાં આવે છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અનુસાર આવી યોગ્યતા નીચે મુજબ છે.



**૧.૧. સંસારનો ખરેખરો ત્રાસ**

**૧.૨. પરની તુચ્છતા**

**૧.૩. સ્વભાવનો મહિમા**

**૧.૪. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ**

ઉપરોક્ત બાબતોની ચર્ચા આ નીચે કરવામાં આવે છે તેમાં સૌ પ્રથમ જે તે બાબતની વ્યાખ્યા, ત્યાર પછી તેની સમજૂતી અને અંતમાં પ્રસ્તુત સિદ્ધાંત 'હું પરમાત્મા છું' ને હૃદયગત કરવા માટે તેની અનિવાર્યતા બતાવવામાં આવશે.

## ૧.૧. સંસારનો ખરેખરો ત્રાસ

**સાંસારિક સુવિધાઓ અને સગવડતાઓમાં પણ જેને સુખ નહિ પણ દુ:ખ જ ભાસે તેને સંસારનો ખરેખરો ત્રાસ કહેવાય છે.**

સંસારની પ્રતિકૂળતામાં દરેક જીવને ત્રાસ લાગે છે પણ સાનુકૂળતામાં પણ ત્રાસ લાગે તો તે સંસારનો ખરેખરો ત્રાસ કહી શકાય. સંસારનો ખરેખરો ત્રાસ હોય તેને સંસારની સંપદાઓમાં પણ સુખ ભાસતું નથી. તેને સમગ્ર સંસાર દુ:ખનો જ દાવાનળ ભાસે છે. સંસારથી થાકી ગયેલા, હારી ગયેલા આવા જીવને આ સંસારથી બસ થાઓ, તે કોઈ પણ પ્રકારે ન ખપે તેવી અંતરના ઊંડાણપૂર્વકની ભાવના હોય છે. અને તે માટે સંસારનો અભાવ કરાવનાર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાની અદમ્ય ઉત્કંઠા હોય છે. વધુમાં આ બાબત નીચેના દૃષ્ટાંત-સિદ્ધાંતના આધારે સમજાવવામાં આવે છે.



**દૃષ્ટાંત** : સામાન્યપણે પર્વતની વધુને વધુ ઊંચે જવામાં આવે તેમ ગરમી ઓછી થતી જાય છે, અને પર્વતની ટોચ ઉપર તો એકદમ શીતળતા જણાય છે. કોઈ સૌથી ઊંચા પર્વતની ટોચ પર બેઠેલો હોય તોપણ સૂર્યનો તાપ તેને દઝાડનારો જણાતો હોય અને તેથી તે તીવ્ર તૃષાતુર હોય અને તેથી પોતાની તૃષા મટાડનાર પાણીના એક ટીપા માટે પણ ટળવળતો હોય. તે સમયે કોઈ તેને પાણીના તળાવ તરફ જવાનો રસ્તો બતાવે તો તે એકદમ ખુશ થઈને ત્યાં પહોંચવા દોટ મૂકે છે. અને તળાવનું પાણી પી પરમ તૃપ્તિ અનુભવે છે.

**સિદ્ધાંત** : સામાન્યપણે સંસારની વધુને વધુ અનુકૂળતાઓ મળે તેમ દુઃખ ઓછું માનવામાં આવે છે. અને રાજા-મહારાજા જેવી ટોચની સાનુકૂળતાઓમાં સંપૂર્ણ સુખ માનવામાં આવે છે. કોઈ સંસારના મોટા મહારાજા જેવા સર્વોત્કૃષ્ટ સ્થાન પર આરૂઢ હોય તોપણ સૂર્યનાં તાપ સમાન સંસારની ચાર ગતિ તેને દુઃખરૂપ ભાસે અને તેથી તે દુઃખરૂપ સંસારનો અભાવ કરવા એકદમ તૃષાતુર હોય. અને તેથી સંસાર અને તેના દુઃખનો અભાવ કરાવનાર *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે તૃષાતુર એવો તૃષા છીપાવવા માટે ટળવળતો હોય. તે સમયે કોઈ તેને પાણીના તળાવ સમાન *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવાની કળા શીખવે તો તે એકદમ પ્રમોદપૂર્વક તેને હૃદયગત કરવાનો મરણિયો પ્રયાસ કરે છે. અને તે સિદ્ધાંતને હૃદયગત કરી પરમ શાંતિ અનુભવે છે.


**'હું પરમાત્મા છું'** એ તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત સંસારનો અભાવ કરી મોક્ષમાર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરવા માટેનો છે. સંસારનો અને મોક્ષનો માર્ગ એકબીજાથી તદ્દન ભિન્ન અને વિરુદ્ધ છે. સંસાર અને મોક્ષનું સ્વરુપ પણ એકબીજાથી જુદું અને વિપરીત છે. જેને સંસારનો ખરેખર ત્રાસ હોય તે નાસ્તિથી ભવના દુઃખોથી ભયભીત અને અસ્તિથી મોક્ષપદનો ઈચ્છુક હોય તે સમજી શકાય છે. અને આવો જીવ જ આ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે લાયક હોય છે.

## ૧.૨. પરની તુચ્છતા

**પોતાના શુદ્ધાત્મા સિવાયના જગતના પરપદાર્થો, પરવિષયો અને પરભાવો અત્યંત હીન અને હેય છે. આત્મહિત કે આત્મિકસુખ માટે તેઓ તદ્દન નકામા છે તેવી ભાવનાને પરની તુચ્છતા કહે છે.**

શરીર-મન-વાણી, સ્ત્રી-પુત્ર-પરિવારાદિ **પરપદાર્થ** છે. પાંચ ઈન્દ્રિયનાં સ્પર્શાદિ વિષયો તે **પરવિષયો** છે અને પરના આશ્રયે થતા પોતાના વિકારી ભાવો તે **પરભાવો** છે. કોઈપણ પરમાં એટલે કે પરપદાર્થ, પરવિષય કે પરભાવમાં આત્માનું સુખ કે શાંતિ નથી. તેઓ આત્માને આકુળતા અને અશાંતિ જ ઉપજાવનારા છે. પોતાના આત્મકલ્યાણ માટે તેઓ તદ્દન નિરર્થક કે નિર્માલ્ય છે. આ પ્રકારની ભાવના તે પરની તુચ્છતા છે.

પરની તુચ્છતા ભાસે તો અને તો જ પોતાનો પ્રયત્ન કે પુરુષાર્થ પરથી પાછો ફરી સ્વ તરફ વળી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજવા માટે કાર્ય કરે. આ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે પોતાના પુરુષાર્થનો કામમાં લેવો હોય તો તેને પરમાંથી પાછો વાળવો જરૂરી હોય છે. અને આ માટે પરની તુચ્છતા એ એક અનિવાર્ય આવશ્યકતા છે.





## ૧.૩. સ્વભાવનો મહિમા

**પોતાના શુદ્ધાત્મસ્વભાવ અનંત ગુણોનો નિધાન અને પરિપૂર્ણ સુખદાયક છે. તેવી શુદ્ધાત્મસ્વભાવની સમજણ અને રુચિપૂર્વક શુદ્ધાત્મસ્વભાવનાં માહાત્મ્યને સ્વભાવનો મહિમા કહે છે.**

જગતમાં સર્વોત્કૃષ્ટ પોતાનો શુદ્ધાત્મસ્વભાવ છે. તે આશ્ચર્યકારી અને અદ્ભુત છે. તે અનંતગુણોના નિધાનરૂપ ઉત્કૃષ્ટ અજાયબ ઘર છે. અલૌકિક અને અચિંત્ય અનેક ઋદ્ધિઓ ધરાવનાર પોતાનો શુદ્ધાત્મસ્વભાવ અનેક દિવ્ય વિભૂતિઓથી ભરપૂર છે. સંપૂર્ણ લોકાલોકનો જ્ઞાતા અને અધિપતિ એવો પોતાનો સ્વભાવ પોતે જ ચૈતન્ય ચક્રવર્તી છે. પોતાના સ્વભાવની આવી સમજણ અને રુચિપૂર્વકનાં તેનાં માહાત્મ્યને સ્વભાવનો મહિમા કહે છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે પોતાના સ્વભાવનો મહિમા અત્યંત અનિવાર્ય આવશ્યકતા છે. પોતાના પરમાત્મ-સ્વભાવનું જ્ઞાન-શ્રદ્ધાન જ આ સિદ્ધાંતનું હૃદયગતપણું છે અને આ જ્ઞાન-શ્રદ્ધાન સ્વભાવના મહિમા વિના સંભવતું નથી. નાસ્તિથી પરની તુચ્છતાના કારણે પરમાંથી પાછા વળ્યા બાદ અસ્તિથી સ્વભાવનો મહિમા આવે તો અને તો જ તે સ્વભાવ તરફ વળીને સ્વભાવની સિદ્ધિરૂપ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને આત્મસાત્ કરી શકાય છે.

## ૧.૪. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ

**પોતાના શુદ્ધાત્મસ્વભાવની રુચિ અને મહિમાપૂર્વક તેના તરફના પુરુષાર્થનો પ્રવર્તાવવો તેને સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ કહે છે.**

પોતાના શુદ્ધાત્મસ્વભાવની અંતરના ઊંડાણ-પૂર્વકની લગની, ખટક કે રુચિ અને તે જ સ્વભાવના મહિમાપૂર્વક પોતાના આત્મિકવીર્ય કે બળનો ઝોક તે તરફ વળવો તે સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ છે.

જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે તેમ આત્મામાં પણ ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે. પુરુષાર્થ વગર કોઈપણ પારમાર્થિક બાબત પાર પડતી નથી. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે પુરુષાર્થ જ જરૂરી છે. આત્મલક્ષી સ્વભાવ-સન્મુખતાના પુરુષાર્થ વડે જ કોઈ પણ સિદ્ધાંત હૃદયગત થઈ શકે છે. પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને સમજવા માટે આ પુરુષાર્થ ઉપાદાન કારણ હોય છે અને ઉપાદાન કારણને અનુસરીને કાર્ય હંમેશા થતું જ હોય છે. તેથી આવો સ્વભાવ-સન્મુખતાનો યથાર્થ પુરુષાર્થ પ્રવર્તે તો તેના કારણે પારમાર્થિક તત્ત્વજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત અવશ્ય આત્મસાત્ થાય છે. આ રીતે સિદ્ધાંતના હૃદયગતપણા માટે સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ અચૂક કાર્યકારી છે.

### સંસારનો ખરેખરો ત્રાસ

સંસારની પ્રતિકૂળતામાં દરેક જીવને ત્રાસ લાગે છે પણ સાનુકૂળતામાં પણ ત્રાસ લાગે તો તે સંસારનો ખરેખરો ત્રાસ કહી શકાય. સંસારનો ખરેખરો ત્રાસ હોય તેને સંસારની સંપદાઓમાં પણ સુખ ભાસતું નથી. તેને સમગ્ર સંસાર દુઃખનો જ દાવાનળ ભાસે છે. સંસારથી થાકી ગયેલા, હારી ગયેલા આવા જીવને આ સંસારથી બસ થાઓ, તે કોઈ પણ પ્રકારે ન ખપે તેવી અંતરના ઊંડાણપૂર્વકની ભાવના હોય છે. અને તે માટે સંસારનો અભાવ કરાવનાર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાની અદમ્ય ઉત્કંઠા હોય છે. (પ્રકરણ-૩ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવા માટેની પાત્રતા પાના નંબર ૫૨ પરથી)

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતનું હૃદયગતપણું એટલે પોતાના શુદ્ધ સ્વભાવની ઓળખાણ અને સ્વીકાર છે. આ શુદ્ધ સ્વભાવની ઓળખાણ અને સ્વીકાર સ્વભાવ-સન્મુખતાના પુરુષાર્થથી જ સંભવે છે. તેથી આ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે આ સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ જ પરમ ઉપકારી છે.

ઉપર મુજબ સંસારનો ખરેખરો ત્રાસ, પરની તુચ્છતા, સ્વભાવનો મહિમા અને સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ એ 'હું પરમાત્મા છું' જેવા તત્ત્વજ્ઞાનના કોઈપણ સિદ્ધાંતને હૃદયગત કરવા માટેની ઉત્તરોત્તર ચઢિયાતી અનિવાર્ય હોય તેવી આવશ્યકતાઓ છે. આવી આવશ્યકતાઓ ધરાવનારો જીવ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતાઓ ધરાવનારો છે. અનિવાર્ય યોગ્યતાઓ પછી કેટલીક ઈચ્છનીય યોગ્યતાઓની ચર્ચા કરવામાં આવે છે.

## તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઈચ્છનીય યોગ્યતા

**જે બાબત તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે અનિવાર્યપણે આવશ્યક ન હોય તોપણ જે તત્ત્વના સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે ઉપકારી કે સહાયક હોય તેવી યોગ્યતાને ઈચ્છનીય કહે છે.**

ઈચ્છનીય યોગ્યતા અનેક પ્રકારની હોય છે. અનિવાર્ય યોગ્યતા ધરાવનારમાં આ પૈકીની કેટલીક યોગ્યતા સહજપણે હોય જ છે. સાચા મુમુક્ષુમાં આવી ઘણી ખરી યોગ્યતા જોવા મળે જ છે. અનિવાર્ય ઉપરાંત આવી ઈચ્છનીય યોગ્યતાઓ ધરાવનાર જીવ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત કરવા માટે એકદમ પાત્ર હોય છે.

જેમ કોઈ નોકરી મેળવવા માટે અમુક ચાર પ્રકારની યોગ્યતા અનિવાર્ય છે. પણ તે ઉપરાંત બીજા દશ પ્રકારની યોગ્યતા ઈચ્છનીય છે. કોઈ ઉમેદવાર આવી અનિવાર્ય અને ઈચ્છનીય એમ બધી જ યોગ્યતાઓ ધરાવતો હોય તો તે નોકરી માટે પ્રથમ પસંદગી પામે છે. આ બાબતત પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે પણ લાગુ પાડી શકાય છે. પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવા માટેની ચાર પ્રકારની અનિવાર્ય આવશ્યકતા આપણે જોઈ ગયા છીએ. આ માટેની ઈચ્છનીય આવશ્યકતા દસ પ્રકારે શ્રીમદ્ રાજચંદ્રજીએ કહી છે. જે શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક ૧૦૫માં *"મહાવીરના બોધને પાત્ર કોણ?"* તેવા મથાળા હેઠળ અપાયેલ છે. અહીં પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો એ ભગવાન મહાવીરનો જ બોધ હોવાથી આ સિદ્ધાંતોને હૃદયગત કરવાની પાત્રતામાં તે લઈ શકાય છે. જે નીચે મુજબ છે.

ઇ.૧. સત્પુરુષના ચરણનો ઇચ્છુક

ઇ.૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી

ઇ.૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર

ઇ.૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન

ઇ.૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર

ઇ.૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર

ઇ.૭. એકાંતવાસને વખાણનાર

ઇ.૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી

ઇ.૯. આહાર, વિહાર, નિહારનો નિયમી

ઇ.૧૦. પોતાની ગુરુતા દબાવનાર





ઉપરોક્ત દરેક મુદ્દાની ચર્ચા આ નીચે કરવામાં આવે છે. તેમાં સૌ પ્રથમ વ્યાખ્યા, તે વ્યાખ્યાની સમજૂતી અને અંતમાં *'હું પરમાત્મા છું'* અને તેના જેવા સિદ્ધાંતને હૃદયગત કરવામાં તેની ઈચ્છનીયતા બતાવવામાં આવશે.

## ૨.૧. સત્પુરુષનાં ચરણનો ઈચ્છુક

**મોક્ષમાર્ગી મહાત્માના સત્સમાગમ કેકે સત્સંગમાં રહીને આત્મહિત સાધવાની ભાવના રાખનારને *'સત્પુરુષના ચરણનો ઈચ્છુક'* કહે છે.**

સત્પુરુષના ચરણનો ઈચ્છુક હોય તેને શ્રીમદ્ રાજચંદ્રજીએ સૌ પ્રથમ ઈચ્છનીય પાત્રતામાં દર્શાવેલ છે. તેઓ એમ પણ કહે છે કે કુલ દસ પ્રકારની પાત્રતામાં આના જેવી બીજી એક્કેય નથી. સત્પુરુષનું મહત્ત્વ બતાવતાં તેમણે અન્યત્ર એમ પણ કહ્યું છે કે —

*એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સંપૂર્ણ સમર્પિત થવાથી સઘળાં પારમાર્થિક કાર્યો પાર પડે છે. શાસ્ત્રમાં માર્ગ કહ્યો હોય છે પણ તેનો મર્મ તો માત્ર સત્પુરુષના અંતરમાં જ હોય છે. તેથી કોઈ પણ સિદ્ધાંતનો ભાવ, રહસ્ય કે સમજૂતી સત્પુરુષના ચરણોમાં રહીને સરળતાથી પ્રાપ્ત થાય છે. દેશનાલબ્ધિ નિયમરૂપ હોવાથી સત્પુરુષનાં સદ્દુપદેશના નિમિત્ત વિના કોઈ પણ પારમાર્થિક પંથમાં એક ડગલુંય આગળ વધી શકતો નથી. એટલે સંત વિના અંતની વાતમાં અંત પામી શકાતો નથી.*



(શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક : ૫૮, ૭૬, ૧૨૮, ૧૯૮, ૮૬૬ના આધારે)

આ જીવ અનાદિનો અજાણ્યો અને માર્ગ ભૂલેલો એવો સંસારમાં ભટકતો છે. તે પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોથી અપરિચિત છે. આ સિદ્ધાંતો સમજીને સન્માર્ગે વળવા માટે તેને કોઈ માર્ગદર્શકની આવશ્યકતા હોય છે. સત્પુરુષ જેવો બીજો કોઈ માર્ગદર્શક હોતો નથી. તેથી તત્ત્વજ્ઞાનનાાા સિદ્ધાંતો સમજીને હૃદયગત કરવા માટે સત્પુરુષના ચરણની ઈચ્છુકતા આવશ્યક છે.

સત્પુરુષના ચરણની ઈચ્છુકતા તેમની ઉપાસના માટે હોય છે. સત્પુરુષના ચરણની ઉપાસનાાા એટલે સત્પુરુષના સત્સંગમાં રહી તેમની આજ્ઞા અને ઉપદેશને અનુસરીને તેમના માર્ગે ચાલવું તે છે. આ સત્પુરુષે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ, સ્વીકાર અને આશ્રય દ્વારા પરમાત્મદશાના પંથે પ્રયાણ આદરેલું હોય છે. તેઓ પરમાત્માના જ લઘુનંદન એટલે કે તેમના નાનકડા પુત્ર સમાન હોય છે. તેમની આજ્ઞા એ પરમાત્માની જ આજ્ઞા છે, તેમનો સદ્દુપદેશ એ પરમાત્માની જ પ્રસાદી છે, તેમના માર્ગે ચાલવું એ પરમાત્મદશાના પંથે જ વિચરવાનું છે. તેથી આ સત્પુરુષના ચરણની ઉપાસનામાં પરમાત્માની જ ઉપાસના કે પરમાત્મભક્તિની પરાયણતા પણ સમાયેલી છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ જરુરી હોય છે જેઓએ પોતાના પરમાત્મસ્વભાવની પ્રાપ્તિ કરીને પરમાત્મદશાના પંથે પ્રયાણ આદરેલ છે તેવા સત્પુરુષના ચરણની ઉપાસના વડે આ પરમાત્મસ્વભાવની ઓળખાણ સહજપણે અને સરળતાથી સંભવે છે. તેથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવા માટે સત્પુરુષના ચરણના ઈચ્છુક બનવું એકદમ ઈચ્છનીય છે.

## ૨.૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી

**સદ્‌ગુરુ દ્વારા સદુપદેશિત તત્ત્વજ્ઞાનની આંટીઘૂંટી અને તેના સિદ્ધાંતોનાં ઊંડાણને સમજવા માટે જે હંમેશા તત્પર હોય છે તેવા જીવને '*સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી*' કહે છે.**

પારમાર્થિક તત્ત્વજ્ઞાન અને તેના મૂળ સિદ્ધાંતો ગંભીર અને ગહન હોય છે. તેનો બોધ પામવાની ઉત્સુકતા ધરાવનાર જીવ સૂક્ષ્મ બોધનો અભિલાષી કહેવાય છે. તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો સમજવાની ઊંડી રુચિ અને ઉત્સાહ ધરાવનારો આવો જીવ જ્ઞાનમાં પણ વિચક્ષણ હોય છે.

પારમાર્થિક તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો રહસ્ય સભર અને સૂક્ષ્મ હોય છે. તે સમજવાની જિજ્ઞાસા અને રુચિ ન ધરાવતા જીવોને તે અઘરા અને અટપટા લાગે છે. તેથી સામાન્યજનો ચીલાચાલુ અને સ્થૂળ બાબતો સમજીને સંતોષ માને છે અને સાચા તત્ત્વજ્ઞાનથી દૂર ભાગે છે.

જ્યાં ધર્મના નામે કથા કે વાર્તા હોય, સદાચાર અને સંયમની વાર્તા હોય, માનવતા અને સમાજ સેવાનો ઉપદેશ હોય ત્યાં લોકોના ટોળેટોળાં ઊમટે છે, પણ જ્યાં સાચા ધર્મનો સદુપદેશ હોય તેવા તત્ત્વજ્ઞાન કે તેના સિદ્ધાંતોની સૂક્ષ્મ અને ગંભીર બાબતોની ચર્ચા થતી હોય તેવી સભામાં બહુ ઓછા લોકો જોવા મળે છે. તેનું કારણ સૂક્ષ્મ બોધના અભિલાષી જીવો પણ હંમેશાં ઓછાં જ હોય છે.

પારમાર્થિક પંથમાં પ્રવેશ પામવા માટે તત્ત્વજ્ઞાનનો સૂક્ષ્મ બોધ પામવો પણ જરૂરી હોય છે. સૂક્ષ્મ બોધ માટે અણગમો કે આનાકાની હોય તે જીવ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજીને હૃદયગત કરી શકતો નથી. તેથી તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોને સમજીને હૃદયગત કરવા માટે સદૈવ સૂક્ષ્મ બોધનાં અભિલાષી હોવું ઈચ્છનીય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંત ઘણો ગંભીર અને ગહન છે. સૂક્ષ્મ ન્યાય વડે જ સમજી શકાય તેવો છે તેથી તેને હૃદયગત કરનાર જીવ પણ સૂક્ષ્મ બોધનો અભિલાષી હોવો જોઈએ.

## ૨.૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર

**બીજાના ગુણ જોઈને પ્રમોદ પામનાર ગુણગ્રાહી જીવને 'ગુણ પર [1]*પ્રશસ્ત ભાવ રાખનાર*' કહે છે.**

કોઈના દોષ કે કચાશને ધ્યાનમાં લીધા વગર તેના ગુણને જોનાર જીવ ગુણગ્રાહી કહેવાય છે. આવો ગુણગ્રાહી જીવ બીજાના ગુણ જોઈને ખુશી થાય છે. તે ગુણ પર પ્રશસ્તભાવ રાખનાર છે. મનની શુદ્ધતા વિના બીજાના ગુણ પર પ્રશસ્ત ભાવ રાખી શકાતો નથી. તેથી આવો જીવ શુદ્ધ મનવાળો પણ કહી શકાય છે. ગુણ પર પ્રશસ્તભાવ રાખવાથી તેવા ગુણ પ્રગટ કરવાની પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન મળે છે. અને તેથી પોતાનો પુરુષાર્થ પણ તે પ્રકારે પ્રવર્તે છે.

જેને પોતાના દોષો ટાળી ગુણો પ્રગટ કરવા છે તેને તે ગુણોનું બહુમાન આવશ્યક છે. બીજાના ગુણો પર [2]*માત્સર્યભાવથી* અપ્રશસ્તભાવ રાખનાર તેવા ગુણો પ્રગટ કરી શકતો નથી. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે આવા સિદ્ધાંતો હૃદયગત કરનાર મહાનુભાવોના ગુણો પર પ્રશસ્તભાવ રાખી ગુણગ્રાહી થવું ઈચ્છનીય આવશ્યકતા છે.



**'હું પરમાત્મા છું'** સિદ્ધાંત હૃદયગત કરવા માટે જેણે આ સિદ્ધાંત હૃદયગત કર્યો છે તેવા મહાનુભાવના તે સંબંધીના ગુણોનો આદર અનો બહુમાનપૂર્વકનો પ્રશસ્ત ભાવ હોય તો તે પોતાને પણ તે સિદ્ધાંત હૃદયગત થઈ તેવા ગુણો પ્રગટવાનું કારણ બને છે.

## ૨.૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન

**સ્ત્રી-પુરુષના કામસેવનની પ્રવૃતિમાં અપ્રીતિ રાખનારને '*બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન*' માનવામાં આવે છે.**

પાંચ પ્રકારના વ્રતમાં બ્રહ્મવ્રત મહાન છે. મનુષ્યમાં મૈથુનની મુખ્યતા હોય છે. તેના કારણે પોતાનીી પરિણતિ સ્પર્શેન્દ્રિયના વિષય માટે બહારમાં જ ભટકતી રહે છે. સ્પર્શેન્દ્રિયના ત્યાગથી જ બ્રહ્મ એટલે કે આત્મામાં ચર્યા એટલે કે રમણતા થઈ શકે છે. તેથી તેના ત્યાગના વ્રતને બ્રહ્મચર્ય વ્રત કે બ્રહ્મવ્રત કહેવામાં આવે છે. સ્ત્રી-પુરુષના મૈથુનની પ્રવૃતિ આત્માને અત્યંત અનુપકારક અનો કર્મબંધન કરાવનાર છે. તેમ જાણીને તેના ત્યાગની ભાવના ધરાવનાર જીવને બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન માનવામાં આવે છે. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાનને બીજા ઈન્દ્રિયવિષયોની અભિલાષા પણ હોતી નથી. તેથી આવો જીવ વિષયોથી વિરક્ત પણ હોય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવા પોતાની બહારમાં ભટકતી પરિણતિને પાછી વાળી પોતાના પરમાત્મસ્વભાવને સમજવામાં કેન્દ્રિત કરવાની હોય છે. પોતાની બહારમાં ભટકતી પરિણતિનું કારણ પાંચ ઈન્દ્રિયોના વિષયો અને તેમાંય મુખ્યપણે સ્પર્શેન્દ્રિયના વિષયની અભિલાષા હોય છે. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાનને આ વિષયોની અભિલાષા ન હોવાથી પોતાની પરિણતિને બહારમાં રખડવાનું પ્રયોજન રહેતું નથી. તેથી *'હું પરમાત્મા છું'* અને તેવા બીજા સિદ્ધાંતો હૃદયગત કરવા માટે બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન હોવું ઈચ્છનીય છે.

## ૨.૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર

**પોતાના જ પરીક્ષણ દ્વારા કે બીજાના દર્શાવ્યા દ્વારા પોતાનો કોઈ દોષ જાણવામાં આવે કે તુરત જ તેને દૂર કરવાનો ઉદ્યમ કરનાર જીવ '*જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર*' કહેવાય છે.**

જીવની કોઈપણ પ્રકારની સિદ્ધિમાં અટકાવરૂપ પોતાનો જ દોષ હોય છે. પોતાનો દોષ ટાળવા માટે તેને દેખવો એ અગત્યની બાબત છે.. પોતાના જ અવલોકન કે પરીક્ષણ દ્વારા તે દેખી શકાય છે અને ગુરુ કે બીજા કોઈ હિતેચ્છુ દ્વારા પણ તે દેખાડવામાં આવે છે. પોતાનો કોઈ દોષ ખ્યાલમાં આવ્યા બાદ તુરત જ તે દૂર કરવાનો ઉપાય અને ઉદ્યમ કરવો જોઈએ. દોષને દૂર કરવામાં ઢીલ રાખવાથી તે કયારેય દૂર થઈ શકતો નથી અને [3]*ઘર ઘાલી* જાય છે. તેથી જયારે સ્વદોષ જણાય ત્યારે તુરત જ તેને મટાડવાનો ઉપાય કરવો જોઈએ.

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થતાં હોય તેનું કારણ પોતાનો જ કોઈ ને કોઈ દોષ હોય છે પોતાના જ દોષના કારણે પોતે અટકી જતો હોય છે. અન્ય કોઈ પોતાને પોતાનો દોષ બતાવે તો તે

પોતા માટે પરમ ઉપકારી છે. દોષ બતાવનાર અન્ય કોઈ ન હોય તોપણ પોતાના પરિણામની તપાસ અને અવલોકન દ્વારા પોતે પોતાનાં દોષને જોઈ શકે છે.

આ જીવ અનેક દોષોથી યુક્ત હોય છે આ દોષના કારણે પોતે આગળ વધી શકતો નથી. પોતાનાં અંતરમાં રહેલી દોષોની બદબૂના કારણે પારમાર્થિક પવિત્ર સિદ્ધાંતો પોતાનાં હૃદયમાં પેસતા નથી. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત થવામાં અટકાવનાર આ દોષો હોય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત થવામાં સામાન્યપણે '*સ્વચ્છંદ* એ મોટો દોષ હોય છે. પોતામાં સ્વચ્છંદ કે બીજો કોઈ પણ દોષ જણાય તો તે તુરત જ દૂર કરવાનો ઉપાય કરવાથી નિર્દોષ થવાય છે અને તેથી સિદ્ધાંતો સહજપણે હૃદયગત થઈ શકે છે. તેથી જ્યારે સ્વદોષ દેખાય ત્યારે તેને છેદવાનો ઉપાય રાખનાર જીવ જ સિદ્ધાંતને હૃદયગત કરી તેનું ફળ પ્રાપ્ત કરે છે.

## ૨.૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર

**પોતાથી શક્ય હોય ત્યાં સુધી મનુષ્યજીવનની એક એક પળનો આત્મહિત માટે સદુપયોગ કરનાર જીવને 'ઉપયોગથી એક પળ પણ ભરનાર' કહે છે.**

આત્મહિત માટેનો અમૂલ્ય અવસર મનુષ્યભવમાં છે. મનુષ્યના એક ભવમાં અનંત ભવભ્રમણના અભાવનું કાર્ય થઈ શકે છે. તેથી મનુષ્યજીવનનો એક સમય પણ કરોડો સુવર્ણ મહોરોથી કિંમતી છે. જે મનુષ્ય પોતાના ઉપયોગથી એટલે કે પોતાના વશમાં હોય ત્યાં સુધી એક એક પળનો પૂરેપૂરો સદુપયોગ આત્મહિતના સાધનમાં કરે તે ઉપયોગથી એક પળ પણ ભરનાર છે.

લૌકિકમાં જે કોઈ વ્યક્તિ કોઈ ક્ષેત્રમાં મહાન કહેવાતી હોય તો તેની મહાનતાનું કારણ સમયનો સંપૂર્ણ ઉપયોગ છે. બીજા લોકો પ્રમાદમાં અને ફાલતું કાર્યોમાં પોતાનો સમય વેડફતા હોય છે ત્યારે તેઓ પોતાના ધ્યેયની પાછળ પૂરી લગનથી મંડી પડયા હોય છે. આ જ બાબત પારમાર્થિકાક આત્મહિત માટે પણ લાગુ પડે છે.

**'હું પરમાત્મા છું'** એ પારમાર્થિક સિદ્ધાંતને હૃદયગત કરવા માટે અવિરત અને અપ્રતિમ પુરુષાર્થ જરૂરી છે. તેથી પોતાના અમૂલ્ય માનવજીવનની એક પળને પણ ફાલતું સાંસારિકક કાર્યો કે પ્રમાદમાં વેડફી નાખવાને બદલે તેનો પૂરેપૂરો સદુપયોગ કરનાર એટલે કે ઉપયોગથી એક પળ પણ ભરનાર આ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરી શકે તે દેખીતું છે.

## ૨.૭. એકાંતવાસને વખાણનાર

**તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી તેના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે એકાંતવાસ ઉપયોગી હોય છે. આ બાબતને સારી રીતે સમજીને એકાંતવાસ માટે પ્રયત્ન કરનાર જીવ '*એકાંતવાસને વખાણનાર* કહેવાય છે.**

તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતની સમજણ માટે શાંતિ, સ્થિરતા અને એકાગ્રતા જરૂરી હોય છે. જે એકાંતવાસમાં સારી રીતે સંભવે છે. આ બાબતને સમજીને એકાંતવાસને ઈચ્છનાર અને શોધનાર જીવ એકાંતવાસને વખાણનાર છે.

કુટુંબ કબીલામાં રહેવાથી ઘણા અવરોધો અને સમસ્યાનો સામનો કરવો પડે છે. તેથી શાંતિ અને



સ્થિરતાપૂર્વક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ થઈ શકતો નથી. અવારનવાર ખલેલ પડવાથી એકાગ્રતા પણ જળવાતી નથી. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં —

કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી.

તત્ત્વજ્ઞાનની ગુપ્ત ગુફાના દર્શન લેતા ગૃહાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સૂઝે છે."

(શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક ૧૦૩, ૧૧૩)

**'હું પરમાત્મા છું'** જેવા સિદ્ધાંતને હૃદયગત કરવા માટે એકાંતવાસ અતિ ઉપયોગી છે..

## ૨.૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી

**તીર્થયાત્રા, જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ વગેરે જેવા કારણોસર પ્રવાસ કરવા ઉત્સુક જીવને '*તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી*' કહે છે.**

સિદ્ધક્ષેત્ર, તીર્થંકરોના કલ્યાણક ક્ષેત્ર, અતિશય ક્ષેત્ર, મહાપુરુષોની સાધનાભૂમિ, પ્રાચીન અને અર્વાચીન જિનમંદિર વગેરે જેવા પવિત્ર સ્થળોના પ્રવાસને તીર્થયાત્રા કહે છે. તીર્થયાત્રા ઉપરાંત જિનબિંબ પંચકલ્યાણ પ્રતિષ્ઠા મહોત્સવ, પૂજન વિધાન, જિનેન્દ્ર રથયાત્રા કે અન્ય ધાર્મિક મહોત્સવમાં ભાગ લેવા માટે કરવામાં આવતા પ્રવાસને તીર્થાદિનો પ્રવાસ કહે છે. તીર્થાદિના પ્રવાસ માટે ઉત્સાહી, રુચિવંત જીવને તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી માનવામાં આવે છે.

તીર્થાદિ પ્રવાસથી મોક્ષગામી મહાત્માઓના જીવન અને સાધનાથી પરિચિત થવાય છે. ત્યાંના પવિત્ર અને શાંત વાતાવરણથી આત્મ-લક્ષી પુરુષાર્થની પ્રેરણા મળે છે. આવા સ્થળોએ ધર્માત્મા પુરુષોનો સત્સંગનો લાભ પણ મળી રહે છે. તેનાથી તત્ત્વજ્ઞાન સબંધી શંકાઓનું સમાધાન મળે છે અને તત્ત્વજ્ઞાનની સમજૂતી આપતા નવાવા ન્યાયો પણ જાણવા મળે છે. આ ઉપરાંત તે સ્થળનાં જિનબિંબનાં દર્શન-પૂજનાદિનો પણ લાભ મળે છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે આ સિદ્ધાંતને હૃદયગત કરેલ મહાપુરુષ સાથે સંબંધિત ક્ષેત્રના પ્રવાસથી તેના માટેની પ્રેરણા અને પ્રોત્સાહન મળે છે. આવા ક્ષેત્રમાં કોઈ આવા મહાપુરુષ સાક્ષાત્ બિરાજમાન હોય તો તેમના સત્સંગથી આ સિદ્ધાંતે હૃદયગત કરવા માટેનું માર્ગદર્શન પણ મળે છે. તેમ જ ક્યારેકેક પોતાની નબળાઈ કે ત્રુટિ જાણવા મળે છે અને તે સુધારીને આગળ વધવા માટેના પુરુષાર્થને બળ મળે છે આ રીતે તીર્થાદિ પ્રવાસ આ સિદ્ધાંતનો હૃદયગત થવામાં સહાયક બની રહે છે.

## ૨.૯. આહાર, વિહાર, નિહારનો નિયમી

**સાદું, સાત્વિક, નિર્દોષ અને શુદ્ધ ભોજન તેના નિયત સમયે કરનાર, એક સ્થળેથી બીજા સ્થળમાં જવામાં મર્યાદા અને સમયનું પાલન કરનાર, નિહારમાં નિયમિતતા રાખનારને '*આહાર, વિહાર, નિહારનો નિયમી*' કહેવામાં આવે છે.**

આહારનું પ્રયોજન શરીરને નિભાવવાનું હોય છે. આ આહાર લોલુપતા પૂર્વકનો, અભક્ષ્ય કે જીભના સ્વાદને પોષનારો ન હોવો જોઈએ. સઘળા પ્રકારના દોષથી રહિત અલ્પ આહાર તેના નિયમ અનુસાર લેનાર આહારનો નિયમી છે.

વિહારનું પ્રયોજન પોતાના સંયમ અને સાધનાની સિદ્ધિ માટે હોય છે. આ વિહાર રાત્રિના સમયે, ચોમાસામાં, જીવ-જંતુ હોય તેવા રસ્તા ઉપર કે ચારેબાજુ નજર ફેરવતા ન હોવો જોઈએ. પોતાના પ્રયોજન અનુસાર અમુક દિશા કે સ્થળની હદમાં તેના નિયમ અનુસાર જરૂરી વિહાર કરનાર તે વિહારનો નિયમી છે.

નિહારનું પ્રયોજન શરીરનો કચરો બહાર કાઢવાનું છે. આ નિહાર એકાંત સ્થાનમાં અને જીવ-જંતુ-રહિત સ્થળે હોવું જોઈએ. પોતાના નિહારમાં નિયમીતતા રાખનારને નિહારનો નિયમી માનવામાં આવે છે..

તત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજીને હૃદયગત કરવા માટે આહાર-વિહાર-નિહારનો નિયમી હોય તો તો ઉપયોગી બને છે. તેના કારણે પ્રમાદથી બચી શકાય છે, સમયની બચત થાય છે, રોગોથી દૂર રહેવાય છે, શરીરની સ્થિરતા અને સુદ્રઢતા જાળવી શકાય છે, ચિત્તની સ્થિરતા અને એકાગ્રતા બની રહે છે.

**'હું પરમાત્મા છુ'** અને તેના જેવા બીજા સિદ્ધાંતને હૃદયગત કરવા માટે આહાર-વિહાર-નિહારનો નિયમી હોય તે ઈચ્છનીય બાબત છે.

## ૨.૧૦. પોતાની ગુરુતા દબાવનાર

પોતાનામાં કોઈ વિશેષતા કે મહાનતા હોય તો તેના પ્રચાર-પ્રસારથી બચનારને *'પોતાની ગુરુતા દબાવનાર'* કહે છે.

પોતાનામાં કોઈ પારમાર્થિક સિદ્ધિ કે આત્મિક ગુણની પ્રગટતાના કારણે બીજા કરતા પોતાની કોઈ વિશેષતા કે મહાનતા હોય તો તેની પ્રસિદ્ધિ કરવામાં કે કરાવવામાં ન માનનાર જીવને પોતાની ગુરુતા દબાવનાર માનવામાં આવે છે.

આત્માના કોઈ ગુણો કે તેની સિદ્ધિ બહારમાં પોતાની પ્રસિદ્ધિના કારણે હોતા નથી. બહારની પ્રસિદ્ધિ અંદરમાં આત્માની સિદ્ધિને અટકાવનારી હોય છે. તેથી બહાર પડવાના પ્રસંગોથી દૂર રહેવામાં જ લાભ હોય છે. પ્રસિદ્ધિના કારણે [૫]*પ્રતિબંધ* પણ રહે છે. વળી અજ્ઞાની જીવને તે માનકષાયનું પણ કારણ બની શકે છે. તેથી આત્મહિતના સાધનમાં આગળ વધવા માંગતા જીવો માટે પોતાની ગુરુતા દબાવવી જરૂરી હોય છે..

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પોતાની ગુરુતા દબાવનાર બાજી જીતી જાય છે. આ સિદ્ધાંતને હૃદયગત થવાનાં ફળમાં પોતે જ પરમાત્માદશા પ્રગટ કરી પરમગુરુ બની જાય છે. આ રીતે અલ્પગુરુતા દબાવવાથી જ પરમગુરુતા પ્રગટ થતી હોવાથી પોતાની ગુરુતા દબાવવી ઈચ્છનીય છે.

## ઉપસંહાર

**'હું પરમાત્મા છું'** જેવા તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત થવા માટે અમુક પ્રકારની લાયકાત, પાત્રતા કે યોગ્યતા આવશ્યક હોય છે. આ યોગ્યતા અનિવાર્ય અને ઈચ્છનીય એમ બે પ્રકારે હોય છે.

જે યોગ્યતા વિના ચાલી જ ન શકે તેવી નિયમરુપ યોગ્યતાને અનિવાર્ય કહેવામાં આવે છે. તેમાં સૌ પ્રથમ અને મુખ્ય બાબત સંસારનો ખરેખરો ત્રાસ છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સંસારનો અભાવ કરવા માટે હોય છે જેથી જેને સંસારનો ખરેખરો ત્રાસ હોય તે જ તેના માટે લાયક ગણાય તે દેખીતી બાબત છે. આ ઉપરાંત પરની તુચ્છતા, સ્વભાવનો મહિમા અને સ્વભાવ



સન્મુખતાનો પુરુષાર્થ પણ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય પ્રકારની યોગ્યતાઓ છે.

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે અનિવાર્ય એટલે કે એકદમ આવશ્યક ન હોય તોપણ જે ઉપકારક કે સહાયક બની શકે તેવી યોગ્યતાને ઈચ્છનીય યોગ્યતા માનવામાં આવે છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઈચ્છનીય યોગ્યતા અનેક પ્રકારની હોય છે. પણ તેમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ મુખ્યપણે દશ પ્રકારે દર્શાવી છે. તેમાં સૌ પ્રથમ અને મહત્ત્વની યોગ્યતા '*સત્પુરુષના ચરણનો ઈચ્છુક*' બતાવવામાં આવી છે.

અત્યારના આ ભૌતિકવાદી જગતમાં પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો જાણવાની જિજ્ઞાસા ધરાવનારા જીવો જ દુર્લભ છે. આવા જિજ્ઞાસુ જીવો પૈકી પરમ સત્ય સનાતન તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની વાત સાંભળવા પામે તેવા મહાભાગ્યશાળી જીવો ઘણાં થોડાં હોય છે.. આવી વાત સાંભળ્યા પછી પણ તેને લક્ષમાં લઈ તેનો અભ્યાસ અને ચિંતન કરનારાં જીવો તો એકદમ ઓછાં જ હોય છે. અને તત્ત્વોનો અભ્યાસ કરનારાં જીવોમાંથી પણ તે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવાની લાયકાત ધરાવી તેને હૃદયગત કરી શકનારા તો કોઈક [૬]*વિરલ* જ હોય છે. આચાર્યશ્રી યોગીન્દુદેવના શબ્દોમાં —

(દોહરો)

**વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;**
**વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.**

**ભાવાર્થ : આ જગતમાં કોઈ વિરલ જીવો જ તત્ત્વને જાણવાની જિજ્ઞાસા ધરાવનારા હોય છે. આવા જિજ્ઞાસુ જીવોમાંથી કોઈ વિરલને જ તત્ત્વની સાચી વાત સાંભળવામાં આવે છે. તત્ત્વની સાચી વાત સાંભળ્યા પછી તેનો અભ્યાસ કરીને તેનું ચિંતન કરનારા જીવો બહુ વિરલ હોય છે. અને તત્ત્વનું ચિંતન કરનારા આવા જીવોમાંથી તે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવાની યોગ્યતા રાખી તેને હૃદયમાં ધારણ કરનારો જીવ કોઈક વિરલ જ હોય છે.**

(યોગસાર : દોહરો : ૬૬)

## ટિપ્પણ

(અઘરા તથા અપરિચિત શબ્દોના અર્થ)

***૧. પ્રશસ્ત*** પ્રશંસા પ્રશંસનીય, ઉત્તમ, સારો :: ***૨. માત્સર્યભાવ*** બીજાનાં ગુણોને જોઈ બળવું, અદેખાઈ, ઈર્ષ્યા
***૩. ઘર ઘાલી જવું*** દોષોનું કાયમ થઈ જવું :: ***૪. સ્વચ્છંદ*** મરજી મુજબ વર્તવું, મનમાની કરવી, પોતાનો જ અભિપ્રાય કેકે માન્યતાને સાચી માનવી. ::: ***૪. પ્રતિબંધ*** વિઘ્ન, વાંધો, રૂકાવટ, અટકાવ, મનાઈ :: ***૫. વિરલ*** દુર્લભ, એકદમ અલ્પ

## સંદર્ભ ગ્રંથો

***પ્રાસ્તાવિક ::*** ૧. પરમાત્મપ્રકાશ : અધિકાર ૨ : દોહા ૨૦૭-૮-૯; • ૨. પુરુષાર્થસિદ્ધિ ઉપાય : ગાથા ૭૪; • ૩. સંસ્કૃત સુભાષિત. ::

***૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા :*** ૧. પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા; • ૨. બહેનશ્રીનાં વચનામૃત નં. ૭,૩૬,૪૨,૬૧,૧૦૨, ૧૦૮, ૨૧૬, ૨૪૪, ૨૪૮, ૨૬૬, ૨૭૭,૨૭૮,૨૮૧, ૩૧૦, ૩૪૩,૩૪૮, ૩૭૧, ૩૭૯, ૩૮૦, ૩૮૪, ૩૮૭, ૩૯૨, ૪૧૪, ૪૧૬; • ૩. સમયસાર ગાથા ૨૦૬ અને તેની ટીકા; • ૪. ગુરુદેવશ્રીનાં વચનામૃત નં. ૯૩.

***૨. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઈચ્છનીય યોગ્યતા :*** ૧. શ્રીમદ રાજચંદ્ર : પત્રાંક/પાનું /વર્ષ : ૫૮/૧૮૪/૨૨; ૭૬/૧૯૪/૨૨; ૧૦૩/૨૧૦/૨૨; ૧૦૫/૨૧૦/૨૨; ૧૧૩/૨૧૫/૨૨; ૧૨૮/૨૨૨/૨૨; ૧૯૮/૨૬૨/૨૪; ૮૬૬/૬૩૨/૩૨; • ૨. મોક્ષપાહુડ : ગાથા ૬૫ થી ૭૦; • ૩. આત્માનુશાસન : શ્લોક ૨૨૪,૨૨૫; • ૪. પરમાત્મપ્રકાશઃ અધિકાર ૨ : દોહા ૨૦૭-૮-૯.

***ઉપસંહાર*** યોગસાર : દોહરો ૬૬.





# હેતુલક્ષી પ્રશ્નો

*યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.*

૧. જૈન દર્શનના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે શેની આવશ્યકતા હોય છે ? ૧ ☐
A. પાત્રતા કે યોગ્યતાની
B. દયા કે દાનની
C. ભગવાનની ભક્તિ કે પૂજાની
D. સંયમ કે સદાચારની

૨. સંસારનો અને મોક્ષનો માર્ગ પરસ્પર કેવો છે ? ૨ ☐
A. પૂરક અને પોષક
B. તદ્દન ભિન્ન અને વિપરીત
C. સમાન અને અવિરોદ્ધ
D. સહાયક અને સુસંવાદી

3. પરની તુચ્છતા માટે પરમાં કોને સમાવેશ નથી ? ૩ ☐
A. પરપદાર્થો B. પરવિષયો
C. પરનિમિત્તો D. પરભાવો

૪. પોતાનો શુદ્ધાત્મ સ્વભાવ કેવો છે ? ૪ ☐
A. શુદ્ધ થવાની યોગ્યતા રાખનારો
B. વર્તમાનમાં અશુદ્ધ
C. ચૈતન્ય ચક્રવર્તી D. પરમાત્મપણે પ્રગટ

૫. સત્પુરુષનું મહત્વ મુમુક્ષુ માટે શા કારણે હોય છે ? ૫ ☐
A. શાસ્ત્રોની પરખ સત્પુરુષ કરી શકે છે.
B. શાસ્ત્રોના રચયિતા સત્પુરુષ હોય છે
C. શાસ્ત્રોના પારગામી સત્પુરુષ હોય છે.
D. શાસ્ત્રનો મર્મ સત્પુરુષના અંતરમાં હોય છે.

૬. સત્પુરુષના ચરણની ઉપાસના એટલે શું ? ૬ ☐
A. સત્પુરુષના ચરણની ચંપી કરવી તે.
B. સત્પુરુષની સેવા-ચાકરી કરવી તે
C. સત્પુરુષની પાછળ તેની સાથે ચાલવું તે
D. સત્પુરુષનાં દર્શાવેલ માર્ગે ચાલવું તે

૭. પારમાર્થિક તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો કેવા હોતા નથી ? ૭ ☐
A. રહસ્ય સભર અને સૂક્ષ્મ
B. ગંભીર અને ગહન
C. અઘરા અને અટપટા
D. સુક્ષ્મ ન્યાય વડે જ સમજી શકાય તેવા

૮. સાચા ધર્મોપદેશમાં શેની વાત હોય છે ? ૮ ☐
A. માનવતા અને સમાજસેવાની
B. સદાચાર અને સંયમની
C. સુક્ષ્મ, ગંભીર તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતોની
D. ધર્મના નામે કથા કે વાર્તાની

૯. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર કેવો હોતો નથી ? ૯ ☐
A. શુદ્ધ મનવાળો
B. બીજાના ગુણો પર માત્સર્યભાવ રાખનાર
C. બીજાના ગુણોનું બહુમાન કરનાર
D. બીજાના દોષને ધ્યાનમાં લીધા વગર માત્ર તેના ગુણોને જોનાર

૧૦. મનુષ્યમાં કયા વિષયની મુખ્યતા હોય છે ? 10 ☐
A. સ્પર્શેન્દ્રિયની B. રસનેન્દ્રિયની
C. પાંચેય ઇન્દ્રિયના વિષયની D. માનની

૧૧. પારમાર્થિક પવિત્ર સિદ્ધાંતો આપણા હૃદયમાં પ્રવેશ ન પામી શકવાનું કારણ શું છે ? ૧૧ ☐
A. આપણા હૃદયમાં દોષોની બહુલતાના કારણે
B. આપણા હૃદયની વિશાળતા ન હોવાના કારણે
C. આપણું હૃદય પ્રેમાળ ન હોવાના કારણે
D. આપણું હૃદય ભીંજાયેલું હોવાના કારણે

૧૨. આત્મહિત માટેનો અમૂલ્ય અવસર કયા ભવમાં હોય છે ? ૧૨ ☐
A. નારકી B. મનુષ્ય
C. દેવ D. તિર્યંચ



૧૩. લૌકિક કે પારમાર્થિક કોઈપણ ક્ષેત્રમાં મહાનતાનું કારણ શું હોય છે.. ૧૩ ☐

A. શારીરિક કાર્યક્ષમતા B. ઉત્તમ બુદ્ધિ

C. સમયનો સંપૂર્ણ ઉપયોગ

D. યોગ્ય નિમિત્તનું અવલંબન

૧૪. એકાંતવાસમાં શું સંભવતું નથી ? ૧૪ ☐

A. શાંતિ B. સ્થિરતા

C. સત્સંગ D. એકાગ્રતા

૧૫. કુટુંબરૂપ કાજળની કોટડીના વાસથી શું વધે છે? ૧૫ ☐

A. સન્માન B. સંપત્તિ

C. પરિવાર D. સંસાર

૧૬. ક્યા પ્રવાસનો તીર્થાદિ પ્રવાસમાં સમાવેશ નથી ? ૧૬ ☐

A. તીર્થંકરોના કલ્યાણકક્ષેત્ર

B. મહાપુરુષોની સાધનાભૂમિ

C. જિનેન્દ્ર રથયાત્રા

D. હવા ખાવા માટેના ગિરિમથક

૧૭. આહારનું પ્રયોજન શા માટે હોય છે ? ૧૭ ☐

A. જીભના સ્વાદ માટે

B. શરીરના પાલન-પોષણ માટે

C. શરીરને નિભાવવા માટે

D. શરીરને સુદૃઢ રાખવા માટે

૧૮. વિહારનું પ્રયોજન શા માટે હોય છે ?

A. હરવાફરવા અને મોજમસ્તી માટે ૧૮ ☐

B. વેપારધંધા અને જ્ઞાનના વિકાસ માટે

C. સંયમ અને સાધનાની સિદ્ધિ માટે

D. સમાજની સેવા અને કૌટુંબિક કામકાજ માટે

૧૯. બહારની પ્રસિદ્ધિથી શો ગેરલાભ થાય છે? ☐

A. જાહેર સ્થળોએ મુક્તપણે હરીફરી શકાતું નથી.

B. અંદરના આત્માની સિદ્ધિ અટકી જાય છે

C. સુરક્ષા કરનાર સૈનિકો વિના બહાર નીકળી શકાતું નથી

D. છાપાવાળાઓ અને ટી.વી. ચેનલવાળાઓ મુલાકાત લેવા લોહી પીવે છે


૨૦. નીચે પૈકી સૌથી વધુ વિરલ જીવો કોણ હોય છે ? ૨૦. ☐

A. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાની લાયકાત થવાથી તેને હૃદયગત કરનાર

B. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો લક્ષમાં લઈ તેનો અભ્યાસ અને ચિંતન કરનાર

C. મહાભાગ્યે તત્ત્વજ્ઞાનની વાત સાંભળી શકનાર

D. તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતોને જાણવાની જિજ્ઞાસા ધરાવનાર



# સૈદ્ધાંતિક પ્રશ્નો

***નીચેના પ્રશ્નોના એક બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.***

૧. કઈ બાબત હોય તો તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સહજપણે હૃદયગત થાય છે ?
૨. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવા માટેની પાત્રતા કયા બે વિભાગમાં બતાવી શકાય છે ?
૩. સંસારનો ખરેખરો ત્રાસ કોને કહે છે ?
૪. પરની તુચ્છતા કોને કહે છે ?
૫. સ્વભાવનો મહિમા કોને કહે છે ?
૬. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ કોને કહે છે ?
૭. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત થવા માટે સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ કઈ રીતે ઉપકારી છે?
૮. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઈચ્છનીય યોગ્યતામાં સૌથી પ્રથમ અને મુખ્ય કઈ બાબત છે ?
૯. સત્પુરુષના ચરણનો ઈચ્છુક કોને કહે છે ?
૧૦. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી કોને કહે છે ?
૧૧. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર કોને કહે છે ?
૧૨. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન કોને કહે છે ?
૧૩. પાંચ પ્રકારનાં વ્રતમાં કયું મહાન છે ?
૧૪. શા માટે સ્પર્શેન્દ્રિયના વિષયના ત્યાગને બ્રહ્મચર્ય કહે છે ?
૧૫. શા માટે બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન હોય તે વિષયોથી વિરક્ત પણ હોય છે ?
૧૬. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર કોને કહે છે ?
૧૭. શા માટે સ્વદોષ જણાય ત્યારે તેને તુરત જ દૂર કરવાનો ઉપાય અને ઉદ્યમ કરવો જોઈએ ?
૧૮. 'હું પરમાત્મા છું' જેવા સિદ્ધાંતને હૃદયગત થવામાં સામાન્યપણે મોટો દોષ કયો હોય છે ?
૧૯. ઉપયોગથી એક પળ પણ ભરનાર કોને કહે છે ?
૨૦. શા માટે મનુષ્યજીવનનો એક સમય પણ કરોડો સુવર્ણ મહોરેથી કિંમતી છે ?
૨૧. એકાંતવાસને વખાણનાર કોને કહે છે ?
૨૨. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી કોને કહે છે ?
૨૩. આહાર, વિહાર, નિહારનો નિયમી કોને કહે છે ?
૨૪. પોતાની ગુરુતા દબાવનાર કોને કહે છે ?
૨૫. અત્યારના ભૌતિકવાદી જગતમાં શેની જિજ્ઞાસા ધરાવનાર જીવો દુર્લભ હોય છે ?

***નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.***

૧. આચાર્યશ્રી યોગીન્દુદેવના જણાવ્યા અનુસાર 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે કઈ પાત્રતા કે યોગ્યતા જરૂરી હોય છે ?
૨. તત્ત્વજ્ઞાના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની અનિવાર્ય યોગ્યતા કોને કહે છે ? પૂજ્ય બહેનશ્રી અનુસાર તે કયા પ્રકારે છે ?
૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે સંસારનો ખરેખરો ત્રાસ શા માટે જરૂરી છે ?
૪. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત થવા માટે પરની તુચ્છતા શા માટે જરૂરી છે ?
૫. સ્વભાવનો મહિમા એટલે શું ? તે 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવામાં કઈ રીતે કાર્યકારી છે ?
૬. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત કરવા માટે સ્વભાવ-સન્મુખતાના પુરુષાર્થની આવશ્યકતા સમજાવો.
૭. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટેની ઈચ્છનીય યોગ્યતા કોને કહે છે ? શ્રીમદ્ રાજચંદ્રજી અનુસાર તે કયા પ્રકારે છે ?
૮. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે સત્પુરુષના ચરણની ઉપાસના એટલે શું ? અને તેની આવશ્યકતા શા માટે હોય છે ?
૯. સત્પુરુષના ચરણની ઉપાસનામાં પરમાત્મ- ભક્તિની પરાયણતા કઈ રીતે સમાયેલી છે ?
૧૦. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે સત્પુરુષના ચરણની ઈચ્છુકતા કઈ રીતે ઈચ્છનીય છે ?
૧૧. શા માટે તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો સમજવા માટે સૂક્ષ્મ બોધનો અભિલાષી હોવું ઉપયોગી છે ? ?
૧૨. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે સૂક્ષ્મબોધનો અભિલાષી હોવું કઈ રીતે જરૂરી છે ?
૧૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે બીજાના ગુણ પર પ્રશસ્ત ભાવ રાખવો શા માટે ઈચ્છનીય છે ?
૧૪. '*હું પરમાત્મા છું*' અને તેવા બીજા સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન હોવું શા માટે ઈચ્છનીય છે ?
૧૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરી શકે છે. શા માટે ? ?



૧૬. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે ઉપયોગથી એક પળ પણ ભરનાર જીવ એકદમ ઉપયુક્ત શા માટે હોય છે ?
૧૭. તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતોની સમજણ માટે એકાંતવાસ કઈ રીતે ઉપયોગી હોય છે ?
૧૮. તીર્થાદિના પ્રવાસથી શો ફાયદો છે ?
૧૯. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે તીર્થાદિ પ્રવાસ કઈ રીતે સહાયક છે ? ?
૨૦. આહારનો નિયમી એટલે શું ?
૨૧. વિહારનો નિયમી એટલે શું ?
૨૨. નિહારનો નિયમી એટલે શું ?
૨૩. આહાર-વિહાર-નિહારના નિયમિતપણાથી શો લાભ છે ? તે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજીને હૃદયગત થવામાં કઈ રીતે મદદરૂપ થાય છે ?
૨૪. આત્મહિતના સાધન માટે પોતાની ગુરુતા દબાવવી શા માટે જરુરી હોય છે ?
૨૫. પારમાર્થિક તત્ત્વજ્ઞાન સબંધી ઉત્તરોત્તર વિકલ્પ શું જણાવો.

## સંસારનો ખરેખરો ત્રાસ

સંસારની પ્રતિકૂળતામાં દરેક જીવને ત્રાસ લાગે છે પણ સાનુકૂળતામાં પણ ત્રાસ લાગે તો તે સંસારનો ખરેખરો ત્રાસ કહી શકાય. સંસારનો ખરેખરો ત્રાસ હોય તેને સંસારની સંપદાઓમાં પણ સુખ ભાસતું નથી. તેને સમગ્ર સંસાર દુ:ખનો જ દાવાનળ ભાસે છે. સંસારથી થાકી ગયેલા, હારી ગયેલા આવા જીવને આ સંસારથી બસ થાઓ, તે કોઈ પણ પ્રકારે ન ખપે તેવી અંતરના ઊંડાણપૂર્વકની ભાવના હોય છે. અને તે માટે સંસારનો અભાવ કરાવનાર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાની અદમ્ય ઉત્કંઠા હોય છે.

'હું પરમાત્મા છું' એ તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત સંસારનો અભાવ કરી મોક્ષમાર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરવા માટેનો છે. સંસારનો અને મોક્ષનો માર્ગ એકબીજાથી તદ્દન ભિન્ન અને વિરુદ્ધ છે. સંસાર અને મોક્ષનું સ્વરુપ પણ એકબીજાથી જૂદું અને વિપરીત છે. જેને સંસારનો ખરેખર ત્રાસ હોય તે નાસ્તિથી ભવના દુ:ખોથી ભયભીત અને અસ્તિથી મોક્ષપદનો ઈચ્છુક હોય તે સમજી શકાય છે. અને આવો જીવ જ આ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે લાયક હોય છે.

પ્રકરણ-૩ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવા માટેની પાત્રતા : ૧.૧ 'સંસારનો ખરેખરો ત્રાસ'માંથી

## સત્પુરુષના ચરણનો ઈચ્છુક

આ જીવ અનાદિનો અજાણ્યો અને માર્ગ ભૂલેલો એવો સંસારમાં ભટકતોછે. તે પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોથી અપરિચિત છે. આ સિદ્ધાંતો સમજીને સન્માર્ગે વળવા માટે તેને કોઈ માર્ગદર્શકની આવશ્યકતા હોય છે. સત્પુરુષ જેવો બીજો કોઈ માર્ગદર્શક હોતો નથી. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજીને હૃદયગત કરવા માટે સત્પુરુષના ચરણની ઈચ્છુકતા આવશ્યક છે.

'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ જરુરી હોય છે જેઓએ પોતાના પરમાત્મસ્વભાવની પ્રાપ્તિ કરીને પરમાત્મદશાના પંથે પ્રયાણ આદરેલ છે તેવા સત્પુરુષના ચરણની ઉપાસના વડે આ પરમાત્મસ્વભાવની ઓળખાણ સહજપણે અને સરળતાથી સંભવે છે. તેથી *'હું પરમાત્મા છુ'* સિદ્ધાંતને હૃદયગત કરવા માટે સત્પુરુષના ચરણના ઈચ્છુક બનવુ એકદમ ઈચ્છનીય છે.

પ્રકરણ-૩ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવા માટેની પાત્રતા : ૨.૧ 'સત્પુરુષનાં ચરણનો ઈચ્છુક'માંથી

प्रकरण

४

# ‘હું પરમાત્મા છું’

## સિદ્ધાંત હૃદયગત કરવાનો ઉપાય

### ◆ પ્રકરણની રૂપરેખા

❖ પ્રાસ્તાવિક

❖ **૧. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર કરવો જોઈએ.**

૧. પારિભાષિક પરિચયનો અભ્યાસ

૨. સત્શાસ્ત્રોનો અભ્યાસ

૩. દ્રવ્ય સામાન્યનો અભ્યાસ

૪. દ્રવ્ય વિશેષનો અભ્યાસ

૫. મોક્ષમાર્ગનો અભ્યાસ

❖ અંચલિકા

❖ **૨. તત્ત્વજ્ઞાનના જે સિદ્ધાંતને હૃદયગત કરવાનો હોય તેનો પાંચ પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રહણ કરવો જોઈએ.**

૧. શબ્દાર્થ

૨. નયાર્થ

૩. મતાર્થ

૪. આગમાર્થ

૫. ભાવાર્થ




❖ **૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતનાં ભાવાર્થને ગ્રહણ કર્યા પછી તેને હૃદયગત કરવા માટે તેના યોગ્ય ક્રમાનુસાર આગળ વધવું જોઈએ.**

❖ ઉપસંહાર

## પ્રકરણ : ૪

# 'હું પરમાત્મા છું'
## હૃદયગત કરવાનો ઉપાય દર્શાવતું
# આચાર્યશ્રી કુંદકુંદનું કથન



નિર્દંડને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે.

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે.

સ્ત્રી-પુરુષ આદિક પર્યાયો, રસવર્ણગંધસ્પર્શ ને
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને.

જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને.

જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,
જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણ સંયુક્ત છે.

**ભાવાર્થ :** તત્ત્વજ્ઞાનનાં અભ્યાસ દ્વારા પોતાના ત્રિકાળ ધ્રુવ પરમાત્મ સ્વભાવને ઓળખવો તે જ 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવાનો ઉપાય છે. પોતાનો પરમાત્મસ્વભાવ કેવો છે?

પોતાનાં પરમાત્મસ્વભાવને શિક્ષા કે સજાનાં કારણભૂત સમસ્ત કર્મોનો અભાવ હોવાથી તે **નિર્દંડ** છે. તે દ્વૈત રહિત એકત્વસ્વરૂપે હોવાથી **નિર્દ્વંદ્વ** છે. મમતા રહિત હોવાથી **નિર્મમ** અને શરીર રહિત હોવાથી **નિ:શરીર** છે. શુભાશુભરાગ વગરનો હોવાથી **નીરાગ** છે. અઢાર પ્રકારના દોષથી રહિત પરમ પવિત્ર પદાર્થ હોવાથી **નિર્દોષ** છે. પોતાના શુદ્ધ સ્વરૂપમાં સદાય સુરક્ષિત રહેવાથી તે **નિર્ભય** છે. પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી **નિરવલંબન** છે. મૂઢતા વિનાનો હોવાથી **નિર્મૂઢ** છે. પોતાનાં પરમાત્મસ્વભાવને સમસ્ત પરિગ્રહોનો પરિત્યાગ હોવાથી તે **નિર્ગ્રંથ** છે. તેને કોઈપણ પ્રકારની કામના કે વાંછા ન હોવાથી તે **નિષ્કામ** છે. પરદ્રવ્ય પરિણતિ બિલકુલ ન હોવાથી તે **નિ:ક્રોધ** છે. પરમ સમરસીભાવસ્વરૂપ હોવાથી **નિર્માન** છે. મિથ્યાત્વ, માયા અને નિદાનરૂપ શલ્યોથી રહિત હોવાથી **નિ:શલ્ય** છે. મોહ-રાગ-દ્વેષાદિ ચિદ્વિકારોનો અભાવ હોવાથી **નીરાગ** છે. નિઃશેષપણે અંતર્મુખ હોવાથી **નિર્મદ** છે. દ્રવ્યકર્મ – ભાવકર્મ – નોકર્મનો અભાવ હોવાથી **સર્વદોષમુક્ત** છે.

પોતાનાં શુદ્ધ પરમાત્મસ્વભાવને સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો નથી. શુદ્ધ જીવદ્રવ્યમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ નથી. સંસ્થાન તેમજ સંહનન પણ નથી.

હે ભવ્ય! પોતાનાં ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્માને તું અરસ, અરૂપ, અગંધ, અશબ્દ તેમજ અવ્યક્ત જાણ. લિંગથી અગ્રાહ્ય અને સંસ્થાનથી અનિર્દિષ્ટ એવા પોતાનાં પરમાત્મસ્વભાવને જાણ.

આ રીતે પરમાત્મસ્વભાવની અપેક્ષાએ જેવા સિદ્ધ આત્માઓ છે તેવા જ સંસારી જીવો છે. જેથી પોતાનો આત્મા પણ સિદ્ધ ભગવાનની જેમ જન્મ-જરા-મરણથી રહિત અને આઠ પ્રકારના મહાન ગુણોથી સંયુક્ત છે તેમ સમજી શકાય છે.

(નિયમસાર : ગાથા ૪૩ થી ૪૭)



(માલિની)

अयि कथमपि मृत्वा, तत्त्वकौतूहली सन्
अनुभव भवमूर्तेः, पार्श्ववर्ती मुहूर्तम् ।
पृथगथ विलसन्तं, स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या, साकमेकत्त्वमोहम् ।।

**ભાવાર્થ: હે ભાઈ ! તું કોઈપણ રીતે મહા કષ્ટે કે મરણિયો પ્રયત્ન કરીને તત્ત્વોનો કૌતૂહલી થઈને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાનો ઉપાય કર. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થવાથી આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત માટે પણ પાડોશી થઈને આત્માનો અનુભવ ક થશે કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો જોઈ શકાશે. અને તેમ થવાથી આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથેનો અનાદિનો એકપણાના મોહને તું તુરત જ છોડશે.**

(સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક: ૨૩)

ઉપરોક્ત શ્લોકમાં આચાર્યદેવે મહાકષ્ટે કે મરણિયો પ્રયત્ન કરીને પણ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાનો ઉપાય કરવાની શીખ આપી છે. સામાન્યપણે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવા અઘરા કે મુશ્કેલ માનવામાં આવે છે. પરંતુ આ સિદ્ધાંતો સમજવાનો યોગ્ય ઉપાય અજમાવવામાં આવે તો તે બિલકુલ અઘરા હોતા નથી.


તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો પોતાના આત્માની જ બાબત છે. પોતાના માટે પોતાની બાબત સમજવી અઘરી કે મુશ્કેલ હોતી નથી. તેથી પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવા સહજ અને સુગમ હોય છે. પણ તે માટે તેના યોગ્ય અભ્યાસક્રમને અનુસરવો જરૂરી હોય છે.

'હું પરમાત્મા છું' એ તત્ત્વજ્ઞાનનો શિરમોર સિદ્ધાંત છે. તત્ત્વજ્ઞાનના કોઈપણ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ આવશ્યક છે. તત્ત્વજ્ઞાનના પ્રયોજનભૂત અભ્યાસ પછી જે તે સિદ્ધાંતના ભાવાર્થને ગ્રહણ કરી તેના યોગ્ય ક્રમાનુસાર આગળ વધવાથી તે સિદ્ધાંત હૃદયગત થઈ શકે છે. તેથી તેને હૃદયગત કરવા માટેનો ઉપાય નીચે પ્રમાણે કરવો જોઈએ.

**૧. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર કરવો જોઈએ.**

**૨. તત્ત્વજ્ઞાનના જે સિદ્ધાંતને હૃદયગત કરવાનો હોય તેનો પાંચ પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રહણ કરવો જોઈએ.**

**૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતના ભાવાર્થને ગ્રહણ કર્યા પછી તેને હૃદયગત કરવા માટે તેના યોગ્ય ક્રમાનુસાર આગળ વધવું જોઈએ.**



## ૧. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર કરવો જોઈએ.

તત્ત્વજ્ઞાનના કોઈપણ સિદ્ધાંતને હૃદયગત કરતાં પહેલા મૂળ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ આવશ્યક હોય છે. તત્ત્વજ્ઞાનનો આ અભ્યાસ તેના સિદ્ધાંતોને હૃદયગત થવામાં પણ સહાયક બને છે. પણ આ અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર કરવો જોઈએ. લૌકિક શિક્ષણમાં જેનો પ્રાથમિક અભ્યાસ જ કાચો હોય તે કોલેજના અભ્યાસમાં આગળ વધી શકતો નથી. એકડો જ આવડતો ન હોય તેને ગણિતનું કોઈ જ્ઞાન આવડતું નથી, કક્કો-બારાક્ષરી આવડયા વિના લખતા-વાંચતા આવડે નહિ. પાયાનો નીચલો અભ્યાસ પાકો કર્યા વિના ઉપલા અભ્યાસમાં સફળતા આવતી નથી. તેમ તત્ત્વજ્ઞાન સંબંધી પાયાની બાબતો સમજ્યા વિના પારમાર્થિક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ થઈ શકે નહિં. તેથી મૂળભૂત પારમાર્થિક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર કરવો જરૂરી છે. આ અભ્યાસનો ક્રમ નીચે મુજબ છે.

**૧.૧. પારિભાષિક પરિચયનો અભ્યાસ**

**૧.૨. સત્‌શાસ્ત્રોનો અભ્યાસ**

**૧.૩. દ્રવ્ય સામાન્યનો અભ્યાસ**

**૧.૪. દ્રવ્ય વિશેષનો અભ્યાસ**

**૧.૫. મોક્ષમાર્ગનો અભ્યાસ**

### ૧.૧. પારિભાષિક પરિચયનો અભ્યાસ

**પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને લગતા પારિભાષિક શબ્દોના ભાવથી વાકેફ થવું તેને પારિભાષિક પરિચયનો અભ્યાસ કહે છે.**

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સંબંધી સાંકેતિક સંજ્ઞાઓ કે શબ્દોને પરિભાષા કહે છે. પરિભાષા સાથે સંબંધ ધરાવતાં શબ્દોને પારિભાષિક શબ્દો કહે છે. આ પારિભાષિક શબ્દોની ધાતુ, તેની વ્યુત્પત્તિ, તેની નિરુક્તિ અર્થ, આશય, તાત્પર્ય, પ્રયોજન, હેતુ વગેરે સંબંધી જાણકારી પ્રાપ્ત કરવી તેને તેનો ભાવ કહે છે. આવા પારિભાષિક શબ્દોના ભાવથી વાકેફ થવું તેને પારિભાષિક પરિચયનો અભ્યાસ કહે છે.

તત્ત્વજ્ઞાનના કોઈપણ સિદ્ધાંતની સમજ મેળવતાં પહેલા તત્ત્વજ્ઞાન સંબંધી પારિભાષિક પરિચય મેળવવો જરૂરી હોય છે. પારિભાષિક પરિચયનાાા અભ્યાસ વિના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની આંટીઘૂંટી ઉકેલાતી નથી.

હર કોઈ વિદ્યા, કલા કે વિજ્ઞાનની તેની પોતાની આગવી પરિભાષા (Exclusive Terminology) હોય જ છે. આવી પરિભાષા જાણ્યા વિના તેની કોઈ વાત સમજી શકાતી નથી. વૈજ્ઞાનિકો વિજ્ઞાનની પરિભાષા (Science Terminology)માં વાત કરે છે ત્યારે સામાન્યજન શૂન્યમનસ્ક થઈને સાંભળતો રહી જાય છે. ડોક્ટરો તેમની વૈદકીય પરિભાષા (Medical Terminology)માં દર્દ અને દવા સંબંધી વાત કરે છે પણ દર્દી દિગ્મૂઢ બનીને જોતો રહે છે. વકીલો કાયદાકીય પરિભાષા (Legal Terminology)માં કોર્ટમાં દલીલો કરે છે પણાણ અસીલને કોઈ સૂઝ પડતી નથી. અધિકારીઓ વહીવટી ભાષા (Administrative Terminology)માં વાત કરે છે ત્યારે અરજદારને કોઈ ગતાગમ પડતી નથી. તે જ રીતે પારમાર્થિક તત્ત્વજ્ઞાનની પરિભાષાથી અજાણ મુમુક્ષુ પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળીને પણ કાંઈ સમજતો નથી. આ રીતે જે તે ક્ષેત્રથી માહિતગાર થવા માટે તે સંબંધી પારિભાષિક પરિચય જરૂરી

હોય છે. તેમ પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોના અભ્યાસ માટે પણ પારિભાષિક પરિચયનો અભ્યાસ આવશ્યક છે.

તત્ત્વજ્ઞાનની પરિભાષા અઘરી હોતી નથી પણ તેનો પરિચય ન હોવાથી તે અઘરી લાગે છે. રૂપિયા-પૈસા, વેપાર-ધંધા, ખાવું-પીવું જેવા રોજના વપરાશના શબ્દો આપણને જરાય અઘરા લાગતા નથી. તે આપણા જીવન સાથે વણાઈ ગયેલા હોય છે. પણ તત્ત્વજ્ઞાન સંબંધી દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, કર્તા-કર્મ, ઉપાદાન-નિમિત્ત, એકાંત-અનેકાંત, ભાવ્ય-ભાવક, વ્યાપ્ય-વ્યાપક, સ્યાદ્વાદ, સપ્તભંગી, પારિણામિકભાવ જેવા શબ્દો અઘરાં લાગે છે. તેનું કારણ તેનો ઉપયોગ અને પરિચય નથી તે જ છે.

તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ પામવા માટે સૌ પ્રથમ કથાનુયોગથી શરૂઆત કરી શકાય. મહા-પુરૂષોના જીવન-કવનની વાર્તા સૌને ગમે છે. ત્યાર પછી પારિભાષિક પરિચય મેળવવા માટે મોક્ષમાર્ગ પ્રકાશક, દ્રવ્યસંગ્રહ, છ ઢાળા, ઈષ્ટોપદેશ, સમાધિતંત્ર, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, આત્માનુશાસન, પદ્મનંદીપંચવિંશતિ, પરમાત્મપ્રકાશ, યોગસાર, ભગવતી આરાધના, જૈન સિદ્ધાંત પ્રવેશિકા, રત્નકરંડ શ્રાવકાસાર, તત્ત્વાર્થસૂત્ર, ગુરુદેવશ્રીનાં વચનામૃત, બહેનશ્રીનાં વચનામૃત વગેરેનો અભ્યાસ કરવો જોઈએ. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સી.ડી. પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની સી.ડી. તેમજ અન્ય વિદ્વાનોના પ્રવચનો સાંભળવા જોઈએ. પરસ્પર તત્ત્વચર્ચા અને પૂછપરછ કરવી જોઈએ આમ કરવાથી પારિભાષિક શબ્દોનો પરિચય જરૂર થઈ જશે. તેમ જ તત્ત્વજ્ઞાનની રુચિ પણ કેળવાશે.

પારિભાષિક પરિચય મેળવેલ જીવ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવા સજ્જ થઈ શકે છે. આપણા પ્રસ્તુત વિષયભૂત સિદ્ધાંત '*હું પરમાત્મા છું*'ને સમજવા માટે વસ્તુનું અનેકાંત સ્વરૂપ, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સ્યાદ્વાદ, જ્ઞાન-શ્રદ્ધાન-આચરણ, દ્રવ્યદૃષ્ટિ, પર્યાયદૃષ્ટિ, દ્રવ્યસ્વભાવ, પર્યાયસ્વભાવ, પરમાત્મદશા, પામરદશા જેવા પારિભાષિક શબ્દોનો પરિચય અત્યંત આવશ્યક છે.

**'હું પરમાત્મા છું'** જેવા કોઈ પણ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે પારિભાષિક પરિચય પ્રાપ્ત કર્યા પછી સત્‌શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ.

## ૧.૨. સત્‌શાસ્ત્રોનો અભ્યાસ

**પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સત્‌શાસ્ત્ર પ્રરૂપિત હોય છે. સત્‌શાસ્ત્રો પ્રરૂપિત તત્ત્વજ્ઞાન અને તેનાં સિદ્ધાંતોને હૃદયગત કરવા સત્‌શાસ્ત્રોના પારગામી થવું તેને સત્‌શાસ્ત્રોનો અભ્યાસ કહે છે.**

શાસ્તા પુરુષના વચનો અનુસાર રચાયેલ રચનાને '*શાસ્ત્ર*' કહે છે. પારમાર્થિક જગતમાં જેનું શાસન પ્રવર્તે છે એવા વીતરાગી સર્વજ્ઞ હિતોપદેશી જિનેન્દ્ર ભગવાનને શાસ્તા પુરુષ કહે છે. જિનેન્દ્ર ભગવાનની દિવ્યવાણી અને તે અનુસાર ગણધર-આચાર્ય-મુનિવરો દ્વારા રચાયેલ રચનાને શાસ્ત્ર કહે છે. આવું શાસ્ત્ર હંમેશા '*સત્*' વિશેષણથી સુશોભિત હોય છે. સત્ શબ્દ આદરયુક્ત વિશેષણ છે. તે ઉપરાંત તે સત્ય તેમજ સનાતન અર્થને પણ બતાવે છે. તેથી જિનેન્દ્ર ભગવાનની વાણી અનુસાર ગણધર-આચાર્યાદિ પ્રરૂપિત રચના કે જેનું કથન સત્ય, સનાતન



અને આદરયુક્ત હોય છે તે સત્‌શાસ્ત્ર છે. આ સત્‌શાસ્ત્રો દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે તેનો સર્વાંગી અભ્યાસ કરીને તેમાં પારંગત થવું તેને સત્‌શાસ્ત્રોનો અભ્યાસ કહે છે.

વર્તમાનમાં ઉપલબ્ધ સત્‌શાસ્ત્રોના ચાર પ્રકારના વિભાગને ચાર અનુયોગ કહે છે. આ અનુયોગ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ દ્વારા રચાયેલ હોય છે. પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ એમ ચાર પ્રકારના અનુયોગ પૈકી તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો દ્રવ્યાનુયોગ દ્વારા પ્રરૂપિત હોય છે. તેથી તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોને સમજવા માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ ખાસ જરૂરી હોય છે. આ દ્રવ્યાનુયોગ પ્રરૂપિત સિદ્ધાંતોને હૃદયગત કરવાનો ઉપાય કરવા તેનો અભ્યાસ કરવો તે જ સત્‌શાસ્ત્રોનો અભ્યાસ છે.

દ્રવ્યાનુયોગના અનેક શાસ્ત્રો અત્યારે ઉપલબ્ધ છે. પણ તેમાં શ્રી કુંદકુંદાચાર્યદેવકૃત સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ, નિયમસાર અને અષ્ટપ્રાભૃત એ પાંચ પરમાગમો મુખ્ય છે. વર્તમાન સમયમાં આ શાસ્ત્રો માતૃભાષામાં પણ ઉપલબ્ધ છે. પરંતુ આ સમયસારાદિ શાસ્ત્રોની બધાં સ્તુતિ બોલે છે, તેની પુજા પણ કરે છે. પરંતુ તેનો અભ્યાસ કરનારા બહુ ઓછા હોય છે. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજનારા પણ ઓછા જ હોય છે

તત્ત્વજ્ઞાનના મૂળ સિદ્ધાંતો અને તેની સમજણ આચાર્યદેવના મૂળ શાસ્ત્રોમાંથી જ મળે છે. મૂળ શાસ્ત્રોના અભ્યાસ વિના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવા શક્ય નથી. મૂળ શાસ્ત્રોમાં પણ કુંદકુંદાચાર્યદેવના પાંચ પરમાગમોનો ખાસ અભ્યાસ કરવો જોઈએ. કેમ કે, જૈન દર્શનનું સાચું તત્ત્વજ્ઞાન અને તેની સમજણ તેમાં જ સમાવિષ્ટ છે. કુંદકુંદાચાર્યદેવના પાંચ પરમાગમોનો અભ્યાસ ન હોય અને કોઈ એવો દાવો કરે કે મને જૈન તત્ત્વજ્ઞાનની સંપૂર્ણ સમજ છે તો તે યથાર્થ નથી.

કેટલાંક લોકો આચાર્યદેવનાં મૂળ શાસ્ત્રોના અભ્યાસથી અળગાં રહે છે અને તે શાસ્ત્રોના આધારે રચાયેલાં અને અન્ય વિદ્વાનોના પુસ્તકોનો અભ્યાસ કરે છે. પરંતુ આચાર્ય-દેવની મૂળ રચના જ સત્‌શાસ્ત્રની ગણનામાં આવે છે અને તે જ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવા માટેનું મૂળ પાઠ્યપુસ્તક બની રહે છે. અન્ય વિદ્વાનોની રચના મૂળ શાસ્ત્રને સમજવા માટે એક માર્ગદર્શક કેકે સહાયક તરીકે ઉપયોગી બની શકે છે. પણ તે મૂળ શાસ્ત્રની કક્ષામાં આવી શકે નહિ. મૂળૂળ શાસ્ત્રોનો અભ્યાસ કરવા માટે માર્ગદર્શિકા પૂરક કે સહાયક બની શકે તોપણ મૂળ શાસ્ત્રોનો અભ્યાસ છોડીને માત્ર માર્ગદર્શિકાનો જ અભ્યાસ કરવો યોગ્ય નથી. અહીં તાત્પર્ય એ છે કે આપણાં પ્રસ્તુત સિદ્ધાંત *'હું પરમાત્મા છું'*ને હૃદયગત કરવા માટે પણ આ પુસ્તક એક માર્ગદર્શિકા જ છે અને મૂળ શાસ્ત્ર નથી. પ્રવચનસાર, સમયસાર જેવાં મૂળ શાસ્ત્રોના અભ્યાસ વિના માત્ર આ પુસ્તકનાં અભ્યાસથી જ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંત હૃદયગત થઈ શકે નહિ.

અત્યારે લેખિત અભિવ્યકિતમાં ઘણો વિકાસ થયેલ છે. આપણે વર્તમાન ભાષા અને પદ્ધતિ પ્રમાણે વાંચવા ટેવાયેલા હોઈએ છીએ. આચાર્યદેવના શાસ્ત્રો હજારો વર્ષ પુરાણા હોવાથી તેમની રચના તે સમયની ભાષા અને પદ્ધતિ અનુસારની હોય છે. તેમાં થોડા શબ્દોમાં ઘણા ઊંડા અને ગંભીર ભાવો સમાયેલા હોય છે. તેથી તે આપણને સમજવી મુશ્કેલ કે અઘરી લાગે છે. પરંતુ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવા અને હૃદયગત કરવા માટે તેનો અભ્યાસ જરૂરી હોય

છે. જેમ દીવાથી દીવો પ્રગટે છે, તેમ જ્ઞાનીથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તત્ત્વજ્ઞાનના પારગામી અને આત્માનુભવી આચાર્યદેવની રચનાથી જ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજી શકાય છે. તેથી આચાર્યદેવના મૂળ શાસ્ત્રોનો અભ્યાસ કરી શકીએ તેવી ક્ષમતા અને યોગ્યતા કેળવવી જરૂરી છે. તે માટે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવાની ખરેખરી રુચિ અને જરૂરિયાત જણાય તો તેનો અભ્યાસ અઘરો રહેતો નથી.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજીને તેને હૃદયગત કરવા માટે કુંદકુંદાચાર્યદેવના **પ્રવચનસાર**, **સમયસાર**, **નિયમસાર** અને યોગીન્દુદેવના **યોગસાર** અને **પરમાત્મપ્રકાશ** જેવા શાસ્ત્રોનો અભ્યાસ ખાસ જરુરી હોય છે.

## ૧.૩. દ્રવ્ય સામાન્યનો અભ્યાસ

**દરેક દ્રવ્યની રચના કે બંધારણને લગતી સામાન્ય બાબતોની જાણકારીને દ્રવ્ય સામાન્યનો અભ્યાસ કહે છે.**

દરેક દ્રવ્યને સમાનપણે લાગુ પડતા તેના બંધારણના અભ્યાસને દ્રવ્ય સામાન્યનો અભ્યાસ કહે છે. દ્રવ્ય બંધારણમાં દ્રવ્યનું સત્ લક્ષણ, સત્‌નું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિતનું સ્વરુપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના કારણે પરસ્પર વિરોધી ધર્મો, દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે સંબંધી માહિતિ હોય છે. દ્રવ્ય બંધારણનો અભ્યાસ કરવાથી જ વસ્તુનું અનેકાંતસ્વરૂપ સમજાય છે. વસ્તુના અનેકાંત-સ્વરૂપની સમજણ વિના તત્ત્વજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત સમજી શકાતો નથી.

ધન કમાવવા માટે ધંધો કરવામાં આવે છે, ત્યારે તે ધંધા સંબંધી વસ્તુનું સ્વરૂપ, રચના કે બંધારણ જાણવું જરૂરી હોય છે. તેમ આત્માની પ્રાપ્તિ માટે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત કરવામાં આવે છે, ત્યારે આત્માનું સ્વરૂપ, રચના કે બંધારણ જાણવું જરૂરી હોય છે. કાપડનો વેપાર કરવા માટે કાપડનું પોત, તેના તાણાવાણા વગેરે જાણવા જરૂરી છે. તેમ આત્મપ્રાપ્તિ કરાવનારા તાત્ત્વિક સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે દરેક દ્રવ્યનું અને આત્માનું બંધારણ જાણવું જરૂરી હોય છે.

જેમ એકડો આવડયા વિના કોઈ પણ ગણત્રી આવડતી નથી તેમ દ્રવ્ય સામાન્યની સમજણ વિના તત્ત્વજ્ઞાનના કોઈ પણ સિદ્ધાંતની સમજણ થઈ શકતી નથી. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજીને હૃદયગત કરવા માટે દ્રવ્ય સામાન્યનો અભ્યાસ અત્યંત આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે.

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા માટે દ્રવ્ય સામાન્યનો અભ્યાસ મૂળભૂત પાયાની બાબત છે પરંતુ બહુ ઓછા શાસ્ત્રોમાં તેની ચર્ચા જોવામાં આવે છે. ખાસ કરીને કુંદકુંદાચાર્યકૃત પ્રવચનસાર (ગાથા ૯૩થી ૧૨૬)માં દ્રવ્ય બંધારણની વિશદ અને વિસ્તૃત ચર્ચા જોવામાં આવે છે. આ ઉપરાંત કુંદકુંદાચાર્યકૃત પંચાસ્તિકાય સંગ્રહની શરૂઆતની ગાથાઓ (ગાથા ૧થી ૭૬૮)માં પણ તેનું સંક્ષિપ્ત સ્વરૂપપ સમજાવવામાં આવ્યું છે. કુંદકુંદાચાર્યના જ આધારે કવિ રાજમલજીએ પંચાદયાયી પૂર્વાર્ધ (ગાથા ૧થી ૭૬૮)માં દ્રવ્ય સામાન્યનું નિરૂપણ કર્યું છે..

દ્રવ્યનું સામાન્ય બંધારણ તથા દ્રવ્યનું અનેકાંત સ્વરૂપ એ એક અલગ વિષય છે અને તેની ચર્ચા અહીં શક્ય નથી. તોપણ આપણા વિષયભૂત સિદ્ધાંત 'હું પરમાત્મા છું'ને સમજવા માટે દ્રવ્ય બંધારણ અને દ્રવ્યનું અનેકાંત સ્વરૂપ કઈ રીતે કાર્યકારી છે તે દર્શાવવા માટે તેનો અછડતો ઉલ્લેખ કરવામાં આવે છે.



सत् द्रव्य लक्षणम् (तत्त्वार्थसूत्र : ૫/૨૯) એ સૂત્ર અનુસાર દ્રવ્યનું લક્ષણ સત્ છે. હયાતી, મોજૂદગી, વિદ્યમાનતા, અસ્તિત્વ, હોવાપણું, છે પણું એ બધાં સત્‌ના સમાનાર્થી શબ્દો છે. કોઈ પણ દ્રવ્ય માટે સત્‌પણું એ તેની મૂળભૂત બાબત છે. દ્રવ્ય માટે ઓછામાં ઓછી જરૂરિયાત તેનું સત્‌પણું છે. આ સત્‌પણું જ તેને દ્રવ્ય તરીકે સ્થાપે છે. સત્ વિના કોઈ દ્રવ્ય હોય નહિ અને દ્રવ્ય હોય તો તે સત્ જ હોય. દ્રવ્યનું આ સત્ લક્ષણ નિર્દોષ, નિર્વિવાદ અને સર્વસ્વીકાર્ય છે. આ સત્ એક જ લક્ષણમાં દ્રવ્યના અન્ય સામાન્ય લક્ષણોનો સમાવેશ થઈ જતો હોવાથી તે પ્રમાણ લક્ષણ પણ છે.

સત્ એ દ્રવ્યનું પ્રમાણ લક્ષણ હોવાથી દ્રવ્યના સત્ એટલે કે અસ્તિત્વ લક્ષણમાં અન્ય સામાન્ય લક્ષણો કે ગુણો જેવા કે, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ વગેરે તેમાં આપમેળે આવી જાય છે. આ ઉપરાંત દ્રવ્યના પરસ્પર વિરોધી ધર્મો જેવા કે, નિત્ય-અનિત્ય, એક-અનેક, તત-અતત્ વગરે પણ સત્‌માં સમાય છે. આ રીતે દ્રવ્યના મુખ્ય અને મૂળભૂત લક્ષણ એવા સત્‌નું સ્વરૂપ એ જ દ્રવ્યનું બંધારણ હોય છે. દ્રવ્યનું લક્ષણ સત્ દર્શાવ્યા બાદ તુરત જ સત્‌નું સ્વરૂપ દર્શાવતા સૂત્રમાં જણાવ્યું છે કે :

उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् (तत्त्वार्थ सूत्र : ૫/૩૦) એટલે કે સત્‌નું સ્વરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય સહિતનું હોય છે. એટલે કે સત્‌મય પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય [1]*અવિનાભાવી*પણે હોય છે. સત્‌ના આ સ્વરૂપના આધારે જ તેનું અનેકાંતસ્વરૂપ સિદ્ધ થાય છે. વસ્તુમાં વસ્તુપણાના નીપજાવનારા પરસ્પર વિરોધી બે ધર્મોનું એકી સાથે પ્રકાશવું તે વસ્તુનું અનેકાંતસ્વરૂપ છે. સત્‌મય પદાર્થ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય જેવા પરસ્પર વિરોધી બે ધર્મોથી રચાયેલ છે તે તેના અનેકાંતસ્વરૂપને દર્શાવે છે.

ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય જેવા પરસ્પર વિરોધી ધર્મો સાપેક્ષ હોવાથી એક જ દ્રવ્યમાં એક સાથે હોય શકે છે. વળી તેઓ અંશના ધર્મો છે. અને અંશીના ધર્મો નથી, તેથી પણ સાથે સંભવે છે. વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં કોઈ સમયભેદ નથી તેથી પણ તેઓને સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. આ રીતે પદાર્થ ધ્રૌવ્ય એટલે કે કાયમ ટકીને ઉત્પાદ-વ્યયરૂપે કાયમ પલટતો રહે છે. આ કાયમ ટકીને કાયમ પલટવું એ જ વસ્તુનું અનેકાંતસ્વરૂપ છે. વસ્તુનું અનેકાંતસ્વરૂપ એક જ પ્રકારે સંભવે છે અને તેને સ્વીકારનાર એક માત્ર જૈન દર્શન જ છે. વસ્તુના અનેકાંતસ્વરૂપની કથન પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે.

અનેકાંતસ્વરૂપી વસ્તુના પરસ્પર વિરોધી બે ધર્મો મૂળભૂત રીતે ઉત્પાદ-વ્યય એટલે કે વ્યતિરેકીકી ધર્મ અને ધ્રૌવ્ય એટલે કે અન્વયી ધર્મ છે. આ અન્વયી અને વ્યતિરેકી ધર્મોના આધારે બીજા અનેક ધર્મો કહી શકાય છે. જેમ કે, અન્વયપણે આપણો આત્મા ત્રિકાળ દ્રવ્યસ્વભાવરૂપ છે અને વ્યતિરેકપણે તે જ આત્મા તે જ સમયે પલટતી પર્યાયસ્વભાવરૂપ છે. અનેકાંતસ્વરૂપી આત્મા તેના કાયમ ટકતા એવા અન્વયી અંશની અપેક્ષાએ અભેદ, એકરૂપ, ત્રૈકાળિક પરિપૂર્ણ સામર્થ્યવાળો અને શુદ્ધ છે. જ્યારે નિરંતર પલટતા એવા વ્યતિરેકી અંશની અપેક્ષાએ સ્વાશ્રયે હોય ત્યારે શુદ્ધ અને પરાશ્રયે હોય ત્યારે અશુદ્ધ હોય છે. આપણો આત્મા તેની વર્તમાન વ્યતિરેકી અંશની અપેક્ષાએ પરાશ્રયે પ્રર્વતતો અશુદ્ધ અવસ્થાવાળો હોવાથી પામર છે. તોપણ તેના અન્વયી અંશની અપેક્ષાએ પરિપૂર્ણ સામર્થ્યવાળો શુદ્ધ હોવાથી પરમાત્મા છે.

આત્માનું જ્ઞાન બે પ્રકારે કામ કરે છે. એક તો અવલોકન કે પ્રતિભાસનું કામ કરે છે. આ પ્રકારના કાર્યને જ્ઞાનનું જાણપણું કહે છે. જ્ઞાનનું બીજું કાર્ય વિવેક કે ઓળખાણ કરવાનું છે. આ પ્રકારના કાર્યને જ્ઞાનની દૃષ્ટિ કહે છે. જ્ઞાનનું જાણવાનું કાર્ય સવિકલ્પ હોય છે. સવિકલ્પ હોવાના કારણે તે દ્રવ્યપર્યાયાત્મક વસ્તુને સર્વ પ્રકારે જાણનાર છે. પોતાના આત્માને દ્રવ્ય અને પર્યાય એમ બન્ને પ્રકારે જાણ્યા પછી તેની ઓળખાણ અભેદ દ્રવ્યપણે કે ભેદરૂપ પર્યાયપણે એ બેમાંથી કોઈ એક પ્રકારે કરે તે જ્ઞાનની દૃષ્ટિ છે.

જ્ઞાન ઉપરાંત શ્રદ્ધાનગુણ અને ચારિત્રગુણની પણ દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી એક પ્રકારે હોય છે. પોતાના આત્માનો સ્વીકાર, પ્રતીતિ કે ભરોસો દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક પ્રકારે કરવો તે શ્રદ્ધાન કે દર્શનગુણની દૃષ્ટિ છે. જ્ઞાનની દૃષ્ટિની સાથે જ્ઞાન અનુસાર શ્રદ્ધાનની દૃષ્ટિ પણ હોય છે. અને જ્ઞાન-શ્રદ્ધાનઅનુસાર ચારિત્રની દૃષ્ટિ હોય છે. આત્માનો આશ્રય કે આચરણ દ્રવ્ય કે પર્યાય પૈકી કોઈ એક પ્રકારે કરવો તે ચારિત્રની દૃષ્ટિ છે. પોતાના આત્માની ઓળખાણની રીત એટલે કે જ્ઞાનની દૃષ્ટિ, આત્માનો સ્વીકાર એ શ્રદ્ધાનની દૃષ્ટિ અને આત્માનું આચરણ એ ચારિત્રની દૃષ્ટિ છે. આત્માની આ પ્રકારની દૃષ્ટિ એટલે કે આત્માની ઓળખાણ, સ્વીકાર અને આચરણ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક પ્રકારે જ સંભવે છે.

આત્માના જ્ઞાનગુણનું જાણપણું સવિકલ્પ છે પણ તે જ જ્ઞાનગુણની દૃષ્ટિ નિર્વિકલ્પ છે, જ્ઞાન ઉપરાંત શ્રદ્ધાન અને ચારિત્રની દૃષ્ટિ પણ નિર્વિકલ્પ હોવાના કારણે તે ભેદાભેદથી રહિત દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એકપણે જ આત્માને ગ્રહણ કરે છે.

અનેકાંતસ્વરૂપી વસ્તુમાં વસ્તુપણાના નીપજાવનાર પરસ્પર વિરોધી બે ધર્મો દ્રવ્ય અને પર્યાય હોય છે. આપણો આત્મા દ્રવ્ય અપેક્ષાએ અભેદ અને પર્યાય અપેક્ષાએ ભેદરૂપ હોય છે. દૃષ્ટિ હંમેશા નિર્વિકલ્પ હોવાથી તે ભેદાભેદરહિત અભેદ દ્રવ્યપણે કે ભેદરૂપ પર્યાયપણે હોય છે.

દ્રવ્ય અને પર્યાય એ સાપેક્ષ ધર્મો છે. દ્રવ્ય અને પર્યાય સાપેક્ષ ધર્મો હોવાથી તેમાં માત્ર અપેક્ષાએ ભેદ છે પણ તેમાં વસ્તુભેદ કે પ્રદેશભેદ નથી. એટલે કે એક અપેક્ષાએ આપણો આત્મા દ્રવ્યપણે છે અને તે જ આત્મા તે જ સમયે બીજી અપેક્ષાએ પર્યાયપણે છે. તેથી આત્માની દૃષ્ટિ એટલે કે આત્માની ઓળખાણ, સ્વીકાર અને આચરણ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઈ એક જ પ્રકારે હોય છે.

પાણી વર્તમાનમાં અગ્નિ સંગે ઉષ્ણ અનુભવાય છે. તોપણ તે જ પાણી તે જ સમયે તેના સ્વભાવથી જોવામાં આવે તો શીતળ જ હોય છે. કેમ કે, ઉષ્ણ અનુભવાતું પાણી અગ્નિ ઉપર નાંખવામાં આવતાં તે અગ્નિને બૂઝાવી નાંખે છે. આ પાણીને જોવાની દૃષ્ટિ તેના પર્યાયસ્વભાવપણે ઉષ્ણ કે દ્રવ્યસ્વભાવે શીતળ એ બેમાંથી કોઈ એક જ પ્રકારે સંભવે છે. તેમાંથી પાણીને જોવાની દૃષ્ટિ તેના દ્રવ્યસ્વભાવથી શીતળપણે કરવી જ યોગ્ય છે. અને પર્યાયસ્વભાવથી ઉષ્ણપણે કરવી યોગ્ય નથી. આપણો આત્મા દ્રવ્ય અપેક્ષાએ પરમાત્મા છે અને પર્યાય અપેક્ષાએ પામર પણ છે. પણ તેની દૃષ્ટિ એટલે કે ઓળખાણ, સ્વીકાર અને આચરણ પરમાત્માપણે યોગ્ય છે અને પામરપણે યોગ્ય નથી.

દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુની દૃષ્ટિ તેના ત્રિકાળ દ્રવ્યસ્વભાવથી જ કરવી યોગ્ય છે. દ્રવ્યસ્વભાવ જ વસ્તુનો મૂળભૂત સહજ સ્વભાવ છે તે અનંત ગુણોના પરિપૂર્ણ સામર્થ્યથી સમૃદ્ધ હોય છે.



દ્રવ્યસ્વભાવપણે આપણો આત્મા અભેદ, એકરૂપ, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, ધ્રુવ અને ત્રૈકાળિક પરિપૂર્ણ સામર્થ્યથી સભર છે. તેથી દ્રવ્યસ્વભાવપણે આપણો આત્મા પોતે જ પરમાત્મા છે.

અનેકાંતસ્વરૂપી આત્માની દૃષ્ટિ તેની પલટતા પર્યાયસ્વભાવપણે કરવી યોગ્ય નથી. વસ્તુનો પર્યાયસ્વભાવ અનેકરૂપ, ભેદરૂપ, વિસદૃશ, કાયમ બદલતો ચિત્રવિચિત્રપણે હોય છે. પરાશ્રયને કારણે આપણો પર્યાયસ્વભાવ અત્યારે અશુદ્ધ અને અલ્પજ્ઞપણે છે. તેથી પર્યાયસ્વભાવપણે આપણો આત્મા પામર છે. પર્યાયસ્વભાવપણે વસ્તુ નિરંતર પલટતી અને ક્ષણિક હોય છે તેથી તે વસ્તુનું સાચું સ્વરૂપ નથી ક્ષણિક અને બદલાતા રહેવાના કારણે તે આશ્રય કે ધ્યાનનો વિષય થઈ શકતો નથી. આ કારણે વસ્તુનું સાચું મૂલ્યાંકન કે સ્વીકાર તેના પર્યાયસ્વભાવથી નથી. વર્તમાન પર્યાય પરાશ્રયે થતી અશુદ્ધ હોવાથી પર્યાયપણે પોતાનો સ્વીકાર કરવાથી પરાશ્રય ચાલુ જ રહે છે. પોતાની પર્યાય શુદ્ધ હોય તોપણ તે ત્રૈકાળિક સામર્થ્ય ધરાવતી નથી અને ક્ષણિક છે તેથી કોઈ પણ રીતે પોતાની દૃષ્ટિ પર્યાયપણે યોગ્ય નથી. પર્યાયદૃષ્ટિ કરવાથી મિથ્યાત્વ ચાલુ જ રહે છે. તેથી પર્યાયદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે.

પરંતુ આ દૃષ્ટિ હંમેશાં જ્ઞાન અનુસાર જ હોય છે. જેવું જ્ઞાન તેવી જ દૃષ્ટિ. જ્ઞાન સમ્યક્ તો દૃષ્ટિ પણ સમ્યક્ અને જ્ઞાન મિથ્યા તો દૃષ્ટિ પણ મિથ્યા. સમ્યક્ જ્ઞાન, દ્રવ્ય અને પર્યાય એ બન્નેને તેની કિંમત અનુસાર જાણે છે. દ્રવ્ય સિવાય માત્ર પર્યાયને જાણનારું જ્ઞાન પ્રમાણ નથી. વર્તમાનમાં આપણાં જ્ઞાનથી પ્રત્યક્ષપણે તો આપણને આપણી પલટતી પર્યાયનો જ પરિચય અને અનુભવ હોય છે અને ટકતા દ્રવ્યસ્વભાવનો કોઈ પરિચય કે અનુભવ નથી. આપણને પર્યાય જ જણાય છે અને દ્રવ્યસ્વભાવ જણાતો નથી. તેથી પર્યાયને જ સ્વીકારીએ છીએ અને દ્રવ્યસ્વભાવને સ્વીકારતા નથી. જો આપણને આપણો દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ બંન્ને આપણા જ્ઞાનમાં જણાય અને આપણું જોર, મહત્ત્વ અને પ્રયોજન દ્રવ્યસ્વભાવમાં જ સ્થપાય તો જ આપણું જ્ઞાન અને તે અનુસારની દૃષ્ટિ સમ્યક્ થાય. ભલે, આપણાં પ્રત્યક્ષ જ્ઞાનમાં આપણો દ્રવ્યસ્વભાવ ન જણાય તોપણ દ્રવ્ય સામાન્યનો અભ્યાસ કરવાથી અને વસ્તુના અનેકાંતસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરવાથી આપણા પરોક્ષ જ્ઞાનમાં આપણા ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો ખ્યાલ આવે છે. અને તેથી આપણા શ્રદ્ધાનમાં પણ આપણા આત્માનો તેના દ્રવ્યસ્વભાવપણે એટલે કે પરમાત્મસ્વભાવે સ્વીકાર થાય છે.

જ્ઞાન સવિકલ્પ હોવાથી દ્રવ્ય-પર્યાય બન્નેને એક સાથે જાણી શકે છે. પર્યાયને પ્રત્યક્ષપણે અને દ્રવ્યને પરોક્ષપણે અત્યારે પણ જાણી શકાય છે. દૃષ્ટિ નિર્વિકલ્પ હોવાથી આપણા આત્માની દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈ એક જ પ્રકારે હોય છે. અનાદિકાળથી તે પર્યાયપણે પોતાને પામર માને છે. પણ જો દ્રવ્યસ્વભાવનો નિર્ણય દ્રવ્યના બંધારણના આધારે કરવામાં આવે તો કોઈ પણ પર્યાય તેના આધારભૂત દ્રવ્યસ્વભાવ વિના હોતી નથી તે ખ્યાલમાં આવે છે. અને આ દ્રવ્યસ્વભાવ જ નિરપેક્ષ, કાયમી અને અનંત ગુણોનો ભંડાર હોવાથી તે જ દ્રવ્યનું સાચું સ્વરૂપ છે અને તેના આશ્રયે જ દ્રવ્યસ્વભાવ જેવી જ પલટતી પર્યાય પણ પ્રગટે છે તેમ જાણી શકાય છે. તેથી પોતાની દૃષ્ટિ પણ પલટતી પર્યાયને બદલે ત્રિકાળ દ્રવ્યસ્વભાવપણે થવાથી આપણો આત્મા આપણને પામરને બદલે પરમાત્માપણે ભાસે છે.

## ૧.૪ દ્રવ્ય વિશેષનો અભ્યાસ

**દરેક દ્રવ્યની પોતપોતાની વિશેષતાની જાણકારીનેદ્રવ્ય વિશેષનોઅભ્યાસ કહે છે.**

સમગ્ર વિશ્વમાં જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ મળીને કુલ છ પ્રકારના દ્રવ્યો છે. આ દરેક દ્રવ્યનો જુદોજુદો ખાસ પ્રકારનો અભ્યાસ એ દ્રવ્ય વિશેષનો અભ્યાસ છે. આપણે સૌ જીવ દ્રવ્ય છીએ તેથી જીવની વિશેષતાનો અભ્યાસ આપણા માટે વધુ મહત્ત્વનો છે. લગભગ દરેક શાસ્ત્રમાં જીવની કોઈને કોઈ વિશેષતાની ચર્ચા હોય જ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, પુરુષાર્થ જેવા આત્માના વિશેષ ગુણો એ આત્માની વિશેષતા છે.

પ્રયોજનભૂત વસ્તુના સ્વભાવને તત્ત્વ કહે છે. પરમાર્થથી પ્રયોજનભૂત જીવ તત્ત્વ છે. આ જીવના પરિણામમાં અજીવ દ્રવ્યનું નિમિત્તપણું હોય છે. તેથી જીવ અને અજીવ એ બે દ્રવ્યરૂપ મૂળ તત્ત્વો માનવામાં આવ્યા છે. તે ઉપરાંત જીવ-અજીવની પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકપણે થતી આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત પ્રકારના પર્યાયરૂપ તત્ત્વો છે. દ્રવ્યરૂપ બે અને પર્યાયરૂપ સાત મળીને કુલ નવ તત્ત્વો માનવામાં આવે છે. આ નવ તત્ત્વો પણ આત્માની વિશેષતા છે.

જીવનાં ૧. જ્ઞાનાદિ વિશેષ ગુણો અને ૨. નવતત્ત્વો ઉપરાંત ૩. આધાર-આધેય ૪. કારણ-કાર્ય ૫. કર્તા-કર્મ ૬. ઉપાદાન-નિમિત્ત ૭. પ્રમાણ-નય વગેરે પણ જીવ દ્રવ્યની વિશેષતાઓ છે. આ બધી વિશેષતાઓનો અભ્યાસ અહીં આપણો વિષય નથી. પરંતુ આપણા પ્રસ્તુત વિષય 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંતને હૃદયગત થવામાં આ વિશેષતાઓ કઈ રીતે કાર્યકારી છે તેની માહિતિ મેળવવા માટે અહીં સંક્ષિપ્ત ચર્ચા કરવામાં આવે છે.

### ૧. જ્ઞાનાદિ વિશેષ ગુણો

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, પુરુષાર્થ વગેરે જીવના વિશેષ ગુણો છે.**

પોતાના શુદ્ધ પરમાત્મસ્વભાવની ઓળખાણ તે સમ્યગ્જ્ઞાન, તેનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન, અને તેમાં લીનતા તે સમ્યગ્ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી પરમાત્મદશા તરફ પ્રયાણ થાય છે અને તેમાં જ આત્મિક અતીન્દ્રિય સુખનો આહ્‌લાદ આવે છે. આ રીતે આ બધાં વિશેષ ગુણો પોતાના પરમાત્મસ્વભાવ સાથે સંબંધિત છે અને આ બધા ગુણોની પ્રાપ્તિ 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંતને હૃદયગત કરવાના પુરુષાર્થથી છે. આ રીતે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, પુરુષાર્થ વગરે વિશેષ ગુણો પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકાર માટે કાર્યકારી છે. આ ગુણો પોતાના પરમાત્મસ્વભાવનો જ અંશ છે. અને *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતના હૃદયગતપણાથી તેની પ્રગટતા હોય છે.

### ૨. નવતત્ત્વો

**પ્રયોજનભૂત જીવ-અજીવ દ્રવ્ય અને તેની ખાસ પ્રકારની અવસ્થાઓને તત્ત્વ કહે છે. જીવ, અજીવ એ બે દ્રવ્યરૂપ અને આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ એ સાત પર્યાયરૂપ મળીને કુલ નવતત્ત્વો છે. આ નવ તત્ત્વોના શ્રદ્ધાનથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.**

નવતત્ત્વોનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે. એટલે કે નવતત્ત્વોને ભૂતાર્થનયથી જોવું તે સમ્યક્ત્વ છે. ભૂતાર્થનયથી જોવું એટલે કે જાણીતા નવતત્ત્વો દ્વારા તે નવતત્ત્વો જેના આશ્રયે છે તેવી તેમાં છૂપાયેલી ચૈતન્ય જ્યોતિને એટલે કે



પરમાત્મસ્વભાવને ઓળખવો તે છે. શુદ્ધાત્માના સ્વરૂપ માટે નવ તત્ત્વો અભૂતાર્થ એટલે કે અસત્યાર્થ છે. પણ તે જાણીતા છે અને તેના દ્વારા અજાણ્યા શુદ્ધાત્મા કે જે ભૂતાર્થ છે તેને ઓળખી શકાય છે. સમયસાર શાસ્ત્રમાં નવ તત્ત્વોના અધિકારો છે પણ તે દરેક અધિકારમાં જે તે તત્ત્વ દ્વારા પોતાના જ્ઞાયક એવા પરમાત્મસ્વભાવનો પરિચય કરાવ્યો છે. તેથી જેમ કોઈ ભૂસ્તર વિજ્ઞાનનો અભ્યાસ કરે તો ખનિજ પથ્થરમાં રહેલ સોનાને જોઈ શકે છે તેમ સમયસારનો અભ્યાસ કરનાર પણ પોતાની પામરદશામાં રહેલ પરમાત્મસ્વભાવને ઓળખી શકે છે.

પોતાના શુદ્ધાત્મા એટલે કે પરમાત્મસ્વભાવને ઓળખી *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે આ નવતત્ત્વોનો અભ્યાસ ઉપયોગી છે. તે આ રીતે —

**જીવતત્ત્વ** એ પ્રમાણના વિષયભૂત સર્વાંગી દ્રવ્ય-પર્યાયમય જીવદ્રવ્ય છે. આ જીવ દ્રવ્યમાં રાગ, દ્વેષ, મોહ, જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન જેવા અનેક પ્રકારના ભાવોની વચ્ચે તેના આશ્રયભૂત પોતાનો પરમાત્મસ્વભાવ મોજૂદ હોય છે. જીવની ભિન્ન-ભિન્ન અવસ્થાઓની અંદર એકરૂપ ત્રિકાળ સામાન્ય ધ્રુવ સ્વભાવ રહેલો છે. તેને ઓળખવો તે જીવ તત્ત્વની સાચી શ્રદ્ધા છે. આ રીતે જીવતત્ત્વની શ્રદ્ધા દ્વારા પોતાના પરમાત્મસ્વભાવનો પરિચય થઈ શકે છે.

જીવ સાથે સંબંધિત [3]*કર્મ-નોકર્માદિ* **અજીવતત્ત્વ** છે. અનાદિકાળથી જીવ-અજીવ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી સંકળાયેલા છે. અજીવતત્ત્વ પરિચિત છે અને તેની સાથે સંબંધિત જીવતત્ત્વ પરિચિત નથી. પણ આ પરિચિત અજીવતત્ત્વ વડે જ અપરિચિત જીવતત્ત્વ અને તેમાં રહેલ અસ્ખલિત ચૈતન્ય-સ્વભાવને ઓળખી શકાય છે અને આવી ઓળખાણ જ અજીવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા છે. આ રીતે અજીવતત્ત્વોનાં શ્રદ્ધાન દ્વારા પણ પોતાના પરમાત્મસ્વભાવનો નિર્ણય થઈ શકે છે.

**આસ્રવ**, **બંધ**, **પુણ્ય**, **પાપ** તત્ત્વો એ જીવના પરલક્ષે થતા વિકારી ભાવો છે. આ વિકારી ભાવો પણ પોતાના અવિકારી આત્મદ્રવ્યનું જ પરિણમન છે. તેથી આ આસ્રવ, બંધ, પુણ્ય, પાપ જેવા પરિણામો પણ પોતાના પરિણામી પરમાત્મ-સ્વભાવને જ પ્રકાશનારા છે. આ કારણે વિકારમાં પણ અવિકારી આત્માને ઓળખવો, અશુદ્ધ અવસ્થામાં પણ શુદ્ધ સ્વભાવને જોવો, અલ્પજ્ઞતામાં પણ સર્વજ્ઞતાના સામર્થ્યને સમજવો, અપૂર્ણ પર્યાયની અંદર પણ પૂર્ણ સ્વભાવનો પરિચય કરવો તે જ આ આસ્રવ, બંધ, પુણ્ય, પાપ તત્ત્વોની સાચી શ્રદ્ધા છે. આ રીતે આસ્રવાદિ તત્ત્વની શ્રદ્ધા દ્વારા પણ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજી શકાય છે.

**સંવર**, **નિર્જરા**, **મોક્ષ**એ આત્માના વીતરાગી શુદ્ધ ભાવો છે. આ શુદ્ધ ભાવો પોતાના શુદ્ધાત્માને આશ્રયે ઉત્પન્ન થયેલા છે અને તે શુદ્ધાત્માનું જ આંશિક સ્વરૂપ છે. પોતાના શુદ્ધાત્મા કે પરમાત્મસ્વભાવની ઓળખાણ હોય તેને જ આવા ભાવોની ઉત્પત્તિ હોય છે. તોપણ આ ભાવો પોતાના પરમાત્મસ્વભાવનું જ પ્રતિનિધિત્વ કરનારા અને પોતાના પરમાત્મ-સ્વભાવને જ પ્રત્યક્ષપણે પ્રકાશનારા છે. તેથી સંવર, નિર્જરા, મોક્ષતત્ત્વની સાચી શ્રદ્ધા દ્વારા પણ પોતાનાા પરમાત્મસ્વભાવની પ્રતીતિ થઈ શકે છે. આ રીતે સંવરાદિ તત્ત્વો શ્રદ્ધા દ્વારા પણ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને આત્મસાત્ કરી શકાય છે.

ઉપર મુજબ નવ તત્ત્વો પૈકી કોઈ પણ તત્ત્વ દ્વારા પોતાના પરમાત્મસ્વભાવને ઓળખી શકાય છે

અને તે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવામાં કાર્યકારી થઈ શકે છે.

### ૩. આધાર-આધેય

**પોતાનો ત્રિકાળ દ્રવ્યસ્વભાવ આધાર છે અને તેના આધારે પ્રગટતી શુદ્ધ પર્યાય તે આધેય છે.**

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત થવા માટે પોતાના ત્રિકાળ સામાન્ય પરમાત્મસ્વભાવને ઓળખવો જરૂરી છે. આ પરમાત્મસ્વભાવનો આશ્રય લેવાથી પોતાની પલટતી પર્યાયમાં પણ પરમાત્મદશાનો પ્રાદુર્ભાવ થાય છે. આ રીતે પરમાત્મસ્વભાવ એ આધાર છે અને પરમાત્મદશા એ આધેય છે. આ પ્રકારે આધાર-આધેયનો અભ્યાસ 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત થવામાં ઉપકારી બને છે.

### ૪. કારણ-કાર્ય

**કારણને અનુસરીને કાર્ય હોય છે. આત્માના કોઈપણ કાર્ય માટે તેનું કારણ પોતાનો પુરુષાર્થ હોય છે.**

કોઈ પણ કાર્યમાં પાંચ સમવાય એટલે કે પાંચ કારણોનો સમુદાય માનવામાં આવે છે. સ્વભાવ, નિમિત્ત, કાળલબ્ધિ, ભવિતવ્ય અને પુરુષાર્થ એ પાંચ કારણોમાં ઉપાદાન, નિયામક કે નિશ્ચય કારણ કોઈ હોય તો તે એક માત્ર પુરુષાર્થ જ છે. પોતાનો આત્મલક્ષી અંતરંગ પુરુષાર્થ સ્વાધીન અને સફળ હોય છે.

પૂર્વોત્તર પર્યાયને કારણ-કાર્યની વ્યવસ્થા તરીકે માનવામાં આવે છે. એટલે કે પૂર્વ પર્યાય સહિતના દ્રવ્યને કારણ તરીકે અને તેના પછીની તુરત જ પ્રગટતી ઉત્તર પર્યાય સહિતના દ્રવ્યને કાર્ય તરીકે માનવામાં આવે છે. પૂર્વ પર્યાયમાં પ્રગટ અનો લબ્ધિરૂપે અનેક કારણો મોજુદ હોય છે તેમાં જે કારણને અનુસરીને પોતાનો પુરુષાર્થ પ્રવર્તે તેવું કાર્ય ત્યાર પછીની ઉત્તર પર્યાયમાં પ્રગટ થાય છે આ રીતે કાર્યનું સાચું કારણ પુરુષાર્થ જ છે.

પોતાના ત્રિકાળ સામાન્ય પરમાત્મસ્વભાવરૂપ કારણને અનુસરીને પોતાની પલટતી પર્યાયમાં પરમાત્મદશારૂપ કાર્ય પ્રગટે છે. તેથી પોતાના ત્રિકાળ દ્રવ્યસ્વભાવરૂપ પરમાત્મસ્વભાવને કારણપરમાત્મા અને તેના આશ્રયે પ્રગટ થતી પોતાની પર્યાયસ્વભાવરૂપ પરમાત્મદશાને કાર્યપરમાત્મા કહે છે. આ કારણપરમાત્મારૂપ કારણ ત્રિકાળ મોજુદ છે. પોતાનો પુરુષાર્થ આ કારણને અનુસરીને પ્રર્વતે તો કાર્યપરમાત્મારૂપ પરમાત્મદશા પ્રગટે છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત થવાના કારણરૂપ પુરુષાર્થ પ્રવર્તે એટલે કે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ, સ્વીકાર અને આશ્રયરૂપ પુરુષાર્થ પ્રવર્તે તો તેના ફળમાં પોતાની પલટતી પર્યાયમાં પણ પરમાત્મદશારૂપ કાર્ય પ્રગટે એટલે કે કાર્યપરમાત્માની પ્રાપ્તિ થાય.

કારણ-કાર્યની આ પ્રકારની વિશેષતાનો અભ્યાસ કરવાથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત થવાનો પુરુષાર્થ પ્રવર્તે છે.

### ૫. કર્તા-કર્મ

**સ્વતંત્રપણે પરિણમતો પદાર્થ તે કર્તા છે અને તે પરિણમતા પદાર્થના સમયે સમયે થતા પરિણામ જ એનું કર્મ છે.**

કર્તા-કર્મની ઉપરોક્ત પરિભાષા બતાવે છે કે જ્યાં પરિણામી-પરિણામપણું એટલે કે વ્યાપક-વ્યાપ્યપણું હોય ત્યાંજ કર્તા-કર્મપણું હોય છે. એટલે

કે કર્તા-કર્મ એક જ દ્રવ્યમાં અભિન્નપણે હોય છે. તેથી કોઈ અન્ય દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા-હર્તા ક્યારેય હોતો નથી.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે કર્તા-કર્મનું યથાર્થ સ્વરુપ સમજવું જરુરી છે. કર્તા-કર્મનું સ્વરુપ સમજવાથી સમજાય છે કે, પોતાની પરમાત્મદશા પ્રગટ કરવા માટે પરાશ્રયની કોઈ અપેક્ષા બિલકુલ હોતી નથી.ી. પરપદાર્થનું કર્તૃત્વપણારૂપ અજ્ઞાન દૂર કરવાથી પરાશ્રય ટળે છે. અને પરાશ્રય ટળી સ્વાશ્રય થવાથી પોતાના પરમાત્મસ્વભાવ જેવી પરમાત્મદશા સહજપણે પ્રગટે છે. પરમાત્મદશા પોતામાંથી જ પ્રગટ કરવાની છે. તેથી તે પોતાનું જ પરિણમન થશે. પરમાત્મદશા જો પોતાનું જ પરિણમન હોય તો પરમાત્મસ્વભાવી પરિણમતો પદાર્થ એ જ કર્તા હોય અને તેના પરિણમનમાં પ્રગટ થતી પરમાત્મદશા એ જ તેનું કર્મ હોય. કર્તા-કર્મનું આવું સ્વરૂપ પોતે પોતાના સ્વભાવથી જ પરમાત્મા છે તેમ બતાવવામાં ઉપકારી છે અને તેથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજવામાં પણ ઉપકારી છે.

## ૬. ઉપાદાન–નિમિત્ત

**પોતાની નિજ શકિત અને તેને પ્રગટ કરવાના પુરુષાર્થને ઉપાદાન અને તે ઉપાદાનને અનુકુળ બાહ્ય સહકારી પર-પદાર્થની ઉપસ્થિતિને નિમિત્ત કહે છે.**

કોઈપણ કાર્ય પોતાના ઉપાદાનથી થાય છે પણ તે સમયે તેને અનુકુળ નિમિત્તની હાજરી પણ અવશ્ય હોય છે. પોતાની નિજશક્તિમાં પરમાત્મસ્વભાવ હોય તો જ તેને પ્રગટ કરવાના પુરુષાર્થથી તેની પ્રગટતા થાય છે તે ઉપાદાનનું સ્વરૂપ છે. અને આવી પ્રગટતા સમયે અનુકૂળ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્તપણું પણ હોય છે. ઉપાદાન-નિમિત્તનું આવું સ્વરૂપ આપણને આપણી પરમાત્મદશા પ્રગટ કરવાના પુરુષાર્થને પ્રેરે છે.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંત વીતરાગી દેવ-ગુરુની પરંપરાથી પ્રવાહિત થયેલો છે અને સત્શાસ્ત્રોમાં સંગ્રહાયેલો છે. વર્તમાન સમયમાં તે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા પ્રસિદ્ધિને પામેલો છે. પોતાની પરમાત્મદશા પ્રગટ કરવાના પુરુષાર્થ માટેના નિમિત્તો અત્યારે પણ ઉપલબ્ધ છે. માત્ર પોતાની નિજ શક્તિ પરમાત્મસ્વભાવથી પરિપૂર્ણ છે એ નક્કી કરવા માટે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને હૃદયગત કરવા માટેના જરૂરી પુરુષાર્થની જ ખામી હોય છે. ઉપાદાન-નિમિત્તનું યથાર્થ સ્વરૂપ સમજવાથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરવા માટેનો પુરુષાર્થ અવશ્ય પ્રવર્તે છે. તેથી ઉપાદાન-નિમિત્તનો અભ્યાસ પણ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત થવામાં ઉપયોગી બની શકે છે.

## ૭. પ્રમાણ–નય

**દ્રવ્ય-પર્યાયાત્મક સર્વાંગી સ્વરૂપના સાચા જ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રમાણપૂર્વકના અંશગ્રાહી જ્ઞાનને નય કહે છે. પ્રમાણ-નય આત્માની ઓળખાણના ઉપાય છે.**

વસ્તુના દ્રવ્ય-પર્યાયાત્મક સંપૂર્ણ સ્વરૂપને સત્યપણે જાણવું તે પ્રમાણ છે. પ્રમાણપૂર્વક આત્માના અસલી, વાસ્તવિક, અભેદ, એકરૂપ, ત્રિકાળી પરમાત્મસ્વભાવરૂપી શુદ્ધાત્માને સીધો જાણવો તે શુદ્ધનય કે નિશ્ચયનય છે. અને તે જ શુદ્ધાત્માને તેના પર્યાયભેદ, ગુણભેદ કે બીજી કોઈ જાણીતી

બાબત દ્વારા આડકતરી રીતે જાણવો તે અશુદ્ધનય કે વ્યવહારનય છે. આપણા શુદ્ધાત્માને ઓળખવા માટે પ્રમાણ-નયનો ઉપાય આવશ્યક છે..

'હું પરમાત્મા છું' એ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે પ્રમાણ-નય દ્વારા પોતાના પરમાત્મસ્વભાવને જાણવો જરૂરી હોય છે. તેથી *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પ્રમાણ-નયનો અભ્યાસ અત્યંત ઉપયોગી છે..

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનો અભ્યાસ કરવાના નિયત ક્રમમાં સૌ પ્રથમ પારિભાષિક પરિચય પ્રાપ્ત કરી સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઇએ. સત્શાસ્ત્રોનો અભ્યાસ કરતા સમયે પ્રથમ દ્રવ્ય સામાન્યનો અભ્યાસ કર્યા બાદ દ્રવ્ય વિશેષનો અભ્યાસ કરવો જોઇએ. આ અભ્યાસના અંતિમ ચરણમાં મોક્ષમાર્ગનો અભ્યાસ હોય છે. તેની ચર્ચા હવેવે કરવામાં આવે છે.

## ૧.૫. મોક્ષમાર્ગનો અભ્યાસ

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને મોક્ષમાર્ગ કહે છે. આ મોક્ષમાર્ગનીી કેળવણીને મોક્ષમાર્ગનો અભ્યાસ કહે છે.**

આત્માર્થી જીવનું એક માત્ર પ્રયોજન મોક્ષ અને મોક્ષમાર્ગ હોય છે. પારમાર્થિક તત્ત્વજ્ઞાનનાા સિદ્ધાંતોને હૃદયગત કરવાનું પ્રયોજન અને તેનું ફળ પણ મોક્ષમાર્ગ અને મોક્ષ જ છે. તેથી મોક્ષમાર્ગના અભ્યાસ વિના આ સિદ્ધાંતો હૃદયગતત થઈ શકતા નથી.

આત્માના અનંતગુણો પૈકી દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ મૂળભૂત અને મહત્ત્વના ગુણો છે. આ ગુણો મિથ્યામાર્ગે હોય તો તે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સંસારનો માર્ગ છે અને તે સમ્યક્માર્ગે હોય તો તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ છે..

મોક્ષ અને મોક્ષમાર્ગનું નિરૂપણ લગભગ દરેકેક શાસ્ત્રમાં કોઈને કોઈ પ્રકારે હોય છે. તેમાંથી તેનો અભ્યાસ કર્યા પછી તત્ત્વજ્ઞાનના કોઈ સિદ્ધાંતને હૃદયગત કરવાનો ઉપાય વિચારવો જોઈએ. મોક્ષમાર્ગનો અભ્યાસ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનો હૃદયગત થવામાં પણ મદદરૂપ થાય છે.

सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः (तत्त्वार्थ-सूत्र:१/१) એ સૂત્ર અનુસાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેયનું યુગપદપણું એટલે કે એકીસાથેપણું જ મોક્ષમાર્ગ હોય છે. એટલે કે ખરેખર મોક્ષમાર્ગ ત્રણ નથી પણ ત્રણેયનું એકીકરણ કે એકત્વ જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સૌપ્રથમ દર્શન એટલે કે શ્રદ્ધાન ગુણની મુખ્યતા હોવાથી તેને લેવામાં આવે છે અને ત્યાર પછી જ્ઞાન અને ચારિત્ર લેવામાં આવે છે. પણ મોક્ષમાર્ગના અભ્યાસના ક્રમમાં સૌ પ્રથમ જ્ઞાન હોય છે. ત્યાર પછી જ્ઞાનપૂર્વકનું શ્રદ્ધાન અને અંતમાં જ્ઞાન-શ્રદ્ધાન પૂર્વકનું ચારિત્ર હોય છે.

આ રીતે મોક્ષમાર્ગના અભ્યાસના ત્રણ અંગો ૧. **સમ્યગ્જ્ઞાન, ૨. સમ્યગ્દર્શન અને ૩. સમ્યક્ચારિત્ર** છે. મોક્ષમાર્ગના આ ત્રણેય અંગોનો અભ્યાસ આપણાણા પ્રસ્તુત વિષય *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજવામાં સહાયક બને છે. તેની વિગત આ નીચે આપવામાં આવે છે.

### ૧. સમ્યગ્જ્ઞાન

**સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાન સહિત અને સંશય, વિપર્યય અને અનધ્ય-વસાયના દોષ રહિત શુદ્ધાત્માના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે.**

મોક્ષમાર્ગ માટે સૌપ્રથમ કાર્ય પોતાના શુદ્ધાત્માનો જાણવાનું હોય છે. સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનના બળે આ જાણપણું સંભવે છે. શુદ્ધાત્માના જાણપણારૂપ સમ્યગ્જ્ઞાન થતા જ્ઞાન સંબંધી ત્રણેય પ્રકારનો દાષો – સંશય, વિપર્યય અને અનધ્યવસાય ટળી જાય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવામાં સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ સહાયક હોય છે. તે આ રીતે—

સ્વ-પર કે સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનના આધારે થતી પોતાના શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ તે સમ્યગ્જ્ઞાન છે. સ્વભાવ-વિભાવ વચ્ચેનો ભેદ પારખીને હું ત્રિકાળ સામાન્ય સ્વભાવપણે શુદ્ધાત્મા છું તેમ નક્કી થાય છે. શુદ્ધાત્મા એટલે કે પરમાત્મસ્વભાવના આવા જાણપણાને જ સમ્યગ્જ્ઞાન કહે છે. આ સમ્યગ્જ્ઞાન પોતાના પરમાત્મસ્વભાવનું જ પ્રતિપાદન કરતો હોવાથી તે *'હું પરમાત્મા છું'* તે સિદ્ધાંતનું પણ પ્રતિપાદન કરે છે.

સમ્યગ્જ્ઞાનમાં ભેદજ્ઞાન ઉપરાંત જ્ઞાન સંબંધી ત્રણેય પ્રકારના દોષોનો અભાવ પણ હોય છે. જે આ સિદ્ધાંતનું સમર્થન કરનારો છે. હું પરમાત્મા હોઈશ કે પામર હોઈશ ? એવા પ્રકારની શંકાને જ્ઞાન સંબંધીનો સંશય દોષ કહે છે. સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ થતાં *'હું શુદ્ધાત્મા એટલે કે પરમાત્મા છું'* તેનો શંકારહિત નિર્ણય થાય છે જે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતની પુષ્ટિ કરે છે.

પોતે પરમાત્મસ્વભાવી હોવા છતાં પોતાને પામર માનવો તેને જ્ઞાન સંબંધીનો વિપર્યય દોષ કહે છે.. સમ્યજ્ઞાનનો અભ્યાસ થતાં આ વિપર્યય દોષ દૂર થાય છે અને *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતની દૃઢતા થાય છે.

*'હું પરમાત્મા કે પામર કાંઈક છું'* પણ શું છું તેનો નિર્ધાર ન થાય તેને જ્ઞાન સંબંધીનો અનધ્યવસાય દોષ કહે છે. સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ થતા અનધ્યવસાય રહિત પોતાના પરમાત્માપણાનો નિર્ધાર થાય છે અને તેથી *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને ટેકો મળે છે.

## ૨. સમ્યગ્દર્શન

### વિપરીત અભિનિવેશ રહિત શુદ્ધાત્માના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે.

ખોટી માન્યતા કે મિથ્યા અભિપ્રાયને વિપરીત અભિનિવેશ કહે છે. આ વિપરીત અભિનિવેશ મુખ્યત્વે વસ્તુના સ્વરૂપ સંબંધી અને તત્ત્વનાા નિર્ણય સંબંધી હોય છે. વિપરીત અભિનિવેશનું બીજું નામ મિથ્યાત્વ પણ છે. અનાદિ પરંપરાથી ચાલ્યા આવતા મિથ્યાત્વને અગૃહિત મિથ્યાત્વ કહે છે.

અગૃહિત મિથ્યાત્વ અનેક પ્રકારે હોય છે. તેમાં દેહમાં આત્મબુદ્ધિ, પુણ્યમાં ઉપાદેયપણું, તત્ત્વની અપ્રાપ્તિ, પર્યાયદૃષ્ટિ અને પરપદાર્થનું કર્તૃત્વ એ મુખ્ય છે..

ઉપરોકત અગૃહિત મિથ્યાત્વ ટાળવાને બદલે કુદેવ, કુગુરુ કે કુશાસ્ત્રના નિમિત્તે તેનું વધુ પોષણ થવું તેને ગૃહિત મિથ્યાત્વ કહે છે. અજ્ઞાનિક, વિપરીત, વૈનયિક, એકાંતિક અને સાંશયિક એ ગૃહિત મિથ્યાત્વના પ્રકારો છે.

ગૃહિત અને અગૃહિત એ બન્ને પ્રકારના મિથ્યાત્વ દૂર થવાથી ઉત્પન્ન થતા શુદ્ધાત્માના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ સમ્યગ્દર્શન છે. તેથી સમ્યગ્દર્શનનો અભ્યાસ પણ આ સિદ્ધાંતને સમજવામાં સહાયક હોય તે

દેખીતું છે. સમ્યગ્દર્શનના અભ્યાસ વડે તેના સાચા સ્વરૂપને સમજવાથી પોતાના શુદ્ધાત્મા એટલે કે પરમાત્મસ્વભાવનો સ્વીકાર થાય છે. જે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે.

### ૩. સમ્યક્ચારિત્ર

**અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક થતા શુદ્ધાત્માના આચરણને સમ્યક્-ચારિત્ર કહે છે.**

શુદ્ધાત્મામાં સ્થિરતા, લીનતા કે એકાગ્રતાને તેનું આચરણ કહે છે. શુદ્ધાત્માનું આવું આચરણ જ નિશ્ચયથી સમ્યક્ચારિત્ર છે જે વીતરાગભાવપણે હોય છે. આવું સમ્યક્ચારિત્ર અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક જ ઉત્પન્ન થાય છે.

જે અનંત સંસારનું કારણ છે એવા કષાયને અનંતાનુબંધી કષાય કહે છે. જે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એમ ચાર પ્રકારે હોય છે.

**અનંતાનુબંધી ક્રોધ** : કોઈપણ બાબતની અરુચિને ક્રોધ કહે છે.

પોતાના શુદ્ધાત્મસ્વભાવની અરુચિ અને શુભાશુભ-ભાવની રુચિ તેનું જ નામ અનંતાનુંબંધી ક્રોધ છે.

**અનંતાનુબંધી માન** : અનુકૂળ સંયોગી પરપદાર્થ કે પરભાવથી પોતાની મહત્તા માનવી તે માન છે.

પોતાના પરમાત્મસ્વભાવની અવગણના કરીને ધનાદિ પરપદાર્થો કે વ્રતાદિ પરભાવોથી પોતાની મોટાઈ માનવી તે અનંતાનુબંધી માન છે..

**અનંતાનુબંધી માયા** : કોઈ બાબતમાં આડોડાઈ, વક્રતા, કુટિલતા કે વિરૂપતા રાખવી તે માયા છે.

પરાધીનતાના કારણભૂત લૌકિક શિક્ષણ આવડે અને સ્વાધીનતાના કારણભૂત પારમાર્થિક તત્ત્વજ્ઞાનનું શિક્ષણ ન આવડે એવી આડ મારવી તે આત્માની અનંત આડોડાઈ છે.

પોતાનો આત્મા જ્ઞાનસ્વભાવી અને જ્ઞાનનો કર્તા છે તેમ નહિ માનતા તેને રાગસ્વભાવી અને રાગનો કર્તા માનવો તે આત્માની અનંત વક્રતા છે.

શુભભાવો દુ:ખરૂપ અને દુ:ખનું કારણ છે. તેમ છતાં તેને સુખરૂપ કે સુખનું કારણ માનવું તે આત્માની અનંત કુટિલતા છે.

રાગાદિ પરભાવો [૪]*હેય* હોવા છતાં તેને [૫]*ઉપાદેય* માની તેના અભાવનો ઉપાય ન કરવો તેનો આત્માની અનંત વિરૂપતા કહે છે.

ઉપરોક્ત આત્માની અનંત આડોડાઈ-વક્રતા-કુટિલતા-વિરૂપતા એ જ અનંતાનુબંધી માયા છે.

**અનંતાનુબંધી લોભ** : લાલચ કે તૃષ્ણાને વશ થઈ પરપદાર્થ કે પરભાવરૂપ પરિગ્રહનો સંચય કરવાની ભાવના રાખવી તેને લોભ કહે છે.

શુદ્ધાત્માને બદલે ધનાદિ પરપદાર્થો અને વીતરાગસ્વભાવને બદલે વ્રતાદિ પરભાવોથી આત્માનો લાભ માની તેવા પ્રકારના પરિગ્રહનો સંચય કરવાની ભાવના રાખવી તે અનંતાનુબંધી લોભ છે.

ઉપરોક્ત અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભરૂપ અનંતાનુબંધી કષાયનો અભાવ થવાથી શુદ્ધાત્માના આચરણરૂપ સમ્યક્ચારિત્રની પ્રગટતા થાય છે.

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની જેમ સમ્યક્-ચારિત્ર પણ પોતાના શુદ્ધાત્મા એટલે કે



પરમાત્મસ્વભાવ સાથે સબંધિત છે. તેથી તેના અભ્યાસથી પણ પોતાના પરમાત્મસ્વભાવની સમજણ અને મહિમા આવી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને સમજવાનું સરળ બને છે.

આ રીતે મોક્ષમાર્ગનો અભ્યાસ એટલે કે શુદ્ધાત્માના જ્ઞાન, શ્રદ્ધાન, આચરણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અભ્યાસ પોતાના શુદ્ધાત્મા એટલે કે પરમાત્મસ્વભાવ સાથે સબંધિત છે. તેથી તે પોતાના શુદ્ધાત્મા કે પરમાત્મસ્વભાવના સ્વીકારમાં જ સહાયક છે તેથી તે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને હૃદયગત કરવામાં કાર્યકારી છે.

## અંચલિકા

સામાન્ય અને પ્રાથમિક તત્ત્વજ્ઞાનના અભ્યાસ વિના તત્ત્વજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત સમજી શકાતો નથી. તેથી 'હું પરમાત્મા છું' અને તેના જેવા બીજા કોઈ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરતાં પહેલા તત્ત્વજ્ઞાનનો કેટલોક અભ્યાસ આવશ્યક હોય છે અને આ અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર હોવો જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા માટે રોજના છ થી આઠ કલાક ફાળવવા માટે ભલામણ કરેલી છે. બારેય પ્રકારના તપમાં સ્વાધ્યાય સમાન બીજું કોઈ તપ નથી તેમ પણ શાસ્ત્રમાં આવે છે. તેથી મોટા ભાગનાં મુમુક્ષુઓ રોજના બે-ચાર કલાક તો આવો અભ્યાસસ કરતા જ હોય છે. પરંતુ તેમ છતાં તત્ત્વજ્ઞાનની સાચી સમજણ ન આવતી હોય તો તેનું કારણ આ અભ્યાસ વ્યવસ્થિત અને પદ્ધતિસરનો નથી. કેટલાક તો ગમે તે શાસ્ત્ર ગમે ત્યાંથી વાંચવા માંડે છે, કોઈ ધાર્મિક સામયિકો વાંચે છે, પ્રવચનો સાંભળે છે. આ રીતે તેનો અભ્યાસ અધકચરો અને છુટોછવાયો હોય છે. દશ જગ્યાએ દશ-દશ ફૂટ ખોદવાથી પાણી ન નીકળે પણ એક જ જગ્યાએ સો ફુટ ઊંડા જાવ તો પાણી મળે. આ બાબત તત્ત્વજ્ઞાનના અભ્યાસને પણ લાગુ પડે છે. પારિભાષિક પરિચય ન હોય અને દ્રવ્ય સામાન્યનો અભ્યાસ કરે અને દ્રવ્ય સામાન્યની પાકી સમજણ વિના દ્રવ્ય વિશેષ અને મોક્ષમાર્ગનો અભ્યાસ કરવાથી કાંઈ ન વળે.

તત્ત્વજ્ઞાનનો સારી રીતે અભ્યાસ કરવા માટે તેના નિયત ક્રમને અનુસરવું જોઈએ. સૌ પ્રથમ પારિભાષિક પરિચય પ્રાપ્ત થયા પછી સત્‌શાસ્ત્રોનો સામાન્ય અભ્યાસ કરવો જોઈએ.



ત્યારપછી સત્‌શાસ્ત્રોના વિશેષ અભ્યાસની શરૂઆત દ્રવ્ય સામાન્યથી કરવી જોઈએ. દ્રવ્ય સામાન્યના અભ્યાસ વિના દ્રવ્ય વિશેષ અને મોક્ષમાર્ગના અભ્યાસમાં આગળ વધવું યોગ્ય નથી. તત્ત્વજ્ઞાનના કોઈ પણ સિદ્ધાંતનો સાર પણ દ્રવ્ય સામાન્યના અભ્યાસ વિના સમજી શકાતો નથી. તેથી દ્રવ્ય સામાન્યના અભ્યાસ પછી છ દ્રવ્યો, નવ તત્ત્વો, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, કર્તા-કર્મ વગેરે દ્રવ્ય વિશેષનો અભ્યાસ કરવો જોઈએ. દ્રવ્ય વિશેષના અભ્યાસના આધારે જે તે સિદ્ધાંતની સ્પષ્ટ સમજૂતી મળે છે. ત્યાર પછી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતનું ફળ મોક્ષમાર્ગ અને મોક્ષ હોય છે તેનો અભ્યાસ પણ કરવો જોઈએ.

આ રીતે તત્ત્વજ્ઞાનનો સામાન્ય અભ્યાસ કર્યા પછી જે સિદ્ધાંતને સમજીને તેને હૃદયગત કરવાનો હોય તેના પાંચ પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રહણ કરવો જોઈએ.

**૨.તત્ત્વજ્ઞાનના જે સિદ્ધાંતને હૃદયગત કરવાનો હોય તેનો પાંચ પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રહણ કરવો જોઈએ.**

**કોઈ પણ સિદ્ધાંતને જે પ્રકારે જાણી શકાય કે તેનો નિશ્ચય કરી શકાય તેને તેનો અર્થ કહે છે.**

આ અર્થ પાંચ પ્રકારે થઈ શકે છે.

**૧. શબ્દાર્થ ૨. નયાર્થ ૩. મતાર્થ ૪. આગમાર્થ** અને **૫. ભાવાર્થ**

તત્ત્વજ્ઞાનનો તેના નિયત ક્રમાનુસારનો સામાન્ય અભ્યાસ કર્યા પછી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવાનો ઉપાય કરવો જોઈએ. અહીંયા જે સિદ્ધાંતને હૃદયગત કરવાનો હોય તેનો સૌ પ્રથમ પાંચેય પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રહણ કરવો જોઈએ. આ પાંચેય પ્રકારના અર્થ અને તે અનુસારનો આપણા પ્રસ્તુત વિષયભૂત *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતનો અર્થ હવે આપવામાં આવે છે.

## ૨.૧. શબ્દાર્થ

**સિદ્ધાંતનો શબ્દશઃ તેની [૧]*ધાતુ* કે [૨]*વ્યુત્પત્તિ* અનુસાર અર્થ કરવો તે શબ્દાર્થ છે.**

સિદ્ધાંત જે શબ્દોથી રચાયેલો હોય તે દરેક શબ્દના તેની ધાતુ કે વ્યુત્પત્તિ અનુસાર શબ્દશઃ અર્થ વિચારવો તે શબ્દાર્થ છે. આ શબ્દાર્થ પ્રમાણભૂત નથી. કેમ કે, એક જ શબ્દના અનેક અર્થ હોઈ શકે છે. વળી જુદા-જુદા ક્ષેત્રમાં પણ તેના જુદા-જુદા અર્થ જોવા મળે છે. તેમ જ એક જ ક્ષેત્રમાં પણ જુદા-જુદા કાળે તે શબ્દના અર્થ પણ બદલાઈ જતા જોવા મળે છે. આ કારણે શબ્દાર્થ વડે કોઈ સિદ્ધાંતનો ભાવ, આશય કે પ્રયોજનને પકડી શકાતું નથી.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતનો શબ્દાર્થ પોતે જ સંપૂર્ણ સામર્થ્ય ધરાવતો ભગવાન આત્મા છે.

## ૨.૨. નયાર્થ

**સિદ્ધાંતનું કથન કયા નય અનુસારનું છે તે જાણવું તેને તેનો નયાર્થ કહે છે.**

સામાન્યપણે સિદ્ધાંતનું કથન દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક નય અથવા નિશ્ચય કે વ્યવહાર નય અનુસારનું હોય છે. વસ્તુનું ત્રિકાળ દ્રવ્યસ્વભાવથી કથન કરવું તે દ્રવ્યાર્થિક નય છે અને તે જ વસ્તુને તેની પલટતી પર્યાયથી દર્શાવવી તે પર્યાયર્થિક નય છે. કોઈ બાબતને સીધી રીતે કહેવી તે નિશ્ચય નય છે અને તેને જ બીજી કોઈ જાણીતી બાબત દ્વારા આડકતરી રીતે કહેવી તે વ્યવહાર નય છે.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંત દ્રવ્યાર્થિક નય કે નિશ્ચય નયનું કથન છે. પર્યાયાર્થિક નયે આપણો આત્મા અત્યારે પામર હોવા છતાં તે જ આત્મા તે જ સમયે દ્રવ્યાર્થિક નયે પરમાત્મા છે. વ્યવહાર નયે આપણો આત્મા અત્યારે પામરદશા ધરાવતો હોવા છતાં તે જ આત્મા તે જ સમયે નિશ્ચયનયે પરમાત્મસ્વભાવી છે.



## ૨.૩. મતાર્થ

**સિદ્ધાંતનું સ્વરૂપ અન્ય મિથ્યા મતોનો કઈ રીતે '*પરિહાર* કરે છે તેવા ગર્ભિત નિર્દેશને સમજવો તેને મતાર્થ કહે છે.**

કોઈ પણ સત્ય સિદ્ધાંત અન્ય કલ્પિત મિથ્યા મતોનો ગર્ભિત રીતે પરિહાર કરતો જ હોય છે.. આ બાબતને સમજવી તે તેનો મતાર્થ કહેવાય છે.

**'હું પરમાત્મા છું'** એ સત્ય સિદ્ધાંત અનુસાર પોતે જ પોતાના ત્રિકાળ સ્વભાવથી પરમાત્મા છે. જૈન સિવાયના અન્ય સઘળાં મતપક્ષો મોટાભાગે પરમાત્માને પોતાની અંદરને બદલેલે બહારમાં જ ક્યાંક માને છે. તો કેટલાક એક જ પરમાત્મા છે અને તે [૯]*સચરાચર*માં સઘળે વ્યાપ્ત છેછે તેમ માને છે. **'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંત અનુસાર આવા અન્યમતોનો ગર્ભિત રીતે આપમેળે નિષેધ થાય છે તેમ સમજવું તે તેનો મતાર્થ છે..

## ૨.૪. આગમાર્થ

**સિદ્ધાંતનું કથન કયા આગમનું છે અને તે અન્ય આગમોને અનુકૂળ છે કે નહિ તેમ જ તે તીર્થંકરોથી પ્રકાશિત અને આચાર્યોની પરંપરાથી પ્રમાણિત છે કે નહિ ? તેની તપાસ કરવી તે આગમાર્થ છે.**

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા પ્રસિદ્ધિ પામેલ છે તોપણ તે આગમના આધારે છે. યોગસાર, પરમાત્મપ્રકાશ, સમયસારાદિ અનેક આગમોનો કેન્દ્રવર્તી વિચાર જ પોતાના પરમાત્મસ્વભાવનું પ્રકાશન કરાવવાનો છે. લગભગ દરેક જૈનાગમો એકી અવાજે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતનું સમર્થન કરનારા છે. વળી આ સિદ્ધાંત એકબીજા આગમ સાથે પૂર્વાપર મેળાપ રાખનારો અને વિરોધ વિનાનો છે. તેથી તે દરેક આગમને અનુકૂળ છે.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંત અતીતકાળના તીર્થંકર શાસનનાયક ભગવાન શ્રી મહાવીર, વર્તમાન વિહરમાન તીર્થંકર શ્રી સીમંધરદેવ અને ભાવિ તીર્થાધિનાથ શ્રી સૂર્યકીર્તિસ્વામી દ્વારા પ્રકાશિત છે. અને ગૌતમ ગણધરથી માંડીને કુંદકુંદાચાર્યદેવ, અમૃતચંદ્રાચાર્ય, યોગીન્દુદેવ વગેરે આચાર્યોની પરંપરાથી પ્રમાણિત છે. આ પ્રકારની ચકાસણી તે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતનો આગમાર્થ જાણવો.

## ૨.૫ ભાવાર્થ

**સ્વ-પર, હેય-ઉપાદેય, સુખ-દુઃખ વગેરે પ્રકારનો વિવેક કરી સિદ્ધાંતનો આશય, પ્રયોજન કે ભાવને સમજવો તે તેનો ભાવાર્થ છે.**

પાંચેય પ્રકારના અર્થમાં ભાવાર્થ જ હંમેશાં [૧૦]*ગ્રાહ્ય* હોય છે.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતનો ભાવ કે આશયને સમજીને તેને ગ્રહણ કરવો તે ભાવાર્થ છે. પોતે વર્તમાન પર્યાયપણે પામર હોવા છતાં પોતાના ત્રિકાળી દ્રવ્યસામાન્ય સ્વભાવપણે પરમાત્મા છે. આ પરમાત્મસ્વભાવ કાયમી છે, આશ્રયભૂત છે અને પોતાના આત્માનું અસલી સહજ સ્વરૂપ છે. પલટતી પર્યાય પણ અવસ્તુ નથી પણ તે કાયમી નથી, આશ્રયભૂત નથી કે પોતાનું અસલી સ્વરૂપ પણ નથી. વર્તમાનમાં તે

પરાશ્રયે થતી પામરદશા ધરાવે છે. તેથી પોતાનો સ્વીકાર કે શ્રદ્ધાન આ પરમાત્મસ્વભાવપણે કરવો જરૂરી હોય છે. અનાદિકાળથી પર્યાયપણે પોતાની પામરદશાનો સ્વીકાર છે તેના બદલે પોતાનો દ્રવ્યપણે પરમાત્મસ્વભાવનો સ્વીકાર કરવાથી પોતાની પર્યાયની પામરદશા ટળી પરમાત્મદશા પ્રગટે છે તેથી દ્રવ્ય-પર્યાયરૂપ પોતાના સ્વરૂપમાં પોતાનું દ્રવ્યસ્વરૂપ એટલે પરમાત્મસ્વભાવ જ પોતાનું સ્વ છે અને તે સિવાયનું સઘળું પર છે તે રીતે સ્વ-પરનો વિવેક કરી પોતાના સ્વનો એટલે કે પરમાત્મસ્વભાવનો સ્વીકાર કરવો તે જ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતનો ભાવાર્થ છે.

આ રીતે સ્વ-પરનો વિવેક કર્યા પછી દ્રવ્ય-પર્યાયમય વસ્તુમાં પોતાનો દ્રવ્યસ્વભાવ કે જે પરમાત્માપણે છે તે જ ઉપાદેય હોય છે. કેમ કે, દ્રવ્યસ્વભાવ જ ત્રિકાળ ધ્રુવ હોવાથી આશ્રયભૂત છે અને અનંતગુણોથી ભરપૂર સામર્થ્યવાળો હોવાથી તેના આશ્રયે જ પોતાના પરમાત્મ-સ્વભાવ જેવી જ પરમાત્મદશા પ્રગટે છે. આ જીવ અનાદિકાળથી પોતાના પરમાત્મસ્વભાવનો અસ્વીકાર, અનાદર કે અવગણના કરીને પોતાને પોતાની પલટતી પર્યાયપણે પામર જ માને છે. પણ જો પોતે પોતાના આ પરમાત્મસ્વભાવને જાણે, માને અને તેનો આશ્રય કરે તો આ પરાશ્રયે થતી પામરદશા ટળી સ્વાશ્રયે થતી પરમાત્મદશા અવશ્ય પ્રગટે છે. આ રીતે અનેકાંતસ્વરૂપી દ્રવ્ય-પર્યાયમય વસ્તુમાં પોતાના દ્રવ્યમય પરમાત્મસ્વભાવને જ ઉપાદેય માની તેના ગ્રહણનો ઉપાય કરવો તે પણ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતનો ભાવાર્થ છે.

હેય-ઉપાદેયનો વિવેક કરી પરમ ઉપાદેય એવો પોતાનો પરમાત્મસ્વભાવ જ અનંત સુખનો ભંડાર, સ્વયમેવ સુખ સ્વભાવી અને સુખનું જ કારણ છે અને તે સિવાય સઘળું દુ:ખમય અને દુ:ખનું કારણ છે તેમ જાણવાથી સુખ-દુ:ખનો વિવેક થાય છે. આ રીતે સુખ-દુ:ખ વિવેક કરી સુખસ્વભાવી પરમાત્મસ્વભાવનો સ્વીકાર કરવો તે પણ 'હું પરમાત્મા છું' સિદ્ધાંતનો ભાવાર્થ છે.

## અંચલિકા

શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ એ પાંચેય પ્રકારના અર્થમાં માત્ર ભાવાર્થ જ ગ્રાહ્ય હોય છે.

***શબ્દાર્થ*** કાળ અને ક્ષેત્ર અનુસાર બદલાઈ જતો હોય છે અને એક શબ્દના અનેક અર્થ પણ હોય છે તેથી સિદ્ધાંતનો આશય શબ્દાર્થ વડે પકડી શકાતો નથી. તેથી તે ગ્રાહ્ય નથી.

***નયાર્થ*** વડે કયા નયનું કથન છે તે જાણી શકાય છે પણ તેથી સિદ્ધાંતનું પ્રયોજન પકડી શકાતું નથી તેથી તે પણ ગ્રાહ્ય નથી.

***મતાર્થ***વડે અન્ય મિથ્યા મતોનું નિરાકરણ થાય છે. પણ તેથી પોતાનું હિત સાધી શકાતું નથી. તેથી મતાર્થ પણ ગ્રાહ્ય નથી.

***આગમાર્થ*** વડે સિદ્ધાંતની આગમ અનુસારની સિદ્ધિ થાય છે. પણ તેના વડે સિદ્ધાંતનું પ્રયોજન પાર પડતું નથી. તેથી તે પણ ગ્રાહ્ય નથી.

એક માત્ર ***ભાવાર્થ*** વડે જ સિદ્ધાંતનો આશય, પ્રયોજન કે ભાવને સમજી શકાય છે અને તેના ગ્રહણથી જ સિદ્ધાંતના અલૌકિક અને અચિંત્ય ફળની પ્રાપ્તિ થાય છે. માટે આ ભાવાર્થ જ ગ્રાહ્ય જાણવો.




ભાવાર્થને સમજતા પહેલા શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ અને આગમાર્થ પણ જાણવા જરૂરી હોયેય છે. કેમ કે, તે જાણ્યા પછી જ ભાવાર્થ સારી રીતે સમજી શકાય છે. તેથી સિદ્ધાંતના પાંચેય પ્રકારે અર્થ વિચારવા જરૂરી છે પણ પ્રયોજનભૂત ભાવાર્થ હોવાથી તે જ ગ્રાહ્ય જાણવો.

આ રીતે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતનો ભાવાર્થ ગ્રહણ કરી તેને હૃદયગત કરવાનો ઉપાય કરવો જોઈએ.

**૩.તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતનાં ભાવાર્થને ગ્રહણ કર્યા પછી તેને હૃદયગત કરવા માટે તેના યોગ્ય ક્રમાનુસાર આગળ વધવું જોઈએ.**

તત્ત્વજ્ઞાનના કોઈ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે તેના પાંચ પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રાહ્ય રાખવો જોઈએ ત્યાર પછી સિદ્ધાંતના આ ભાવને હૃદયગત કરવા માટે તેના યોગ્ય ક્રમાનુસાર આગળ વધવું જોઈએ. આ ક્રમમાં આપણે અત્યારે ક્યાં છીએ અને ક્યાં સુધી પહોંચવાનું છે તે આપણે જાતે જ નક્કી કરવાનું હોય છે. કોઈ પણ સિદ્ધાંતને હૃદયગત થવા માટેનો ક્રમ આ મુજબ છે..



૧. દર્શનોઉપયોગ ૨. અવગ્રહ ૩. ઈહા ૪. અવાય ૫. ધારણા ૬. સ્મૃતિ ૭. પ્રત્યભિજ્ઞાન ૮ વ્યાપ્તિ ૯. અનુમાન ૧૦. પરીક્ષા ૧૧. ભાવભાસન ૧૨. સંવેદન અને ૧૩. હૃદયગતપણું

આ બાબતની વિસ્તૃત સમજૂતી આ પછીનાં જુદા પ્રકરણમાં આપવામાં આવે છે.

## ઉપસંહાર

**'હું પરમાત્મા છું'** જેવા તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાનો ઉપાય માટે સૌ પ્રથમ તત્ત્વજ્ઞાનનો સામાન્ય અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર કરવો જોઈએ. તત્ત્વજ્ઞાનથી વાકેફ થવા માટે પ્રથમ પારિભાષિક પરિચયનો અભ્યાસ થયા પછી સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ. આચાર્યદેવ રચિત શાસ્ત્રો જ સતશાસ્ત્રો કહી શકાય છે. આચાર્યદેવના આ મૂળ શાસ્ત્રોના અભ્યાસ વિના તત્ત્વજ્ઞાનની સાચી સમજણ સંભવતી નથી. આ શાસ્ત્રોનો ઉપર છલ્લો અભ્યાસ કર્યા પછી વ્યવસ્થિત અભ્યાસ કરવા માટે સૌ પ્રથમ દ્રવ્ય સામાન્યનો અભ્યાસ ખાસ જરૂરી હોય છે. ત્યારબાદ દ્રવ્ય વિશેષ અને મોક્ષમાર્ગનો અભ્યાસ કરવો જોઈએ. આ પ્રકારે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ થયા પછી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવાનો ઉપાય વિચારવો જોઈએ.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંત મૂળભૂત અને મહત્ત્વનો છે. આઆ એક સિદ્ધાંતમાં બીજા અનેક સિદ્ધાંતો સમાય જાય છે અને આ સિદ્ધાંત હૃદયગત થતા બીજા સિદ્ધાંતો હૃદયગત થવા સાવ સરળ હોય છે. આપણે જે સિદ્ધાંતને હૃદયગત કરવાનો હોય તેના પાંચ પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રાહ્ય રાખવો જોઈએ. સિદ્ધાંતના ભાવાર્થને ગ્રહણ કર્યા પછી

તેને હૃદયગત કરવા માટે તેના યોગ્ય ક્રમાનુસાર આગળ વધવું જોઈએ. આ પ્રકારની પ્રક્રિયામાંથી પસાર થતાં જે તે સિદ્ધાંત હૃદયગત થઈ શકે છે. આ સિદ્ધાંતને હૃદયગત થવાનું ફળ પણ મહાન હોય છે. પણ તે માટેનો પુરુષાર્થ જરુરી હોય છે.

આપણને લૌકિક શિક્ષણ મેળવવાની ઘેલછા હોય છે અને તેના માટે તનતોડ પ્રયત્ન હોય છે. આવા શિક્ષણમાં નીતિમત્તાની વાત પણ નથી હોતી તો આત્મોન્નતિની વાત કયાંથી હોય? આવું શિક્ષણ મેળવનાર અમલદાર લાંચિયો અને ભ્રષ્ટાચારી પણ હોય છે. કોઈ ત્રાસવાદી કે આતંકવાદી પણ ઉચ્ચ શિક્ષણ મેળવેલ હોય છે. ઉચ્ચ શિક્ષણ મેળવનાર કરચોરી કરવામાં કોઈ [11]*ક્ષોભ* પામતો નથી. લૌકિક શિક્ષણ સરવાળે સંસારમાં જ રખડાવનાર હોવાથી તે કુશિક્ષણ છે. આવા કુશિક્ષણ માટે ભારે જહેમત, મોટો ખર્ચ અને ઘણી મુશ્કેલી પણ વેઠવામાં આવે છે. વર્ષોના વર્ષો તેની પાછળ વીતાવવામાં આવે છે પણ પારમાર્થિક તત્ત્વજ્ઞાનનું સુશિક્ષણ મેળવવા છ મહિના પણ ફાળવાતા નથી.

જો પૂરી લગની અને ખરા હૃદયથી છ મહિના માટે પણ તત્ત્વજ્ઞાનનો વ્યવસ્થિત અભ્યાસ કરવામાં આવે તો તે હૃદયગત થઈ આત્માની પ્રાપ્તિ કરાવે છે. આ બાબત આચાર્યશ્રી અમૃતચંદ્રના શબ્દોમાં—

(માલિની)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम् ।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः ॥

**ભાવાર્થ : હે ભવ્ય તને બીજો નકામો કોલાહલ કરવાથી શો લાભ છે ? આવા બધાં કોલાહલથી તું વિરક્ત થા અને એક ચૈતન્યમાત્ર પરમાત્મસ્વભાવી પોતાના આત્માને નિશ્ચળ લીન થઈ દેખવાનો પ્રયત્ન કર. આ માટે તું એવો છ મહિનાનો અભ્યાસ કર અને પછી તપાસ કે તારા પોતાના હૃદય સરોવરમાં શરીરાદિ પૌદ્‌ગલિક પદાર્થથી જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ ભિન્ન છે એવા શુદ્ધાત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે.** (સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક: ૩૪)

## ટિપ્પણ

(અઘરા તથા અપરિચિત શબ્દોના અર્થ)

**૧. અવિનાભાવી** પરસ્પર એક વિના બીજાનું ન હોવું તે; ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એકબીજા વિના હોતા નથી.
**૨. સુવિકલ્પ** કલ્પ એટલે ભેદ. અને વિકલ્પ એટલે વિશેષ પ્રકારનો ભેદ. આવા વિશેષ પ્રકારના ભેદ અને અભેદને જાણવું તે સુવિકલ્પ છે. ભેદના પક્ષે રાગ થતો હોવાથી રાગને પણ વિકલ્પ કહે છે પણ તે અર્થ અહીં નથી.
**૩. કર્મ-નોકર્મ** પૌદ્‌ગલિક કાર્મણ વર્ગણામાંથી બનેલું અને આત્મા સાથે સંબંધિત જ્ઞાનાવરણિયાદિ આઠ પ્રકારને કર્મ કહે છે. આ કર્મ પૈકી અઘાતિકર્મોના કારણે મળતા શરીરાદિ સંયોગોને નોકર્મ કહે છે.
**૪. હેય** છોડવા યોગ્ય. ત્યાજ્ય.
**૫. ઉપાદેય** ગ્રહણ કરવા યોગ્ય. ગ્રાહ્ય.
**૬. ધાતુ** સંસ્કૃત ક્રિયાપદના મૂળરૂપને ધાતુ કહે છે. ધાતુમાંથી શબ્દની રચના થાય છે.
**૭. વ્યુત્પત્તિ** શબ્દની મૂળ ઉત્પત્તિ કઈ રીતે થઈ તે બતાવનાર.
**૮. પરિહાર** નિષેધ, ત્યાગ.
**૯. સચરાચર** ચર અને અચર બધામાં, સ્થાવર-જંગમ બધુંય, સર્વત્ર.
**૧૦. ગ્રાહ્ય** ગ્રહણ કરવા યોગ્ય, અનુગ્રહ કરવા યોગ્ય.
**૧૧. ક્ષોભ** મનનો ગભરાટ, વ્યગ્રતા, શરમ.મ.



## સંદર્ભ ગ્રંથો

● ***પ્રસ્તાવિક :*** સમયસાર : આત્મખ્યાતિ શ્લોક-૨૩

***૧. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તેના નિયત ક્રમાનુસાર કરવો જોઈએ.***

૧.૧. પારિભાષિક પરિચયનો અભ્યાસ

૧.૨. સતશાસ્ત્રોનો અભ્યાસ

૧. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા ૮,૯, ૪૩થી ૪૬; ● ૨. નિયમસાર ગાથા : ૮; ● ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧/૧૨/૭/૫૪/૮; ● ૪. પરીક્ષામુખ ૩/૯; ● ૫. પદ્મનંદીપંચવિંશતિ : ૪/૧૦; ● ૬. ધવલ ૧ /૧, ૧, ૨૨/૧૯૬/૪; ● ૭. કષાયપાહુડ ૧/૧,૧૫,પ્રકરણ : ૬૪/૮૨; ● ૮. બૃહદ્દ્રવ્યસંગ્રહ ગાથા ૪૨ની ટીકા; ● ૯. જૈ.સિ.કોશ: ભાગ-૧ આગમની પ્રસ્તાવના પાનુ ૨૨૫.

***૧.૩. દ્રવ્ય સામાન્યનો અભ્યાસ***

૧. તત્ત્વાર્થસૂત્ર ૫/૨૯,૩૦; ● ૨. બૃહદ્દ્રવ્ય સંગ્રહ : ગાથા ૪ની ટીકા; ● ૩. પંચાસ્તિકાયસંગ્રહ; - ગાથા ૪૦ની તાત્પર્યવૃતિ ટીકા.

***૧.૪. દ્રવ્ય વિશેષનો અભ્યાસ***

૧. પરમાત્મપ્રકાશ : અધ્યાય-૧, ગાથા ૫૭,૫૮ની ટીકા; ● ૨. સમયસાર: આત્માખ્યાતિ : શ્લોક ૭, ગાથા ૧૩, ગાથા ૭૫ની ટીકા, આત્મખ્યાતિ શ્લોક નં. ૪૯,૨૧૧; ગાથા ૧૮૧-૮૩ અને તેની ટીકા; ● ૩. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૨૨, ૨૨૩; ● ૪. આપ્તમીમાંસા : શ્લોક ૪૮; ● ૫ તત્ત્વાર્થશ્લોકવાર્તિક : ૨/૧/૨/૧૧/૨૮/૧૩; ● ૬. પ્રવચનાસાર : ગાથા ૯૨, ૧૦૨, ૧૨૪ની ટીકા; ● ૭. આલાપપદ્ધતિ : ૯; ● ૮. સ્યાદ્વાદ મંજરી : ૨૮/૩૧૦/૯; ● ૯. નયચક્ર બૃહદ : ગાથા ૧૭૪; ● ૧૦. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૮ ઉપદેશનું સ્વરૂપ.

***૧.૫. મોક્ષમાર્ગનો અભ્યાસ***

૧. તત્ત્વાર્થસુત્ર: અધ્યાય ૧, સુત્ર ૧ અને તેની ટીકા; ● ૨. ન્યાયદીપિકા અધિકાર ૧, પ્રકારણ ૯, પાનુ ૮,૯,૧૧; ● ૩. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૪૨ અને તેની ટીકા; ● ૪. સર્વાર્થસિદ્ધિ : અધ્યાય ૮ સુત્ર-૧; ● ૫. સ્વામીકાર્તિકેયાનું પ્રેક્ષા : ગાથા ૩૧૮; ● ૬. ગુરુદેવશ્રીના વચનામૃત નં. ૨૭૫,૨૭૬; ● ૭. ધવલ : ૬/૧/૯-૧/૨-૩/૪૧/૫; ● ૮. બહેનશ્રીના વચનામૃત નં. ૫૮,૫૯,૧૯૭,૨૮૫,૩૮૯,૪૦૪,૪૨૯; ● ૯. મોક્ષમાર્ગ પ્રકાશક અધિકાર : ૯. મોક્ષમાર્ગનું સ્વરૂપ.

***૨. તત્ત્વજ્ઞાનના જે સિદ્ધાંતને હૃદયગત કરવાનો હોય તેનો પાંચ પ્રકારે અર્થ વિચારી તેના ભાવાર્થને ગ્રહણ કરવો જોઈએ.***

૧. પરમાત્મપ્રકાશ અધ્યાય ૧, ગાથા ૧ની ટીકા;

૨. બૃહદ દ્રવ્યસંગ્રહ : ગાથા ૨ની ટીકા; ● ૩. જૈ.સિ.કોશ : ભાગ-૧ : અર્થ : પાનુ ૧૩૫.

૨.૧. **શબ્દાર્થ** :: ૧. સર્વાર્થસિદ્ધિ : ૧/૩૩/૧૩૪; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧/૬/૫/૩૪/૧૮.

૨.૨. **નયાર્થ** :: ૧. સર્વાર્થસિદ્ધિ : ૧/૬/૨૦; ● ૨. ધવલ : ૧/૧,૧,૧/૩/૧૦; ● ૩. મોક્ષમાર્ગ પ્રકાશક અધિકાર ૭ : નિશ્ચય વ્યવહાર નયાભાસાવલંબી મિથ્યાદૃષ્ટિઓનું નિરૂપણ.

૨.૩. **મતાર્થ**:: ૧. ધવલ : ૧/૧, ૧.૩૦/૨૨૯/૯; ● ૨. સપ્તભંગીતરંગિણી : પાનુ ૭૭.

૨.૪. **આગમાર્થ** :: ૧. બૃહદ દ્રવ્ય સંગ્રહ : ગાથા ૨૨ની ટીકા; ● ૨. ધવલ : ૩/૧, ૨, ૧૮૪/૪૮૧/૧.

૨.૫. **ભાવાર્થ** :: ૧. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૨૭,૫૨,૬૧ની તાત્પર્યવૃતિ ટીકા; ● ૨. બ્રહદ્દ્રવ્ય સંગ્રહ : ગાથા ૨ની ટીકા; ● ૩. પ્રવચનસાર ગાથા ૮૩ની ટીકા.

***૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતના ભાવાર્થને સમજ્યા પછી તેને હૃદયગત કરવા માટે તેના યોગ્ય ક્રમાનુસાર આગળ વધવું જોઈએ.***

● ***ઉપસંહાર*** :: ૧. સમયસાર : આત્મખ્યાતિ શ્લોક ૩૪.

## દ્રવ્ય સામાન્યનો અભ્યાસ

જેમ એકડો આવડ્યા વિના કોઈ પણ ગણત્રી આવડતી નથી તેમ દ્રવ્ય સામાન્યની સમજણ વિના તત્ત્વજ્ઞાનના કોઈ પણ સિદ્ધાંતની સમજણ થઈ શકતી નથી. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજીને હૃદયગત કરવા માટે દ્રવ્ય સામાન્યનો અભ્યાસ અત્યંત આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે. (પ્રકરણ-૪: 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત કરવાનો ઉપાય' : પાના નંબર ૭૩ માંથી)

# હેતુલક્ષી પ્રશ્નો

***યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં □ ચોરસમાં દર્શાવો.***

**૧. મહર્ષિઓ પ્રયત્ન કરીને પણ શેનો ઉપાય કરવો જોઈએ ?** 1. □

A. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવાનો
B. સત્તા-સંપતિ પ્રાપ્ત કરવાનો
C. સમાજની સેવા કરવાનો
D. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને કંઠસ્થ કરવાનો

**૨. તત્ત્વજ્ઞાનના પારિભાષિક શબ્દો અઘરા લાગવાનું કારણ શું છે?** ૨. □

A. તે સંદિગ્ધ અને સંકીર્ણ હોવાથી
B. તેનો ઉપયોગ અને પરિચય ન હોવાથી
C. તેનો રસ અને રુચિ ન હોવાથી
D. તે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના હોવાથી

**3. પારમાર્થિક જગતના શાસ્તા પુરુષ કોણ છે ?** ૩. □

A. છ-ખંડના અધિપતિ ચક્રવર્તી
B. વીતરાગી અરિહંત ભગવાન
C. હિતોપદેશી જિનેન્દ્ર ભગવાન
D. આચાર્યશ્રી કુંદકુંદદેવ

**૪. વર્તમાન કાળમાં જૈન તત્ત્વજ્ઞાનની સાચી સમજ પ્રાપ્ત કરવા શું આવશ્યક છે ?** ૪. □

A. ચારેય અનુયોગના સઘળાં શાસ્ત્રોનો અભ્યાસ
B. પીસ્તાલીશ આગમોનો અભ્યાસ
C. બાર અંગોનો અભ્યાસ
D. કુંદકુંદાચાર્યના પાંચ પરમાગમોનો અભ્યાસ

**૫. કોનો અભ્યાસ કરવાથી વસ્તુનું અનેકાંતસ્વરૂપ સમજી શકાય છે ?** ૫. □

A. સમયસાર શાસ્ત્રનો B. મોક્ષમાર્ગનો
C. દ્રવ્ય વિશેષનો D. દ્રવ્ય બંધારણનો

**૬. વસ્તુનાં અનેકાંત સ્વરૂપને સ્વીકારનાર કોણ છે ?** ૬. □

A. ભારતીય વૈદિક દર્શનો
B. સઘળાં સનાતન દર્શનો
C. એક માત્ર અરિહંત ભગવાન
D. એક માત્ર જૈન દર્શન

**૭. અનેકાંતસ્વરૂપી વસ્તુના પરસ્પર વિરોધી બે ધર્મોમાં કોનો સમાવેશ નથી ?** ૭. □

A. અપ્રગટ પરમાત્મસ્વભાવ અને પ્રગટ પામરદશા
B. ત્રિકાળી દ્રવ્ય અને પલટતી પર્યાય
C. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય
D. દ્રવ્ય-ગુણ અને પર્યાય

**૮. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય જેવા પરસ્પર વિરોધી ધર્મો એક જ દ્રવ્યમાં એક સાથે હોય છે તેનું કારણ શું નથી ?** ૮. □

A. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યમાં સમયભેદ હોતો નથી
B. ઉત્પાદન-વ્યય અને ધ્રૌવ્ય એ સાપેક્ષ ધર્મ છે
C. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યનું અવિનાભાવીપણું હોય છે
D. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એ અંશના ધર્મો છે

**૯. નવતત્ત્વોને ભૂતાર્થ નયથી જોવું એટલે શું ?** ૯. □

A. નવેય તત્ત્વોનો વિશદ અને વિસ્તૃત અભ્યાસ કરવો તે
B. જાણીતા નવ તત્ત્વો દ્વારા ભૂતાર્થનયના વિષયભૂત અજાણ્યા શુદ્ધાત્માને ઓળખવો તે
C. નવેય તત્ત્વોને ભૂતાર્થ માનવા તે
D. નવ તત્ત્વોમાં મૂળભૂત એવા જીવ તત્ત્વને ઓળખવું તે

**૧૦. આત્માના કોઈ પણ કાર્યમાં પુરુષાર્થ એ કેવું કારણ નથી ?** 10. □

A. વ્યવહાર કે નિમિત્ત B. નિશ્ચય કે ઉપાદાન
C. આત્મલક્ષી કે અંતરંગ
D. સ્વાધીન અને સફળ

**૧૧. પાંચ કારણોના સમુદાયરૂપ પાંચ સમવાયમાં સાચું કારણ શું છે ?** ૧૧. □

A. પુરુષાર્થ B. સ્વભાવ
C. કાળલબ્ધિ D. ભવિતવ્ય

**૧૨. કર્તા-કર્મપણું ક્યાં હોતું નથી ?** ૧૨. □

A. એક જ દ્રવ્યમાં અભિન્નપણે હોતું નથી
B. અનુકૂળ-અનુરૂપપણું હોય ત્યા હોતું નથી
C. વ્યાપક-વ્યાપ્યપણું હોય ત્યાં હોતું નથી
D. પરિણામી-પરિણામપણું હોય ત્યાં હોતું નથી.

૧૩. આત્માના અનંતગુણો પૈકી મૂળભૂત અને મહત્વના ગુણો કયા છે ? ૧૨. ☐
A. બધા જ ગુણો B. એક માત્ર જ્ઞાન
C. દર્શન - જ્ઞાન - ચારિત્ર
D. જ્ઞાન - સુખ - વીર્ય

૧૪. મોક્ષમાર્ગ ખરેખર કેટલા છે ? ૧૩. ☐
A. ચાર છે : દર્શન ,જ્ઞાન , ચારિત્ર અને તપ
B. ત્રણ છે : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર
C. બે છે : નિશ્ચય અને વ્યવહાર
D. એક છે : સમ્યક્ રત્નત્રય ૧૪. ☐

૧૫. આત્માની અનંતાનુબંધી માયા અંતર્ગત તેની અનંત આડોડાઈ શું છે ?
A. રાગાદિભાવો હેય હોવા છતાં ઉપાદેય માનવા તે
B. શુભભાવો દુ:ખરૂપ હોવાછતાં સુખરૂપ માનવા તે
C. પોતે પોતાના જ્ઞાનનો કર્તા હોવા છતાં રાગનો કર્તા માનવો તે ૧૫. ☐
D. લૌકિક શિક્ષણ આવડે અને પારમાર્થિક શિક્ષણ ન આવડે એવી આડ મારવી તે

૧૬. બારેય પ્રકારના તપમાં કયા પ્રકારનાં તપ સમાન બીજું કોઈ તપ નથી ? ૧૬. ☐
A. પ્રાયશ્ચિત B. ધ્યાન
C. ઉપવાસ D. સ્વાધ્યાય

૧૭. 'હું પરમાત્મા છું' સિદ્ધાંત કોના દ્વારા પ્રસિદ્ધિ પામેલ છે ? ૧૭. ☐
A. ભગવાન શ્રી મહાવીર B. ગણધરશ્રી ગૌતમ
C. આચાર્યશ્રી કુંદકુંદ
D. પૂજ્ય શ્રી કાનજીસ્વામી

૧૮. સિદ્ધાંતના પાંચ પ્રકારના અર્થમાં હંમેશાં ગ્રાહ્ય કોણ હોય છે ? ૧૮. ☐
A. શબ્દાર્થ B. નયાર્થ
C. ભાવાર્થ D. આગમાર્થ

૧૯. સત્‌શાસ્ત્રમાં કોનો સમાવેશ નથી ? ૧૯. ☐
A. ગણધરની રચના B. વિદ્વાનની રચના
C. મુનિવરની રચનાાા D. આચાર્યની રચના

૨૦. આત્મહિત માટે છ મહિનાનો શેનો અભ્યાસ કરવો જોઈએ ? ૨૦. ☐
A. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ
B. કમ્પ્યૂટરનો અભ્યાસ
C. સંસ્કૃતનો અભ્યાસ
D. તપશ્ચરણનો અભ્યાસ

# સૈદ્ધાંતિક પ્રશ્નો

***નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં જવાબ આપો***

૧. શરીરાદિક મૂર્તિક પદ્‌ગલ દ્રવ્ય સાથેનો અનાદિનો એકપણાનો મોહ કઈ રીતે છૂટે ?
૨. તત્ત્વ જ્ઞાનના અભ્યાસના નિયત ક્રમના મુદ્દાઓ જણાવો.
૩. પારિભાષિક પરિચયનો અભ્યાસ એટલે શું ?
૪. પારિભાષિક પરિચયના અભ્યાસ માટે ઉપયોગી કોઈ પણ પાંચ શાસ્ત્રોના નામ આપો.
૫. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજવા માટે કેવા પારિભાષિક શબ્દોનો પરિચય અત્યંત આવશ્યક છે ?
૬. સત્‌શાસ્ત્રોનો અભ્યાસ એટલે શું ?
૭. શાસ્ત્ર કોને કહે છે ?
૮. સત્‌શાસ્ત્ર એટલે શું ?
૯. અનુયોગ એટલે શું ? તેના નામ આપો ?
૧૦. કુંદકુંદાચાર્યકૃત પાંચ પરમાગમોના નામ આપો.
૧૧. 'હુંપરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા કયા શાસ્ત્રોનો અભ્યાસ ખાસ જરૂરી છે ?
૧૨. દ્રવ્ય સામાન્યનો અભ્યાસ કોને કહે છે ?
૧૩. દ્રવ્ય બંધારણમાં કઈ બાબતોનો સમાવેશ હોય છે ?
૧૫. દ્રવ્યનું સત્ લક્ષણ કેવું છે ?
૧૪. દ્રવ્ય બંધારણની વિશદ અને વિસ્તૃત ચર્ચા કયા શાસ્ત્રોમાં જોવા મળે છે ?
૧૬. વસ્તુનું અનેકાંતસ્વરૂપ કેટલા પ્રકારે સંભવે છે ?
૧૭. સ્યાદ્વાદ એ શું છે ?
૧૮. આત્માનું જ્ઞાન કેવું છે ?
૧૯. આત્માની દૃષ્ટિ કેવી છે ?
૨૦. દ્રવ્ય વિશેષનો અભ્યાસ કોને કહે છે ?
૨૧. સમગ્ર વિશ્વમાં કેટલા પ્રકારના દ્રવ્યો છે ? તેના નામ આપો ?
૨૨. તત્ત્વ કોને કહે છે ?
૨૩. તત્ત્વો કુલ કેટલા છે ? તેના નામ આપો.

૨૪. જીવ દ્રવ્યની વિશેષતાઓમાં શેનો સમાવેશ છે ?
૨૫. જીવના કોઈ પણ પાંચ વિશેષ ગુણોના નામ આપો.
૨૬. દ્રવ્ય-પર્યાયમાં આધાર-આધેય કયા પ્રકારે છે ?
૨૭. પાંચ સમવાયના નામ આપો.
૨૮. કારણ-કાર્યની વ્યવસ્થા કઈ રીતે માનવામાં આવે છે ?
૨૯. કર્તા-કર્મની પરિભાષા આપો.
૩૦. ઉપાદાન-નિમિત કોને કહે છે ?
૩૧. પ્રમાણ-નય કોને કહે છે ?
૩૨. મોક્ષમાર્ગ કોને કહે છે ?
૩૩. સમ્યગ્જ્ઞાન કોને કહે છે ?
૩૪. જ્ઞાનસંબંધી ત્રણ દોષોનાં નામ આપો.
૩૫. સમ્યગ્દર્શન કોને કહે છે ?
૩૬. અગૃહિત મિથ્યાત્વ કોને કહે છે ?
૩૭. અગૃહિત મિથ્યાત્વના મુખ્ય પ્રકાર જણાવો.
૩૮. ગૃહિત મિથ્યાત્વ કોને કહે છે ?
૩૯. ગૃહિત મિથ્યાત્વના પ્રકાર જણાવો.
૪૦. સમ્યક્ ચારિત્ર કોને કહે છે ?
૪૧. અનંતાનુબંધી કષાય એટલે શું ?
૪૨. અનંતાનુબંધી ક્રોધ કોને કહે છે ?
૪૩. અનંતાનુબંધી માન કોને કહે છે ?
૪૪. અનંતાનુબંધી માયા કોને કહે છે ? ટૂંકમાં જણાવો.
૪૫. અનંતાનુબંધી લોભ કોને કહે છે ?
૪૬. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અનુસાર તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે રોજના કેટલા કલાક ફાળવવા જોઈએ ?
૪૭. અર્થ કોને કહે છે ? તેના પાંચ પ્રકાર જણાવો.
૪૮. શબ્દાર્થ કોને કહે છે ?
૪૯. નયાર્થ કોને કહે છે ?
૫૦. મતાર્થ કોને કહે છે ?
૫૧. આગમાર્થ કોને કહે છે ?
૫૨. ભાવાર્થ કોને કહે છે ?
૫૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત થવાનો ક્રમ જાણવાથી આપણે આપણી જાતે શું નક્કી કરી શકીએ છીએ ?

---

***નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.***

૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનો અભ્યાસ કરી તેને હૃદયગત કરવા માટેનો ઉપાય કરવા માટેના મુદ્દાઓ જણાવો ?
૨. પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોના અભ્યાસ માટે પારિભાષિક પરિચયનો અભ્યાસ શાથી આવશ્યક છે ?
૩. શા માટે આચાર્યદેવની મૂળ રચના જ સતશાસ્ત્રની ગણનામાં આવે છે? અને તેના અભ્યાસથી જ સાચું તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો સમજી શકાય છે ?
૪. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજવા માટે દ્રવ્ય સામાન્યના અભ્યાસનું મહત્વ સમજાવો?
૫. સત્ એ દ્રવ્યનું પ્રમાણ લક્ષણ કઈ રીતે છે ?
૬. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને વસ્તુના અનેકાંત-સ્વરૂપના આધારે કઈ રીતે સમજી શકાય છે ?
૭. આત્માની દૃષ્ટિ શા માટે તેના દ્રવ્ય સ્વભાવથી જ કરવી જરૂરી છે ?
૮. આત્માના જ્ઞાનનાં બે કાર્યો અને તેની પરસ્પર સંબંધિત ભૂમિકા સમજાવો.
૯. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજવામાં આત્માના વિશેષગુણો કઈ રીતે ઉપયોગી છે ?
૧૦. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવામાં નવ તત્ત્વોનો અભ્યાસ કઈ રીતે ઉપયોગી છે ?
૧૧. આધાર-આધેયનો અભ્યાસ 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત થવામાં કઈ રીતે ઉપકારી બની શકે છે ?
૧૨. આત્માના કાંઈ પણ કાર્યમાં પુરુષાર્થનું મહત્વ સમજાવો.
૧૩. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવામાં કારણ-કાર્યનો અભ્યાસ કઈ રીતે કાર્યકારી છે ?
૧૪. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજવામાં કર્તા-કર્મનું સ્વરૂપ કઈ રીતે ઉપકારી છે ?
૧૫. ઉપાદાન અને નિમિતનું સ્વરૂપ સમજાવો અને તે 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે કઈ રીતે ઉપયોગી બની શકે તે સમજાવો ?
૧૬. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પ્રમાણ-નયનો અભ્યાસ કઈ રીતે ઉપયોગી છે ?
૧૭. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજવામાં સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ કઈ રીતે ઉપયોગી છે ?
૧૮. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજવામાં સમ્યગ્દર્શનનો અભ્યાસ કઈ રીતે ઉપયોગી છે ?
૧૯. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજવામાં સમ્યક્ચારિત્રનો અભ્યાસ કઈ રીતે ઉપયોગી છે ?
૨૦. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતનો નયાર્થ સમજાવો ?
૨૧. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતનો મતાર્થ સમજાવો ?
૨૨. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતનો આગમાર્થ સમજાવો ?
૨૩. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતનો ભાવાર્થ સમજાવો ?
૨૪. પાંચ પ્રકારના અર્થમાં શા માટે ભાવાર્થ જ ગ્રાહ્ય હોય છે ? તે સમજાવો ?

# દ્રવ્યબંધારણ

'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજવા માટે દ્રવ્યબંધારણની સમજ અત્યંત આવશ્યક છે. દ્રવ્યબંધારણના અભ્યાસ વિના પારમાર્થિક કોઈ પણ સિદ્ધાંત સમજી શકાતો નથી. પારમાર્થિક તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં દ્રવ્યબંધારણની સમજણ એક પ્રાથમિક અને પાયાની બાબત છે.

દ્રવ્યબંધારણનો વિષય જેટલો મહત્ત્વનો અને મૂળભૂત છે તેટલો જ તે સામાન્યજન માટે સંકીર્ણ અને શુષ્ક છે. વળી, તેની ચર્ચા પણ બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. ખાસ કરીને પ્રવચન શાસ્ત્રમાં તેની ચર્ચા છે. પણ આ મૂળ શાસ્ત્રની હજારો વર્ષ જૂની ભાષા અને પદ્ધતિ તેમ જ ગહન અને ગંભીર રહસ્યો જનસાધારણ માટે જટીલ હોય છે. તેથી આ વિષયની સરળ, સુગમ, રોચક અને આધુનિક પદ્ધતિ અનુસારની રજુઆત હોય તો તે દરેકને લાભનું કારણ થઈ શકે છે. આ બાબતને લઈને લેખક દ્વારા આ વિષયનું વૈજ્ઞાનિક પદ્ધતિએ સર્વાંગીણ રજૂઆત કરતું પુસ્તક 'દ્રવ્યબંધારણ' નામે તૈયાર કરવામાં આવી રહ્યું છે.

દરેક દ્રવ્યનાં સમાન્ય સ્વરૂપ, રચના કે બાંધણી તે દ્રવ્યબંધારણ છે. દ્રવ્યનું લક્ષણ સત્ છે. સત્નું સ્વરૂપ એ જ દ્રવ્યનું બંધારણ છે. 'દ્રવ્યબંધારણ' પુસ્તકમાં સત્ની સંપૂર્ણ સમજૂતી, સત્નું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિતનું સ્વરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું અવિનાભાવીપણું, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય જેવા પરસ્પર વિરોધી ધર્મોને સાથે રહેવામાં અવિરોધ, દ્રવ્યનું અનેકાત્મક સ્વરૂપ, દ્રવ્ય-ગુણ-પર્યાય, છ દ્રવ્યોની સિદ્ધિ, દ્રવ્યની સ્વતંત્રતા જેવા વિષયોની વિસ્તૃત અને વિશદ ચર્ચા કરવામાં આવી છે. 'દ્રવ્યબંધારણ' નામના આ પુસ્તકનો અભ્યાસ કર્યા પછી પ્રવચનસાર શાસ્ત્રના દ્રવ્યબંધારણનો અભ્યાસ સહજ અને સરળ થઈ શકશે. તો આ પુસ્તકની અગાઉથી માગણી પ્રકાશક સંસ્થાને કરી આપની નકલ સુરક્ષિત કરવા વિનંતિ છે..

પ્રકરણ

# ૫

# 'હું પરમાત્મા છું'

## સિદ્ધાંત હૃદયગત થવાનો ક્રમ




◆ પ્રકરણની રૂપરેખા

- પ્રાસ્તાવિક
- ૧. **દર્શનોપયોગ**
- ૨. **અવગ્રહ**
- ૩. **ઈહા**
- ૪. **અવાય**
- ૫. **ધારણા**
- ૬. **સ્મૃતિ**
- ૭. **પ્રત્યભિજ્ઞાન**
- ૮. **વ્યાપ્તિ**
- ૯. **અનુમાન**
- ૧૦. **પરીક્ષા**
- ૧૧. **ભાવભાસન**
- ૧૨. **સંવેદન**
- ૧૩. **હૃદયગતપણું**
- ઉપસંહાર

प्रकरण : ५

## 'हुं परमात्मा छुं'
## हृदयगत थवानो क्रम दर्शावता

# आचार्यश्री अमृतचंद्रना उद्गारो

(हरिगीत)

જયમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુસરણ નૃપતિનું કરે;


જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુસરણ પછી યત્નથી મોક્ષાર્થીએ.

ઉપરોક્ત સમયસાર ગાથા ૧૭-૧૮ની આચાર્ય અમૃતચંદ્રકૃત આત્મખ્યાતિ નામની ટીકા :

(દ્રષ્ટાંત:) **નિશ્ચયથી જેમ કોઈ ધનાર્થી પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે. પછી તેનું શ્રદ્ધાન કરે કે 'આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે.'**

**અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે.**

(આ પ્રકારે પહેલાં જ્ઞાન, ત્યાર પછી શ્રદ્ધાન અને ત્યાર પછી ચારિત્ર એવા ક્રમને અનુસરવાથી ધનાર્થી પુરુષને ધનની પ્રાપ્તિ થાય છે.)



(સિદ્ધાંત:) **તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને** (એટલે કે પોતાનાં પરમાત્મસ્વભાવને) **જાણવો.**

**પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે 'આ જ આત્મા** ('પરમાત્મસ્વભાવ) **છે, તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે.'**

**અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું —અનુભવ વડે તેમાં લીન થવું. કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે.**

('હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા આ પ્રકારે જ્ઞાન-શ્રદ્ધાન-આચરણના ક્રમને અનુસરવાથી તેની સિદ્ધિ થાય છે, ક્રમ વગર અન્ય પ્રકારે સિદ્ધિ થતી નથી.)




(આપ્પી)

अस्त्यत्र यः प्रसिद्धः क्रमः इति धातुश्च पादविक्षेपे ।
क्रमति क्रम इति रुपस्तस्य स्वार्थानतिक्रमादेषः ॥

**ભાવાર્થ : પાદવિક્ષેપાર્થક 'क्रम' ધાતુનો 'क्रमति ईति क्रमः' એ નિરૂક્તિ અર્થ છે. અહીં ક્રમ ધાતુનો પાદવિક્ષેપરૂપ પોતાના અર્થને ઉલ્લંઘન ન કરવાથી જે ક્રમણ કરે છે તે ક્રમ છે એ અર્થ પ્રસિદ્ધ છે.**

(પંચાધ્યાયી : પૂર્વાર્ધ ગાથા ૨૬૩)

ક્રમ હંમેશા પાદવિક્ષેપપૂર્વકનો હોય છે. પાદવિક્ષેપ એટલે એક પછી એક પગલાંથી ગમન કરવું તે છે. જેમ એક પછી એક પગલાંથી ગમન કરી પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકાય છે, તેમ દરેક બાબતમાં અને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત કરવાની બાબતમાં પણ તેના એક પછી એક પગલાંને પ્રાપ્ત કરવાનું હોય છે.

વળી, છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એક જ બાબતમાં પ્રવર્તે છે. તેથી તે સર્વજ્ઞની જેમ અક્રમે પ્રવર્તતો નથી અને ક્રમપૂર્વક જ કામ કરે છે. આ કારણે તત્ત્વજ્ઞાનનાં કોઈપણ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે ચોક્કસ ક્રમમાંથી પસાર થવાનું રહે છે.

જેમ કોઈ બી.કોમ.જેવી પદવી પ્રાપ્ત કરવા માટે ૧. જુનિયર કે.જી. ૨. સીનીયર કે.જી., ૩. પ્રાથમિક, ૪. માધ્યમિક, ૫. ઉચ્ચત્તર માધ્યમિક અને ૬. કોલેજના મળીને છ તબક્કાઓમાંથી પસાર થવું જરૂરી હોય છે તેમ કોઈ 'હું પરમાત્મા છું' જેવા તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને આત્મસાત કરવા માટે ૧. દર્શનોપયોગ, ૨.જ્ઞાનોપયોગ, ૩. પરીક્ષા,ા, ૪. ભાવભાસન, ૫. સ્વસંવેદન, ૬. હૃદયગતપણું મળીને કુલ છ તબક્કાઓમાંથી પસાર થવું જરૂરીરી હોય છે. આ છ તબક્કાઓના કુલ મળીને તેર ક્રમિક પગથિયા હોય છે.

જગતમાં દરેક બાબત તેના નિયત ક્રમાનુસાર પરિણમે છે. કારતક, માગસર... એમ બાર મહિના તેના નિયત ક્રમાનુસાર જ આવે છે તેમ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું હૃદયગતપણું પણ તેના નિયત ક્રમાનુસાર જ હોય છે.

**'હું પરમાત્મા છું'** જેવા તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત કરવાનો અભ્યાસ કરનારા જીવે પોતે ક્યાં સુધી પહોંચ્યો છે અને ક્યાં પહોંચવાનું છે, કયાંથી અટકી જાય છે અને આગળ વધી શકતો નથી તેમ જ આગળ વધવા માટે શું કરવું જોઈએ વગેરે સમજવા માટે સૌ પ્રથમ તેનો ક્રમ જાણવો જરૂરી હોય છે. આ ક્રમ જાણવાથી પોતે ક્યાં છે અને ક્યાં પહોંચવાનું છે તે પોતે જાતે જ નક્કી કરી શકે છે.



તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થવામાં શ્રદ્ધાનગુણની મુખ્ય ભૂમિકા હોય છે. જ્ઞાનપૂર્વક જ શ્રદ્ધાન હોય છે. તેથી સિદ્ધાંતો હૃદયગત કરવા માટે જ્ઞાનના ઉપયોગની આવશ્યકતા રહે છે.. જ્ઞાનોપયોગ પણ દર્શનોપયોગ પૂર્વકનો હોય છે. દર્શનોપયોગપૂર્વક પછી થતાં જ્ઞાનોપયોગમાં સૌ પ્રથમ મતિજ્ઞાન અને મતિજ્ઞાન પછી શ્રુતજ્ઞાન હોય છે. આપણે સૌ મતિ-શ્રુતજ્ઞાનવાળા છીએ. મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણા,।, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, વ્યાપ્તિજ્ઞાનનો સમાવેશ છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત કરવા માટે ત્યાર પછી અનુમાન અને પરીક્ષાપૂર્વકનો દૃઢ નિર્ણય અને તેના ફળમાં થતું ભાવભાસન હોય છે. આ ભાવભાસનનાં ફળમાં સંવેદન થાય છે. સંવેદન થયા પછી જે તે સિદ્ધાંત હૃદયગત થાય છે. અહીં સંવેદન એ સવિકલ્પ સ્વસંવેદન છે. તેથી તે પણ પ્રત્યક્ષ નથી અને પરોક્ષ જ છે. વર્તમાનમાં આપણને મતિ-શ્રુતજ્ઞાન છે તે પણ પરોક્ષ જ છે. આ પરોક્ષજ્ઞાન નિમ્નકક્ષાનું છે. પ્રત્યક્ષજ્ઞાન મહાન છે, ઉત્કૃષ્ટ છે. આત્યંતિક છે. પરંતુ તેની પ્રગટતા થવામાં પરોક્ષજ્ઞાન ઉપકારી છે. પરોક્ષજ્ઞાન પણ પ્રત્યક્ષજ્ઞાનની જેમ વાસ્તવિક અને સત્ય હોવાથી પ્રમાણજ્ઞાન છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત થવામાં તે જ કાર્યકારી છે. ભાવભાસન અને ત્યાર પછીના ક્રમમાં જ્ઞાન સાથે શ્રદ્ધાનની ભૂમિકા પણ સંકળાય છે. આ રીતે તત્ત્વજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત હૃદયગત થવા માટે નીચેનો ક્રમ કહી શકાય છે.

| | | |
|---|---|---|
| **૧. દર્શનોપયોગ** | : | Genral Perceivness |
| **૨. અવગ્રહ** | : | Perception |
| **૩. ઈહા** | : | Conception |
| **૪. અવાય** | : | Judgement |
| **૫. ધારણા** | : | Retention |
| **૬. સ્મૃતિ** | : | Memory |
| **૭. પ્રત્યભિજ્ઞાન** | : | Recognition |
| **૮. વ્યાપ્તિ** | : | Invariable Concomitance |
| **૯. અનુમાન** | : | Supposition |
| **૧૦. પરીક્ષા** | : | Test |
| **૧૧. ભાવભાસન** | : | Appearance of reality |
| **૧૨. સંવેદન** | : | Factual Feeling |
| **૧૩. હૃદયગતપણું** | : | Consciousness |




ઉપરોક્ત દરેક બાબતની સમજૂતી આ નીચે આપવામાં આવે છે. તેમાં સૌ પ્રથમ વ્યાખ્યા, તેની સમજૂતી અને ત્યારબાદ તેનું લગતું એક ઉદાહરણ આપવામાં આવશે. *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતને સમજવા માટેની આ ચર્ચા હોવાથી અહીં ઉદાહરણ તરીકે દરેક મુદ્દામાં તે જ લેવામાં આવશે. જે અન્ય સિદ્ધાંતો માટે પણ તે જ રીતે લાગુ થઈ શકશે.

## ૧. દર્શનોપયોગ
Genral Perceivness

**કોઈ બાબતનો ભેદરહિત સામાન્ય પ્રતિભાસ થાય તેને દર્શનોપયોગ કહે છે.**

જ્ઞાનોપયોગ થતાં પહેલા દર્શનોપયોગ નિયમથી હોય છે. દર્શનોપયોગમાં ઈન્દ્રિય અને મનનું નિમિત્તપણું હોય છે મતિજ્ઞાન થતાં પહેલાનો દર્શનોપયોગ એ ચક્ષુદર્શન કે અચક્ષુદર્શન પ્રકારનો હોય છે. મતિજ્ઞાન થતાં પહેલાંનાં ચક્ષુઈન્દ્રિય દ્વારા થતા સામાન્ય પ્રતિભાસને ચક્ષુદર્શન અને ચક્ષુ સિવાયની બાકીની કોઈ ઈન્દ્રિય કે મન દ્વારા થતા સામાન્ય પ્રતિભાસને અચક્ષુદર્શન કહે છે. દર્શનોપયોગ અતિ સૂક્ષ્મ અને ક્ષણિક હોવાથી પકડી શકાતો નથી.

**'હું પરમાત્મા છું'** એવા પૂજ્ય ગુરુદેવના પોકારો સાંભળતા કે શાસ્ત્રમાંથી તે પ્રકારનું નિરૂપણ વાંચતા પોતાના પરમાત્મા સંબંધી આછેરો ઝબકારો કે સામાન્ય પ્રતિભાસ પ્રવર્તે છે તે દર્શનોપયોગ છે. તત્વજ્ઞાનના કોઈ પણ સિદ્ધાંત હૃદયગત કરવા માટે આ દર્શનોપયોગ એ સૌ પ્રથમ પાયાનું પગથિયું છે.

## ૨. અવગ્રહ
Perception

**સામાન્ય પ્રતિભાસરૂપ દર્શનોપયોગ પછી [1]*અવાંતર સત્તા* સહિત થતા વિશેષ જ્ઞાનને અવગ્રહ કહે છે.**

દર્શનોપયોગ પછી થતું જે તે વિષયનું [2]*આદ્યગ્રહણ* તે અવગ્રહ છે. કોઈ લોકોનું ટોળું છે એવો સામાન્ય પ્રતિભાસ તે દર્શનોપયોગ છે અને ટોળામાંનો આ કોઈ પુરુષ છે એવો વિશેષ પ્રતિભાસ તે અવગ્રહ છે. અવગ્રહને કારણ જે તે વિષયની કોઈ સામાન્ય સૂઝ કે સમજ આવે છે. આ જ્ઞાન ઘણું કમજોર છે અને અવ્યક્ત રહીને આગળ ન વધે તો તે છૂટી જાય છે. પરંતુ આ અવગ્રહ જ્ઞાન અવ્યકતમાંથી વ્યકત થાય તો તે અર્થાવગ્રહ કહેવાય છે અને તે ઈહા તરફ આગળ વધવા ઉપયોગી બને છે.

અજ્ઞાની જીવ સામાન્ય રીતે પરપદાર્થની પ્રસિદ્ધિ રૂપ જ્ઞાનમાં જ રોકાયેલો હોય છે. અને પોતાના શુદ્ધાત્મા કે તે સંબંધી અન્ય કોઈ પારમાર્થિક બાબતોની પ્રસિદ્ધિનું પ્રયોજન ધરાવતો હોતો નથી. કોઈ મહાભાગ્યે તેને પારમાર્થિક પ્રયોજનની વાત સાંભળવવામાં આવે અને તેનું લક્ષ તે તરફ જાય અને તેનો સામાન્ય સ્થૂળ પરિચય પ્રાપ્ત થાય તો તે જ્ઞાન અવગ્રહ કહેવાય છે. આ જ્ઞાન અત્યંત અસ્પષ્ટ હોય છે.

અહીં ઉદાહરણ તરીકે *'હું પરમાત્મા છું'* ને સિદ્ધાંત આપણે પસંદ કરેલો છે. આ સિદ્ધાંત સંબંધી દર્શનોપયોગ થયા પછી પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે આ સિદ્ધાંતથી વધુ પરિચિત થવું અને તેની સામાન્ય સ્થૂળ જાણકારી પ્રાપ્ત થવી તે તે સિદ્ધાંત સંબંધીનું અવગ્રહ જ્ઞાન છે.

## 3. ઈહા
Conception

**અવગ્રહ દ્વારા ગ્રહણ કરેલ અસ્પષ્ટ જ્ઞાનને સ્પષ્ટ કરવા માટે થતી મતિજ્ઞાનની [3]*ઉપયોગઉન્મુખતા* વિશેષને ઈહા કહે છે.**

અવગ્રહ જ્ઞાન દ્વારા જણાયેલ જે તે વિષયનું જ્ઞાન અત્યંત અસ્પષ્ટ હોય છે. તે અસ્પષ્ટ જ્ઞાનને સ્પષ્ટ



થવા માટે થતી ઉપયોગની ઉન્મુખતા તે ઈહા જ્ઞાન છે. દર્શનોપયોગરૂપ સામાન્ય પ્રતિભાસ દ્વારા આ કોઈ માણસોનું ટોળું છે તેમ જાણ્યું પછી અવગ્રહ જ્ઞાન દ્વારા તેમાં કોઈ વિશેષ વ્યક્તિને આ પુરુષ છે તેમ જાણ્યું પણ તે પુરુષ કોણ છે તે અસ્પષ્ટ છે. આ અસ્પષ્ટતાને સ્પષ્ટ કરતાં આ પુરુષ ઠાકુરદાસજી જણાય છે તેવા વિચારના નિર્ણય તરફ વળનારૂં જ્ઞાન તે ઈહા જ્ઞાન છે. અહીં જ્ઞાન સ્પષ્ટ થયું છે પણ હજુ તે નિર્ણયાત્મક નથી. આ જ્ઞાન પણ કમજોર છે અને તે આગળ વધીને અવાય તરફ ન જાય તો છૂટી જાય છે.

**'હું પરમાત્મા છું'** તે સિદ્ધાંતનો સામાન્ય પ્રતિભાસ એટલે કે આછેરો ઝબકારો તે દર્શનોપયોગ છે. ત્યાર પછી તે સિદ્ધાંતનો પરિચય કે સામાન્ય જાણકારી પ્રાપ્ત થવી તે અવગ્રહ જ્ઞાન છે. અવગ્રહ જ્ઞાન થયા પછી આ પરમાત્મા પોતે જ છે અને વર્તમાનમાં પણ પોતે અમુક અપેક્ષાએ પરમાત્મા જ છે તેવા સ્પષ્ટ જ્ઞાનને ઈહા કહેવાય છે. ઈહા જ્ઞાન નિર્ણય તરફની પ્રક્રિયામાં આગળ વધનારૂં જ્ઞાન છે પણ તે હજી નિર્ણયાત્મક નથી. સામાન્ય મુમુક્ષુ સમાજ આવા ઈહા જ્ઞાન સુધી અવશ્ય પહોંચેલો હોય છે.

## ૪. અવાય
## Judgement

**ઈહાથી જાણેલ બાબતમાં આ તે જ છે, અન્ય નથી એવા નિર્ણયાત્મક જ્ઞાનને અવાય કહે છે.**

ઈહાથી જાણેલ બાબતનો પક્ષ-વિપક્ષ અને અસ્તિ-નાસ્તિપૂર્વક સંશયરહિત નિર્ણય થવો તે અવાય જ્ઞાન છે. ઈહાથી જાણેલ પુરુષ ઠાકુરદાસજી છે એવો ખ્યાલ આવ્યો હતો. હવે અવાય જ્ઞાન થતા તે પુરુષ ઠાકુરદાસજી જ છે અને અન્ય કોઈ નથી તેવો નિર્ણય થાય છે. આ નિર્ણય સંશય વગરનો છે પણ પરીક્ષાપૂર્વકનો નથી. અવાય જ્ઞાન પછી ધારણા જ્ઞાન ન થાય તો તેમાં સંશય કે વિસ્મરણ થઈ તે છૂટી જાય છે.




**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતનો ઈહા જ્ઞાનથી સ્પષ્ટ વિચાર થયા પછી તેનો સર્વાંગીણ વિચાર થતાં હું પર્યાયપણે પામર હોવા છતાં દ્રવ્યપણે પરમાત્મા જ છું એવો સંશય રહિત નિર્ણય થવો તે અવાય જ્ઞાન છે. વસ્તુના અનેકાંતસ્વરુપના આધારે પોતાનો આત્મા પામર નથી પણ પરમાત્મા જ છે તેમ જાણી શકાય છે. વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પરવિરોધી બે શક્તિઓનું એકી સાથે પ્રકાશવું તે અનેકાંત છે. આ બે શક્તિઓમાં એક અન્વયરૂપ એકરૂપ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ છે અને બીજી વ્યતિરેકરૂપ અનેકરૂપ ક્ષણિક પર્યાયસ્વભાવ છે. પોતાનો ત્રિકાળી દ્રવ્ય-સ્વભાવ હંમેશાં શુદ્ધ અને પરિપૂર્ણ જ હોય છે. તેથી વર્તમાનમાં પોતે પર્યાયપણે પામર હોવા છતાં દ્રવ્યપણે પરમાત્મા જ છે. પોતાના દ્રવ્યસ્વભાવના સ્વીકાર માટે દ્રવ્યબંધારણ અને અનેકાંતસ્વરુપની સમજણ જરૂરી છે. તેથી દ્રવ્યબંધારણના અભ્યાસ અને દ્રવ્યના અનેકાંતસ્વરુપની સમજણ વિના *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતનું નિર્ણયાત્મક અવાય જ્ઞાન થઈ શકતું નથી. વાસ્તવમાં કોઈપણ જૈન સિદ્ધાંત વસ્તુના અનેકાંતસ્વરુપની યથાર્થ ઓળખાણ વિના સમજી શકાતો નથી. અને તેનું નિર્ણયાત્મક અવાય જ્ઞાન થઈ શકતું નથી.

## ૫. ધારણા
Retention

**અવાય દ્વારા નિર્ણય પામેલ જ્ઞાન [૪]*કાળાંતર*માં વિસ્મરણ ન પામે તેનો ધારણા જ્ઞાન કહે છે.**

અવાય દ્વારા નિર્ણય પામેલ જ્ઞાનને દૃઢપણે ધારી રાખવો તે ધારણા જ્ઞાન છે. ધારણા પામેલ જ્ઞાન સચોટ હોય છે અને તેનું વારંવાર સ્મરણ થાય છે. ધારણા વિના સ્મૃતિજ્ઞાન સંભવતું નથી. આ પુરુષ ઠાકુરદાસ છે તેવું નિર્ણયાત્મક અવાય જ્ઞાન જ્યારે ધારણામાં પરિણમે છે ત્યારે ઠાકુરદાસજી શબ્દ આવતા તેનો ચિતાર નજર સમક્ષ આવી જાય છે. અને ફરી પાછો તે પુરુષ નજર સામે આવતાં આ ઠાકુરદાસજી છે તેમ તુરત ઓળખવામાં આવે તો તે ધારણા જ્ઞાન છે.



**'હું પરમાત્મા છું'** તે સિદ્ધાંત અવાય જ્ઞાન દ્વારા નક્કી થયા પછી તેનું એકદમ દૃઢીકરણ થાય અને તેના કારણે પોતાના પરમાત્મસ્વરુપનો ચિતાર તાદૃશ્ય થયા કરે તો તે ધારણા છે. ધારણા પામેલ જ્ઞાનને કારણે '*પરમાત્મા*' શબ્દ કાને પડતાં પોતે તે પરમાત્માને શોધવા બહારમાં કયાંય ફાંફા મારતો નથી અને પોતે જ પરમાત્મા છે તેમ સમજી પોતા તરફ જ જોવાનો પ્રયત્ન કરે છે અને પોતાને પોતાના પરમાત્માપણા સંબંધી કાળાન્તરમાં પણ સંશય કે વિસ્મરણ થતું નથી.

## ૬. સ્મૃતિ
Memory

**ધારણાથી સંસ્કારિત થયેલ જ્ઞાનના સંસ્કારો ચાલુ રહેવા અને તેનું ફરી ફરી સ્મરણ થવું તેને સ્મૃતિ કહે છે.**

ધારણા વિના સ્મૃતિ સંભવતી નથી અને સ્મૃતિ વિના કોઈ બાબત હૃદયગત થઈ શકતી નથી. ધારણાથી દૃઢ થયેલી જ્ઞાનની કેળવણી ચાલુ રહેવી અને તેની વારંવાર વિચારણા થવી તે સ્મૃતિ છે. ધારણાથી દૃઢ થયેલ કોઈ બાબતનું [૫]*ભવાંતર*માં સ્મરણ આવે તો તેને જાતિસ્મૃતિ જ્ઞાન કહે છે. આવું જ્ઞાન ભગવાનની દિવ્યધ્વનિ, સમવસરણ, ગુરુની દેશના કે તેના જેવી કોઈ પારમાર્થિક બાબત સાથે સંબંધિત હોય તો તેને સાતિશય જાતિસ્મૃતિ જ્ઞાન કહે છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને આ પ્રકારનું સાતિશય જાતિસ્મૃતિ જ્ઞાન હતું. પૂર્વભવમાં સદ્ગુરુનો સદુપદેશ સાંભળ્યો હોય અને તેના દૃઢ સંસ્કાર પોતાના ધારણા જ્ઞાનમાં પડેલાં હોય તો કોઈ નિમિત્ત પામીને ભવાંતરમાં પણ તે સંસ્કાર જાગૃત થાય છે તે એક સ્મૃતિ જ્ઞાનનો જ પ્રકાર છે અને તેના કારણે સમ્યગ્દર્શન થાય તો તે નિસર્ગજ પ્રકારનું કહેવાય છે.

**'હું પરમાત્મા છું'** તે સિદ્ધાંત ધારણાગત થયા પછી પોતાના પરમાત્મસ્વભાવનું અને તેના અનંતગુણોનું વારંવાર ચિંતન, મનન, ઘોલન, [૬]*નિદિધ્યાસન* થયા કરે તો તે સ્મૃતિજ્ઞાન છે. આવા સ્મૃતિજ્ઞાનને કારણે પોતાનું ધ્યેય કે લક્ષ તે પરમાત્મદશા પ્રગટ કરવાનું જ બન્યું રહે છે અને આવું સ્મૃતિજ્ઞાન પ્રત્યભિજ્ઞાનને યોગ્ય હોય છે.



## ૭. પ્રત્યભિજ્ઞાન
Recognition

**પૂર્વનું સ્મરણ અને વર્તમાનનું પ્રત્યક્ષ એ બેયના જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે.**

કોઈપણ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે સ્મૃતિજ્ઞાન પછી પ્રત્યભિજ્ઞાન પણ એક અગત્યનું પગલું છે. સિદ્ધાંતની સિદ્ધિ માટે પ્રત્યભિજ્ઞાન એક સ્વતંત્ર પ્રમાણ પણ છે.

નિજેશ લાંબા સમય પછી મળતા પોતાના મિત્ર જિનેશને જોઈને કહે કે, આ એ જ જિનેશ છે જે અમે ૨૫ વર્ષ પહેલાં સ્કૂલમાં સાથે ભણતાં હતા. આ પ્રકારના પૂર્વના સ્મરણ અને વર્તમાન પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. પ્રત્યભિજ્ઞાનને જ કારણે પૂજ્ય બહેનશ્રી ચંપાબેન કહી શકતા હતા કે, આ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો જીવ એ જ છે, કે જે પૂર્વભવમાં મહાવિદેહક્ષેત્રમાં સીમંધર-ભગવાનના સમવસરણમાં ફતેહમંદ નામના રાજકુમાર તરીકે જોયો હતો. આ પ્રકારના પ્રત્યભિજ્ઞાનના કારણે બીજા કોઈ આધાર વિના પણ જે તે બાબતની સિદ્ધિ થઈ શકે છે. તેથી તેને કોઈ બાબતની સિદ્ધિ માટે એક સ્વતંત્ર પ્રમાણ તરીકે પણ સ્વીકારવામાં આવે છે.

પ્રત્યભિજ્ઞાન અને તેના સમ્યક્પણા માટે વસ્તુના સ્વરુપને અનેકાંતપણે સ્વીકારવું જરૂરી છે. પ્રત્યભિજ્ઞાન માટે પૂર્વ અને વર્તમાન વચ્ચેનું વસ્તુનું એકરૂપપણું જોવું જરૂરી છે. દ્રવ્યદૃષ્ટિથી જ દરેક અવસ્થામાં વસ્તુ એકરૂપપણે જણાય છે. વસ્તુનું સમગ્ર સ્વરુપ દ્રવ્ય-પર્યાયાત્મક હોય છે. વસ્તુ એક જ હોવાથી તેને જોવાની દૃષ્ટિ પણ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી એક જ પ્રકારે હોય છે. દ્રવ્યદૃષ્ટિથી વસ્તુને જોતા તેની પૂર્વ અને વર્તમાન અવસ્થા જુદી જુદી હોવા છતાં તેનું એકરૂપપણું સમજી શકાય છે. વસ્તુનું આવું દ્રવ્યપર્યાયાત્મક સ્વરુપ વસ્તુના અનેકાંત-સ્વરુપને સૂચવે છે. તેથી વસ્તુના અનેકાંતસ્વરુપને સ્વીકારનારને જ પ્રત્યભિજ્ઞાનની અને તેના સમ્યક્પણાની સંભાવના હોય છે.

વસ્તુના સ્વરુપને એકાંતપણે માનનાર માટે પ્રત્યભિજ્ઞાન જ સંભવતું નથી. વસ્તુને એકાંતસ્વરુપે દ્રવ્યપણે જે નિત્ય જ માને છે અને તેની ક્ષણિક અવસ્થાને માનતો નથી તેના માટે પૂર્વોત્તર ભિન્નભિન્ન અવસ્થાઓમાં એકપણાનો સવાલ જ હોતો નથી અને તેથી પ્રત્યભિજ્ઞાન પણ હોતું નથી. અથવા જે વસ્તુને પર્યાયપણે ક્ષણિક જ માને છે અને દ્રવ્યપણે નિત્ય માનતા નથી તેમના માટે પણ ભિન્નભિન્ન પૂર્વોતર અવસ્થાઓમાં એકરૂપતા સંભવતી નથી અને તેથી પ્રત્યભિજ્ઞાન પણ હોતું નથી. વાસ્તવમાં જૈન દર્શન સિવાયના એકાંત માન્યતા ધરાવતા અન્ય કોઈ દર્શનમાં પ્રત્યભિજ્ઞાનની કોઈ ચર્ચા જોવામાં આવતી નથી. એકાંત માન્યતા ધરાવનાર પ્રત્યભિજ્ઞાનની કોઈ વાત કરે તો તે મૃગજળ સમાન મિથ્યા જ જાણવી.

પોતાનો બાળપણનો ફોટો જોઈ પોતાનું પૂર્વનું સ્મરણ આવે અને પોતાનો વર્તમાન બૂઢાપા સાથે બેયનું જોડરૂપ પ્રત્યભિજ્ઞાન થાય ત્યારે એમ જણાય છે કે પોતે જે અગાઉ બાળપણમાં હતો તે જ અત્યારે બૂઢાપામાં પણ છે. બાળપણ અને બૂઢાપાની અવસ્થાઓમાં ઘણો મોટો ફેર હોવા છતાં પ્રત્યભિજ્ઞાનના કારણે તેમાં આત્માનું એકરૂપપણું જણાય છે. આ આત્માનું એકરૂપપણું તેની શુદ્ધતા અને સંપૂર્ણતાના કારણે જ સંભવે છે. કેમ કે, અશુદ્ધતા કે અપૂર્ણતામાં અનેકરૂપતા જ

હોય પણ એકરૂપતા હોય જ નહિ. આત્માની એકરૂપતા જ તેની શુદ્ધતા અને સંપૂર્ણતાને બતાવે છે. અને જે શુદ્ધ અને સંપૂર્ણ હોય તે જ પરમાત્મસ્વભાવ હોય છે. બાળપણ અને બૂઢાપાના જોડરૂપ પ્રત્યભિજ્ઞાનના આધારે મારો આત્મા એકરૂપ છે અને એકરૂપ આત્મા પોતે જ પરમાત્મસ્વભાવી છે. અને મારો આત્મા પરમાત્મસ્વભાવી હોવાના કારણે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતની સિદ્ધિ થાય છે. આ રીતે ભિન્નભિન્ન અવસ્થાઓ સમયે એકરૂપ રહેતા પરમાત્મ-સ્વભાવની અપેક્ષાએ પૂર્વના સ્મરણ અને વર્તમાન પ્રત્યક્ષના જોડરૂપ પ્રત્યભિજ્ઞાનના આધારે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતની બીજા પ્રમાણોથી ભિન્ન સ્વતંત્ર સિદ્ધિ છે.



**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતનું સ્મૃતિજ્ઞાન હોય તે તેનું પ્રત્યભિજ્ઞાન વડે દઢીકરણ કરી શકે છે. સ્મૃતિજ્ઞાનને કારણે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતનું સ્મરણ થયા કરે છે. તે જ રીતે બચપણથી બૂઢાપા સુધીની ભિન્નભિન્ન પ્રકારની અનેક અવસ્થાઓનું પણ પોતાને સ્મરણ હોય છે. પ્રત્યભિજ્ઞાનના આધારે આ જુદી જુદી અવસ્થાઓમાં આત્મા તો એક જ હોય છે. પોતાના આત્માની આ એકરૂપતા એ જ તેનો પરમાત્મસ્વભાવ છે. આ એકરૂપ પરમાત્મ-સ્વભાવના આધારે જ પ્રત્યભિજ્ઞાન સંભવે છે. અને પ્રત્યભિજ્ઞાનના આધારે પોતે પોતાને એકરૂપ એટલે કે પરમાત્મસ્વભાવપણે ભાસે છે. તેથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતનું દઢીકરણ થાય છે.

## ૮. વ્યાપ્તિ
## Invariable Concomitance

**અમુક એક બાબતનો બીજી અમુક બાબત સાથેના અવિનાભાવી અચલ સહચારને વ્યાપ્તિ કહે છે. એટલે કે જ્યાં અમુક એક બાબત હોય ત્યાં બીજી અમુક બાબત અવશ્ય હોય જ એવા અચલ સાહચર્યરૂપ સંબંધનો નિયમ એ જ વ્યાપ્તિ છે.**

વ્યાપ્તિને ૧. યુક્તિ, ૨. તર્ક, ૩. ઉહા જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે તે આ રીતે—

**૧. યુક્તિ :**
કોઈ કરામત કે તદબીરને યુક્તિ કહે છે. વ્યાપ્તિમાં અદષ્ટ કે અપ્રગટ હોય તેવા સાધ્યની સિદ્ધિ માટે દષ્ટ કે પ્રગટ હોય તેવા સાધનનું કોઈ કરામત કે તદબીરપૂર્વક સાંકેતિક કે ગર્ભિત સૂચન થતું હોય તેને *યુક્તિ* કહેવાય છે.

**૨. તર્ક :** વિચારપ્રક્રિયાને તર્ક કહે છે.
વ્યાપ્તિમાં વિચારપ્રક્રિયા સંકળાયેલી હોવાથી તેને *તર્ક* પણ કહે છે.

**૩. ઉહા :**
તર્કણાપૂર્વકની કલ્પનાને ઉહા કહે છે. વ્યાપ્તિમાં તર્કણાપૂર્વકની કલ્પના પણ હોવાથી તે ઉહા તરીકે પણ ઓળખાય છે.

જ્યાં અમુક એક વસ્તુ હોય ત્યાં અમુક બીજી વસ્તુ હોય જ એવો નિયમ રજૂ કરતું સર્વદેશી વિધાન તે વ્યાપ્તિ છે. આ રીતે વ્યાપ્તિ એ અમુક એક



વસ્તુનો અમુક બીજી વસ્તુ સાથેનો અચલ સહચાર છે. ધુમાડાનો અગ્નિ સાથે સહચાર અચલ છે અને એ [૭]*નિરપવાદ* છે. ધુમાડાને અગ્નિ સાથે અવિનાભાવીપણું છે. જ્યાં ધુમાડો હોય ત્યાં નિયમથી અગ્નિ હોય જ છે. આ કારણે ધુમાડાને અગ્નિ સાથે વ્યાપ્તિ છે એમ કહી શકાય છે. આ વ્યાપ્તિના આધારે અદૃષ્ટ કે અપ્રગટ એવા અગ્નિરૂપ સાધ્યની સિદ્ધિ દૃષ્ટ કે પ્રગટ એવા ધુમાડારૂપ સાધનથી છે. અહીં સાધ્ય-સાધન અભિન્ન એટલે કે એક જ પદાર્થમાં અને એક જ સ્થળે હોય છે.

સાધ્ય-સાધનના વિસ્તારને અનુસરીને વ્યાપ્તિ બે પ્રકારે છે — ૧. **સમવ્યાપ્તિ** અને ૨. **વિષમવ્યાપ્તિ**.

**૧. સમવ્યાપ્તિ** : સાધ્ય અને સાધનનો વિસ્તાર સમાન હોય તે *સમવ્યાપ્તિ* છે.

અહીં સાધ્ય અને સાધન અરસપરસ અવિના-ભાવી સંબંધ ધરાવે છે. જેમ કે, જ્યાં કોઈ દ્રવ્ય હોય ત્યાં તેની કોઈને કોઈ પર્યાય હોય અને તેનાથી વિપરીત જ્યાં કોઈ પર્યાય હોય ત્યાં તેના આધારભૂત દ્રવ્યની પણ ઉપસ્થિતિ અવશ્ય હોય જ.

**૨. વિષમવ્યાપ્તિ** : સાધ્ય અને સાધનનો વિસ્તાર સમાન ન હોય તે અસમવ્યાપ્તિ કે *વિષમવ્યાપ્તિ* છે.

અહીં વ્યાપ્તિનો વિસ્તાર સાધનમાં હોય છે પણ સાધ્યમાં હોતો નથી. તેથી તેનો બન્ને તરફનો અવિનાભાવી સંબંધ હોતો નથી. જેમ કે, અગ્નિ સાધ્ય અને ધુમાડો સાધન હોય ત્યાં ધુમાડારૂપ સાધનમાં અગ્નિરૂપ સાધ્યની વ્યાપ્તિ છે. તેથી જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય છે એમ કહી શકાય છે પણ તેનું સાદું પરિવર્તન શક્ય નથી. એટલે કે સાધ્ય-સાધનને અરસપરસ બદલાવી નાખવામાં આવે તો ત્યાં અગ્નિરૂપ સાધનમાં ધુમાડારૂપ સાધનની વ્યાપ્તિ નિયમથી કહી શકાતી નથી. તેથી જ્યાં અગ્નિ હોય ત્યાં ધુમાડો હોય છે તેમ કહી શકાતું નથી. કેમ કે, ધુમાડા વિના પણ અગ્નિ હોય શકે છે.

સાધ્યની સિદ્ધિ માટે સમ કે વિષમ કોઈ પણ વ્યાપ્તિ કાર્યકારી છે. પરંતુ આ વ્યાપ્તિ સમર્થન થઈ શકે તેવી હોવી જોઈએ. વ્યાપ્તિનું સમર્થન કરવાની વિધિનો ક્રમ આ મુજબ છે.

**૧. અસ્તિ પદ્ધતિ**

**૨. નાસ્તિ પદ્ધતિ**

**૩. વિરોધી દૃષ્ટાંતની અનુપસ્થિતિ પદ્ધતિ**

**૪. વ્યાપક લક્ષણ અનુભૂતિ પદ્ધતિ**

## ૧. અસ્તિ પદ્ધતિ

**સાધનની ઉપસ્થિતિમાં સાધ્યની પણ ઉપસ્થિતિ હોવી તે અસ્તિ પદ્ધતિ છે.**

જેમ કે, જ્યાં ધુમાડાની ઉપસ્થિતિ છે ત્યાં અગ્નિની પણ ઉપસ્થિતિ હોય જ છે.

## ૨. નાસ્તિ પદ્ધતિ

**સાધ્યની અનુપસ્થિતિમાં સાધનની પણ અનુપસ્થિતિ હોવી તે નાસ્તિ પદ્ધતિ છે.**

જેમ કે, જ્યાં અગ્નિની અનુપસ્થિતિ છે ત્યાં ધુમાડાની પણ અનુપસ્થિતિ હોય જ છે.

## ૩. વિરોધી દૃષ્ટાંતની અનુપસ્થિતિ પદ્ધતિ

**ઉપરોક્ત અસ્તિ-નાસ્તિ પદ્ધતિના વિરોધી દૃષ્ટાંતની અનુપસ્થિતિ એ વ્યાપ્તિના સમર્થનની ત્રીજી વિરોધી**

**દૃષ્ટાંતની અનુપસ્થિતિ પદ્ધતિ છે.**

જેમ કે, જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ છે અથવા જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધુમાડો પણ ન જ હોય. આવી વ્યાપ્તિનું વિરોધી દૃષ્ટાંત મળતું નથી. એટલે કે ધુમાડો હોય પણ અગ્નિ ન હોય અથવા અગ્નિ ન હોય પણ ધુમાડો હોય તેવું દૃષ્ટાંત ક્યાંય જોવા મળતું નથી.

### ૪. વ્યાપક લક્ષણ અનુભૂતિ પદ્ધતિ

**સાધનની સાધ્ય સાથેની વ્યાપ્તિની સત્યતા માટે સાધનની વ્યાપક વિશેષતા કે લાક્ષણિકતાના અનુભવને વ્યાપક લક્ષણ અનુભૂતિ પદ્ધતિ કહે છે.**

આ વ્યાપક લક્ષણ અનુભૂતિ કોઈ વિચારણા, અંતઃ સ્ફૂરણા કે પરીક્ષાના આધારે મન વડે પામી શકાય છે. આ પદ્ધતિથી સાધનની સાધ્ય સાથેની વ્યાપ્તિ પરમ સત્ય છે એમ સ્પષ્ટ અને નિર્ભ્રાંતપણે માની શકાય છે. તેથી આ અંતિમ પદ્ધતિનું તાર્કિક મૂલ્ય ઊંચુ અંકાય છે.

જેમ કે, ધુમાડાના વર્ગની વ્યાપક કે સામાન્ય લાક્ષણિકતા એવી છે કે તેની સાથે અગ્નિનું હોવું અનિવાર્ય છે. આ પ્રકારની વ્યાપક લક્ષણ અનુભૂતિના આધારે દૃઢતાપૂર્વક કહી શકાય છે કે, સર્વ ધૂમ્રસ્થાનો એ અગ્નિસ્થાનો છે.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પ્રત્યભિજ્ઞાન પછી વ્યાપ્તિ જ્ઞાનનો પ્રયોગગ જરૂરી છે. *'હું પરમાત્મા છું'* એ સાધ્ય આપણા માટે અદૃષ્ટ કે અપ્રગટ છે. તેથી પોતાનાા પરમાત્માપણાની સિદ્ધિ માટે કોઈ દૃષ્ટ કે પ્રગટ સાધન જરૂરી છે, જે પોતાની પ્રવર્તમાન પામરદશા છે. આ પામરદશાના સાધન વડે જ પરમાત્માપણાની સિદ્ધિ થાય છે પણ આ માટે આત્માનું અનેકાંતસ્વરુપ સમજવું અનિવાર્ય આવશ્યક છે. આત્માનું અનેકાંતસ્વરુપ આત્મસાત્ છે તેમ માનીને આગળ વધીએ છીએ.

વસ્તુમાં વસ્તુપણાને નીપજાવનાર પરસ્પર વિરોધી બે ધર્મોનું એકી સાથે પ્રકાશવું તે વસ્તુનું અનેકાંતસ્વરુપ છે. આ વિરોધી ધર્મો અન્વય અને વ્યતિરેક છે. અન્વયપણે એટલે કે દ્રવ્યસ્વભાવે આપણો આત્મા શુદ્ધ અને પૂર્ણ હોવાથી તે પરમાત્મા છે અને તે જ આત્મા તે જ સમયે વ્યતિરેકપણે એટલે કે પર્યાયસ્વભાવે અશુદ્ધ અને અપૂર્ણ હોવાથી પામર પણ છે. પર્યાયની પામરતા પ્રગટ અને વ્યકત હોવાથી તેનો પરિચય અને ઓળખાણ છે અને દ્રવ્યનો પરમાત્મસ્વભાવ અપ્રગટ અને અવ્યકત હોવાથી તેનો પરિચય અને ઓળખાણ નથી. પોતાની સાચી ઓળખાણ તેના ત્રિકાળ સામાન્ય પરમાત્મસ્વભાવપણે છે. પોતાની વર્તમાન પામરદશાને પોતાના પરમાત્મસ્વભાવ સાથે અવિનાભાવી અચલ સાહચર્ય એટલે કે વ્યાપ્તિ છે. આ વ્યાપ્તિથી પોતાની પામરદશારૂપ સાધન વડે પોતાના પરમાત્મસ્વભાવરૂપ સાધ્યની સિદ્ધિ છે. આ વ્યાપ્તિનું સમર્થન આ પ્રકારે છે.

### ૧. અસ્તિ પદ્ધતિ :

**સાધનની ઉપસ્થિતિમાં સાધ્યની પણ ઉપસ્થિતિ હોવી તે અસ્તિ પદ્ધતિ છે.**

આત્માનું સ્વરુપ અનેકાંત હોવાને કારણે વ્યતિરેકી પર્યાયદશામાં તેના અન્વયરૂપ દ્રવ્યસ્વભાવની ઉપસ્થિતિ અવશ્ય હોય છે. આપણા આત્માની ભિન્નભિન્ન પ્રકારની પામરદશાઓ વચ્ચે તેના અન્વયરૂપ પરમાત્મસ્વભાવની ઉપસ્થિતિ અવશ્ય હોય છે તેથી સાધનરૂપ પામરદશા વડે જ સાધ્યરૂપ પરમાત્મસ્વભાવની સિદ્ધિ છે.



**૨. નાસ્તિ પદ્ધતિ :**

**સાધ્યની અનુપસ્થિતિમાં સાધનની પણ અનુપસ્થિતિ હોવી તે નાસ્તિ પદ્ધતિ છે.**

અન્વયરૂપ પરમાત્મસ્વભાવની અનુપસ્થિતિમાં તેના આધારરૂપ વ્યતિરેકી પામરદશાની પણ અનુપસ્થિતિ હોય છે. તેથી પામરદશા વડે જ પરમાત્મસ્વભાવ પ્રકાશે છે.

**૩. વિરોધી દ્રષ્ટાંતની અનુપસ્થિતિની પદ્ધતિ**

**ઉપરોક્ત અસ્તિ-નાસ્તિ પદ્ધતિના વિરોધી દષ્ટાંતની અનુપસ્થિતિ એ વ્યાપ્તિના સમર્થનની ત્રીજી વિરોધી દૃષ્ટાંતની અનુપસ્થિતિ પદ્ધતિ છે.**

આત્માની પામરદશા અને પરમાત્મસ્વભાવ વચ્ચે સાધન અને સાધ્યરૂપ વ્યાપ્તિ છે. તેથી જ્યાં પામરદશા હોય ત્યાં પરમાત્મસ્વભાવ હોય જ છે અથવા જ્યાં પરમાત્મસ્વભાવ ન હોય ત્યાં પામરદશા પણ ન જ હોય. આવી વ્યાપ્તિનું વિરોધી દષ્ટાંત મળતું નથી. એટલે કે જ્યાં પામરદશા હોય ત્યાં પરમાત્મસ્વભાવ ન હોય અથવા પરમાત્મ-સ્વભાવ ન હોય પણ પામરદશા હોય તેવું દષ્ટાંત ક્યાંય જોવા મળતું નથી. તેથી પામરદશા વડે જ પરમાત્મસ્વભાવની સિદ્ધિ છે.

**૪. વ્યાપક લક્ષણ અનુભૂતિ પદ્ધતિ**

**સાધનની સાધ્ય સાથેની વ્યાપ્તિની સત્યતા માટે સાધનની વ્યાપક વિશેષતા કેકે લાક્ષણિકતાના અનુભવને વ્યાપક લક્ષણ અનુભૂતિ પદ્ધતિ કહે છે.**

વ્યતિરેકરૂપ પર્યાયની વિશેષતા કે લાક્ષણિકતા જ એવી છે કે તે તેનામાં અન્વયરૂપ આધારભૂત દ્રવ્ય વિના હોતી નથી. જેમ હાર, વીંટી, બંગડી જેવી અવસ્થાઓ તેના આધારભૂત સોના વગર હોતી નથી. દૂધ, દહીં, છાસ, માખણ, ઘી જેવી અવસ્થા તેનામાં અન્વયરૂપ ગોરસ વિના હોતી નથી. તેમ આત્માની ભિન્નભિન્ન પ્રકારની પામર પર્યાયો તેનામાં અન્વયરૂપ ત્રિકાળી સામાન્ય પરમાત્મ-સ્વભાવ વિના હોતી નથી. આ પરમાત્મસ્વભાવ ઈન્દ્રિયથી અગમ્ય છે તોપણ અતીન્દ્રિયજ્ઞાનથી ગમ્ય છે. ઊંડી વિચારણા, અંતઃસ્ફૂરણા, પરીક્ષા જેવા સાધનો વડે તે મનથી નક્કી કરી શકાય છે તેથી જ્યાં પામરદશા છે ત્યાં જ પરમાત્મસ્વભાવ મોજૂદ છે તેમ દઢપણે કહી શકાય છે..

સમયસાર શાસ્ત્રમાં જાણીતા નવ તત્ત્વોનાં સાધન દ્વારા અજાણ્યા પરમાત્માસ્વભાવ સ્વરુપ સાધ્યની સિદ્ધિ કરાવવામાં આવી છે. તે એક વ્યાપ્તિ છે. નવેય તત્ત્વો દષ્ટ કે પ્રગટ છે તેથી જાણીતા છે. અને તેમાં છૂપાયેલ પોતાનો અસ્ખલિત પરમાત્મસ્વભાવ અદષ્ટ કે અપ્રગટ છે તેથી અજાણ્યો છે. આ નવેય તત્ત્વોને પોતાના ત્રિકાળ પરમાત્મસ્વભાવ સાથે અવિનાભાવી અચલ સહચાર છે. એટલે કે જ્યાં જ્યાં નવ તત્ત્વો પૈકીનું કોઈપણ તત્ત્વ હોય ત્યાં ત્યાં તેના આધારભૂત પરમાત્મસ્વભાવ હોય જ છે. તેથી નવેય તત્ત્વોને પોતાના પરમાત્માસ્વભાવ સાથે વ્યાપ્તિ છે. આ વ્યાપ્તિનાં આધારે જ સમયસાર શાસ્ત્રમાં નવતત્ત્વોનાં સાધન દ્વારા પરમાત્મસ્વભાવરૂપ સાધ્યની સિદ્ધિ કરાવવામાં આવી છે.

અહીં સુધી ચર્ચા કરેલ કુલ આઠ મુદ્દાઓમાં સૌ પ્રથમ દર્શનોપયોગ પછી બાકીના બે થી આઠ નંબરના મુદ્દાઓ મતિજ્ઞાનની ભૂમિકાવાળા છે. મતિજ્ઞાન પછી મતિજ્ઞાનપૂર્વક થતું શ્રુતજ્ઞાન હોયેય છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત થવા માટે આ શ્રુતજ્ઞાનની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. હવે પછીના મુદ્દાઓ શ્રુતજ્ઞાન સંબંધીના છે.

## ૯. અનુમાન
## Supposition

**સાધનથી સાધ્યનું જ્ઞાન થવું તેને અનુમાન કહે છે.**

***અનુ*** એટલે કે પછી થતું કે અનુસરીને થતું ***માનન*** એટલે કે જ્ઞાન તે ***અનુમાન*** છે. અહીં વ્યાપ્તિ પછી તેને અનુસરીને થતું જ્ઞાન તે અનુમાન છે. અનુમાનમાં જાણીતા સાધન વડે અજાણ્યા સાધ્યની સિદ્ધિ થાય છે.

સાધનમાં સાધ્યનો અચલ અવિનાભાવી સહચાર સ્થાપીને સાધન વડે સાધ્યની સિદ્ધિ વ્યાપ્તિમાં છે અને અનુમાનમાં પણ સાધન વડે સાધ્યની સિદ્ધિ છે. તેથી પહેલી નજરે એમ લાગે કે વ્યાપ્તિ અને અનુમાનમાં કોઈ ફેર જણાતો નથી પણ ખરેખર એવું નથી.

વ્યાપ્તિમાં સાધન-સાધ્ય અભિન્ન એટલે કે એક જ પદાર્થમાં કે એક જ સ્થળે હોય છે તેથી વ્યાપ્તિ પોતાથી અભિન્ન લિંગથી ઉત્પન્ન થાય છે જ્યારે અનુમાનમાં સાધન-સાધ્ય ભિન્નભિન્ન એટલે કે જુદા-જુદા પદાર્થોમાં કે જુદા જુદા સ્થળે હોય છે તેથી અનુમાન પોતાના વિષયથી ભિન્ન લિંગથી ઉત્પન્ન થાય છે.

વ્યાપ્તિ એ '*વ્યવધાન* રહિત, સ્થૂળ અને વર્તમાન વિષયને મન અને ઈન્દ્રિયો વડે તેની અભિમુખ થઈને અવબોધ કરાવવાવાળું જ્ઞાન હોવાથી તે એક આભિનિબોધિક પ્રકારનું મતિજ્ઞાન છે.

જ્યારે અનુમાન એ સૂક્ષ્મ વિષયના અર્થનું જાણીતા લિંગ દ્વારા અવબોધ કરાવવાવાળું માત્ર મન વડે થતું જ્ઞાન હોવાથી તે એક અર્થલિંગજ પ્રકારનું શ્રુતજ્ઞાન છે.

વ્યાપ્તિ એ પ્રત્યભિજ્ઞાનપૂર્વક થતું અને અનુમાન એ વ્યાપ્તિપૂર્વક થતું જ્ઞાન છે. વ્યાપ્તિ અને અનુમાનનો ઉપરોક્ત તફાવત નીચે કોઠા અનુસાર દર્શાવી શકાય છે.

| વ્યાપ્તિ | અનુમાન |
| --- | --- |
| ૧. સાધ્ય-સાધન અભિન્ન એટલે કે એક જ પદાર્થમાં અને એક જ સ્થળે હોય છે. | ૧. સાધ્ય-સાધન ભિન્નભિન્ન એટલે કે અન્ય અન્ય પદાર્થમાં હોય છે. |
| ૨. આભિનિબોધિક પ્રકારનું મતિજ્ઞાન છે. | ૨. અર્થલિંગજ પ્રકારનું શ્રુતજ્ઞાન છે. |
| ૩. પ્રત્યભિજ્ઞાનપૂર્વક હોય છે. | ૩. વ્યાપ્તિપૂર્વક હોય છે. |

तत्पूर्वकं अनुमानम् ॥ અહીં तत् એટલે કે પ્રત્યક્ષ જ્ઞાન; पूर्वकं એટલે કે તેને અનુસારીને થતું જ્ઞાન, તે अनुमानम् એટલે કે અનુમાન છે. એટલે કે પ્રત્યક્ષ જ્ઞાનપૂર્વક થતું પરોક્ષનું જ્ઞાન તે અનુમાન છે. અનુમાન પૂર્વે તેના સાધનનું પ્રત્યક્ષજ્ઞાન હોય છે પણ અનુમાન પોતે એક પરોક્ષજ્ઞાન છે. પ્રત્યક્ષજ્ઞાનથી થતા પ્રત્યક્ષપ્રમાણની માફક પરોક્ષજ્ઞાનથી થતું પરોક્ષપ્રમાણ પણ એક પ્રમાણ છે. પ્રમાણ એટલે જેના દ્વારા પદાર્થને સારી રીતે જાણી શકાય તેવું સત્ય જ્ઞાન છે. અહીં અનુમાન એ એક પ્રમાણ જ્ઞાન છે પણ કોઈ અટકળ નથી.

એક વિષયના પ્રત્યક્ષ જ્ઞાન ઉપરથી એ વિષય સાથે વ્યાપ્તિ ધરાવનાર એટલે કે કાયમી ધોરણે કે નિયમરૂપ સંકળાયેલ બીજા સંબંધિત વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવાની માનસિક પ્રક્રિયા એ અનુમાન છે. કાયની ચેષ્ટા અને ઈન્દ્રિયોના વ્યાપારના આધારે આ શરીરમાં જીવ છે એમ જાણવું તે અનુમાન છે.



અનુમાનના બે પ્રકાર છે —

**૧. સ્વાર્થ અનુમાન**

**૨. પરાર્થ અનુમાન**

## ૧. સ્વાર્થ અનુમાન

**અન્ય કોઈની સહાય કે પરોપદેશ વિના પોતાના માટે પોતાના મનમાં તારવેલું અનુમાન એ સ્વાર્થ અનુમાન છે.**

સ્વાર્થ અનુમાન ત્રણ પ્રકારનું છે —
**૧. પૂર્વવત્, ૨. શેષવત્ અને ૩. સામાન્યતોદૃષ્ટ**

### ૧. પૂર્વવત્ અનુમાન

**પૂર્વના અનુભવના આધારે અનુમાન થવું તે પૂર્વવત્ અનુમાન છે.**

જેમ કે, વાદળા જોઈને અનુમાન કરવું કે હમણાં જ વરસાદ તૂટી પડશે તો તે પૂર્વવત્ અનુમાન છે.

### ૨. શેષવત્ અનુમાન

**અમુક અંશ ઉપરથી આખી વસ્તુનું જ્ઞાન થવું તે શેષવત્ અનુમાન છે.**

જેમ કે, શિખર જોઈને આખા જિનમંદિરનો ચિતાર ખ્યાલમાં આવવો કે નદીમાં પૂર જોઈને ઉપરવાસમાં વરસાદ છે તેમ જાણવું તે શેષવત્ અનુમાન છે.

### ૩. સામાન્યતોદૃષ્ટ અનુમાન

**સામાન્યપણે દૃષ્ટ બાબતના આધારે અનુમાન થવું તે સામાન્યતોદૃષ્ટ અનુમાન છે.**

જેમ કે, કોઈ પણ પદાર્થ નજર સમક્ષથી દૂર થાય કે દેશાંતર પામે તો તેનું સામાન્યપણે જોઈ શકાય તેવું કારણ તેની ગતિ હોય છે. સમુદ્રમાં દેખાતા વહાણનું ધીમે ધીમે અદૃશ્ય થવું તેના આધારે તેની ગતિનું અનુમાન થવું તે સામાન્યતોદૃષ્ટ અનુમાન છે.

આપણો પ્રસ્તુત વિષય *'હું પરમાત્મા છું'* ને સ્વાર્થ અનુમાન વડે સિદ્ધ કરવું શક્ય નથી. તેથી તેના માટે પરાર્થ અનુમાન આવશ્યક છે..

## ૨. પરાર્થ અનુમાન

**પરના ઉપદેશ કે અન્ય કોઈ પરના આધારે થતા અનુમાનને પરાર્થ અનુમાન કહે છે.**

ભિન્ન સાધન વડે સાધ્યની સિદ્ધિ કરવી તે અનુમાન છે. સીમંધર ભગવાનની પ્રગટ પરમાત્મદશાના આધારે પોતાના અપ્રગટ પરમાત્મસ્વભાવની ઓળખાણ કરવી તે અનુમાન છે. આ અનુમાન બીજાને માટે કે બીજાની સહાયથી કરાયેલું હોય તો તે પરાર્થ અનુમાન છે. ગુરુએ પોતે તારવેલ અનુમાનની સમજૂતી શિષ્યને આપે અને શિષ્ય ગુરુની સહાયતાથી અનુમાન કરે તે પરાર્થ અનુમાન છે. પરાર્થ અનુમાન ગુરુ-શિષ્યના સંવાદરૂપે હોય છે. તેથી તે શબ્દાત્મક કે ભાષાપરક હોય છે. પરાર્થ અનુમાનની યોગ્ય રજૂઆત માટે તેના પાંચ વિદ્યાનો હોય છે. જેને પરાર્થ અનુમાનના પાંચ અવયવો કે પાંચ પગથિયા પણ કહે છે. જે નીચે મુજબ છે —

**૧. પ્રતિજ્ઞા ૨. હેતુ ૩. ઉદાહરણ**
**૪. ઉપનય ૫. નિગમન**

ઉપરોક્ત પાંચેય અવયવોની વ્યાખ્યા, સમજૂતી અને તે આપણા પ્રસ્તુત સિદ્ધાંત *'હું પરમાત્મા છું'*ને સમજવા માટે કઈ રીતે કાર્યકરી છે તેની ચર્ચા આ નીચે કરવામાં આવે છે.

પરાર્થ અનુમાન દ્વારા આપણા પ્રસ્તુત સિદ્ધાંત 'હું પરમાત્મા છું'ની સિદ્ધિ કરવા માટે કોઈ બાહ્ય ભિન્ન સાધનની આવશ્યકતા હોય છે. આ માટે સીમંધર ભગવાન જેવું બીજું કોઈ સાધન નથી. સીમંધર ભગવાન પ્રગટ પરમાત્મદશાપણે વર્તમાનમાં વિહરમાન છે. અહીંથી કુંદકુંદાચાર્યદેવ સાક્ષાત્ સદેહે સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા. સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી તેમણે સમયસારાદિ શાસ્ત્રોની રચના કરેલ છે. સમયસારાદિ શાસ્ત્રો ઉપર પ્રવચનો કરી કુંદકુંદાચાર્યદેવનું તીર્થ પ્રવર્તાવનાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પણ પૂર્વભવમાં સીમંધર ભગવાનના સમવસરણમાં ફતેહમંદ નામના રાજકુમાર તરીકે હાજર હતા. પૂજ્યશ્રી કાનજીસ્વામીએ સીમંધર ભગવાનના સંદેશા આપણાં સુધી પહોંચાડી તેમના આડતીયા સમાન કામ કર્યું છે. પૂજ્યશ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સોનગઢનું મુખ્ય જિનાલય, સમવસરણ મંદિર અને માનસ્તંભના મૂળનાયક પ્રતિમા સીમંધર ભગવાનના છે. પૂજ્યશ્રી કાનજીસ્વામી પ્રેરિત પ્રત્યેક જિનમંદિરમાં સીમંધર ભગવાનનું સ્થાન છે. તેથી 'હું પરમાત્મા છું'એ સાધ્યની સિદ્ધિ કરવા માટેના સાધન તરીકે સીમંધર ભગવાન એક ઉત્તમ આદર્શ છે. પરાર્થ અનુમાન માટે સાધ્ય-સાધનના સ્વરુપમાં આપણા પ્રસ્તુત સિદ્ધાંતને વિધાન તરીકે આ રીતે દર્શાવી શકાય—

**'હું પરમાત્મા છું'** કારણ કે **હું સીમંધર ભગવાનની જાતિનો છું.**

ઉપરોક્ત વિધાનનું અનુમાનક્રિયા માટે પાંચેય અવયવોમાં વર્ગીકરણ નીચે પ્રમાણે થઈ શકશે.

૧. પ્રતિજ્ઞા : ***'હું પરમાત્મા છું'***
જેમાં **'હું'** એ પક્ષ અને **'પરમાત્મા'** એ સાધ્ય છે.

૨. હેતુ : કારણ કે, હું સીમંધર ભગવાનની જાતિનો છું

૩. ઉદાહરણ : **પદાર્થની શુદ્ધ અવસ્થા હંમેશાં તેના ત્રિકાળ ધ્રુવ સ્વભાવના સ્વાશ્રયે જ હોય છે. એટલે કે જ્યાં જ્યાં પ્રગટ અવસ્થા શુદ્ધ હોય ત્યાં ત્યાં તેનો અપ્રગટ સ્વભાવ પણ શુદ્ધ હોય જ છે. તેથી સીમંધર ભગવાનની પ્રગટ શુદ્ધ પરમાત્મદશા તેમના અપ્રગટ પરમાત્મસ્વભાવ સાથે વ્યાપ્તિ ધરાવનારી છે. ઉદાહરણ તરીકે લ સોનાની લગડી.**

૪. ઉપનય : **સીમંધર ભગવાનની પ્રગટ પરમાત્મદશા સાથે વ્યાપ્તિ ધરાવનાર તેના અપ્રગટ પરમાત્મસ્વભાવની મારામાં હાજરી છે.**

૫. નિગમન : **તેથી *'હું પરમાત્મા છું'*એ સિદ્ધ થાય છે.**

### ૧. પ્રતિજ્ઞા

**જેને સિદ્ધ કરવાનું હોય તે વિધાન કે સિદ્ધાંતને પ્રતિજ્ઞા કહે છે.**

પરાર્થ અનુમાન દ્વારા જે વિધાન કે સિદ્ધાંતની સત્યતા સાબિત કરવાની છે તેની રજૂઆત કરતાં વાક્યને પ્રતિજ્ઞા તરીકે ઓળખવામાં આવે છે.

**'હું પરમાત્મા છું'** એ પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞા એ



વિધાન કે સિદ્ધાંતની સિદ્ધિ સબંધી પ્રતીતિ કરાવતું અનુમાનનું સૌ પ્રથમ સોપાન છે. પ્રતિજ્ઞામાં જે વિધાન કે સિદ્ધાંતની સાબિતિ આપવાની હોય તેની રજૂઆત ધર્મી અને તેના ધર્મના સમુદાયરૂપે કરવામાં આવેલી હોય છે. આપણી વિષયભૂત પ્રતિજ્ઞા *'હું પરમાત્મા છું'*માં **'હું'** એ ધર્મી અને **'પરમાત્મા'** તેનો ધર્મ છે. તેમાં ધર્મી એ પક્ષ અને ધર્મ એ સાધ્ય છે. એટલે કે **'હું'** એ પક્ષ અને **'પરમાત્મા'** એ સાધ્ય છે. આ રીતે પ્રતિજ્ઞામાં ૧.૧. પક્ષ અને ૧.૨. સાધ્યનો સમાવેશ છે.

### ૧.૧. પક્ષ

**જેના વિષે અનુમાન કરવાનું હોય તેને પક્ષ કહે છે.**

પ્રતિજ્ઞા વાક્યનો ધર્મી કે જેના વિષે અનુમાન તારવવાનું હોય છે તેને પક્ષ કહેવાય છે.

**'હું પરમાત્મા છું'** એ પ્રતિજ્ઞામાં **'હું'** એ ધર્મી વિષે અનુમાન કરવાનું હોવાથી **'હું'** એ પક્ષ છે. પક્ષ હંમેશાં પ્રતિજ્ઞાના ઉદ્દેશ્યસ્થાને હોય છે.

### ૧.૨ સાધ્ય

**જે સાબિત(સિદ્ધ) કરવાનું હોય તેને સાધ્ય કહે છે.**

પ્રતિજ્ઞાવાક્યનો ધર્મ કે જેની અનુમાન દ્વારા સાબિતિ આપવાની હોય તેને સાધ્ય કહે છે. *'હું પરમાત્મા છું'* એ પ્રતિજ્ઞામાં 'હું' એ ધર્મી કે પક્ષ છે કે જેના વિષેનો ધર્મ **'પરમાત્મા'** વિષે સાબિતિ આપવાની છે. તેથી *'હું પરમાત્મા છું'* એ પ્રતિજ્ઞામાં ***'પરમાત્મા'*** એ સાધ્ય છે

સાધ્યમાં અનુમાન દ્વારા સાધી શકાય તેવી બાબત તેની સિદ્ધિ માટે અપાયેલ હોય છે. સાધ્ય હંમેશાં પ્રતિજ્ઞાવાક્યના વિધેયસ્થાને હોય છે.

## ૨. હેતુ

**જેના આધારે અનુમાનક્રિયાઓ આરંભ થાય છે તેને હેતુ કહે છે.**

ભિન્ન સાધન વડે સાધ્યની સિદ્ધિ કરવી તે અનુમાનક્રિયા છે. અનુમાનક્રિયામાં સાધ્યથી ભિન્ન જે સાધન વડે સાધ્યની સિદ્ધિ કરવામાં આવે તે સાધનને હેતુ કહે છે. હેતુ વડે પ્રતિજ્ઞાના કથનની સિદ્ધિ થાય છે. *'હું પરમાત્મા છું'* એ પ્રતિજ્ઞાના કથનની સિદ્ધિ કરનારો હેતુ છે : **કારણ કે, હું સીમંધર ભગવાનની જાતિનો છું.**

હેતુ વિના બીજા કોઈ પણ અવયવથી સાધ્યની સિદ્ધિ નથી. તેથી પરાર્થ અનુમાનના પાંચેય અવયવોમાં હેતુનું સ્થાન પ્રમુખ છે. તીવ્ર બુદ્ધિવાળો માત્ર હેતુથી સમજી જાય તો તેને ત્યારપછીના અવયવો— ઉદાહરણ, ઉપનય કે નિગમનની કોઈ જરૂર પડતી નથી.

અનુમાનક્રિયા માટે અનિવાર્ય બે શરતો છે.

**૧. પક્ષમાં હેતુની હાજરી હોવી જરૂરી છે.**
અને

**૨. હેતુની સાધ્ય સાથે વ્યાપ્તિ જરૂરી છે.**

ઉપરની બન્ને શરતોનું પાલન થતું હોય તો તેના આધારે *'પક્ષમાં સાધ્યની હાજરી છે.'* એવું જે જ્ઞાન થાય તે અનુમાનક્રિયા દ્વારા મેળવવાયેલું જ્ઞાન કહેવાય છે. પક્ષમાં હેતુની હાજરી છે એવું સમજી શકાય તો અને તો જ અનુમાનક્રિયાનો આરંભ થઈ શકે છે. હેતુ દ્વારા ગુરુ શિષ્યને એમ જણાવે છે કે પક્ષમાં સાધ્યની હાજરી સાબિત કરવા માટે





પક્ષમાં હેતુની હાજરી અને હેતુમાં સાધ્યની વ્યાપ્તિ જરૂરી છે. આ પ્રમાણે ખરેખર છે એવું આપણે સમજી શકીએ તો જ આપણે અનુમાનક્રિયામાં આગળ વધી શકીએ છીએ.

આપણા વિષયભૂત સિદ્ધાંત *'હું પરમાત્મા છું'*માં *'હું'* એ પક્ષ છે, *'પરમાત્મા'* એ સાધ્ય છે અને *'સીમંધર ભગવાન'* એ હેતુ છે. સીમંધર ભગવાન અને મારા આત્માની એક જ જાતિ હોવાથી હેતુમાં પક્ષની હાજરી છે. તેમ જ સીમંધર ભગવાનની પરમાત્મા સાથે વ્યાપ્તિ હોવાથી હેતુમાં સાધ્યની વ્યાપ્તિ છે. તેના આધારે પક્ષમાં સાધ્યની હાજરી એટલે કે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતની સિદ્ધિ માટેની અનુમાનક્રિયામાં આગળ વધી શકીએ છીએ.

જે હેતુ દ્વારા પક્ષ અને સાધ્ય વચ્ચેનો સબંધ સાધી શકાય અને સાધ્યની સિદ્ધિ થાય તે હેતુને સદ્હેતુ કે સમ્યક્હેતુ કહે છે. આવો સબંધ સ્થાપવામાં નિષ્ફળ જાય તેવા હેતુને અસદ્હેતુ કે મિથ્યાહેતુ કહે છે. અસદ્હેતુ કે મિથ્યાહેતુને હેત્વાભાસ પણ કહેવાય છે.

જૈન દર્શન અનુસાર સમ્યક્હેતુનું એક માત્ર લક્ષણ *'અન્યથા અનુપપત્તિ'* છે. અન્યથા અનુપપત્તિ એટલે સદ્ગુરુ દ્વારા કહેવાયેલ હેતુ સિવાય અન્ય કોઈ હેતુથી પ્રતિજ્ઞાના કથનની સિદ્ધિ નથી. પ્રતિજ્ઞાના કથનને સિદ્ધ કરવા માટે સદ્ગુરુ દ્વારા દર્શાવેલ હેતુ કે સાધન આગમ દ્વારા પ્રમાણિત અને સ્વાનુભવથી પ્રત્યક્ષ થયેલ હોય છે. તેથી તે હેતુ કે સાધનથી અન્યથા એટલે કે અન્ય કોઈ પ્રકારે સાધ્યની સિદ્ધિની અનુપપત્તિ એટલે કે અપ્રાપ્તિ છે. તેથી સદ્ગુરુ દ્વારા સ્થાપિત હેતુ સિવાયના અન્ય હેતુઓ હેત્વાભાસ હોય છે

પ્રતિજ્ઞાના કથન *'હું પરમાત્મા છું'*ને સિદ્ધ કરવા માટેનો સમ્યક્ હેતુ છે. **'કારણ કે , હું સીમંધર ભગવાનની જાતિનો છું'**. આ સિવાયના અન્ય હેતુઓ હેત્વાભાસ હોય છે. હેત્વાભાસના કારણે પોતાના પરમાત્મસ્વભાવનો યથાર્થ નિર્ણય થઈ શકતો નથી. અને *'હું પામર છું'* તેવી અનાદિથી ચાલી આવતી મિથ્યા માન્યતા વધુ મજબૂત થાય છે. તેથી હેત્વાભાસથી બચવું જરૂરી છે. હેત્વાભાસથી બચવાં અહીં તેના પ્રકારો જણાવવામાં આવે છે. હેત્વાભાસના અનેક પ્રકારો છે. આપણા વિષયભૂત સિદ્ધાંત *'હું પરમાત્મા છું'* સબંધિત હેત્વાભાસનાં મુખ્ય ચાર પ્રકાર છે.

૧. અસિદ્ધ હેત્વાભાસ

૨. સિદ્ધ હેત્વાભાસ

૩. અનૈકાન્તિક હેત્વાભાસ

૪. બાધિત હેત્વાભાસ



### ૧. અસિદ્ધ હેત્વાભાસ

**જે હેતુનો સાધ્ય સાથેનો વ્યાપ્તિ સંબંધ સિદ્ધ ન થતો હોય તે હેતુને અસિદ્ધ હેત્વાભાસ કહે છે.**

જે હેતુ સાધ્ય સાથે નિરપવાદ રીતે અને અવિનાભાવ સંબંધથી સંકળાયેલો રહીને તેની સાથે અચલ સહચાર સંબંધ ન ધરાવતો હોય તો તે અસિદ્ધ હેતુ છે.

**દા. ત. ૧. જ્યાં અગ્નિ ત્યાં ધુમાડો. તે પર્વત પર ધુમાડો છે કારણ કે ત્યાં અગ્નિ છે.**(અહીં અગ્નિ હોય ત્યાં ધુમાડો હોવો જરૂરી નથી. કેમ કે



અગ્નિને ધુમાડા સાથે વ્યાપ્તિ કે અચલ અવિનાભાવી સાહ્ચર્ય નથી.)

**૨. જ્યાં પામર દશા ત્યાં પરમાત્મસ્વભાવ. હું પામર દશા ધરાવું છું કારણ કે મારો સ્વભાવ પરમાત્મા છે.** (અહીં પરમાત્મસ્વભાવ હોય ત્યાં પામરદશા હોવી જરૂરી નથી. અરિહંત કે સિદ્ધ ભગવાનને પરમાત્મસ્વભાવ હોવા છતાં પામરદશા નથી. કેમ કે પરમાત્મસ્વભાવને પામર દશા સાથે વ્યાપ્તિ એટલે કે અચલ અવિનાભાવી સાહ્ચર્ય નથી.)

### ૨. વિરૂદ્ધ હેત્વાભાસ

**જે હેતુ સાધ્ય સાથે નહિ પણ તેના બદલે સાધ્યનાં વિરોધી સાથે વ્યાપ્તિ સંબંધ ધરાવતો હોય તે હેતુ વિરૂદ્ધ હેત્વાભાસ કહેવાય છે.**

જે હેતુ સાધ્યને બદલે વિરોધી સાથે નિરપવાદ રીતે અને અવિનાભાવ સંબંધથી સંકળાયેલા હોય તે હેતુ પોતે જ પોતાના પ્રયોજનથી વિરુદ્ધ જાય છે. અનુમાનમાં હેતુનું પ્રયોજન પક્ષમાં પોતાની હાજરી દ્વારા સાધ્યની હાજરી સાબિત કરવાનું છે પણ તે સાધ્યના બદલે સાધ્યના વિરોધી સાથે વ્યાપ્તિ સંબંધ ધરાવતો હોય તો તે પક્ષમાં સાધ્યની હાજરી સાબિત કરવાને બદલે તેની ગેરહાજરી સાબિત કરે છે. આ રીતે સ્વપ્રયોજનનો વિરોધી હોય તેવા હેતુને વિરૂદ્ધ હેતુ તરીકે ઓળખવામાં આવે છે.

**દા.ત. ૧. આ દેવ અમર છે. કારણ કે તે જન્મેલો છે.** (અહીં દેવનું અમરપણું તેના લાંબા આયુષ્યને કારણે છે, જન્મને કારણે નહીં. જન્મ એ અમરપણા સાથે નહીં પણ મરણપણા સાથે વ્યાપ્તિ ધરાવે છે.)

**૨. હું પામરદશા ધરાવું છું, કારણ કે હું પરમાત્મસ્વભાવી છું.** (અહીં પામરદશાનું કારણ પરાધીનતા છે. પણ સ્વાધીન પરમાત્મસ્વભાવ નથી. પામરદશા એ પરાધીનતા સાથે વ્યાપ્તિ ધરાવે છે પણ પરમાત્મસ્વભાવ સાથે નહીં.)

### ૩. અનૈકાન્તિક હેત્વાભાસ

**જે હેતુ સાધ્યની હાજરી સાથે હોય અને ગેરહાજરીમાં પણ સંભવે તેવા હેતુને અનૈકાન્તિક હેત્વાભાસ કહે છે.**

જે હેતુ સાધ્યની હાજરી તેમ જ ગેરહાજરી બન્નેમાં અસ્તિત્વ ધરાવી શકે તેવો હોય તે હેતુ સાધ્ય સાથે વ્યાપ્તિ સંબંધ ધરાવે છે તેમ કહી શકાય નહિ. આવા હેતુને અનૈકાન્તિક હેતુ કહે છે. તેના આધારે તારવેલ અનુમાન અપ્રમાણભૂત છે અને તે અનુમાનમાં અનૈકાન્તિક હેત્વા-ભાસનો દોષ થાય છે.

**દા.ત. ૧. આ પોપટ બુદ્ધિશાળી છે, કારણ કે તે અર્થપૂર્ણ ભાષા બોલી શકે છે.** (અહીં પોપટ બુદ્ધિશાળી હોય કે ન હોય તોપણ અનુકરણથી કે યાંત્રિક વ્યવસ્થાના પ્રભાવથી અર્થપૂર્ણ ભાષા બોલાય છે.)

**૨. *'હું પરમાત્મા છું'* કારણ કે હું મનુષ્ય છું.** (અહીં હું મનુષ્ય હોઉં કે ન હોઉં તોપણ હું પરમાત્મા જ છું.)

### ૪. બાધિત હેત્વાભાસ

**જે હેતુ દ્વારા મળતું જ્ઞાન અસત્ય છે એમ અન્ય પ્રમાણ દ્વારા સાબિત થતું હોય તો તે હેતુ બાધિત હેત્વાભાસ તરીકે ઓળખાય છે.**

અમુક અનુમાન દ્વારા મળેલું જ્ઞાન અસત્ય છે એમ અનુમાન સિવાયના બીજા કોઈ પ્રમાણ દ્વારા નક્કી થતું હોય તો તે હેતુને બાધિત હેતુ કહે છે.

**દા.ત. ૧. આ બરફનો ટુકડો ગરમ છે કારણ કે તેમાંથી વરાળ નીકળે છે.** (પ્રત્યક્ષ પ્રમાણથી જોતાં બરફ ઠંડો લાગે છે તેથી આ અનુમાન અસત્ય છે તેમ નક્કી થાય છે.)

**૨. હું સર્વજ્ઞ છું કારણ કે હું પરમાત્મસ્વભાવી છું.** (પ્રત્યક્ષ પ્રમાણથી પોતાને અનુભવતા પોતે અલ્પજ્ઞ જ છે તેથી આ અનુમાન અસત્ય છે તેમ કહી શકાય છે.)

**'હું પરમાત્મા છું'** એ પ્રતિજ્ઞાને સિદ્ધ કરવા માટેનો સમ્યક્ હેતુ છે.: :*'કારણ કે, હું સીમંધર ભગવાનની જાતિનો છું'.* આ હેતુ વડે પ્રતિજ્ઞાના કથનને સિદ્ધ કરવા માટે પક્ષમાં હેતુની હાજરી અને હેતુમાં સાધ્યની વ્યાપ્તિ છે તે સમજવું જરૂરી છે. અહીં 'હું' એ પક્ષ, *'પરમાત્મા'* એ સાધ્ય અને *'સીમંધર ભગવાન'* એ હેતુ છે.

સૌ પ્રથમ પક્ષમાં હેતુની હાજરી નક્કી કરવા માટે *'હું'*અને *'સીમંધર ભગવાન'*એક જ જાતિના છીએ તે નક્કી કરવું જરૂરી છે. જગતમાં જાતિ અપેક્ષા છ પ્રકારના દ્રવ્યો છે. તે પૈકી એક આત્મદ્રવ્ય છે. બધાં આત્માઓ એક જ જાતિના છે. જાતિ એટલે કે સ્વભાવ અપેક્ષાએ બધા આત્માની સમાનતા કે એકરૂપતા છે. સ્વભાવની એકરૂપતા શુદ્ધતા અને પૂર્ણતાપણે જ સંભવે છે. જે શુદ્ધ અને પૂર્ણ સ્વભાવ છે તે જ પરમાત્મસ્વભાવ છે. સીમંધર ભગવાન ભૂતકાળમાં મારા જેવા જ પામરદશાપણે હતા. પણ તેમણે પોતાની જાતિ એટલે કે પરમાત્મસ્વભાવને ઓળખીને તેનો આશ્રય કરવાથી તેઓ પામર મટી અત્યારે પરમાત્મદશાપણે પ્રગટ થયા છે. આ કારણે *'હું'* અને *'સીમંધર ભગવાન'* એક જ જાતિના આત્મદ્રવ્ય છીએ. તેથી *'હું'* એટલે કે પક્ષમાં *'સીમંધર ભગવાન'*ની એટલે કે હેતુની હાજરી છે તે સમજી શકાય છે. પક્ષમાં હેતુની હાજરી નક્કી કર્યા પછી અનુમાનક્રિયામાં આગળ વધવા હેતુમાં સાધ્યની વ્યાપ્તિ જાણવી જરૂરી છે.



હેતુમાં સાધ્યની વ્યાપ્તિ નક્કી કરવા માટે સીમંધર ભગવાનમાં પરમાત્મસ્વભાવની વ્યાપ્તિ નક્કી કરવી જરૂરી છે. સીમંધર ભગવાન અત્યારે વિદેહક્ષેત્રમાં પરમાત્મદશાપણે વિચરે છે. સીમંધર ભગવાનની પરમાત્મદશા પ્રગટ અને વ્યકત પર્યાયરૂપે છે. આ પરમાત્માની પર્યાય કોઈ પરમાંથી કે પરના આશ્રયે પ્રગટતી નથી. પરાશ્રયે વિભાવદશા કે અશુદ્ધતા જ હોય છે. અશુદ્ધ વિભાવદશા એ પામરદશા છે પરમાત્મદશા તેનાથી વિરુદ્ધ સ્વાશ્રયે પ્રગટ છે. સ્વાશ્રયે પ્રગટતી પર્યાય શુદ્ધ સ્વભાવિક હોય છે. શુદ્ધ સ્વાભાવિકદશા એ જ પરમાત્મદશા છે. આ પરમાત્મદશા પોતાના ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવના સ્વાશ્રયે પ્રગટેલ હોવાથી તે તેની સાથે અવિનાભાવી અચલ સાહચર્ય એટલે કે વ્યાપ્તિ ધરાવે છે. પોતાનો સ્વભાવ પોતાને અનુકૂળ જ હોય છે. તેથી તે હંમેશા શુદ્ધ અને પૂર્ણ જ હોય છે. શુદ્ધ અને પૂર્ણ સ્વભાવને જ પરમાત્મસ્વભાવ કહે છે. સીમંધર ભગવાનની પરમાત્મદશાને તેમના આ શુદ્ધ અને પૂર્ણ સ્વભાવ એટલે કે પરમાત્મસ્વભાવ સાથે વ્યાપ્તિ છે આ રીતે સીમંધર ભગવાનની એટલે કે હેતુની પરમાત્મસ્વભાવ એટલે કે સાધ્ય સાથેની વ્યાપ્તિ નક્કી થઈ શકે છે.






પક્ષમાં હેતુની હાજરી અને હેતુમાં સાધ્યની વ્યાપ્તિના આધાર પક્ષમાં સાધ્યની હાજરીનું અનુમાન થઈ શકે છે. અહીં પક્ષ એટલે કે *'હું'*માં સાધ્ય એટલે કે *'પરમાત્મસ્વભાવ'*ની ઉપસ્થિતિ છે, તેનો હેતુ એટલે કે 'સીમંધરભગવાન'ના આધારે અનુમાન થઈ શકે છે. હું પોતે પ્રગટ પર્યાયદશાએ પામરદશાપણે હોવા છતાં અપ્રગટ દ્રવ્યસ્વભાવે પરમાત્મસ્વભાવે છું. આ પ્રમાણે પામરદશા અને પરમાત્મસ્વભાવ બન્ને એક જ સાથે હોવા છતાં મારે મારી ઓળખાણ અને સ્વીકાર પરમાત્મસ્વભાવપણે જ કરવો યોગ્ય છે. એટલે કે *'હું પરમાત્મા છું'* એવો જ સ્વીકાર યોગ્ય છે. આ રીતે *'કારણ કે, હું સીમંધર ભગવાનની જાતિનો છું'* એ હેતુ વડે *'હું પરમાત્મા છું'* એ પ્રતિજ્ઞા વાક્યના સિદ્ધાંતની સિદ્ધિ અનુમાન-ક્રિયાના આધારે થાય છે.

### ૩. ઉદાહરણ

**હેતુની સાધ્ય સાથેની વ્યાપ્તિ દર્શાવવા માટે કોઈ દૃષ્ટ ધર્મ હોય કે જે વાદીદી અને પ્રતિવાદી બન્નેને સંમત હોય તે દૃષ્ટાંત છે. દૃષ્ટાંત અને તે દ્વારા તારવેલા સિદ્ધાંતના કથનના પ્રયોગને ઉદાહરણ કહે છે.**

અનુમાનક્રિયામાં હેતુ વડે સાધ્યની સિદ્ધિ કરવામાં આવે છે. આ માટે પક્ષમાં હેતુની હાજરી અને હેતુમાં સાધ્યની વ્યાપ્તિ સમજવી જરૂરી છે.


આપણાં પ્રસ્તુત સિદ્ધાંત માટે *'હું'* એ પક્ષ છે, *'સીમંધર ભગવાન'* એ હેતુ છે અને *'પરમાત્મ સ્વભાવ'* એ સાધ્ય છે.

સૌ પ્રથમ *'હું'* અને *'સીમંધર ભગવાન'* એક જ આત્મદ્રવ્યની જાતિના છીએ. તેથી પક્ષમાં હેતુની હાજરી છે તે સમજી શકાય છે. પક્ષમાં હેતુની હાજરી સમજ્યા પછી હેતુની સાધ્ય સાથેની વ્યાપ્તિ સમજવી જરૂરી હોય છે. એટલે કે સીમંધર ભગવાનમાં પરમાત્મસ્વભાવની વ્યાપ્તિ છે તે બાબત સમજવી જરૂરી છે. આ બન્ને બાબત સમજી શકાતી હોય તો ઉદાહરણની કોઈ આવશ્યકતા નથી. પરંતુ સીમંધર ભગવાન વર્તમાનમાં વિહરમાન હોવા છતાં તે દૂરના ક્ષેત્રમાં છે અને અહીં બેઠા આપણે તેને પ્રત્યક્ષ જોઈ શકતા નથી. તેથી સીમંધર ભગવાનમાં પરમાત્મ-સ્વભાવની વ્યાપ્તિ છે તે સમજાવવા ઉદાહરણની આવશ્યકતા રહે છે. હેતુમાં સાધ્યની વ્યાપ્તિ સમજાવવા માટે આ ઉદાહરણ હોવાથી તેને *'ઉદાહરણ સહિતની વ્યાપ્તિ'*ના નામે પણ ઓળખવામાં આવે છે. આપણા વિષયભૂત સિદ્ધાંત માટે ઉદાહરણ તરીકે સોનાની લગડી

લઈ તેના આધારે સીમંધર ભગવાનના હેતુમાં સાધ્યની વ્યાપ્તિની સિદ્ધિ કરાવવામાં આવે છે. અને તે હેતુ વડે પક્ષમાં સાધ્યની સિદ્ધિ કરાવતું અનુમાન કરાવવામાં આવે છે. તે ઉદાહરણ આ પ્રમાણે છે—

**પદાર્થની શુદ્ધ અવસ્થા હંમેશાં તેના ત્રિકાળ ધ્રુવ સ્વભાવના સ્વાશ્રયે જ હોય છે. એટલે કે જ્યાં જ્યાં પ્રગટ અવસ્થા શુદ્ધ હોય ત્યાં ત્યાં તેનો અપ્રગટ સ્વભાવ પણ શુદ્ધ હોય જ છે. તેથી સીમંધર ભગવાનની શુદ્ધ પરમાત્મદશા તેમના અપ્રગટ શુદ્ધ પરમાત્મસ્વભાવ સાથે વ્યાપ્તિ ધરાવનારી છે. ઉદાહરણ તરીકે — સોનાની લગડી.**

ઉપરોક્ત ઉદાહરણની વિશેષ સમજૂતી એ છે કે, અનેકાંતસ્વરુપી પદાર્થની કોઈપણ પલટતી પર્યાય તેના ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવ વિના હોતી નથી. અને તે જ રીતે દ્રવ્યસ્વભાવ પણ કોઈને કોઈ પર્યાય વિના હોતો નથી. તેમાં પદાર્થની જે પર્યાય અશુદ્ધ કે વિભાવરૂપે હોય છે તે હંમેશાં પરાશ્રયે હોય છે. પરંતુ જે પર્યાય શુદ્ધ કે સ્વાભાવિક હોય છે તે હંમેશાં પોતાના ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવના સ્વાશ્રયે જ હોય છે. સ્વાશ્રયે ઉત્પન્ન થતી પર્યાય પોતાના સ્વભાવ જેવી હોવાથી તે સ્વાભાવિક કહેવાય છે. સ્વાભાવિક પર્યાય શુદ્ધ હોવાથી તે તેના ત્રિકાળ દ્રવ્ય-સ્વભાવની શુદ્ધતાને જ દર્શાવનારી હોય છે. આત્મા માટે આવી શુદ્ધ અવસ્થા તે પરમાત્મદશા અને શુદ્ધ સ્વભાવ તે પરમાત્મસ્વભાવ છે. શુદ્ધ અવસ્થા જે પ્રગટ છે તે તેના અપ્રગટ શુદ્ધ સ્વભાવના જ આધારે હોવાથી તેની સાથે નિરપવાદ અચલ સાહચર્ય સંબંધ એટલે કે વ્યાપ્તિ ધરાવે છે. આ રીતે સીમંધર ભગવાનની પ્રગટ પરમાત્મદશા તેમના અપ્રગટ પરમાત્મસ્વભાવ સાથે વ્યાપ્તિ ધરાવનારી છે. તેથી હેતુ એટલે કે સીમંધર ભગવાનની સાધ્ય એટલે કે પરમાત્મસ્વભાવ સાથેની વ્યાપ્તિ સમજી શકાય છે. આ બાબતને વિશેષ સમજાવવા માટે સોનાનું દૃષ્ટાંત છે. સોનાના દૃષ્ટાંતના આધારે સીમંધર ભગવાનમાં પરમાત્મસ્વભાવની વ્યાપ્તિનો સિદ્ધાંત સમજાવવામાં આવે છે. દૃષ્ટાંત-સિદ્ધાંતની આ પ્રકારની રજૂઆતને ઉદાહરણ કે ઉદાહરણ સહિતની વ્યાપ્તિ તરીકે ઓળખવામાં આવે છે. જે આ પ્રમાણે છે—



ખનિજ પથ્થર અને લગડી એક જ જાતિના છે, તેમ હું અને સીમંધર ભગવાન એક જ જાતિના છીએ. લગડીમાં સોનાની વ્યાપ્તિ છે, તેમ સીમંધર ભગવાનમાં પરમાત્મસ્વભાવની વ્યાપ્તિ છે.તેથી જેમ ખનિજ પથ્થર પણ સોનાની જાતિનો છે, તેમ હું પણ પરમાત્મસ્વભાવી છું, તે દર્શાવતું ચિત્ર.

**દૃષ્ટાંત :** સોનાનું ખનિજ (Raw Gold) અશુદ્ધ પથ્થર તરીકે હોય છે અને શુદ્ધિકરણની પ્રક્રિયાને અંતે તે જ પથ્થર શુદ્ધ સોનાની લગડી (Pure Gold) તરીકે હોય છે.

આ કારણે જાતિ કે સ્વભાવ અપેક્ષાએ ખનિજ પથ્થર (Raw Gold) અને સોનાની લગડી (Pure Gold) એક જ સોનાના સ્વભાવે છે. તેથી ખનિજ પથ્થરમાં પણ સોનાની જાતિની હાજરી છે.

સોનાની લગડી એ સો ટચની શુદ્ધ અવસ્થા છે.

લગડીની આ શુદ્ધ અવસ્થા તેના મૂળ સ્વભાવના આશ્રયે અને કારણે છે. લગડી એકદમ શુદ્ધ છે તો સોનુ પણ એકદમ શુદ્ધ સ્વભાવે છે. તેથી સોનાની લગડીની વ્યક્ત શુદ્ધ દશા તેના અવ્યકત શુદ્ધ સ્વભાવ સાથે અચલ અવિનાભાવી સાહચર્ય સબંધ એટલે કે વ્યાપ્તિ ધરાવે છે.

ખનિજ પથ્થર (Raw Gold) અને લગડી (Pure Gold) એક જ જાતિના છે. અને લગડીની શુદ્ધ સુવર્ણ સ્વભાવ સાથે વ્યાપ્તિ છે. તેથી ખનિજ પથ્થરમાં પણ શુદ્ધ સુવર્ણ સ્વભાવની મોજૂદગી છે તેમ અનુમાન કરી શકાય છે.

સિદ્ધાંત : હું સોનાના ખનિજ એવો અશુદ્ધ પથ્થર (Raw Gold) જેવો છું અને સીમંધર ભગવાન લગડી જેવા શુદ્ધ સુવર્ણ (Pure Gold) જેવા છે.

સીમંધર ભગવાન અગાઉ મારા જેવા જ પામર હતા પણ સાધકદશાની પ્રક્રિયાના અંતે શુદ્ધ સોનાની લગડી (Pure Gold) જેવા પરમાત્મ-દશાપણે પ્રગટ થયા છે. આ કારણે જાતિ કે સ્વભાવ અપેક્ષાએ હું અને સીમંધર ભગવાન એક જ પ્રકારના પરમાત્મસ્વભાવે છીએ. તેથી *'હું'* એટલે કે પક્ષમાં *'સીમંધર ભગવાન'* એટલે કે હેતુની હાજરી છે.

સીમંધર ભગવાન એ સોનાની લગડી જેવા એકદમ શુદ્ધ અવસ્થારૂપે એટલે કે પરમાત્મદશાપણે છે. સીમંધર ભગવાનની આ પરમાત્મદશા તેમના મૂળ ત્રિકાળ દ્રવ્યસ્વભાવના આશ્રયે અને કારણે છે. સીમંધર ભગવાનની પરમાત્મદશા એકદમ શુદ્ધ છે તો તેમનો દ્રવ્યસ્વભાવ પણ એકદમ શુદ્ધ એટલે કે પરમાત્મસ્વભાવે છે. તેથી સીમંધર ભગવાનની આ પ્રગટ પરમાત્મદશા તેમના અપ્રગટ પરમાત્મ-સ્વભાવ સાથે અચલ અવિનાભાવી સાહચર્ય સંબંધ એટલે કે વ્યાપ્તિ ધરાવે છે. આ રીતે હેતુ એટલે કે સીમંધર ભગવાનની સાધ્ય એટલે કે પરમાત્મસ્વભાવ સાથેની વ્યાપ્તિ નક્કી થાય છે. હું એટલે કે પક્ષમાં હેતુ એટલે કે સીમંધર ભગવાનની જાતિની હાજરી છે અને હેતુ એટલે કે સીમંધરભગવાનમાં સાધ્ય એટલે કે પરમાત્મ-સ્વભાવની વ્યાપ્તિ છે. તેના આધારે *'હું'* એટલે કે પક્ષમાં *'પરમાત્મસ્વભાવ'*ની હાજરીનું અનુમાન થાય છે. એટલે કે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતની સિદ્ધિ થાય છે.

### ૪. ઉપનય

**ઉદાહરણ ઉપરથી પ્રતિજ્ઞાના વિધાનને સિદ્ધ કરે એટલે કે ઉદાહરણ અને પ્રતિજ્ઞાનો સમન્વય કરે તે ઉપનય છે.**

શિષ્યને ફલિત વિધાન એટલે કે નિગમનની ઉપ એટલે પાસે અને નય એટલે દોરી જાય તે ઉપનય છે. આ ઉપનય હેતુનો એટલે કે સાધનનો પ્રતિજ્ઞા એટલે કે સાધ્ય સાથે સમાન અધિકરણપણું એટલે કે એક આશ્રયપણું છે તેવું પ્રતિપાદન કરાવનારો છે. પક્ષમાં હેતુની હાજરીનું જ્ઞાન થાય તેમ જ હેતુ અને સાધ્ય વચ્ચે વ્યાપ્તિ સંબંધ છે તે બાબતની સ્મૃતિ થાય તો જ અનુમાનક્રિયામાં આગળ વધી શકાય છે. ઉપનય એમ જણાવે છે કે આ બન્ને બાબતોનું બરાબર પાલન થયું છે. તેથી ઉદાહરણના માધ્યમથી સાધન અને સાધ્ય વચ્ચેનો એટલે કે હેતુ અને પ્રતિજ્ઞા વચ્ચેનો સંબંધ સ્થાપી શકાયો છે. આ રીતે ઉપનય પ્રતિજ્ઞાની પૂરેપૂરી સાબિતિનું કામ કરે છે. તેથી આ ઉપનય તાર્કિક દૃષ્ટિએ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતને આપણે સિદ્ધ કરવાનો છે આ વિષયને અનુસરીને થતો ઉપનય છે:

**સીમંધર ભગવાનની પ્રગટ પરમાત્મદશા સાથે વ્યાપ્તિ ધરાવનાર તેના અપ્રગટ પરમાત્મસ્વભાવની મારામાં હાજરી છે.**

હું અને સીમંધર ભગવાન એક જ જાતિના છીએ. સીમંધર ભગવાન પરમાત્મસ્વભાવી છે અને હું પણ તેના જેવો જ છું. સીમંધર ભગવાન અને હું એક જ પ્રકારના પરમાત્મસ્વભાવી છીએ. સીમંધર ભગવાને પોતાના પરમાત્મસ્વભાવનો સ્વીકાર અને આશ્રય કરીને તે સ્વભાવ જેવી જ પરમાત્મદશા પ્રગટાવેલી છે. મને મારા પરમાત્મસ્વભાવનો સ્વીકાર અને આશ્રય ન હોવાથી મારી વર્તમાન અવસ્થા પામરપણે પ્રવર્તે છે. પણ હવે હું સીમંધર ભગવાનની પરમાત્મ-દશાના આધારે તેમના પરમાત્મસ્વભાવનો અને તેમના પરમાત્મ-સ્વભાવને આધારે મારા પરમાત્મસ્વભાવનો સ્વીકાર કરું છું. સ્વભાવની અપેક્ષાએ *'હું પરમાત્મા છું'* અને આ પરમાત્મસ્વભાવનો આશ્રય કરીને મારી પ્રગટ-દશામાં પણ હું પરમાત્મદશા પ્રગટ કરીશ, એવો મારો નિર્ણય છે.

### ૫. નિગમન

**અનુમાન દ્વારા તારવાયેલા ફલિત વિધાનની રજુઆતને નિગમન કહે છે.**

નિગમનમાં ફરીથી પ્રતિજ્ઞા કે પક્ષનું વચન કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે પ્રતિજ્ઞા વાક્ય દ્વારા જે વિધાન સાબિતિ માટે રજૂ કરવામાં આવ્યું હતુ તે વિધાન હવે સાબિત થઈ જાય છે. નિગમન દ્વારા વક્તા અને શ્રોતા અથવા ગુરુ અને શિષ્ય વચ્ચે સંપૂર્ણ સંમતિ સધાય છે. વક્તા અને શ્રોતા વચ્ચેના સંવાદનો સુખદ અંત નિગમન દ્વારા સંપન્ન થાય છે. આમ મનોવૈજ્ઞાનિક રીતે અનુમાનક્રિયાના આખરી અવયવ નિગમનું સ્થાન અદ્વિતિય છે. અનુમાન ક્રિયાનું પરમફળ તે પ્રાપ્ત કરાવે છે.

આપણા પ્રસ્તુત વિષયમાં ગુરુ નિગમન રજુ કરીને શિષ્યને જણાવે છે કે, સીમંધર ભગવાન સાથે વ્યાપ્તિ સંબંધ ધરાવનાર પરમાત્મ-સ્વભાવ મારામાં છે એની આપણે ખાત્રી કરી છે. તેથી કોઈપણ શંકા અને ભ્રમણાથી મુક્ત થઈને *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંતની સત્યતા સાબિત થાય છે.

## ૧૦. પરીક્ષા
Test

**ઉદ્દિષ્ટ વિધાન કે સિદ્ધાંતનું સ્વરુપ, તેના લક્ષણ વગેરે સંબંધી ખરા-ખોટા અને સારાસારનો નિર્ણય કરવો તેને પરીક્ષા કહે છે.**

પરીક્ષાને **૧. મીમાંસા, ૨. કસોટી, ૩. વિચય, ૪. જિજ્ઞાસા** જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે. તે આ રીતે —

૧. પરીક્ષામાં ઇચ્છિત વિષય કે વિધાનની વિશેષ તપાસ અને સમાલોચના સમાયેલી હોવાથી તે એક **મીમાંસા**છે.

૨. પરીક્ષામાં સિદ્ધાંતોનો કસ કરવાની પ્રમાણભૂત પદ્ધતિ હોવાથી તેને **કસોટી** કહી શકાય છે.

૩. તેમાં નિર્ધારિત વિષયની વિવેકપૂર્વકની વિચારણા હોવાથી તે **વિચય** તરીકે પણ ઓળખાય છે.

૪. પરીક્ષામાં જ્ઞાનપ્રાપ્તિની અને નવું જાણવાની ઇચ્છા સંકળાયેલી હોવાથી તે એક પ્રકારની **જિજ્ઞાસા** છે.



ઉદ્દિષ્ટ એટલે કે ઈચ્છિત કે નિર્ધારિત સિદ્ધાંતની સત્યતા સંબંધી યોગ્ય નિર્ણય તે પરીક્ષા છે. પરીક્ષામાં પરસ્પર વિરુદ્ધ યુક્તિઓ પૈકી કઈ પ્રબળ છે અને કઈ નિર્બળ છે તે નક્કી કરવામાં આવે છે. નિર્ધારિત વિધાન કે સિદ્ધાંત સંબંધી અનેક મતપક્ષોની અનેક પ્રકારની માન્યતાઓ હોય તેમાંં કઈ ઠીક છે અને કઈ ઠીક નથી તેની પરખ પણ પરીક્ષાના આધારે છે. ટૂંકમાં નિર્ધારિત વિધાન કે સિદ્ધાંતની સંપૂર્ણ અને સર્વાંગીણ તપાસ તે જ પરીક્ષા છે.

જે સિદ્ધાંતોને હૃદયગત કરવા જરૂરી છે તેની પરીક્ષા અનિવાર્ય છે. પણ સ્વર્ગ-નરકનું સ્થાન અને સ્વરુપ જેવા આત્મહિત માટે અનાવશ્યક અને બિનપ્રયોજનભૂત બાબતોની પરીક્ષા કરવી જરૂરી નથી. વળી આવી બાબતો આપણા પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય નથી તેમ જ તે યુક્તિ-અનુમાનાદિ ગોચર પણ નથી. પણ જે બાબત વિના આત્મહિતમાં એક ડગલુંય આગળ વધી શકાતું નથી અને જેની પરીક્ષા થઈ શકે છે તેવા પ્રયોજનભૂત તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા અવશ્ય કરવી જોઈએ.

**પ્રશ્ન : પ્રયોજનભૂત સિદ્ધાંતોની પરીક્ષા શા માટે અને કઈ રીતે કરવી ? ?**

**ઉત્તર** : પ્રયોજનભૂત સિદ્ધાંતોને હૃદયગત કરવાનું ફળ અલૌકિક અને અચિંત્ય છે. આ સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે તેનો સ્વીકાર જરૂરી છે. આ સ્વીકાર માટે તેની પરીક્ષા જરૂરી છે. પરીક્ષા વિના કોઈ પણ સિદ્ધાંત ક્યારેય સ્વીકારી શકાતો નથી. લૌકિક વિજ્ઞાનના સિદ્ધાંતો સ્વીકારવા માટે તેનો પ્રયોગશાળામાં પ્રયોગ કરવો જરૂરી છે. તેમ પારમાર્થિક આત્મહિતના સિદ્ધાંતો સ્વીકારવા માટે તેની પ્રમાણાનુસારની પરીક્ષા જરૂરી છે. આ પરીક્ષા કોઈ પણ પક્ષપાત, રાગદ્વેષ, મતપક્ષ વિના એકદમ સાવધાની પૂર્વક કરવી જોઈએ.

**પ્રશ્ન : અમે પરીક્ષા વિના ગુરુના ઉપદેશ કે શાસ્ત્રના કથનને પ્રમાણભૂત માનીને તેના પ્રરૂપિત સિદ્ધાંતોને સ્વીકારીએ તો શો વાંધો ?**

**ઉત્તર** : લૌકિકમાં સામાન્યપણે આપણે આપણા હિતેચ્છુ વડીલોની સલાહ સ્વીકારતા હોઈએ છીએ પણ તે સલાહ આપણને જચતી પણ હોય છે. અને આપણને ન જચે તે બાબત સ્વીકારતા પણ નથી. તેથી આપણે આપણી સમજણ અનુસાર જ સ્વીકાર કરીએ છીએ. લોકમાં પણ કહેવાય છે :

**સમજે તો અપને આપ, ન સમજાવી શકે સગો બાપ.**

આ તો લૌકિક બાબતની વાત થઈ કે જેનું પારમાર્થિક કોઈ મૂલ્ય કે પ્રયોજન નથી. પણ પારમાર્થિક પ્રયોજનભૂત અમૂલ્ય તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે તેની પરીક્ષા કરવી જરૂરી છે. બજારમાં ત્રણ રૂપિયાની તાવડી ખરીદવામાં પણ તેની ટકોરા મારીને પરીક્ષા કરીએ છીએ. કોઈ કન્યા સાથે વિવાહ-સંબંધ બાંધતા પહેલાં પણ તેની પૂરી તપાસ કરીને તે સંબંધ સ્વીકારીએ છીએ. તો અનાદિ સંસારના દુઃખોનો અભાવ કરાવી શાશ્વત સુખની શિવરમણી વરાવનાર સદગુરુના વચનોની પણ પરીક્ષા કરીને તેનો સ્વીકાર કરવો જોઈએ.

સદગુરુના બિનપ્રયોજનભૂત વચનોને પરીક્ષા વિના આજ્ઞાનુસાર સ્વીકારીએ છીએ પણ તે માટે તે અગાઉ સદ્‌ગુરુની પણ પરીક્ષા કરેલી હોય છે. પરીક્ષા વિના કુળ પરંપરા અનુસારના દેવ-ગુરુને જ સાચા દેવ-ગુરુ માની લેવામાં કોઈ સાર નથી. દેવ-ગુરુને પણ પરીક્ષા કરીને જ સ્વીકારવાના હોય છે. ગુરુને સાચા માન્યા પછી તેના બિનપ્રયોજનભૂત કે ઓછા પ્રયોજનભૂત વચનોની

પરીક્ષા ન કરો અને આજ્ઞાનુસારી થઈને સ્વીકારો તે એક જુદી બાબત છે. પણ મહત્વના પ્રયોજનભૂત સિદ્ધાંતોની તો જરૂર પરીક્ષા કરવી જ જોઈએ. પરીક્ષાથી જ આપણું જ્ઞાન પ્રમાણ એટલે કે સત્ય અને સ્વીકાર્ય બને છે. પરીક્ષાના કારણે જ આપણે પ્રયોજનભૂત સિદ્ધાંતોને સારી રીતે સમજીને, સ્વીકારીને તેનું અનુસરણ કરી શકીએ છીએ એટલે કે પ્રમાણાનુસારી બની શકીએ છીએ. પણ પરીક્ષા વિના પ્રમાણાનુસારી બની શકાતું નથી. આચાર્યશ્રી ગુણભદ્રના શબ્દોમાં —

**"જે શિષ્ય પરીક્ષા વિના માત્ર ગુરુના વચન અનુસાર પ્રવૃત્તિ કરે છે તેને પ્રમાણાનુસારી માની શકાતો નથી"**

(કષાયપાહુડ : ૧/૧-૧/પ્રકરણ:૨/૭/૩)

**પ્રશ્ન : તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરતાં ન આવડે તો શું કરવું ?**

ઉત્તર : જેની જરૂરિયાત અને રુચિ હોય તેની પરીક્ષા આપમેળે આવડે છે.

લૌકિકમાં જેનું પ્રયોજન હોય તેની પરીક્ષા કરવામાં આપણે કયારેય ઊણા ઉતરતા નથી. દરેક ચીજને પરખીને જ પસંદ કરીએ છીએ. કયાંય છેતરાઈએ નહિ એવા પાકા હોઈએ છીએ. તો તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષામાં કેમ કાચા પડીએ ? આપણે કાચા પડીએ તો તેનો અર્થ એવો કે આપણને તેનું પ્રયોજન કે રુચિ નથી.

**પ્રશ્ન : પ્રયોજન અને રુચિ હોવા છતાં તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરવામાં અમે કાચા જ છીએ ?**

ઉત્તર : આ જીવ કોઈની પરીક્ષા કરવામાં કયારેય કાચો હોતો નથી. પરંતુ તે માટેની જરૂરિયાત જણાવી જોઈએ. જરૂરિયાત જણાય તો તે માટેની રુચિ જાગે છે અને પોતાનો પ્રયત્ન તે માટે પ્રવર્તે છે. રુચિપૂર્વકનું પ્રવર્તન અદમ્ય ઉત્સાહ અને અપૂર્વ ઉમંગથી થાય છે અને તે કામ પાર પણ પડે છે. તેથી પ્રયોજન અને રુચિ હોવા છતાં પરીક્ષા કરવામાં કાચા છીએ તે વાત વ્યાજબી નથી.

કૉમ્પ્યુટરની કોઈ સમજ કે જાણકારી ન હોય પણ તેની જરૂરિયાત ભાસે અને તે ખરીદવાનો પ્રસંગ આવે તો તે પહેલાં તે તેના વિષેની સઘળી માહિતિ મેળવી લેશે અને તેની ચકાસણી કરવાનું શીખી લેશે અને પછી તેની યોગ્ય રીતે ખરીદી કરશે. આ રીતે જેની જરૂરિયાત જણાય તેની પરીક્ષા પણ આવડી જાય છે. તેમ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની કોઈ સમજ કે જાણકારી ન હોય પણ તેની જરૂરિયાત ભાસે અને તેને હૃદયગત થવું ઉપયોગી ભાસે તો તેની પરીક્ષા આવડી જાય છે. ખરેખર તો આપણે અઘરામાં અઘરી પરીક્ષા પણ કરી લઈએ છીએ અને પરીક્ષા કરવામાં કાચા હોતા નથી. હા, પરીક્ષા આપવામાં કાચા હોઈ શકીએ છીએ. અહીં પ્રકરણના અંતે પ્રશ્નો આપેલ છે તેના ઉત્તરો આપવા તે પણ પરીક્ષા જ છે. પણ તેમાં આપણે પૂરા સફળ થતાં નથી. કદાચિત્ સફળ થઈએ તો તે સિદ્ધાંતને આપણે પચાવી શકાતા નથી. આચરણમાં લાવી શકતા નથી. જીવનમાં અપનાવી શકતા નથી. તેથી સિદ્ધાંતો અનુસારનું જીવન જીવવાની ખરી પરીક્ષામાંથી પાર થતા નથી અને કાચા રહીએ છીએ. આ કચાશ રાખવી ન હોય તો તે માટે પણ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરતાં શીખવું પડશે. જો આવી પરીક્ષા આવડશે તો સિદ્ધાંતોને સ્વીકારીને હૃદયગત કરી શકશું અને તે હૃદયગત થશે તો સિદ્ધાંત અનુસારનું



જીવન પણ આપ મેળે આવશે અને તેથી જીવનની ખરી પરીક્ષામાંથી પણ પાર ઉતરીશું. અને તો જ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરવામાં સફળ થયા કહેવાશું.

**પ્રશ્ન: તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતની પરીક્ષા કરવામાં સફળ થયા છીએ તે કેમ ખબર પડે ?**

**ઉત્તર :** સિદ્ધાંત અનુસારનો દૃઢ નિશ્ચય થાય અને ત્યારપછી તે નિશ્ચય અનુસારનો ભાવ ભાસે તો સમજવું કે આપણે સિદ્ધાંતની પરીક્ષા કરવામાં સફળ થયા છીએ. સિદ્ધાંત અનુસારનો નિર્ણય કે ભાવભાસન ન થાય તો પરીક્ષા બરાબર થઈ શકી નથી તેમ જાણવું.

બજારમાંથી જોઈ તપાસીને કેરી ખરીદી પણ ઘેર આવીને રસ કાઢવા બેઠા તો બધી બગડી ગયેલી નીકળી તો આપણને પૂરી તપાસ કરતાં આવડી નથી. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનો અભ્યાસ કરીએ, તેની પરીક્ષા કરીએ અને અન્યને તેનો ઉપદેશ પણ આપીએ. તે સિદ્ધાંતો આત્મસાત્ થઈ ગયા છે તેવો મિથ્યા અભિપ્રાય સેવીએ. કોઈ પૂછે કે તમે કોણ છો ? તો તુરત જ જવાબ આપીએ કે *'હું પરમાત્મા છું'* પરંતુ અંદરમાં પોતાને આ પરમાત્માપણું ભાસે નહિ. પોતે જ અનંત સુખાદિ ગુણોનો ભંડાર છે તે ભાસે નહિ અને તેથી પોતાના સુખાદિ માટે બહારમાં ફાંફા માર્યા કરે. પોતાની પૈસા પાછળની દોટ, વિષયોની માંગણી, સુવિધાઓની શોધ વગેરેમાં કોઈ ફેર ન પડે તો તેને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો બેઠા નથી. *'હું પરમાત્મા છું'*નો નિર્ણય કે ભાવભાસન નથી અને આવો નિર્ણય નથી તો તેણે તેની પરીક્ષા કરી નથી. તેથી જ્યાં સુધી આવો નિર્ણય અને તે અનુસારનો ભાવ ન ભાસે ત્યાં સુધી પરીક્ષાની પ્રક્રિયા બરાબર ચાલુ રાખવી.

**પ્રશ્ન : પરીક્ષા તો બરાબર કરતાં હોય તેમ છતાં નિર્ણય ન થાય કે ભાવ ન ભાસે તો શું કરવું?**

**ઉત્તર :** જે દાખલાની રકમ જ ખોટી હોય તેના ઉકેલ માટે ગમે તેટલી માથાકૂટ કરવા છતાં તેનો કોઈ ઉકેલ જ મળતો નથી. તેમ જે સિદ્ધાંત જ અસત્ય હોય તે અનુસારના નિર્ણય માટે તે સિદ્ધાંતની સઘળી પરીક્ષા કરવા છતાં તે અનુસારનો નિર્ણય આવતો જ નથી. આ જગતનો કર્તા-હર્તા કોઈ પરમાત્મા છે એવા કલ્પિત સિદ્ધાંતની કોઈ પરીક્ષા થઈ શકતી નથી અને તે અનુસારનો નિર્ણય કે ભાવભાસન થતું નથી. માત્ર અંધશ્રદ્ધાથી આજ્ઞાનુસારી બનીને જ તેનો સ્વીકારવાનું રહે છે. પરંતુ જૈન સિદ્ધાંતો એવા નથી. તે કોઈ સરાગી [૯] *અલ્પજ્ઞ* દ્વારા પ્રરૂપિત નથી. પણ વીતરાગ [૧૦] *સર્વજ્ઞ* દ્વારા પ્રરૂપિત છે. તેથી જૈન સિદ્ધાંતો પરમ સત્ય હોય છે. અને કોઈપણ પરીક્ષામાંથી પાર ઉતરે એવા હોય છે. અને પરીક્ષામાંથી પાર ઉતરેલા સિદ્ધાંત અનુસારનો નિર્ણય અને ભાવભાસન થાય જ છે. પરીક્ષા કરવા છતાં સિદ્ધાંત અનુસારનો નિર્ણય ન થતો હોય તો પરીક્ષા કરવામાં જ કોઈ કચાશ કે દોષ હોય છે. અથવા આપણી પરીક્ષા તેની પદ્ધતિ અનુસારની હોતી નથી. તેથી જ્યાં સુધી યથાર્થ અને દૃઢ નિર્ણય ન થાય ત્યાં સુધી પરીક્ષા ચાલુ જ રાખવી.

**પ્રશ્ન : પોતાનો નિર્ણય યથાર્થ અને દૃઢ છે તે કેમ ખબર પડે ?**

**ઉત્તર :** નિર્ણય અનુસારનો ભાવ ભાસે અને તે મુજબ પ્રવર્તન થાય તો પોતાનો નિર્ણય યથાર્થ અને દૃઢ છે તેમ કહેવાય.

કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયેલ હોય અને અનાથાશ્રમમાં ઉછરતો હોય પછી કેટલાંક

સમય પછી તેને માતાની ભાળ મળે અને તે માતાને જોતાં જ તેને વળગી જાય તો તેનો માતાા સંબંધીનો નિર્ણય યથાર્થ કહેવાય. પણ કોઈ દારૂડિયો માતાને માતા કહે પણ માતા સાથે પત્નિ જેવો વ્યવહાર કરવાની કોશિશ કરે તો તેનો માતા સંબંધી નિર્ણય યથાર્થ નથી.

પોપટને પાઠ ભણાવ્યા હોય કે બિલાડી આવે ત્યારે ઊડી જવું; પણ જ્યારે બિલાડી આવે ત્યારે બોલવા માંડે કે બિલાડી આવે ત્યારે ઊડી જવું પણ ખરેખર ઊડી ન જાય તો તેનો બિલાડી વિષેનો નિર્ણય યથાર્થ નથી પણ નિર્ણયાભાસ છે. પણ ઊંદર બિલાડીને જોઈને તુરત જ ભાગી જાય તો તેને બિલાડી સંબંધીનો નિર્ણય યથાર્થ કહેવાય.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતનો પોતાને નિર્ણય છે તેમ પોતે માનતો હોય પણ અંદરમાં પોતાને પોતાનું પરમાત્મપણું ભાસતું ન હોય અને પોતાનું પ્રવર્તન પરમાત્માને શોભે એવું ન હોય તો પોતાનો નિર્ણય યથાર્થ અને દૃઢ નથી.

ઉપરોક્ત આધારે નિર્ણય અનુસારનો ભાવ ન ભાસે અને તે મુજબનું પ્રવર્તન ન થાય ત્યાં સુધી આપણો નિર્ણય યથાર્થ અને દૃઢ નથી તેમ જાણવું; તેથી નિર્ણયની યથાર્થતા અને દૃઢતા માટે જે તે સિદ્ધાંતની પદ્ધતિસરની પરીક્ષા ચાલુ જ રાખવી.

**પ્રશ્ન : તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરવાની પદ્ધતિ કઈ છે ?**

**ઉત્તર :** તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા પ્રમાણ વડે થાય છે. સિદ્ધાંતો સંબંધી સંપૂર્ણ અને સત્ય જ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રમાણજ્ઞાન શંકા અને ભ્રમણાથી મુક્ત હોય છે.

આ પ્રમાણ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારે છે. પ્રત્યક્ષ જ્ઞાનથી થતા પ્રમાણને પ્રત્યક્ષ પ્રમાણ અને પરોક્ષ જ્ઞાનથી થતા પ્રમાણને પરોક્ષ પ્રમાણ કહે છે. *'હું પરમાત્મા છું'* જેવો પારમાર્થિક સિદ્ધાંત આપણા પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય નથી અને પરોક્ષ જ્ઞાનનો વિષય છે. પરોક્ષ જ્ઞાન એ જ પરોક્ષ પ્રમાણ છે. પરોક્ષ પ્રમાણમાં ૧. આગમ પ્રમાણ ૨. પરાપર ગુરુનો ઉપદેશ પ્રમાણ ૩. યુક્તિ પ્રમાણ ૪. અનુમાન પ્રમાણ જેવા પ્રમાણનો સમાવેશ છે. આપણે અનુમાન અને યુક્તિની ચર્ચા અગાઉ કરી ગયા છીએ. અહીયા આપણે આગમ પ્રમાણ અને પરાપર ગુરુના ઉપદેશ પ્રમાણ વિશે વિચારશું.

## ૧. આગમ પ્રમાણ

**આગત એટલે કે તીર્થંકર-ગણધર-આચાર્યની પરંપરાથી ચાલ્યા આવતા એવા મૂળ સિદ્ધાંતોને આગમ કહે છે. આગમ વડે પ્રતિપાદિત સિદ્ધાંતને આગમ પ્રમાણ કહે છે.**

અગમનું એટલે કે અલ્પજ્ઞને અગમ્ય એવા આત્માનું જ્ઞાન કરાવે તે આગમ છે. आगम्यते ईति आगमः એ સૂત્ર અનુસાર આત્માનું આ જ્ઞાન आगम्यते એટલે કે ચોતરફથી સંપૂર્ણપણે કરાવનાર તે આગમ છે.

આગમમાં વીતરાગ સર્વજ્ઞ દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતો કહેવામાં આવે છે. તેનાં વચનો પૂર્વાપર અવિરોધી, પક્ષપાત રહિત, ન્યૂનતા-અધિકતા રહિત, વિપરીતતા રહિત અને વસ્તુના યથાતથ્ય સ્વરુપને પ્રકાશનારા હોય એવા પરમ સત્ય હોય છે. આ રીતે આગમ એ એક સાચું જ્ઞાન હોવાથી તેના દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતોને આગમ પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

આગમને પ્રમાણ માનતા પહેલા તેની પરીક્ષા કરવી જરૂરી છે. આત્મહિતકારી વીતરાગતાના



પોષક વચનોને આધારે આગમની પરીક્ષા છે. વીતરાગતાની કસોટીમાંથી પાર ઉતરનાર આગમ એ પ્રમાણ છે. પ્રમાણભૂત આગમ પોતે જ પોતા દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતોની પરીક્ષા કરવાનું કહે છે. અને તે પરીક્ષાની વિધિ પણ બતાવે છે.

કોઈ પણ સિદ્ધાંતની પરીક્ષા તે સૌ પ્રથમ આગમ વડે પ્રમાણિત છે કે નહિ તેના આધારે હોય છે. આપણા પ્રસ્તુત સિદ્ધાંત *'હું પરમાત્મા છું'* નું પ્રતિપાદન બધાં જ જૈનાગમોએ એકી અવાજે કર્યું છે. આ પરમાત્માને જુદી જુદી જગ્યાએ કારણપરમાત્મા, કારણસમયસાર, જ્ઞાયકભાવ, પરમપારિણામિકભાવ, શુદ્ધ-સ્વભાવ, શુદ્ધાત્મા, શુદ્ધનય જેવા જુદા-જુદા નામોથી કહ્યો છે, પણ તે બધાં સમાનાર્થી છે. અને એક જ પરમાત્મસ્વભાવને જ પ્રકાશનારા છે. આ રીતે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંત આગમ દ્વારા પ્રતિપાદિત હોવાથી તે આગમ પ્રમાણ છે.

## ૨. પરાપર ગુરુનો ઉપદેશ પ્રમાણ

**પરમગુરુ અને અપરગુરુ સુધીના ગુરુઓની પરંપરાથી ચાલ્યા આવતા ઉપદેશથી પ્રતિપાદિત અને પ્રમાણિત સિદ્ધાંતોને પરાપર ગુરુનો ઉપદેશ પ્રમાણ કહે છે.**

પરમગુરુ એટલે તીર્થંકર ભગવાન અને અપરગુરુમાં પરમગુરુ સિવાયના ગણધર-આચાર્યની પરંપરાથી લઈને પોતાના સાક્ષાત્ ઉપકારી ધર્માત્મા સુધીના બધાંનો સમાવેશ છે. પરમગુરુ અને અપર ગુરુઓની પરંપરાને પરાપર ગુરુ કહેવાય છે.

જે સિદ્ધાંત પરમગુરુની દિવ્યધ્વનિ દ્વારા પ્રતિપાદિત હોય અને તેમની પરંપરાથી ચાલ્યા આવતા બીજા અપરગુરુઓ પણ પોતાના ઉપદેશમાં તે જ સિદ્ધાંતને ફરમાવીને તેના સત્યપણાની સાક્ષી પૂરતા હોય તે સિદ્ધાંતને પરાપર ગુરુના ઉપદેશરૂપ પ્રમાણ માનવામાં આવે છે.

શાસનનાયક તીર્થંકર ભગવાન મહાવીર અને વિહરમાન તીર્થંકર સીમંધરાદિ વડે *'હું પરમાત્મા છું'* તે સિદ્ધાંતનું પ્રતિપાદન થયેલ છે. તેમની પરંપરામાં થયેલ ગૌતમાદિ ગણધર, કુંદકુંદાદિ આચાર્યો અને પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જેવા પ્રત્યક્ષ ઉપકારી સુધીના દરેક ધર્માત્માઓએ *'હું પરમાત્મા છું'* તે સિદ્ધાંતનું સમર્થન કરી તેની સત્યતાની સાબિતિ આપી તે સિદ્ધાંતને અનાદિની પરંપરાથી આજ સુધી પ્રવર્તાવ્યો છે. તેથી 'હું પરમાત્મા છુ' એ સિદ્ધાંત પરાપર ગુરુના ઉપદેશ પ્રમાણથી પ્રમાણભૂત છે.

૧. આગમ પ્રમાણ અને ૨. પરાપર ગુરુના ઉપદેશ પ્રમાણ પછી સિદ્ધાંતોની પરીક્ષા માટે ૩. યુક્તિ પ્રમાણ ૪. અનુમાન પ્રમાણ છે. યુક્તિ અર્થાત્ વ્યાપ્તિ અને અનુમાનની ચર્ચા આ અગાઉ થઈ ગયેલ હોવાથી તેની ચર્ચા અહીં કરવામાં આવતી નથી. પણ તે અનુસાર પરીક્ષા માટે પણ તેનો પ્રયોગ કરવો. તત્ત્વ-જ્ઞાનના કોઈ પણ સિદ્ધાંતની આ ચારેય પ્રકારના પ્રમાણો દ્વારા સર્વાંગીણ પરીક્ષા કરવાથી તે પરીક્ષાનું ફળ ભાવભાસન આવે છે.

**તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરતાં ન આવડે તો શું કરવું ?**

જેની જરૂરિયાત અને રુચિ હોય તેની પરીક્ષા આપમેળે આવડે છે. લૌકિકમાં જેનું પ્રયોજન હોય તેની પરીક્ષા કરવામાં આપણે ક્યારેય ઊણા ઉતરતા નથી. દરેક ચીજને પરખીને જ પસંદ કરીએ છીએ. ક્યાંય છેતરાઈએ નહિ એવા પાકા હોઈએ છીએ. તો તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષામાં કેમ કાચા પડીએ ? આપણે કાચા પડીએ તો તેનો અર્થ એવો કે આપણને તેનું પ્રયોજન કે રુચિ નથી.

(પ્રકરણ-૫ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવાનો ક્રમ પાના નંબર ૧૧૯માંથી)

## ૧૧. ભાવભાસન
Appearance of reality

**જે તે સિદ્ધાંતનો ભાવ બરાબર ભાસવો તેને ભાવભાસન કહે છે.**

કોઈપણ વિધાન કે સિદ્ધાંતનો આશય, હેતુ, પ્રયોજન કે તાત્પર્યને તેનો ભાવ કહે છે. આવો ભાવ બરાબર ભાસવો એટલે કે તેનો પ્રતીતિ, વિશ્વાસ, ભરોસો કે શ્રદ્ધાનપૂર્વક સ્વીકાર થવો તે ભાવભાસન છે. આવું ભાવભાસન જે તે સિદ્ધાંતની પરીક્ષાપૂર્વક જ થાય છે. જે તે સિદ્ધાંતની પરીક્ષા વિના જે તે સિદ્ધાંત સંબંધી ભાવભાસન ક્યારેય થતું નથી.

**પ્રશ્ન : સિદ્ધાંતની પરીક્ષા વિના તેનું ભાવભાસન કેમ થતું નથી ?**

**ઉત્તર** : પરીક્ષાના કારણે જ સિદ્ધાંત સંબંધી નિર્ણયાત્મક દઢતા આવે છે. અવાયથી અનુમાન સુધીના જ્ઞાનના કારણે જે તે સિદ્ધાંતનો નિર્ણય તો હોય જ છે. પરંતુ આ નિર્ણયની પરિપક્વતા, મજબૂતાઈ કે દઢતા પરીક્ષાના કારણે જ થાય છે.. પરીક્ષાપૂર્વકનો નિર્ણય એવો નિ:શંક બને છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય પોતાના નિર્ણયમાંથી પાછો ફરતો નથી. બીજા લોકો તે સિદ્ધાંત સંબંધી ગમે તે વાત કરે, તેની નિંદા કરે, તેની હાંસી ઉડાવે અને બીજા કોઈ તેને માન્ય ન રાખે તોપણ તે તેને મજબૂત રીતે વળગી રહે છે. તે પરીક્ષાનું પરિણામ છે. પરીક્ષા વિના બીજા કોઈ પ્રકારે આવી દઢતા આવતી નથી. સિદ્ધાંત સંબંધી નિર્ણયની આવી દઢતા આવ્યા પછી જ તે અનુસારનું ભાવભાસન થાય છે.

**પ્રશ્ન : અમને તો પરીક્ષા વિના પણ સિદ્ધાંત સંબંધીનો દઢ નિર્ણય અને તે અનુસારનું ભાવભાસન થાય છે ?**

ઉત્તર : સિદ્ધાંત સંબંધીનો યથાર્થ અને દઢ નિર્ણય કરવો તેનું જ નામ પરીક્ષા છે. પ્રયોજનભૂત સિદ્ધાંતો અપરિચિત અને અપ્રત્યક્ષ હોય છે. પરીક્ષા વિના તેનો નિર્ણય બરાબર બેસતો નથી. વળી મનુષ્યનું મનોવિજ્ઞાન જ એવું છે કે તે પરીક્ષા વિના પ્રયોજનભૂત બાબતને સ્વીકારતો જ નથી. તેથી પરીક્ષા વિના સિદ્ધાંત સંબંધીનો દઢ નિર્ણય હોય એમ માનવું ઠીક નથી. અને દઢ નિર્ણય વિના તેનું ભાવભાસન પણ બનતું નથી.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતને પરીક્ષા વિના કોઈ મહાપુરુષના કહેવાથી સ્વીકારી લીધો છે. પછી ક્યારેક તે જ મહાપુરુષ અથવા બીજો કોઈ મહાપુરુષ એમ કહે છે કે, અરે ભાઈ ! પરમાત્મામા તો આ સીમંધર ભગવાન છે, તું તો પામર છે. તો આપણે [11]*અવઢવ*માં પડી જશું. આ એકબીજાનીથી વિરુદ્ધની બે બાબતમાંથી કઈ બાબત સાચી તેનો નિર્ણય થઈ શકશે નહિ. પણ જો પરીક્ષા કરેલ હશે તો બરાબર ભાસશે કે હું પર્યાય અપેક્ષાએ પામર હોવા છતાં દ્રવ્યસ્વભાવથી પરમાત્મા જ છું. દ્રવ્યસ્વભાવ જ પોતાનું કાયમી સ્વાભાવિક સહજ સ્વરૂપ હોવાથી અને તેના આશ્રયે જ પરમાત્મદશા પ્રગટતી હોવાથી મારે પોતાને પલટતી પર્યાયને બદલે ટકતા દ્રવ્યસ્વભાવપણે જ સ્વીકારવો જોઈએ. અને તે રીતે હું પરમાત્મા જ છું, એનો યથાર્થ અને દઢ નિર્ણય આવે છે. આવા નિર્ણયના પરિણામે જ ભાવભાસન થાય છે.

**પ્રશ્ન : પરીક્ષાપૂર્વકનો નિર્ણય અને ભાવભાસનમાં શો ફેર છે ?**

**ઉત્તર** : પરીક્ષાપૂર્વકના નિર્ણયમાં મતિજ્ઞાન પૂર્વકની શ્રુતજ્ઞાનની ભૂમિકા છે. ભાવભાસનમાં



મતિ-શ્રુતજ્ઞાન ઉપરાંત શ્રદ્ધાનની પણ ભૂમિકા છે.. પરીક્ષાપૂર્વકનો નિર્ણય થયા પછી તે નિર્ણય અનુસારનો ભાવ ભાસવો એટલે કે તે નિર્ણય અનુસારનો વિશ્વાસ, ભરોસો, પ્રતીતિ કે શ્રદ્ધાન થવું તે ભાવભાસન છે.

પરીક્ષામાં તેની પ્રક્રિયા કે પદ્ધતિ હોય છે જ્યારે ભાવભાસનમાં સિદ્ધાંત સંબંધીની માન્યતા કે અભિપ્રાય હોય છે.

જે સંબંધીનું ભાવભાસન હોય તે સંબંધી કાર્ય પાર પડે છે. ભાવભાસન વિના તે કામગીરી પાર પડતી નથી.

**પ્રશ્ન : શા માટે ભાવભાસન વિનાની કામગીરી પાર પડતી નથી.**

**ઉત્તર :** દુકાનની પેઢીના મહેતાજીને શેઠ કોઈ કામગીરી સોંપે પણ તેને તેનો ભાવ ભાસે તો તે પાર પાડે નહિતર પાર પાડી ન શકે. શેઠ મહેતાજીને કહે કે એક લાખ રૂપિયાની આજે જ વ્યવસ્થા કરવાની છે. જાઓ, બેંકમાં જઈને રકમ લઈ આવો. મહેતાજી બેંકમાં જાય અને પૂરી બેલેન્સ ન હોવાથી ખાલી હાથે પાછા ફરે તો તે કામને પાર પાડી શક્યા નથી. અહીં તેમને શેઠના કહેવાનો ભાવ બરાબર ભાસ્યો નથી. પણ જો તેમને શેઠના કહેવાનો ભાવ બરાબર ભાસ્યો હોય તો તેઓ બેંકમાંથી જેટલી રકમ ઉપાડી શકાય તેટલી ઉપાડીને બાકીની રકમ ઉઘરાણી કરીને, ઉછીના લાવીને કે બીજી કોઈ રીતે પૂરી કરીને એક લાખ રૂપિયા સાથે પાછા કરે તો તેણે કામ પાર પાડ્યું કહેવાય.

છોકરો બી.કોમ. ભણ્યો હોય પણ દુકાનનું નામું લખતાં ન આવડે તો તેને ભણતરનો ભાવ ભાસ્યો નથી. એટલે કે તે ભણ્યો છે પણ ગણ્યો નથી.

**'હું પરમાત્મા છું'** એ સિદ્ધાંતનો ભાવ બરાબર ભાસ્યો હોય તો પર્યાયદૃષ્ટિ ટળી દ્રવ્યદૃષ્ટિ થાય, સ્વ-પરનું ભેદજ્ઞાન થાય, સમ્યક્ત્વ-સન્મુખતા અને સમ્યક્ત્વ સુધીની પ્રાપ્તિ પણ થાય. પણ આવું થતું નથી તો તેનો ભાવ બરાબર ભાસ્યો નથી.

**પ્રશ્ન : સિદ્ધાંતનો ભાવ બરાબર ભાસે તે માટે શું કરવું ?**

**ઉત્તર :** પરીક્ષાપૂર્વકના દૃઢ નિર્ણયના ફળમાં જ બરાબર ભાવ ભાસે છે. જો ભાવભાસન બરાબર ન થતું હોય તો સિદ્ધાંતની પરીક્ષા કરવામાં જ પોતાની કોઈ કચાશ, અધૂરાશ, ખામી કે બીજો કોઈ દોષ હોઈ શકે. તેથી પરીક્ષા કરવામાં થતા પોતાના દોષોને સુધારીને જ્યાં સુધી ભાવભાસન ન થાય ત્યાં સુધી પરીક્ષાની પ્રક્રિયા ચાલુ જ રાખવી.

સિદ્ધાંતના ભાવ અનુસારનું શ્રદ્ધાન થઈ તેનો સ્વીકાર આવે ત્યારે બરાબર ભાવભાસન થયું છે તેમ કહેવાય પણ સિદ્ધાંતનાં ભાવ અનુસારનું કોઈ શ્રદ્ધાન ન થાય કે તેનો કોઈ સ્વીકાર ન આવે તો ભાવભાસન થયું નથી તેમ કહેવાય. ઘણું આવડતું હોય, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ હોય પણ ભાવભાસન ન હોય તો તેનું ફળ નથી અને ભલે પ્રયોજનભૂત થોડુંક જ જાણતો હોય પણ ભાવભાસન છે તો તેનું ફળ છે.

**પ્રશ્ન : ભાવભાસનથી જ ફળ આવે છે તે બાબત ઉદાહરણ આપીને સમજાવો ?**

**ઉત્તર :** तत्त्वार्थ श्रद्धानम् सम्यग्दर्शनम् ।

(તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૧, સૂત્ર-૨)

એ સૂત્ર અનુસાર તત્ત્વોનાં શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે. અહીં શ્રદ્ધાનનો અર્થ તેનો ભાવ ભાસવો તે છે. અગીયાર [૧૨]*અંગનો* પાઠી હોય પણ તત્ત્વનો ભાવ ન ભાસે તો તે અજ્ઞાની જ રહે છે.

શિવભૂતિને પ્રયોજનભૂત તત્ત્વોનું બહુ ઓછું જ્ઞાન હતું. તેમના જ્ઞાનનો ક્ષયોપશમ ઘણો ઓછો હતો અને જ્ઞાનની [13]*ઋદ્ધિ* બિલકુલ નહોતી. તોપણ ભાવભાસનના આધારે તેમણે સમ્યક્ત્વથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ કરી. આ ઉપરથી ભાવભાસનથી જ ફળ આવે છે તે બાબત સમજી શકાય છે.

ભાવભાસન પછી થતું ભાવભાસનનું સીધું ફળ સવિકલ્પ સ્વ-સંવેદન છે. તેની ચર્ચા હવે કરવામાં આવે છે.

## ૧૨. સંવેદન
## Factual Feeling

**જે તે સમ્યક્ સિદ્ધાંતના ભાવ અનુસારની લાગણી, કે અનુભવ (Feeling)ને સંવેદન કહે છે.**

**'હું પરમાત્મા છુ'** જેવા સમ્યક્ સિદ્ધાંતના વેદનને સંવેદન કહે છે. આ સંવેદન તેના નિયત ક્રમાનુસાર ભાવભાસનપૂર્વક હોય છે. સંવેદનના કારણે જે તે સિદ્ધાંતનું સ્ફૂરણ, ભાન કે પ્રતીતિ પ્રર્વતે છે. તેના કારણે તે સિદ્ધાંત ત્યાર પછી હૃદયગત થાય છે.

જે બાબતનું સંવેદન હોય તે જ બાબત હૃદયગત થાય છે. સંવેદનના કારણે જે તે બાબતમાં મારાપણાં કે પોતાપણાંની લાગણી કે અનુભવભવ હોય છે. આવા અનુભવના કારણે તે બાબત આત્મસાત્ કે હૃદયગત થાય છે.

અનાદિ અજ્ઞાની જીવને *'હું પામર છુ', 'હું પરના કાર્યને કરી શકું છું', 'પર વિષયના ભોગવટાથી મને સુખ મળે છે.'.* જેવી મિથ્યા માન્યતાઓનું સંવેદન હોય છે; તેથી તેને તે બાબત હૃદયગત કે આત્મસાત્ હોય છે. પણ તેને *'હું પરમાત્મા છુ', 'હું પરના કાર્યને કરી શકતો નથી', 'મારૂં સુખ મારામાં જ છે અને પરવિષયોમાં નથી'* એવા સમ્યક્ સિદ્ધાંતોનું સંવેદન હોતુ નથી. અને તેથી તે બાબત આત્મસાત્ કે હૃદયગત હોતી નથી. અજ્ઞાની જીવને *'આ શરીર તે હું છું, આ દીકરો મારો છે, આ મકાન મારું છે'*'વગેરે પ્રકારે પરપદાર્થમાં જ પોતાપણું કે મારાપણું તેમાં તે પ્રકારના વેદનના કારણે હોય છે. પોતાપણાં કે મારાપણાંના વેદનના કારણે તે બાબત આત્મસાત્ પણ હોય છે.

જે પ્રકારનો ભાવ ભાસે તે પ્રકારનું વેદન થાય છે. વેદનના કારણે તે સંબંધી માન્યતા, અભિપ્રાય, પ્રતીતિ, વિશ્વાસ કે શ્રદ્ધાન એકદમ દૃઢ બને છે અને તેથી તે બાબત હૃદયગત થાય છે. લૌકિક દૃષ્ટાંતથી આ સમજીએ તો કોઈ વડીલોપાર્જિત મિલકતમાં મારાપણાંની ખાસ લાગણી હોતી નથી. પણ પછી ભાઈઓ ભાગની વહેંચણી થતા કોઈ મિલકત પોતાના ભાગમાં આવે તો ત્યાર પછી તે મિલકતમાં મારાપણાંનો ભાવ ભાસે છે. તેથી તેમાં આ મારી મિલકત છે તેવું વેદન આવે છે. વેદનના કારણે મકાનને નુકશાન થતા મારૂં નુકશાન થયું અને મકાનની કિંમત વધતા પોતાનું મૂલ્ય વધ્યું એવું લાગે છે. આવા પ્રકારના વેદનનાાા કારણે તે મિલકતમાં મારાપણાંનું શ્રદ્ધાન એકદમ દૃઢ બને છે અને તે મિલકત મારી છે તે બાબત પણ હૃદયગત બને છે.

ઉપરોક્ત લૌકિક દૃષ્ટાંત પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને પણ તે જ રીતે લાગુ પડે છે. આ મનુષ્ય પોતાને આત્મા તો માનતો હતો પણણ કોઈ સદ્ગુરુના સદુપદેશના પ્રતાપે હું સામાન્ય આત્મા નથી પણ પરમાત્મા છું તે બાબત



જાણવામાં આવી. પરીક્ષાપૂર્વકના દૃઢ નિર્ણય અને ભાવનાભાસના કારણે પોતાને *'હું પરમાત્મા છું'* તે પ્રકારની લાગણી કે અનુભવ થાય છે. આ પ્રકારના સંવેદનના પરિણામે પોતાનું પરમાત્મપણા સંબંધી શ્રદ્ધાન એકદમ મજબૂત બને છે અને તેથી *'હું પરમાત્મા છુ'* એવો સિદ્ધાંત હૃદયગત થાય છે. જેના પરિણામે સમ્યક્ત્વની પણ પ્રાપ્તિ થાય છે.

સમ્યક્ત્વ સહિતની સ્વાત્માનુભૂતિ એ નિર્વિકલ્પ સ્વસંવેદન છે. પણ સમ્યક્ત્વ પહેલાં પણ જે સંવેદન હોય છે તે સવિકલ્પદશાનું હોય છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તે અગાઉથી જ પોતાના પરમાત્મસ્વભાવનું આવું સવિકલ્પ સ્વસંવેદન રહ્યા કરતું હતું. આ સંવેદનના આધારે જ તેઓ સમ્યગ્દર્શન હવે કેટલું દૂર છે તે હાથ બતાવીને કહી શકતા હતા. પૂજ્ય બહેનશ્રીના કહેવા અનુસાર નિર્વિકલ્પ સંવેદન "*ફ્લડલાઈટ*ના પ્રકાશ જેવું ઝળહળતું હોય છે અને સવિકલ્પ સંવેદન કોડીયાના પ્રકાશ જેવું ઝાંખુ હોય છે. પણ સિદ્ધાંત સંબંધી આવા સવિકલ્પ સંવેદન વગર તે સિદ્ધાંત હૃદયગત થઈ શકતો નથી.

પરમાત્મસ્વભાવની પ્રાપ્તિ માટે *'હું પરમાત્મા છુ'* એ સિદ્ધાંતનું હૃદયગતપણું અનિવાર્ય છે. આવા હૃદયગતપણાં માટે તેનું સંવેદન જરૂરી હોય છે. ખરેખર આવા સંવેદનના કારણે જ આત્મપ્રાપ્તિની નજીક પહોંચી શકાય છે. આ બાબત પૂજ્ય બહેનશ્રી નીચેના શબ્દોમાં કહે છે —

"આ રહ્યો હું સ્વભાવથી જ્ઞાયક (એટલે કે પરમાત્મા) એમાં બધુંય સમાય જાય છે.

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, એમ વિકલ્પરૂપ નહિ, વિચારરૂપ નહિ પણ વેદનરૂપ પ્રતીતિ તે નજીકનું પાત્ર છે. કૃતકૃત્ય જ્ઞાયકના વેદનપૂર્વક પર્યાયમાત્રની ઉપેક્ષા તે આત્મપ્રાપ્તિ માટેની પાત્રતા છે."

(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાના આધારે)

## ૧૩. હૃદયગતપણું
Consciousness

**સંવેદનપૂર્વક થતા આત્મસાત્પણાને હૃદયગતપણું કહે છે.**

ભાવભાસનના કારણે સંવેદન અને સંવેદનના કારણે આત્મસાત્પણું આવે છે. આત્મસાત્પણું એટલે કે તદ્દન પોતા જેવું, પોતે જ હોય તેવું કે પોતાની સાથે તન્મય કે એકરૂપ હોવું તે છે. કોઈ પણ સિદ્ધાંત આત્મસાત્ થતાં તે હૃદયગત થયો એમ કહેવાય. હૃદયગતપણાના કારણે જે તે સિદ્ધાંત પોતાના હૃદયમાં કે અંતરમાં બરાબર બેઠેલોહોય છે.

જે બાબત હૃદયગત હોય તે બાબત સંબંધી પોતાપણું, મારાપણું, કર્તાપણું, ભોક્તાપણું કે અન્યપણું યથાયોગ્યપણે પ્રતિભાસે છે. જેમ કે *'હું પરમાત્મા છુ'* એ સિદ્ધાંત હૃદયગત થતાં પોતે પોતાને પરમાત્મપણે, પોતાના જ્ઞાનાદિ અનંતગુણોને મારાપણે, પોતાની વીતરાગી-દશાનો પોતે કર્તાપણે, પોતાના અતીન્દ્રિય આનંદનો પોતે ભોક્તાપણે, તેમજ જ્ઞાના-વરણીયાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિનોકર્મને અન્યપણે પ્રતિભાસે છે.

જે સિદ્ધાંત હૃદયગત થયો હોય તે અનુસારનું આચરણ આપમેળે આવે છે અને આચરણના કારણે





તે પ્રકારનું ફળ પણ પ્રાપ્ત થાય જ છે. 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંતનું હૃદયગતપણુ થતા પોતાનું આચરણ પરમાત્મસ્વભાવને શોભે એવું થાય છે. અને તેથી પરમાત્મદશા પ્રગટ કરવાના માર્ગે પોતાનું પ્રયાણ શરૂ થાય છે. અને કેટલાંક સમય પછી તેવી પરમાત્મદશા પ્રગટ પણ થાય છે.

જે બાબત કે સિદ્ધાંત જેટલા અંશે અને જે પ્રકારે હૃદયગત થાય તે અનુસાર જ તેનું ફળ આવે છે. હૃદયગત થયા વિના તેનું કોઈ ફળ સંભવતું નથી. *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંત હૃદયગત થવાનું ફળ મહાન છે. સમ્યક્ત્વથી માંડીને સિદ્ધદશાની પ્રાપ્તિ તેના કારણે હોય છે. પણ તે માટે સિદ્ધાંતનું હૃદયગતપણું જરૂરી છે. અજ્ઞાની જીવને *'હું પરમાત્મા છું'*ને બદલે 'હું પામર છું' તેવી બાબત હૃદયગત હોય છે. તેથી તે પોતાને પોતાપણે પામર મનુષ્યપણે જાણે છે. આ સ્ત્રી-પુત્ર-પરિવાર, સત્તા-સંપતિ વગેરે મારાં છે તેમ સ્વીકારે છે, પોતાને પરપદાર્થોનો કર્તા પ્રતિભાસે છે, પરવિષયોનો ભોક્તા અનુભવે છે, તેમ જ પરમાત્મા હું નથી પણ મારાથી અન્ય છે તેમ માને છે. આવી મિથ્યા માન્યતાના હૃદયગતપણાંનું ફળ સંસાર અને તેનાં દુઃખો છે.

તત્ત્વજ્ઞાનનો જે સિદ્ધાંત હૃદયગત થાય તે અનુસારની પોતાની અંતરંગ પરિણતિ સમૂળગી બદલાઈ જાય છે. આવી પરિણતિનો ફેર ન પડે તો તે સિદ્ધાંત હૃદયગત થયો ન કહેવાય. *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંત હૃદયગત થતાં પોતાનું જીવન પરમાત્માને શોભે એવું થાય છે. પોતાની પર્યાયદૃષ્ટિ ટળી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે. શરીરાદિ સંયોગી પદાર્થો સાથેની એકત્ત્વબુદ્ધિ ટળી જાય છે. ભલે ચારિત્રની નબળાઈને કારણે શરીર પ્રત્યેનું લક્ષ અને શારીરિક પ્રવૃતિ હોય તોપણ અંતરંગ શ્રદ્ધાન અપેક્ષાએ તો હું શરીરથી ભિન્ન, સંયોગોથી ભિન્ન, રાગાદિ વિકારોથી ભિન્ન, અરે ! પર્યાયમાત્રથી પણ ભિન્ન એવો પરમાત્મસ્વભાવ છું એમ બરાબર બેસે છે અને તેના કારણે હજી સમ્યગ્દર્શન ન થયું હોય તોપણ સમ્યક્ત્વ-સન્મુખતા આવે છે. મિથ્યાત્વ મંદ પડે છે, અનંતાનુબંધી કષાયનો રસ ઢીલો પડે છે. વિષાયોથી વિરક્તિ આવે છે અને કષાયો ઉપશમે છે. આવું થાય તો જ સમજવું કે *'હું પરમાત્મા છું'* એ સિદ્ધાંત હૃદયગત થયો છે.

સિદ્ધાંતના હૃદયગતપણામાં પરીક્ષાપૂર્વકનો દૃઢ નિર્ણય છે, નિર્ણય અનુસારનું ભાવભાસન છે, ભાવભાસન મુજબનું સંવેદન છે. સંવેદનપૂર્વકના હૃદયગતપણામાં જ્ઞાન ઉપરાંત શ્રદ્ધાનની પણ ભૂમિકા છે. જ્ઞાન-શ્રદ્ધાન અનુસારનું આચરણ પણ આવે જ છે. તેથી જે સિદ્ધાંત હૃદયગત થયો હોય તે અનુસારનું આચરણ પણ આવે છે. સિદ્ધાંત અનુસારનું આંશિક આચરણ પણ ન આવે તો તે સિદ્ધાંત હૃદયગત થયો છે તેમ કહી શકાય નહિ. તેથી જો સંસાર અને તેના દુઃખોનો અભાવ કરવો હોય તો *'હું પરમાત્મા છું'* એ સમ્યક્ સિદ્ધાંતને હૃદયગત કરવો જરૂરી છે.

**વ્યાપ્તિ**

સમયસાર શાસ્ત્રમાં જાણીતા નવ તત્ત્વોના સાધન દ્વારા અજાણ્યા પરમાત્મસ્વભાવ સ્વરૂપ સાધ્યની સિદ્ધિ કરાવવામાં આવી છે. તે એક વ્યાપ્તિ છે. નવેય તત્ત્વો દૃશ્ય કે પ્રગટ છે તેથી જાણીતા છે. અને તેમાં છૂપાયેલ પોતાનો અસ્ખલિત પરમાત્મસ્વભાવ અદૃશ્ય કે અપ્રગટ છે તેથી અજાણ્યો છે. આ નવેય તત્ત્વોને પોતાના ત્રિકાળ પરમાત્મસ્વભાવ સાથે અવિનાભાવી અચલ સહચાર છે. એટલે કે જ્યાં જ્યાં નવ તત્ત્વો પૈકીનું કોઈપણ તત્ત્વ હોય ત્યાં ત્યાં તેના આધારભૂત પરમાત્મસ્વભાવ હોય જ છે. તેથી નવેય તત્ત્વોને પોતાના પરમાત્મસ્વભાવ સાથે વ્યાપ્તિ છે. આ વ્યાપ્તિના આધારે જ સમયસાર શાસ્ત્રમાં નવતત્ત્વોના સાધન દ્વારા પરમાત્મસ્વભાવરૂપ સાધ્યની સિદ્ધિ કરાવવામાં આવી છે. (પ્રકરણ-૫ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવાનો ક્રમ : પાના નંબર ૧૦૬ માંથી)



## ઉપસંહાર

જેમ જીવ બાર ગુણસ્થાન પસાર કર્યા પછી તેરમાં ગુણસ્થાને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેમ મુમુક્ષુ પણ તત્વનો કોઈ પણ સિદ્ધાંત તેના બાર સોપાન પસાર કરીને તેરમા સોપાને તેનું હૃદયગતપણું પ્રાપ્ત કરે છે. તત્વના સિદ્ધાંતો હૃદયગત થવા માટેનો તેનો નિયત ક્રમ ૧. દર્શનોપયોગ ૨. અવગ્રહ ૩. ઈહા ૪. અવાય ૫. ધારણા ૬. સ્મૃતિ ૭. પ્રત્યભિજ્ઞાન ૮. વ્યાપ્તિ ૯. અનુમાન ૧૦. પરીક્ષા ૧૧. ભાવભાસન ૧૨. સંવેદન પછી તેનુ ૧૩. હૃદયગતપણું આવે છે. દુર્લભ મનુષ્યભવ પામીને જે મનુષ્ય તત્ત્વના સિદ્ધાંતોને આ ક્રમાનુસાર નિશ્ચલભાવથી ગ્રહણ કરીને તેનું હૃદયગતપણું પામે છે. તેનો મનુષ્યજન્મ સફળ છે. આચાર્ય કાર્તિકેયના કથન અનુસાર —

(આર્યા)

तत्त्वं कथ्यमानं निश्चलभावेन गृह्णाति यः हि।
तत् अेव भावयति सदा सः अपि च तत्त्वं विजानाति ॥

**ભાવાર્થ : જે પુરુષ ગુરુજનો દ્વારા કહેવાયેલું *'હું પરમાત્મા છું'* જેવા તત્ત્વના સિદ્ધાંતોને નિશ્ચલ ભાવથી તેના ક્રમાનુસાર ગ્રહણ કરે છે તે પુરુષ તે તત્ત્વના સિદ્ધાંતને હૃદયગત કરી પોતાનું જીવન સફળ બનાવે છે.**

(સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૮૦)

## ટિપ્પણ

***૧. અવાંતર સત્તા :*** અંદરનો પેટા ભાગ, વિશેષ મોજૂદગી. ***૨. આદ્યગ્રહણ :*** શરુઆત કે પ્રાથમિક સમજણ.
***૩. ઉપયોગ-ઉન્મુખતા :*** ઉપયોગની તત્પરતા કે તૈયારી. ***૪. કાળાન્તર :*** કાળનાં ઘણાં લાંબા ગાળા પછી.
***૫. ભાવન્તર :*** પલટાયેલો પછીનો ભવ. ***૬. નિદિધ્યાસન :*** સતત ચિંતવન કરવું તે.
***૭. નિરપવાદ :*** અપવાદ વિનાનો. ***૮. વ્યવધાન :*** આડ, બાધા, વિઘ્ન
***૯. અલ્પજ્ઞ :*** અધૂરા કે ઓછા જ્ઞાનવાળો, છદ્મસ્થ ***૧૦. સર્વજ્ઞ :*** સંપૂર્ણ જ્ઞાનવાળો, કેવળજ્ઞાની.
***૧૧. અવઢવ :*** મૂંઝવણવણ ***૧૨. અંગ :*** જિનવાણી અનુસાર ગણધર દ્વારા રચાયેલ મૂળ રચના, જે બાર પ્રકારના અંગમાં સમાવિષ્ટ હોય છે. ***૧૩. ઋદ્ધિ :*** અમૂક પ્રકારની શક્તિ કે સિદ્ધિ. ***૧૧. કિશનલાઈટ :*** પેટ્રોમેક્ષ

## સંદર્ભ ગ્રંથો


***પ્રાસ્તાવિક ::*** ૧. યોગસાર: દોહરો - ૬૬; • ૨. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૭૯; • ૩. જૈ.સિ.કોશ : ભાગ-૨ ન્યાય : પાનુ ૬૩૧, ૬૩૨; • ૪. તત્વાર્થસૂત્ર : અધ્યાય ૧, સુત્ર-૬ અને તેની ટીકા; • ૫. પરીક્ષામુખ : ૧/૧; • ૬. ન્યાયદીપિકા : ૧/પ્રકરણ ૧/ ૩/૪/પ્રકરણ ૩/૫૩; પ્રકરણ ૪/૫૩; પ્રકરણ ૧૫/૬૪; પ્રકરણ ૧૭/૬ • ૭; જૈ.સિ.કોશ : ભાગ ૩ મતિજ્ઞાન ૩/૬, પાનુ ૨૫૪.

***૧. દર્શનોપયોગ***

૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૯/૧૬૩/૭; • ૨. તત્વાર્થરાજવાર્તિક : ૨/૯/૧, ૩/૧૨૩, ૧૨૪; • ૩. નિયમસાર : ગાથા ૧૦,૧૧,૧૨; • ૪. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૪૦; • ૫. દ્રવ્યસંગ્રહ ગાથા ૪,૫; • ૬. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૬૭૨,૬૭૩; • ૭. જૈ.સિ.કોશ: ભાગ-૧ : ઉપયોગ ૧/૩, પાનુ ૪૨૯.

***૨. અવગ્રહ***

૧. સર્વાર્થસિદ્ધિ : ૧/૧૫/૧૧૧; • ૨. તત્વાર્થ રાજવાર્તિક : ૧/૧૫//૧/૬૦/૨; • ૩. ધવલ : ૧/૧, ૧૧૫/૩૫૪/૨; ૬/૧, ૯-૧, ૧૪/ ૧૬/૫, ૯/૪, ૧, ૪૫/૧૪૪/૫; • ૪. કષાયપાહુડ : ૧/૧-૧૫/પ્રકરણ : ૩૦૨/૩૩૨/૩; • ૫. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૩૦૮; • ૬. જૈ.સિ.કોશ : ભાગ : ૧ અવગ્રહ પાનુ ૧૮૧.

***૩. ઈહા***

૧. તત્વાર્થરાજવાર્તિક : ૧/૧૫/૧૧/૬૧/૨; • ૨. ધવલ : ૬/૧, ૯-૧, ૧૪/૧૭/૩; ૯/૪,૧,૪૫/૧૪૬/૭; ૧૩/૫,૫,૨૩/૨૧૭, ૨૧૮/ ૩; • ૩. જૈ.સિ.કોશ, ભાગ : ૧, ઈહા પાનુ ૩૫૧.

***૪. અવાય***

૧. સર્વાર્થસિદ્ધિ : ૧, ૧૫/૧૧૧/૬; • ૨. તત્વાર્થરાજવાર્તિક : ૧/૧૫/૩/૬૦/૬ ૧/૧૫/૧૩/૬૧/૯; • ૩. ધવલ : ૧૩/૫.૫.૩૯/૨૪૩/

૩; ૬/૧, ૯-૧, ૧૪, ૧૭/૭; ૧/૧, ૧.૧.૧૧૫/૩૫૪/૩; ૯/૪,૧,૪, ૧૪૪/૭; • ૪. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ : ૧૩/૫૯, ૬૩; • ૫. જૈ.સિ.કોશ ભાગ-૧ અવાય પાનુ ૨૦૨.

***૫. ધારણા***

૧. સર્વાર્થસિદ્ધિ : ૧/૧૫, ૧૧૭/૭; • ૨. તત્વાર્થરાજવાર્તિક : ૧/૧૫/૪/૬૦/૮; • ૩. ધવલ : ૬/૧, ૯-૧, ૧૪/૧૮/૭; ૯/૪,૧,૪૫/૧૪૪/૭; ૧૩/૫, ૫. ૩૩/૨૩૩/૧,૪,૫; • ૪. ગોમ્મટસાર :જીવકાંડ : ગાથા ૩૦૯; • ૫. ન્યાયદિપિકા : ૨/પ્રકરણ ૧૧/૩૨/૭; • ૬. જૈ.સિ.કોશ ભાગ-૨ ધારણા : પાનુ ૪૯૧.

***૬. સ્મૃતિ***

૧. સર્વાર્થસિદ્ધિ : ૧/૧૩/૧૦૬/૪; • ૨. ધવલ : ૧૩/૫,૫,૪૧/૨૪૪/૩ ૧૩/૫,૫,૬૩/૩૩૩/૪; • ૩. મહાપુરાણ : ૨૧/૨૨૯; • ૪. પરીક્ષામુખ : ૩/૩,૪; • ૫. ન્યાયદીપિકા : ૩/પ્રકરણ : ૮/૫૬/૩; • ૬. જૈ.સિ.કોશ ભાગ-૪ : સ્મૃતિ પાનુ : ૪૫૫.

***૭. પ્રત્યભિજ્ઞાન***

૧. સર્વાર્થસિદ્ધિ : ૫/૩૧/૩૦૨/૩; • ૨. સ્યાદ્વાદમંજરી : ૧૮/૨૪૫/૯, ૨૮/૩૨૧/૨૫; • ૩. ન્યાયસુત્ર : ગાથા ૩ની ટીકા; • ૪. પરીક્ષામુખ: ૨/૫; • ૫. ન્યાયદીપિકા : ૩/પ્રકરણ-૮/૫૬/૨; • ૬. જૈ.સિ.કોશ : ભાગ-૩ પ્રત્યભિજ્ઞાન પાનુ - ૧૨૪.

***૮. વ્યાપ્તિ***

૧. તત્વાર્થશ્લોક વાર્તિક : ૩/૧/૧૩/૧૧૯/૨૬૮/૨૨; • ૨. પરીક્ષામુખ : ૩/૧૧ થી ૧૩, ૬/૧૦/૫૫૩; • ૩. ન્યાયદીપિકા : ૩/પ્રકરણ : ૧૫,૧૬ ૨૨/૧૩; • ૪. સ્યાદ્વાદમંજરી : ૨૮/૩૨૧/૨૭; • ૫. જૈ.સિ.કોશ. ભાગ-૨, તર્ક પાનુ ૩૬૫.

***૯. અનુમાન***

૧. ન્યાય વિનિશ્ચય : મૂળ : ૨, ૧/૧ અને તેની ટીકા; • ૨. પરીક્ષામુખ : ૩/૧૪, ૩/૫૨,૫૩; • ૩. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૬૭; • ૪. ન્યાયદીપિકા : ૩/ પ્રકરણ : ૧૭, ૨૩; • ૫. કષાયપાહુડ પુસ્તક ૨ : ૨/૧-૧૫/૩૦૯/૩૪૧/૩; • ૬. સ્યાદ્વાદમંજરી ૨૮/૩૨૨/૧; • ૭. ધવલ ૧૩/૫,૫,૨૩/૨૧૭/૧૧, ૧૩/૫,૫,૩૫/૨૩૮; • ૮. કષાયપાહુડ ૧/૧-૧૫/૩૦૮/૩૪૦-૩૪૧/૫; • ૯. જૈ.સિ.કોશ ભાગ-૧ અનુમાન પાનુ ૯૬ થી ૯૮; ભાગ-૧ ઇહા પાનુ ૩૫૨; ભાગ-૩ મતિજ્ઞાન પાનુ ૨૫૪,૨૫૫; ભાગ-૪ શ્રુતજ્ઞાન ૧/૨ પાનુ ૫૯.

***૧૦. પરીક્ષા***

૧. ધવલ ૮/૩,૧/૨/૩; • ૨. ન્યાયદર્શન ટીકા ૧/ પ્રકરણ : ૬/૮; • ૩. મોક્ષમાર્ગપ્રકાશક અધ્યાય : ૭ પાનુ : ૨૨૧;
૪. ન્યાયસૂત્ર ટીકા ૧/૧/૨/૮/૮; ૧/ પ્રકરણ : ૬/૮. ૫ જૈ.સિ.કોશ : ભાગ ૩; પરીક્ષા : પાનુ ૩૮, ૩૯; ભાગ ૪; સંલ્લેખના : પાનુ ૩૯૦.

***૧૧. ભાવભાસન*** :: ૧. મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય ૭, પાનુ ૨૨૮, ૨૬૩.

***૧૨. સંવેદન*** :: ૧. સમયસાર : ગાથા ૫, ૪૪ અને તેની ટીકા; • ૨. પ્રવચનસાર : ગાથા ૮૦ની જયસેનાચાર્યકૃત ટીકા; ૩. બહેનશ્રીની તત્ત્વચર્ચા.

***૧૩. હૃદયગતપણું*** :: ૧. મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય ૭, પાનુ ૨૨૪, અધ્યાય ૯, પાનુ ૩૨૯;

***ઉપસંહાર*** :: ૧. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૮૦.

## ભાવભાસન માટે શું કરવું ?

પરીક્ષાપૂર્વકના દૃઢ નિર્ણયના ફળમાં જ બરાબર ભાવ ભાસે છે. જો ભાવભાસન બરાબર ન થતું હોય તો સિદ્ધાંતની પરીક્ષા કરવામાં જ પોતાની કોઈ કચાશ, અધુરાશ, ખામી કે બીજો કોઈ દોષ હોય શકે. તેથી પરીક્ષા કરવામાં થતા પોતાના દોષોને સુધારીને જ્યાં સુધી ભાવભાસન ન થાય ત્યાં સુધી પરીક્ષાની પ્રક્રિયા ચાલુ જ રાખવી.

સિદ્ધાંતના ભાવ અનુસારનું શ્રદ્ધાન થઈ તેનો સ્વીકાર આવે ત્યારે બરાબર ભાવભાસન થયું છે તેમ કહેવાય પણ સિદ્ધાંતનાં ભાવ અનુસારનું કોઈ શ્રદ્ધાન ન થાય કે તેનો કોઈ સ્વીકાર ન આવે તો ભાવભાસન થયું નથી તેમ કહેવાય. ઘણું આવડતું હોય, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ હોય પણ ભાવભાસન ન હોય તો તેનું ફળ નથી અને ભલે પ્રયોજનભૂત થોડુંક જ જાણતો હોય પણ ભાવભાસન છે તો તેનું ફળ છે.

(પ્રકરણ-૫ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવાનો ક્રમ : પાના નંબર ૧૨૪માંથી)



# હેતુલક્ષી પ્રશ્નો

***યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.***

૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને આત્મસાત્ કરવા માટે છ તબક્કાઓના બધા મળી કુલ કેટલાં ક્રમિક પગથિયા હોય છે? ૧. ☐
A. ૧૩ B. ૧૨
C. ૧૧ D. ૧૪

૨. તત્ત્વજ્ઞાનના કોઈપણ સિદ્ધાંતને હૃદયગત કરવા માટેસૌ પ્રથમ પાયાનું પગથિયું કયું છે ? ? ૨. ☐
A. દર્શનોપયોગ B. જ્ઞાનોપયોગ
C. પરીક્ષા D. ભાવભાસન

૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થવામાં મુખ્ય ભૂમિકા શેની છે ? ? ૩. ☐
A. શ્રદ્ધાનગુણની C. શ્રુતજ્ઞાનની
B. મતિજ્ઞાનની D. દર્શનોપયોગની

૪. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવાના ક્રમમાં સામાન્ય મુમુક્ષુ સમાજ કયાં સુધી અવશ્ય પહોંચેલો હોય છે ? ૪. ☐
A. ધારણા B. અવાય
C. ઈહા D. અવગ્રહ

૫. કોઈપણ જૈન સિદ્ધાંતને સમજવા માટે કોની યથાર્થ ઓળખાણની જરૂર હોય છે ? ૫. ☐
A. છ દ્રવ્યો અને નવત્ત્વોની
B. આત્માના શુદ્ધ સ્વરૂપની
C. પ્રમાણ અને નયજ્ઞાનની
D. વસ્તુના અનેકાંતસ્વરૂપની

૬. પોતાને પોતાના પરમાત્મા સંબંધી કાળાન્તરમાં પણ સંશય કે વિસ્મરણ ન થાય તે જ્ઞાનને શું કહે છે ? ૬. ☐
A. પ્રત્યભિજ્ઞાન B. સ્મૃતિ
C. અવાય D. ધારણા

૭. જાતિસ્મૃતિજ્ઞાન એ ક્યા જ્ઞાનનો પ્રકાર છે ? ૭. ☐
A. અવધિજ્ઞાન B. શ્રુતજ્ઞાન
C. મતિજ્ઞાન D. દર્શનોપયોગ

૮. અતિશય જાતિસ્મૃતિજ્ઞાન કોને કહે છે ? ૮. ☐
A. પોતા સિવાય અન્ય સાથે પણ સંબંધિત હોય તેને
B. પારમાર્થિક બાબત સાથે સંબંધિત હોય તેને
C. તીર્થંકર ભગવાનના મંડલમાં હોય તેને
D. પૂજ્ય બહેનશ્રી જેવા જ્ઞાની ધર્માત્માના જાતિસ્મૃતિજ્ઞાનને

૯. સિદ્ધાંતની સિદ્ધિ માટે પ્રત્યભિજ્ઞાન પણ એક સ્વતંત્ર પ્રમાણ છે. આ પ્રત્યભિજ્ઞાનની જોગવાઈ કયા દર્શનમાં જોવા મળે છે ? ૯. ☐
A. દરેક દર્શનમાં B. વેદાંત દર્શનમાં
C. બૌદ્ધ દર્શનમાં D. જૈન દર્શનમાં

૧૦. સમયસાર શાસ્ત્રમાં જાણીતા નવતત્ત્વોના સાધન દ્વારા અજાણ્યા પરમાત્મા-સ્વભાવસ્વરૂપ સાધ્યની સિદ્ધિ કરાવવામાં આવી છે. તે શાના આધારે છે ? ૧૦. ☐
A. વ્યાપ્તિ B. અનુમાન
C. ધારણા D. સ્વ-સંવેદ્ય

૧૧. '*હું પરમાત્મા છું*'એ સિદ્ધાંત કયા અનુમાનનો વિષય છે ? ૧૧. ☐
A. પરાર્થ અનુમાનનો વિષય છે.
B. સ્વાર્થ અનુમાનનો વિષય છે.
C. કોઈપણ અનુમાનનો વિષય છે.
D. કોઈપણ અનુમાનનો વિષય નથી.

૧૨. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતનું અનુમાન કરાવવા માટે સીમંધર ભગવાન જેવું બીજું કોઈ સાધન નથી. તેઓ એક આદર્શ છે. તેનું સૌથી વધુ સશક્ત કારણ શું છે ? ૧૨. ☐
A. સીમંધર ભગવાન પ્રગટ પરમાત્મદશાપણે વર્તમાનમાં વિહરમાન છે.
B. સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં આ સિદ્ધાંત સાંભળી કુંદકુંદાચાર્યદેવે તેનું અનુમાન કરાવ્યું છે.
C. વર્તમાન વિહરમાન તીર્થંકરોમાં સીમંધર ભગવાન આપણા ભરતક્ષેત્રની નિકટતમ છે.
D. પૂજ્યશ્રી કાનજીસ્વામી પ્રેરિત પ્રત્યેક જિનમંદિરમાં સીમંધર ભગવાનનું સ્થાન છે.

૧૩. પરાર્થ અનુમાનનું કયું અવયવ તાર્કિક દૃષ્ટિએ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે ? ૧૩. ☐
A. હેતુ B. ઉદાહરણ
C. ઉપનય D. નિગમન

૧૪. '*હું પરમાત્મા છું*' એ સિદ્ધાંતને અનુસરીને થતો ઉપનય શો થાય ? ૧૪. ☐

A. તેથી '*હું પરમાત્મા છું*' તે સિદ્ધ થાય છે.

B. સીમંધર ભગવાન પરમાત્મા છે અને હું પણ તેમની જાતનો હોવાથી હું પરમાત્મા છું

C. સીમંધર ભગવાન જેવી પરમાત્મસ્વભાવની ભાસમાં હાજરી છે.

D. કારણ કે, હું સીમંધર ભગવાનની જાતનો છું

૧૫. અનુમાન ક્રિયાનું પરમફળ પ્રાપ્ત કરાવનાર તેનો કયો અવયવ છે ? ૧૫. ☐

A. પ્રતિજ્ઞા B. હેતુ

C. ઉપનય D. નિગમન

૧૬. સિદ્ધાંતની પરીક્ષા વિના માત્ર ગુરુના વચન અનુસાર તેને સ્વીકારી લેવાથી શું બની શકાતું નથી ? ૧૬. ☐

A. આજ્ઞાનુસારી B. આગમાનુસારી

C. માર્ગાનુસારી D. પ્રમાણાનુસારી

૧૭. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરવાની પદ્ધતિ કઈ છે ? ૧૭. ☐

A. કસોટી B. મીમાંસા

C. પ્રમાણ D. વિગય

૧૮. આગમ કોને કહી ન શકાય ? ૧૮. ☐

A. આગત મૂળ સિદ્ધાંતોને

B. જૈન દર્શનના કહેવાતા સર્વ શાસ્ત્રોને

C. અલ્પજ્ઞ જીવોને અગમ્યનું જ્ઞાન કરાવનારને

D. આત્માનું ચોતરફથી સંપૂર્ણ જ્ઞાન કરાવનારને

૧૯. 'હું પરમાત્મા છું'નું સંવેદન કોને કહેવાય ? ૧૯. ☐

A. 'હું પરમાત્મા છું' એવી લાગણી કે અનુભવ થાય તેને

B. 'હું પરમાત્મા છું' એવી માન્યતા થાય તેને

C. 'હું પરમાત્મા છું' એવો ભાવ ભાસે તેને

D. 'હું પરમાત્મા છું' એવી પોતાની પર્યાયનું વેદન થાય તેને

૨૦. સંવેદનનું ફળ શું આવે છે ? ૨૦. ☐

A. આત્મજ્ઞાનપણું B. આત્મસાત્‌પણું

C. આત્મબોધપણું D. આત્મસુખપણું

## સૈદ્ધાંતિક પ્રશ્નો

***નીચેના પ્રશ્નોના ટૂંકા જવાબ એક-બે વાક્યોમાં આપો***

૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થવા માટેનો ક્રમ જણાવો ?
૨. મતિજ્ઞાનમાં કોનો સમાવેશ છે ?
૩. શ્રુતજ્ઞાનમાં કોનો સમાવેશ છે ?
૪. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થવામાં શ્રદ્ધાનની ભૂમિકા ક્યાંથી શરૂ થાય છે ?
૫. દર્શનોપયોગ કોને કહે છે ?
૬. અવગ્રહ કોને કહે છે ?
૭. ઈહા કોને કહે છે ?
૮. અવાય કોને કહે છે ?
૯. ધારણા કોને કહે છે ?
૧૦. સ્મૃતિ કોને કહે છે ?
૧૧. જાતિસ્મૃતિ જ્ઞાન કોને કહે છે ?
૧૨. પ્રત્યભિજ્ઞાન કોને કહે છે ?
૧૩. વ્યાપ્તિ કોને કહે છે ?
૧૪. વ્યાપ્તિના બે પ્રકારના નામ આપો ?
૧૫. વ્યાપ્તિનું સમર્થન કરવાની વિધિનો ક્રમ જણાવો ?
૧૬. અનુમાન કોને કહે છે ?
૧૭. અનુમાનના બે પ્રકારના નામ આપો ?
૧૮. સ્વાર્થ અનુમાન કોને કહે છે ?
૧૯. પરાર્થ અનુમાન કોને કહે છે ?
૨૦. પરાર્થ અનુમાનના પાંચ અવયવના નામ આપો ?
૨૧. પરાર્થ અનુમાનનો અવયવ એવી પ્રતિજ્ઞા કોને કહે છે ?
૨૨. હેતુ કોને કહે છે ?
૨૩. હેતુના બે પ્રકારના નામ આપો ? ૧૩. ☐
૨૪. દૃષ્ટાંત એટલે શું ?
૨૫. ઉદાહરણ કોને કહે છે ?
૨૬. ઉપનય કોને કહે છે ?
૨૭. નિગમન કોને કહે છે ?
૨૮. મનોવૈજ્ઞાનિક રીતે નિગમનનું સ્થાન કેવું છે ?
૨૯. પરીક્ષા કોને કહે છે ?
૩૦. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરવાની પદ્ધતિનાં પગથિયા જણાવો ?
૩૧. આગમ કોને કહે છે ?
૩૨. આગમ પ્રમાણ કોને કહે છે ?
૩૩. શા માટે આગમને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવે છે ?
૩૪. પરમગુરુ કોને કહે છે ?
૩૫. અપરગુરુ કોને કહે છે ?



૩૬. પરાપરગુરુ કોને કહે છે ?
૩૭. પરાપરગુરુનો ઉપદેશ પ્રમાણ કોને કહે છે ?
૩૮. ભાવભાસન કોને કહે છે ?
૩૯. સંવેદન કોને કહે છે ?
૪૦. હૃદયગતપણું કોને કહે છે ?

***નીચેના પ્રશ્નોનોના વિસ્તૃત જવાબ આપો***

૧. તત્ત્વજ્ઞાનની બાબતમાં ઉત્તરોત્તર વિરલપણું સમજાવો.
૨. દર્શનોપયોગની સમજૂતી આપો.
૩. અવગ્રહની સમજૂતી આપો.
૪. ઈહાની સમજૂતી આપો.
૫. અવાયની સમજૂતી આપો.
૬. ધારણાની સમજૂતી આપો.
૭. સ્મૃતિની સમજૂતી આપો.
૮. પ્રત્યભિજ્ઞાનની સમજૂતી આપો.
૯. શા માટે વસ્તુના અનેકાંતસ્વરૂપને ન સ્વીકારનાર માટે પ્રત્યભિજ્ઞાનની સંભાવના નથી ?
૧૦. વ્યાપ્તિને બીજા કયા નામોથી ઓળખવામાં આવે છે? શા માટે ?
૧૧. વ્યાપ્તિની સામાન્ય સમજૂતી આપો.
૧૨. સમવ્યાપ્તિ અને વિષમવ્યાપ્તિની સમજૂતી આપો.
૧૩. પામરદશાના સાધન વડે પરમાત્મસ્વભાવના સાધ્યની સિદ્ધિ માટે વ્યાપ્તિનું સમર્થન કરવાના પ્રકારો સમજાવો.
૧૪. અનુમાનની સામાન્ય સમજૂતી આપો.
૧૫. સ્વાર્થ અનુમાનના પ્રકાર અને તેની સમજૂતી આપો.
૧૬. 'હું પરમાત્મા છું' કારણ કે 'હું સીમંધર-ભગવાનની જાતનો છું' આ વિધાનનું પરાર્થ અનુમાનના પાંચેય અવયવોમાં વર્ગીકરણ કરી આપો.
૧૭. હેત્વાભાસ એટલે શું ? તેના પ્રકાર આપી દરેકની સમજૂતી આપો.
૧૮. 'સીમંધરભગવાન પરમાત્મા છે' અને હું પણ તેમની જાતનો હોવાથી 'હું પણ પરમાત્મા છું' -આ ઉદાહરણની સમજૂતી આપો.
૧૯. ઉપનયની સમજૂતી આપો.
૨૦. 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંતને અનુસારીને થતો ઉપનય સમજાવો.
૨૧. નિગમનની સમજૂતી આપો.
૨૨. પરીક્ષાના સમાનાર્થી નામો આપી તે દરેકની સમજૂતી આપો.
૨૩. પ્રયોજનભૂત સિદ્ધાંતોની પરીક્ષા શા માટે અને કઈ રીતે કરવી ?
૨૪. પરીક્ષા વિના આજ્ઞાનુસારી થઈને સિદ્ધાંતોને સ્વીકારીએ તો શો વાંધો આવે ?
૨૫. સિદ્ધાંતોની પરીક્ષા કરતાં ન આવડે તો શું કરવું ?
૨૬. સિદ્ધાંતોની પરીક્ષા કરવામાં કાચા રહીએ તો શું કરવું ?
૨૭. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પરીક્ષા કરવામાં સફળ થયા છીએ તે કેમ ખબર પડે ?
૨૮. આગમ પ્રમાણની સમજૂતી આપો.
૨૯. પરાપરગુરુના ઉપદેશ પ્રમાણની સમજૂતી આપો.
૩૦. 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંત કઈ રીતે પરાપર ગુરુના ઉપદેશ પ્રમાણથી પ્રમાણભૂત છે ?
૩૧. ભાવભાસનની સમજૂતી આપો.
૩૨. સિદ્ધાંતની પરીક્ષા વિના તેનું ભાવભાસન કેમ થતું નથી ?
૩૩. સિદ્ધાંતનો ભાવ બરાબર ભાસે તે માટે શું કરવું ?
૩૪. સંવેદન વિષેની સમજૂતી આપો.
૩૫. સંવેદનના મહત્ત્વ વિષે પૂજ્ય બહેનશ્રી ચંપાબેન શું કહે છે ?
૩૬. 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંત હૃદયગત થતા શું પ્રતિભાસે છે ?
૩૭. 'હું પરમાત્મા છું' એ સિદ્ધાંત હૃદયગત થવાનું ફળ શું છે ?
૩૮. કયા પુરુષ પોતાના જીવનને સફળ બનાવે છે ?

***નીચેનાનો તફાવત આપો.***

૧. વ્યાપ્તિ અને અનુમાન
૨. પરીક્ષાપૂર્વકનો નિર્ણય અને ભાવભાસન
૩. નિર્વિકલ્પ સંવેદન અને સવિકલ્પ સંવેદન

## અનુમાનક્રિયા માટે અનિવાર્ય બે શરતો છે.

૧. પક્ષમાં હેતુની હાજરી હોવી જરૂરી છે. અને ૨. હેતુની સાધ્ય સાથે વ્યાપ્તિ જરૂરી છે.

ઉપરની બન્ને શરતોનું પાલન થતું હોય તો તેના આધારે *'પક્ષમાં સાધ્યની હાજરી છે.'* એવું જે જ્ઞાન થાય તે અનુમાનક્રિયા દ્વારા મેળવવાયેલું જ્ઞાન કહેવાય છે. પક્ષમાં હેતુની હાજરી છે એવું સમજી શકાય તો અને તો જ અનુમાનક્રિયાનો આરંભ થઈ શકે છે. હેતુ દ્વારા ગુરુ શિષ્યને એમ જણાવે છે કે પક્ષમાં સાધ્યની હાજરી સાબિત કરવા માટે પક્ષમાં હેતુની હાજરી અને હેતુમાં સાધ્યની વ્યાપ્તિ જરૂરી છે. આ પ્રમાણે ખરેખર છે એવું આપણે સમજી શકીએ તો જ આપણે અનુમાનક્રિયામાં આગળ વધી શકીએ છીએ. (પ્રકરણ-૫: 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવાનો ક્રમ પાના નંબર ૧૧૦માંથી)

પ્રકરણ

# ૬

# હું પરમાત્મા છું

## સિદ્ધાંત હૃદયગત ન થવાના કારણો

◆ પ્રકરણની રૂપરેખા

❖ પ્રાસ્તાવિક

**૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણો**

(૧.) સ્વચ્છંદ

(૨.) આલોકની અલ્પ પણ સુખેચ્છા

(૩.) દેવગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ

❑ ચૂલિકા

**૨. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના ગૌણ કારણો**

(૧) કાંદર્પી ભાવના

(૨) કૈલ્વિષી ભાવના

(૩) આભિયોગિકી ભાવના

(૪) આસુરી ભાવના

(૫) સંમોહની ભાવના

❑ ચૂલિકા

❖ ઉપસંહાર





## પ્રકરણ : ૬

# 'હું પરમાત્મા છું' હૃદયગત ન થવાનાં કારણો બતાવતાં શ્રીમદ્ રાજચંદ્રનાં કેટલાંક પદો

(હરિગીત)

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.

પ્રત્યક્ષ સદ્ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ,
અસદ્ગુરુને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય.

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય,
લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય.

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય,
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.

ભાવાર્થ : 'હું પરમાત્મા છું' જેવા સિદ્ધાંતને હૃદયગત કરવા માટે ત્યાગ અને વૈરાગ્ય જરૂરી હોય છે. ત્યાગ-વૈરાગ્ય વિના પોતાના પરમાત્મસ્વભાવનું ભાન ન થાય. પણ જે જીવ ત્યાગ-વૈરાગ્યમાં જ રોકાઈ જાય છે અને તેનો ઉપયોગ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી પોતાનાં પરમાત્મસ્વભાવને ઓળખવા માટે કરતો નથી તો તે જીવ પોતાનું ભાન ભૂલેલો છે.

'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત ન થવાનું મુખ્ય અને મૂળ કારણ પોતાનો સ્વચ્છંદ છે. જો જીવ પોતાના સ્વચ્છંદને ટાળે તો તે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ કરી તેવી પરમાત્મદશા અવશ્ય પ્રગટ કરે. આ રીતે સ્વચ્છંદ ટાળીને અનંત જીવોએ પોતાની પરમાત્મદશા પ્રગટ કરી છે, તેમ નિર્દોષ જિનેન્દ્ર ભગવાનનું વચન છે.

'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા સાક્ષાત્ સદ્ગુરુનો સમાગમ કાર્યકારી છે. આ જીવને ઘણી વખત આવા સદ્ગુરુનો યોગ પ્રાપ્ત થવા છતાં જીવ તેની દરકાર કરતો નથી અને તેનાથી વિમુખ વર્તે છે અને મુખ્યપણે પોતાની મોટાઈ ખાતર કુગુરુની જ સર્વ પ્રકારે સેવા કરી તેને જ અનુસરે છે.

'હું પરમાત્મા છું' એવું ફક્ત શબ્દોમાં કથન કર્યા કરે છે અને તે સિદ્ધાંતને હૃદયગત કરવા માટેનો સાચો પુરુષાર્થ કરતો નથી કે સમજણપૂર્વક કષાયની મંદતા પણ કરતો નથી તેથી તે સાધન વગરનો થાય છે.

'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત ન થવાનું એક કારણ પોતાનો જ પક્ષ કે મત સાચો એવો દુરાગ્રહ છે. આવા દુરાગ્રહી એટલે કે મતાર્થી જીવના મિથ્યાત્વ-રાગાદિ કષાય ઉપશાંત હોતા નથી. તેના અંતરમાં ઉદાસીનતા હોતી નથી. તેનામાં સરળતા અને પક્ષપાત રહિતપણું હોતું નથી. આ બધું મતાર્થી જીવની માઠી દશા સૂચવે છે.

(આત્મસિદ્ધિ : ગાથા ૭, ૧૫, ૨૬, ૨૯, ૩૨)




**ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન.**

**ભાવાર્થ : તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થાય તો તેનું કારણ પોતાની જ ખોટી ભાવના હોય છે. કેમ કે, જે કાંઈ થાય છે તે પોતાની ભાવના અનુસાર જ હોય છે. જિનવરને પૂજીએ કે દાન આપીએ તેમાં ક્રિયાનું મહત્ત્વ નથી પણ પોતાની ભાવનાનું જ મહત્ત્વ હોય છે અને તેનું જ ફળ આવે છે. તેથી પોતાની ભાવના હંમેશાં ઉત્કૃષ્ટ રાખો. હૃદયપૂર્વકની ભાવના ભાવવાથી '*હું પરમાત્મા છું*' સિદ્ધાંત હૃદયગત થાય છે અને તેના ફળમાં પરમાત્મપદ એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.** (બોધામૃત : પાનું ૭૩માંથી)

તત્ત્વજ્ઞાનનો કોઈ સિદ્ધાંત હૃદયગત ન થાય તો તેનું કારણ પોતાની ભાવનાની જ ખામી છે. ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના – એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે – એવો જ વસ્તુનો સ્વભાવ છે.

પોતાની જે પ્રકારની ભાવના હોય તે પ્રકારે પોતાનો પુરુષાર્થ પ્રવર્તે છે. ચૈતન્યમાંથી પરિણમેલી આત્મહિતની ભાવના હોય તો આત્મલક્ષી સવળો પુરુષાર્થ પ્રવર્તે છે અને રાગદ્વેષમાંથી ઊગેલી સંસાર સંબંધી ભાવના હોય તો પરલક્ષી અવળો પુરુષાર્થ પ્રવર્તે છે. આત્મલક્ષી સવળા પુરુષાર્થનું સવળું ફળ હંમેશાં આવે જ છે. કેમ કે, આત્મલક્ષી સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ પોતાના આત્મ-હિતના કાર્ય માટે ઉપાદાન કારણ હોય છે. ઉપાદાન કારણ અનુસારનું કાર્ય થાય જ છે અને તેથી આત્મહિતમાં આગળ વધી શકાય છે. તેથી આત્મહિતની ભાવના અને તે અનુસારનો પુરુષાર્થ હંમેશાં સફળ જ થાય છે.

તત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો સમજવાની રુચિ અને રસ હોય તો તે આત્મહિતની ભાવના છે. તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો સમજવાની જરૂરિયાત ન જણાય, તેનું પ્રયોજન જ ન ભાસે, તેનું મહત્ત્વ ન સમજાય, તેના પ્રત્યેનું લક્ષ જ ન હોય તો આત્મહિતની ભાવના જ નથી. આત્મહિતની યથાર્થ ભાવના વિના આત્મલક્ષી સ્વભાવ-સન્મુખતાનો સવળો પુરુષાર્થ નથી અને આવા પુરુષાર્થ વિના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થતાં નથી.

જે જીવને સંસારમાં જ ક્યાંક સુખબુદ્ધિ છે, સાંસારિક વિષયોનું આકર્ષણ ઊભું છે, સાંસારિક પ્રવૃત્તિમાંથી બહાર આવવું ગમતું નથી તેને સંસારનો ખરેખરો ત્રાસ નથી અને તેથી તેને આત્મહિતની ભાવના જ નથી. આત્મહિતની સ્વલક્ષી યથાર્થ ભાવના નથી તેને સંસારસંબંધી પરલક્ષી [1]*કુત્સિત* ભાવના હોય જ છે. અપવિત્ર

કુત્સિત ભાવનાના કારણે તત્ત્વજ્ઞાનના પવિત્ર સિદ્ધાંતો હૃદયગત થતા નથી. અપવિત્ર કુત્સિત ભાવનાની બદબૂ હોય ત્યાં સુધી પવિત્ર સિદ્ધાંતોની ફોરમ હૃદય સુધી પહોંચતી નથી.

આપણી પાસે તત્ત્વજ્ઞાન અને તેના મહાન સિદ્ધાંતો છે. માર્ગ સાચો મળી ગયો છે. તોપણ આપણી પરિણતિનો પ્રવાહ તે માર્ગે વળતો નથી. અને પરિણતિનો પ્રવાહ સંસારના માર્ગે જ પ્રવર્તે છે. પરિણતિના પ્રવાહની દિશા સંસારના માર્ગેથી પાછી વાળી આત્મહિતના માર્ગે વાળવાની છે. દિશા બદલશે તો દશા પણ બદલશે. પણ તે માટે આપણી રુચિ અને ભાવનાને બદલવી પડશે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવા દેતી ખોટી ભાવનાઓ અનેક પ્રકારે હોય છે. આ ખોટી ભાવના અને તેના કારણોને મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારમાં વહેંચી શકાય છે. તેથી *'હું પરમાત્મા છું'* જેવા તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના કારણોને પણ મુખ્ય અને ગૌણ એમ બે વિભાગમાં દર્શાવી શકાય છે. તે આ રીતે —




સંસારની રુચિ અને રાગની ખોટી ભાવનાથી અવળો પુરુષાર્થ પ્રવર્તે છે અને તેનું અવળું ફળ કર્મબંધન આવે છે, તેથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંત હૃદયગત થતો નથી. તે દર્શાવતું ચિત્ર

**૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણો**

**૨. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના ગૌણ કારણો**

## તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણો

**રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.**

**ભાવાર્થ : જો જીવ પોતાનો સ્વચ્છંદ મટાડે તો *'હું પરમાત્મા છું'* જેવા સિદ્ધાંતને હૃદયગત કરીને તેના ફળમાં પરમાત્મદશા એટલે કે મોક્ષપદને અવશ્ય પ્રાપ્ત કરે છે. આ રીતે અનંત જીવોએ પોતાના પરમાત્મ- સ્વભાવને ઓળખીને પરમાત્મદશા પ્રાપ્ત કરી છે. તેમ રાગદ્વેષ વિનાના નિર્દોષ જિન ભગવાનનું કહેવું છે.**

(શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ-ગાથા ૧૫)

જેના વિના તત્ત્વજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત કદાપિ હૃદયગત ન થઈ શકે તેવા કારણને મુખ્ય કારણ કહે છે. તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત હૃદયગત ન થઈ શકવાના મુખ્ય કારણોમાં પણ મુખ્ય જીવનો સ્વચ્છંદ છે. આ સ્વચ્છંદ ટાળીને જ અનંત જીવોએ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કર્યો છે. અને ત્યાર પછી તેના ફળમાં પરમાત્મદશાની પ્રાપ્તિ પણ કરી છે, તેમ નિર્દોષ જિનેન્દ્ર ભગવાનનું કહેવું છે.

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના કારણો દરેક વ્યક્તિ અનુસાર અલગ અલગ હોઈ શકે છે. પણ સામાન્ય રીતે મુખ્યપણે શ્રીમદ્ રાજચંદ્રજીએ (પત્રાંક-૨૫૪માં) જણાવ્યા અનુસાર ત્રણ કારણો છે. આ કારણો માર્ગપ્રાપ્તિને રોકનારા તરીકે દર્શાવવામાં આવેલા છે.

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું હૃદયગતપણું એ માર્ગપ્રાપ્તિ જ હોવાથી આ કારણો તત્ત્વજ્ઞાનનાા સિદ્ધાંતો હૃદયગત ન થવા માટેના પણ કહી શકાય છે, જે આ પ્રમાણે છે —

૧.૧. સ્વચ્છંદ

૧.૨. આલોકની આત્મ પણ સુખેચ્છા

૧.૩. દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ

ઉપરોક્ત દરેક બાબતની સમજૂતી આ નીચે આપવામાં આવે છે; જેમાં ક્રમશ: ૧. વ્યાખ્યા ૨. વ્યાખ્યાની સમજૂતી. ૩ આ બાબત તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત થવામાં કઈ રીતે બાધારૂપ છે? ૪. *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત ન થવામાં તેની ભૂમિકા ૫. આ દોષને દૂર કરવાનો ઉપાય અને ૬. કોઈ કાવ્યના આધાર સહિતના સારભાગથી સમાપનાનો સમાવેશ છે.

## ૧.૧. સ્વચ્છંદ

**પોતાની મિથ્યા માન્યતાને જ સાચી માનવી અને સાચી વાત કહેનાર દેવ-વ-ગુરુ-શાસ્ત્રના કથનોના પણ મરજી મુજબ અર્થ કરી સ્વેચ્છાચારી થવું તેને સ્વચ્છંદ કહે છે.**

પોતે જ સાચો અને બીજા બધાં ખોટા તેમ માની મનમાની કરવી, દુરાગ્રહ રાખવો, હઠાગ્રહ કરવો તે સઘળું સ્વચ્છંદ છે. સ્વચ્છંદી જીવ તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતોને સમજતો નથી અને તેનું સ્વરૂપ અન્યથા માને છે, આગમ વિરુદ્ધનું આચરણ કરે છે અને ગુરુને પણ ગણકારતો નથી. તે શાસ્ત્રના કથનોનો પોતાની માન્યતા અનુસારનો [૧]*યથેચ્છ* અર્થ કાઢે છે અને પોતાની મિથ્યા માન્યતાને કોઈ પણ રીતે છોડતો નથી.ી.

આ જીવ સંસારમાં રખડે છે, કર્મબંધન પામે છે, અનેક પ્રકારના દુ:ખોને નિરંતર ભોગવે છે તો તેનું કારણ પોતાની જ ભૂલ એટલે કે મિથ્યા માન્યતા હોય છે. મનુષ્યની માનસિકતા જ એવી છે કે તે બીજું બધું છોડી શકે છે પણ પોતાની મિથ્યા માન્યતા છોડી શક્તો નથી. અને તેનું કારણ તેનો સ્વચ્છંદ છે. મિથ્યા માન્યતારૂપ સ્વચ્છંદ છોડ્યા વિના તત્વજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત હૃદયગત ન થઈ શકે તે દેખીતું છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પોતાને પામર માનવાની મિથ્યા માન્યતાા અને તે અંગેનો સ્વચ્છંદ છોડવો અનિવાર્ય છે તેથી સ્વચ્છંદ છોડ્યા વિના આ સિદ્ધાંત હૃદયગત થવો અસંભવ છે.

જીવે પોતાનો સ્વચ્છંદ ટાળવો હોય તો પોતાની લગામ અને ગુરુની લગામ એમ બે પ્રકારની લગામ રાખવી જોઈએ. પોતાની લગામથી પોતે વિચારવું જોઈએ કે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હું મારી રીતે સમજું છું પણ તે મને હૃદયગત થતાં નથી કે તેનું કોઈ ફળ દેખાતું નથી. જો મારી માન્યતા સાચી હોય તો આ સંસાર અને તેના દુ:ખોનો કોઈ કિનારો આવવો જોઈએ. પણ તેમ થતું નથી. તો મારે નવેસરથી ફરી વિચારણા કરી તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતોની સમજણ કરવી જોઈએ.

ગુરુની લગામ માટે ગુરુ જ્ઞાની છે એમ મારે નક્કી કરવાનું છે. જો ગુરુ જ્ઞાની છે તો *'પુરુષ પ્રમાણ વચન'* પ્રમાણ એ ન્યાયે મહાપુરુષ જે વાત કરે છે તે પ્રમાણભૂત છે, પરમ સત્ય છે તે મારે સ્વીકારવું જોઈએ. તેમની વાત હું સમજી શકતો નથી તો એમાં મારો જ દોષ છે. વળી સાચી વાત તર્ક અને ન્યાયની કસોટીમાંથી પસાર થઈ શકે તેવી હોય છે. સિદ્ધાંતની સાચી સમજણ હોય તો તે



હૃદયગત પણ થાય છે. તેથી મારે સૌ પ્રથમ મારી માન્યતા એક બાજુ મૂકી દઈને ગુરુ જે કહે છે,, તેની દરેક પ્રકારે પરીક્ષા કરીને તે વાત મારે બેસાડવી જોઈએ. ગુરુના સત્સંગ, ગુરુની કૃપા અને પોતાના પુરુષાર્થથી તે વાત જરૂર બેસે છે.

આ રીતે સ્વચ્છંદ ટાળવા માટે પોતાની લગામ અને ગુરુની લગામ કાર્યકારી છે. તેમાંય ખાસ કરીને ગુરુ મહત્ત્વના છે. પોતે પોતાનો દોષ જોઈ શકતો નથી અને જોઈ શકે તોય પોતાની મિથ્યા માન્યતા પોતાની મેળે મટતી નથી. તે માટેટે ગુરુની આવશ્યકતા રહે છે. તેથી સ્વચ્છંદ મટાડવા માટે સદ્‌ગુરુના સત્સંગથી ચઢિયાતી કોઈ ચીજીજ નથી. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં—

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,**
**અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.**

**ભાવાર્થ : પોતાની મિથ્યા માન્યતાને જ સાચી માનવાનો સ્વચ્છંદ સાક્ષાત્ સદ્‌ગુરુનાા સત્સમાગમથી તેમ જ તેમની આજ્ઞા અને ઉપદેશ અનુસાર વર્તવાથી સહેજે ટળે છે. તે સિવાયના બીજા ઉપાય કરવાથી ઘણું કરીને ટળતો નથી અને બમણો થાય છે.** (આત્મસિદ્ધિ : ગાથા ૧૬)

## ૧.૨. આલોકની અલ્પ પણ સુખેચ્છા

સંસારમાં ક્યાંય ઊંડે-ઊંડે પણ સુખ ભાસવું તેને આલોકની અલ્પ પણ સુખેચ્છા કહે છે.

આ જીવનું એક માત્ર પ્રયોજન સુખનું હોય છે. આ સુખ આત્માના મોક્ષ અને મોક્ષમાર્ગમાં હોય છે. અને સંસાર અને તેના માર્ગમાં કદાપિ હોતું નથી. તેમ છતાં આ જીવને સંસારમાં ક્યાંય પણ કિંચિત્ સુખ ભાસે છે તો તે આલોકની અલ્પ પણ સુખેચ્છા છે.

નરકની પ્રતિકૂળતામાં દુઃખ છે અને તેને બધા સ્વીકારે છે. પણ સ્વર્ગની સાનુકુળતાઓ પણ દુઃખમય જ છે. સઘળો સંસાર એકાંત દુઃખનો જ [3]*દાવાનળ* છે. આવું અંતરના ઊંડાણપૂર્વક ન ભાસે અને સંસારમાં ઊંડે ઊંડે પણ ક્યાંક સુખબુદ્ધિ રહી જાય તો તે પણ આલોકની અલ્પ પણ સુખેચ્છા છે.

પારમાર્થિક તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો સંસાર અને તેના દુઃખનો અભાવ કરાવી મોક્ષમાર્ગ અને તેનું સુખ પ્રગટાવવા માટે હોય છે. સંસાર અને મોક્ષનો માર્ગ એકબીજાથી તદ્દન ભિન્ન અને વિરોધીધી છે. સંસારમાં ક્યાંય પણ સુખબુદ્ધિ હોય ત્યાં સુધી સંસારાર્થીપણું ટળતું નથી અને આત્માર્થીપણું પ્રગટતું નથી. અને આત્માર્થીપણું પ્રગટ્યા વિના આત્મ-સન્મુખતાનો પુરુષાર્થ પ્રવર્તતો નથી. આત્મ-સન્મુખતાના પુરુષાર્થ વિના પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થઈ શકતા નથી. તેથી તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત કરવા માટે સંસારમાં સુખબુદ્ધિનો સમૂળગો અભાવ અત્યંત આવશ્યક છે.

આલોકની અલ્પ પણ સુખેચ્છા આત્માર્થીપણાની યોગ્યતાને પણ અટકાવનારી છે. પારમાર્થિક માર્ગમાં આગળ વધવા માટે આત્માર્થીપણું અનિવાર્ય આવશ્યકતા છે. આત્માર્થીપણા વિના પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજી પણ શકાતા નથી તો હૃદયગત તો કેમ થાય ? ન જ થાય. માટે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે આલોકની અલ્પ પણ સુખેચ્છા હોય તો તો ટાળવી એકદમ જરૂરી છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ અને સ્વીકાર જરૂરી છે. પોતાનો પરમાત્મસ્વભાવ

પરિપૂર્ણ સુખનો ભંડાર છે અને પોતાનું સુખ પોતાની બહાર સંસારમાં ક્યાંય પણ હોતું નથી. તે બાબત સમજ્યા વિના પરમાત્મસ્વભાવની રુચિ થતી નથી. તેની રુચિ વિના તેની ઓળખાણ થતી નથી. ઓળખાણ વિના સ્વીકાર સંભવતો નથી. તેથી આ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પોતાનું સુખ પોતામાં જ છે અને બહારમાં ક્યાંય નથી તેમ સમજવું જરૂરી છે. એટલે કે આલોકની અલ્પ પણ સુખેચ્છા ટાળ્યા વિના આ સિદ્ધાંતને હૃદયગત કરી શકાતો નથી.

મોક્ષગામી મહાપુરુષો મોટા રાજા-મહારાજાઓ અને ચક્રવર્તી પણ હોય છે. સાંસારિક સઘળી સુવિધાઓ અને સાનુકૂળતાઓ હોવા છતાં તેને ઠોકરે મારીને તેઓ આત્મહિતની સાધના માટે વનજંગલમાં વસવાટ કરે છે. તેઓને સંસારમાં ક્યાંય પણ સુખ ભાસ્યું હોત તો તેઓ આવું ન કરત. તે એમ દર્શાવે છે કે આલોકમાં અલ્પ પણ સુખેચ્છા રાખવા જેવી નથી. કવિ નૈનસુખદાસના શબ્દોમાં—



जो संसार विषै सुख होता तीर्थंकर क्यों त्यागै ?
काहे को शिव-साधन करते संजम सौ अनुरागै ?

**ભાવાર્થ : જો સંસારમાં ક્યાંય પણ કિંચિત્ પણ સુખ હોય તો જેને સઘળી સાંસારિક સુવિધાઓ છે તેવા તીર્થંકર જેવા મહાપુરુષો તેનો ત્યાગ શા માટે કરે ? શા માટે તેઓ સંયમના અનુરાગી થઈ આત્મહિતનું મોક્ષમાર્ગનું સાધન કરે ? તેથી સંસારમાં ક્યાંય સુખ હોતું નથી તેમ નક્કી થાય છે.**

(પંડિત નૈનસુખદાસકૃત 'સંસાર ભાવના'માંથી )

## ૧.૭. દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ

**દૈન્યતા એટલે દીનતા પૂર્વકની ભક્તિ, સમર્પણતા, વિનય કે શરણાગતિ છે. વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની અંતરના ઊંડાણપૂર્વકની ભક્તિ, સાદર સમર્પણતા, પરમ વિનય કે સંપૂર્ણ શરણાગતિની ઓછપને પરમ દૈન્યતાની ઓછાઈ કહે છે.**

વીતરાગી સત્‌દેવ-ગુરુ પ્રત્યે અંતરના ખરા ઉમળકા સહિતની ભક્તિની ઊણપ, આદર-પૂર્વકની સમર્પણતાની ખામી, પરમ વિનયની કચાશ કે સંપૂર્ણ શરણાગતિમાં કોઈક અધૂરપ હોય તો તે દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ છે.

પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોના પ્રવર્તક અને પ્રચારક વીતરાગી દેવ અને ગુરુ હોય છે. વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતા વિના તેમના પ્રરૂપિત સિદ્ધાંતો સમજીને હૃદયગત કરી શકાતા નથી. વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેનો આદર કે બહુમાન તે તેમના દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતોનો જ આદર કે બહુમાન છે. વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિ, સમર્પણતા, વિનય કે શરણાગતિ એ જ તેમના દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતો પ્રત્યેની ભક્તિ, સમર્પણતા, વિનય કે શરણાગતિ છે. આ રીતે વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની દૈન્યતા એ તેમના દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતો પ્રત્યેની જ દૈન્યતા છે. આ સિદ્ધાંતો પ્રત્યેની દૈન્યતાની ઓછાઈ એટલે કે સિદ્ધાંતો પ્રત્યેના આદર, બહુમાન, ભક્તિ, વિનય વગેરેમાં ખામી હોય તો તે સિદ્ધાંત કઈ રીતે હૃદયગત થઈ શકે ? ન જ થઈ શકે.



વળી આ સિદ્ધાંતોની સમજૂતી આપનારા પણ દેવ-ગુરુ જ હોય છે. વીતરાગી દેવ-ગુરુના માર્ગદર્શન વિના તે બિલકુલ સમજી શકાતા નથી.ી. લૌકિક શિક્ષણ આપનારા નોકરિયાત શિક્ષક પ્રત્યે પણ આદર અને વિનયપૂર્વક તે શીખવામાં આવે છે. જે વિદ્યાર્થી આવો આદર નથી રાખતો તે પુરું શિક્ષણ પામી શકતો નથી. ગુરુ દ્રોણના અનેક શિષ્યો હતા પણ અર્જુનને ગુરુ પ્રત્યે જે આદર અને વિનય હતો તે સૌથી ચઢિયાતો હતો. તેથી અર્જુન તેમની પાસેથી પૂર્ણ શિક્ષણ પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ વિદ્યા પ્રાપ્ત કરી શક્યો. પારમાર્થિક શિક્ષણ આપનારા [૪]*નિઃસ્પૃહ* દેવ-ગુરુ પ્રત્યે આદર અને વિનય ન હોય તે કેમ ચાલે ? અને તેવા વિનય વિના તેમના દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતોનું તેમના જ દ્વારા અપાતું શિક્ષણ કઈ રીતે પામી શકાય? ન જ પામી શકાય. માટે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ કોઈ રીતે ચાલી જ ન શકે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતના પ્રરૂપક વીતરાગ દેવ અને તેમના પ્રચારક વીતરાગી ગુરુ છે. આ દેવ-ગુરુના આશ્રયે જ આ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરી શકાય છે. તેથી આ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ હોય તો તે દૂર કરવી જરૂરી છે.

આત્મસ્વરૂપ સમજાવતા પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજ્યા વિના આ જીવ સંસારમાં રખડે છે અને તેના અનંત દુ:ખો ભોગવે છે. આ સિદ્ધાંતો સમજવા માટે વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેનો પરમ વિનય જ કાર્યકારી હોય છે.

અરિહંત ભગવાન એ દેવ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ છે. સાક્ષાત્ ઉપકારી હોય તેવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા પણ કોઈ અપેક્ષાએ ગુરુ છે. આવા દેવ-ગુરુને શરીર હોવા છતાં તેઓએ શરીરથી ભિન્ન શુદ્ધાત્માની પ્રગટતા કરી છે. આવા દેવ-ગુરુ પ્રત્યે પરમ દૈન્યતાથી વારંવાર વંદન છે.

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત**

**ભાવાર્થ : દેહ હોવા છતાં જેની દેહથી જુદી અવસ્થા પ્રવર્તે છે તેવા જ્ઞાની દેવ–ગુરુના ચરણ–કમળમાં પરમ ભક્તિથી અગણિત વંદન હો.**

(આત્મસિદ્ધિ : ગાથા ૧૪૨)

## અંચલિકા

જે કારણોસર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો કદાપિ બિલકુલ હૃદયગત ન જ થઈ શકે તેવા કારણોને મુખ્ય કારણો કહે છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણોમાં સ્વચ્છંદ, આલોકની અલ્પ પણ સુખેચ્છા અને વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈનો સમાવેશ છે.

જેનો સ્વચ્છંદ ટળી ગયો છે અને જેને આલોકમાં જરા પણ સુખબુદ્ધિ નથી તેને વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેનો પરમ વિનય અવશ્ય આવે જ છે. બીજી રીતે કહીએ તો વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ અટકી જાય તો બાકીના બે કારણો પણ આપમેળે અટકી જાય છે. અને તેથી તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતો હૃદયગત થવાનો [૫]*રાજમાર્ગ* ખુલ્લો થઈ જાય છે. વીતરાગી દેવ-ગુરુ પૈકી વીતરાગી દેવ પોતે જ પરમ ગુરુ છે અને ગૌણપણે તેમાં સઘળાં સદ્‌ગુરુ સમાઈ જાય છે. તેથી એક વીતરાગી દેવનો પણ પરમ વિનય હોય તોપણ તેમાં બધું આવી જાય છે. ગૃહસ્થનું સૌ પ્રથમ કર્તવ્ય પણ વીતરાગી દેવની પૂજા-ભક્તિ છે. જે પરમ આદરપૂર્વક ખરા હૃદયથી જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરે છે, તે *'હું પરમાત્મા છું'* જેવા

ઉત્તમ પ્રકારના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને પોતાના હૃદયમાં અવશ્ય ધારણ કરે છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં —

(હરિગીત)

**જે પરમભક્તિ રાગથી જિનવર પદાંબુજને નમે,**
**તે જન્મવેલી મૂળને વર ભાવશસ્ત્ર વડે ખણે.**

**ભાવાર્થ : જે પુરુષ પરમ ભક્તિ અનુરાગથી જિનવરના ચરણકમળોને નમે છે તે ઉત્તમ પ્રકારના ભાવશસ્ત્રને ધારણ કરી તેના વડે જન્મવેલી મૂળનો એટલે કે સંસારરૂપી વેલના મૂળનો એટલે કે મિથ્યાત્વનો નાશ કરે છે.**

**વિશેષાર્થ :** અહીં જે પુરુષ પોતાની પરમ દૈન્યતાની ઓછાઈના દોષને દૂર કરી જિનેન્દ્ર ભગવાનનો અંતરના ઉમળકાપૂર્વ વિનય કરે છે. તે પુરુષ ઉત્તમ પ્રકારના ભાવશસ્ત્રને ધારણ કરે છે. અહીં ભાવશસ્ત્રમાં ભાવ એટલે કે હૃદય અને શસ્ત્ર એટલે કે જિનેન્દ્ર પ્રરૂપિત તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયમાં ધારણ કરવું એટલે કે હૃદયગત કરવું તે ભાવશસ્ત્રનું ધારણ કરવું છે.

આ ભાવશસ્ત્ર ઉત્તમ પ્રકારનું છે એટલે કે 'હું પરમાત્મા છું' જેવા ઉત્તમ પ્રકારના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને પોતે હૃદયમાં ધારણ કરે છે. એટલે કે હૃદયગત કરે છે. તે મિથ્યાત્વને મટાડનાર છે.. (ભાવપાહુડ : ગાથા ૧૫૩)



## તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના ગૌણ કારણો

(અનુષ્ટુપ)

कान्दर्पीप्रमुखाः पंच, भावना रागरंजिताः ।
येषां हृदि पदं चक्रुः, कक्कुतेषां वस्तुनिश्चयः ॥
कान्दर्पी कैल्बिषी चैव, भावना चाभियोगिकी ।
दानवी चापि संमोही, त्याज्या पंचतयी च सा ॥

**ભાવાર્થ : જેના મનમાં રાગથી રંજિત કાંદર્પી પ્રમુખ છે તેવી પાંચ ભાવનાઓનો નિવાસ છે તેને વસ્તુનો નિશ્ચય એટલે કે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કેમ થઈ શકે ? ન જ થઈ શકે. આ પાંચ ભાવનાઓ છે :**

**૧. કાંદર્પી, ૨. કૈલ્બિષી, ૩. આભિયોગિકી,**
**૪. આસુરી અને ૫. સંમોહિની.**

**આ પાંચ ભાવનાઓ પાપરૂપ છે. અને તેથી તે છોડવા જેવી છે.** (જ્ઞાનાર્ણવ : સર્ગ-૪ : શ્લોક ૪૦,૪૧)

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે જે અનિવાર્ય ન હોય તોપણ ઈચ્છનીય હોય તેવી પાપ ભાવનાઓના અભાવને ગૌણ કારણો કહી શકાય છે. આ પાપ ભાવનાઓ કાંદર્પી આદિ પાંચ પ્રકારની છે. આ પાપ ભાવનાઓ ધરાવનારનું ચિત્ત સંસારમાં લીન રહે છે. આવો જીવ વિષયકષાયથી વિરામ પામતો નથી. તેથી તેની પરિણતિ બહારમાં જ ભટકતી રહે છે. સામાન્યપણે આત્માર્થી જીવ આવી પાપ ભાવનાઓથી પર હોય છે. તોપણ અનાદિથી જીવમાં આવી ભાવનાઓ ઘર કરી ગઈ હોય તેનાં સંસ્કાર રહી જવા પામે છે. આવી પાપભાવનાના આછાપાતળા સંસ્કાર પણ નાબૂદ કરવા ઈચ્છનીય છે.



આ પાપ ભાવનાઓ નાબૂદ થવાથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સરળતાથી હૃદયગત થઈ શકે છે.

દ્રવ્યલિંગી મુનિ ઘોર તપશ્ચર્યા કરતાં હોવા છતાં આ પાંચ પાપ ભાવનાઓ પૈકીની જે પ્રકારની ભાવના હોય તે પ્રકારના હલકી જાતિના નીચ દેવ થાય છે અને ઊંચી જાતિના દેવ થતાં અટકી જાય છે. એટલે કે, કાંદર્પી ભાવના કરનારો કંદર્પ દેવ થાય છે. કૈલ્વિષી ભાવના રાખનારો કૈલ્વિષી દેવ થાય છે. આભિયોગીકી ભાવના ધરાવનારો આભિયોગ્ય એટલે કે વાહન બનનારો દેવ થાય છે. આસુરી ભાવના રાખનારો અસુરકમાર જાતિનો અંબરિષ નામનો દેવ થાય છે અને સંમોહિની ભાવના ધરાવનારો સંમોહ નામનો પિશાચ જાતિનો વ્યંતરદેવ થાય છે. આ રીતે આ પાંચ પ્રકારની પાપ ભાવનાઓ દ્રવ્યલિંગી મુનિને પણ ઉત્તમ પ્રકારના દેવથી વંચિત રાખે છે તો સામાન્ય મુમુક્ષુને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થતા રોકીકી રાખે તે સમજી શકાય છે. તેથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે આ ભાવનાઓ પૈકીની કોઈ પણ હોય તો તેને જડમૂળથી નાબૂદ કરવી ઈચ્છનીય છે. આ પાંચ પાપ ભાવનાઓ આ પ્રમાણે છે —

**૧. કાંદર્પી ભાવના**
**૨. કૈલ્વિષી ભાવના**
**૩. આભિયોગિકી ભાવના**
**૪. આસુરી ભાવના**
**૫. સંમોહિની ભાવના**

ઉપરોક્ત દરેક બાબતની સમજૂતી આ નીચે આપવામાં આવે છે.તેમાં ૧.તે ભાવનાની વ્યાખ્યા, ૨. તેની સમજૂતી, ૩. કઈ રીતે આ ભાવના આત્મહિતને અડચણરૂપ છે ? ૪. *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત ન થવામાં તેની ભૂમિકા અને અંતમાં ૫. આ પાપ ભાવના કઈ પ્રકારની ઉત્તમ ભાવના વડે કઈ રીતે દૂર કરી શકાય તેની ચર્ચા છે.

## ૨.૧. કાંદર્પી ભાવના

શીલ અને ગુણનો નાશ કરવાવાળા ભાવને કંદર્પ કહે છે. કંદર્પ ભાવ ધરાવનારને કાંદર્પી ભાવનાવાળો કહેવામાં આવે છે.

સ્પર્શેન્દ્રિયના વિષયની અતિશય આસક્તિ ધરાવતી કામવાસના તે કાંદર્પી ભાવના છે. કાંદર્પી ભાવના ધરાવનારો જીવ [૬]*ભાંડ* જેવા હાસ્યવચન અને કાયચેષ્ટા કરનારો હોય છે. આવો જીવ વિકથા અને અસત્ય વચનો વડે અન્યને પણ [૭]*અભિરત* કરે છે.

સ્પર્શેન્દ્રિય સમગ્ર શરીરપ્રમાણ છે. મનુષ્યમાં સ્પર્શેન્દ્રિયના વિષયની મુખ્યતા હોય છે. સ્પર્શેન્દ્રિયના વિષયની અતિ કામવાસના ધરાવનારા મનુષ્યનો ઉપયોગ બહારમાં જ ભટક્યા કરે છે. તેથી તત્ત્વના ચિંતન-મનન-વિચારમાં તે પાછો પડે છે. તેથી કાંદર્પી ભાવનાનો અભાવ આત્મહિત માટે ઉપકારી છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવા અને હૃદયગત કરવા માટે અતીન્દ્રિય આત્મસ્વભાવનું અનુસંધાન જરૂરી છે. તેથી ઈન્દ્રિયોને વશ કરાવનારી કાંદર્પી ભાવના તેમાં બાધારૂપ બને છે. તેથી આવા સિદ્ધાંતોને હૃદયગત કરવા આ પ્રકારની પાપ ભાવનાનો ત્યાગ જરૂરી છે.

ઉત્તમ પ્રકારની તપોભાવના વડે ઈન્દ્રિયોને વશ કરી કાંદર્પી ભાવનાનો અભાવ કરી શકાય છે.

## ૨.૨. કૈલ્વિષી ભાવના

નિંદા અને માયાચાર જેવા કલુષિત પરિણામને કલ્વિષ ભાવ કહે છે. આવા ભાવ ધરાવનાર જીવને કૈલ્વિષી ભાવનાવાળો કહેવામાં આવે છે.

વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર બહારથી પ્રેમ અને પ્રશંષાનો ભાવ દેખાડવો પણ અંદરથી અણગમો અને અપ્રીતિનો ભાવ દાખવવા જેવા માયાચારને કૈલ્વિષી ભાવના કહે છે. આવી ભાવનાવાળો જીવ મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા એ ચાર પ્રકારનાા સંઘને પ્રતિકૂળ છે અને તે તેનો અવિનય પણ કરી બેસે છે. ક્યારેક તે છૂપી રીતે તેનો અવર્ણવાદ પણ કરી બેસે છે.

ધર્માત્મા મહાપુરુષનો અવર્ણવાદ એટલે કે નિંદા કરવી અને તેમ કરવામાં પણ માયાચાર દાખવવો તે સૌથી મોટું પાપ છે. આવા પાપી જીવની પરિણતિ કલુષિત રહે છે. આવા કલુષિત પરિણતિની કૈલ્વિષી ભાવનાવાળો જીવ આત્મહિત સાધી શકતો નથી. આત્મહિત માટે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા આવી ભાવનાનો અભાવ કરવો આવશ્યક છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવા માટે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની આવશ્યકતા હોય છે. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે દુર્વિનય ધરાવનારી કૈલ્વિષી ભાવનાવાળો જીવ આ સિદ્ધાંતને હૃદયગત કરી શકતો નથી. તેથી આવા સિદ્ધાંતો હૃદયગત કરવા આવી પાપ ભાવના ટાળવી જરૂરી છે.

ઉત્તમ પ્રકારની શ્રુતભાવનાનાં બળે વીતરાગી દેવ-ગુરુ-પ્રત્યેના બહુમાન અને આદરને વધારી કૈલ્વિષી ભાવનાને ટાળી શકાય છે.

## ૨.૩. આભિયોગિકી ભાવના

મંત્ર-તંત્રાદિના પ્રયોગ કરવા, વાક્છટા,, હાસ્ય, કૌતુકાદિ વડે લોકોને પ્રભાવિત કરવા, મોટા માણસોની ખુશામત કરવી વગેરે જેવી પ્રવૃત્તિને અભિયોગ ક્રિયા કહે છે. અભિયોગ ક્રિયાનો ઉપયોગ કરનાર જીવને આભિયોગિકી ભાવનાવાળો કહે છે.

મંત્ર-તંત્ર, દોરા-ધાગા, ,*ભૂતિકર્મ*, તાવીજ, ભભૂતિ, નિમિત્તજ્ઞાન, જયોતિષવિદ્યા વગેરેના પ્રયોગ કરવા, મનોરંજક અને પ્રભાવક વાક્છટા, કાયચેષ્ટા વગેરે વડે લોકોને આકર્ષિત કરવા, સત્તા-સંપત્તિવાળાઓનું સન્માન કરવું જેવી ક્રિયાને અભિયોગ ક્રિયા કહે છે. અને અભિયોગ ક્રિયા કરનાર જીવને આભિયોગિકી ભાવના રાખનારો માનવામાં આવે છે..

આભિયોગિકી ભાવના ધરાવનારનો હેતુ પોતાની કોઈ કુશળતા કે ઋદ્ધિનો ઉપયોગ બીજાના ભલા માટે કરી માન-સન્માન મેળવવાનો હોય છે. તેનાથીી તે પોતાના વિષય-કષાયને પણ પોષે છે. અને તેથી તે પોતાના આત્મહિતનું પોષણ કરી શક્તો નથી. આ કારણે આભિયોગિકી ભાવના આત્મહિત માટે બાધારૂપ બને છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવાનું પ્રયોજન સાંસારિક માન-સન્માન અને વિષય-કષાયથી દૂર રહી આત્મહિતમાં આગળ વધવાનું છે. આભિયોગિકી ભાવનાના કારણે પોતાનું પ્રયોજન અન્ય લોકોના સાંસારિક દુઃખ-દર્દ મટાડવાનું, લોકોનું મનોરંજન કરવાનું, લોકોને પોતાના પ્રત્યે આકર્ષિત કરી પોતાનો પ્રભાવ અને માન-સન્માન વધારવાનું, વિષય-કષાયને પોષવાનું વગેરે જેવું થઈ જાય છે. તેથી આવો જીવ



પારમાર્થિક પ્રયોજનના સિદ્ધાંતોને સમજીને હૃદયગત કરવાનું ચૂકી જાય છે. તેથી આવા સિદ્ધાંતોને હૃદયગત કરવા આવા પ્રકારની પાપ ભાવનાનો પરિત્યાગ આવશ્યક છે.

ઉત્તમ પ્રકારની સત્ત્વભાવનાના સંસ્કારો કેળવવાથી પોતાના સત્ત્વશીલ અખંડ અવિનાશી અનંત ગુણોના નિધાન સ્વરૂપ આત્મસ્વભાવનો સ્વીકાર થાય છે. આ ઉચ્ચ પ્રકારની સત્ત્વભાવનાના અભ્યાસના બળે નિમ્ન પ્રકારની અસત્વશીલ આભિયોગિકી ભાવનાને અટકાવી શકાય છે.

## ૨.૪. આસુરી ભાવના

**ભવોભવ ચાલે એવો રોષ રાખવો, કલહપૂર્વકનું તપ કરવું, આજીવિકા માટે નિમિત્તજ્ઞાન જેવી વિદ્યાનો ઉપયોગ કરવો, વિષય-કષાયમાં આસક્તિ, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ન રાખવો તેને આસુરીવૃત્તિ કહે છે. આવી આસુરીવૃત્તિ ધરાવનાર જીવને આસુરી ભાવનાવાળો કહેવાય છે.**

અન્ય ભવમાં પણ ચાલુ રહે તેવી તીવ્ર વૈરભાવના રાખવી, તપ કરવામાં પણ કજીયા-કંકાસ કરવા, નિમિત્તજ્ઞાન અને જ્યોતિષ જેવી વિદ્યા વડે પોતાનું ભરણપોષણ કરવું, ક્રોધાદિ કષાયો અને ઈન્દ્રિય વિષયોમાં આસક્ત રહેવું, ભક્ષ્ય કે અભક્ષ્ય જોયા જાણ્યા વિના ખાવાપીવામાં લોલુપતા રાખવી વગેરે જેવા ભાવ તે આસુરી વૃત્તિ છે. આસુરીવૃત્તિ ધરાવનાર જીવ આસુરી ભાવનાવાળો છે.

આસુરી ભાવના રાખનાર જીવના પરિણામ અત્યંત કલુષિત રહે છે. તેની વૃત્તિ બહારમાં જ ભટકતી રહે છે. આવો જીવ આત્મહિતને માટે તદ્દન અયોગ્ય છે.

**'હું પરમાત્મા છું'** અને તેના જેવા બીજા સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે આત્માના ઉલ્લસિત વીર્ય અને ધૈર્યની જરૂર હોય છે. આસુરી ભાવના ધરાવનારનાં આત્માનું વીર્ય એટલે કે બળ બહારમાં જ અવળા માર્ગે પ્રવર્તે છે. આત્મહિત માટેના આત્મિકવીર્યર્ય પ્રગટાવવામાં કાયર જીવને આત્મિક ધૈર્ય પણ સંભવતું નથી. આત્મિક વીર્ય-ધૈર્યના અભાવમાં આવો જીવ તત્ત્વના સિદ્ધાંતો હૃદયગત કરી શકતો નથી. તેથી આવા સિદ્ધાંતોને હૃદયગત કરવા આસુરી ભાવનાને ટાળવી જરૂરી છે.

ઉત્તમ પ્રકારની ધૃતિબળ ભાવનાથી પોતાના આત્માનું બળ કે વીર્ય પરથી પાછું વળી આત્મહિતના આત્મિક કાર્યમાં પ્રવર્તે છે. ક્રોધાદિ કષાયો સામે લડવામાં તે કાયરતા દાખવતું નથી. અને ધીરજ ગુમાવતું નથી. આવી ધીરજપૂર્વકની કાયરતાના અભાવને જ આત્મિકધૈર્ય કહે છે. આત્મિક વીર્ય-ધૈર્યનો વારંવારનો અભ્યાસ અને પ્રયોગ કરવારૂપ ધૃતિબળ નામની ઉચ્ચ ભાવનાથી આસુરી નામની નીચ ભાવનાને મારી હટાવાય છે.

## ૨.૫ સંમોહિની ભાવના

**સન્માર્ગમાં દૂષણ દેખવું અને ઉન્માર્ગનો ઉપદેશ કરવો, મોક્ષમાર્ગથી વિરુદ્ધ વર્તવું જેવા કારણોસર મિથ્યાત્વમોહથી મોહિત રહેવું તેને સંમોહ કહે છે. સંમોહથીી સહિત હોય તેવા જીવને સંમોહિની ભાવનાવાળો કહેવામાં આવે છે.**

વીતરાગ સર્વજ્ઞ પ્રરૂપિત પરમ સત્ય જૈન દર્શનમાં દોષ દેખવો અને અન્ય કલ્પિત અસત્ય માર્ગનો ઉપદેશ કરવો, સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગથી વિપરીત મિથ્યાત્વરૂપ બંધમાર્ગમાં પ્રવર્તવું અને તેના કારણે મિથ્યાત્વ અને મોહથી મોહિત થવું તે સંમોહ છે. સંમોહ ધરાવતો જીવ સંમોહિની ભાવનાવાળો છે.

આત્માનું હિત મિથ્યાત્વ અને મોહને મટાડવામાં છે. સંમોહિની ભાવનાવાળો મિથ્યાત્વ અને મોહને મટાડવાને બદલે તેને વધુ મજબૂત કરનારાર છે. તેથી તે આત્મહિત માટે અયોગ્ય છે. આત્મહિત સાધવા માટે સંમોહિની ભાવનાનો અભાવ આવશ્યક છે.

**'હું પરમાત્મા છું'** જેવા સિદ્ધાંતને હૃદયગત કરવા માટે મિથ્યાત્વ અને મોહને મંદ પાડવા અત્યંતત આવશ્યક છે. પણ સંમોહિની ભાવનાના કારણે તે મંદ પડવાને બદલે વધુ દૃઢ થાય છે. તેથીી સંમોહિની ભાવના આવા સિદ્ધાંતને હૃદયગત કરવામાં મોટી અવરોધક જાણવી. સંમોહિની ભાવનાના અભાવપૂર્વક જ આવા સિદ્ધાંતો હૃદયગત થઈ શકે છે.

એકત્વ ભાવનાના અભ્યાસના બળે સંમોહિની ભાવનાનો અભાવ થઈ શકે છે. હું શરીરાદિ નોકર્મ, રાગાદિ ભાવકર્મ અને પૌદ્ગલિક દ્રવ્યકર્મથી તદ્દન ભિન્ન અખંડ એક આત્મા છું. આવા ભેદજ્ઞાનપૂર્વક પોતાના એકત્વની આરાધના કરવી તે એકત્વ નામની ઉત્તમ ભાવના છે. એકત્વ ભાવનાના કારણે પોતે જન્મ-મરણ, સુખ-દુખ, સંસાર-મોક્ષ વગેરે સર્વ સ્થિતિમાં પોતે એકલો જ છે તે સમજી શકાય છે. જેના કારણે અજ્ઞાનરૂપ મિથ્યાત્વ અને પરમાં પોતાપણારૂપ મોહ મંદ પડે છે. મિથ્યાત્વ અને મોહ મંદ થતા સંમોહિની ભાવના પણ ટળે છે.. આ રીતે ઉત્કૃષ્ટ પ્રકારની એકત્વ ભાવનાના બળે નિકૃષ્ટ પ્રકારની સંમોહિની ભાવનાનો અભાવ કરી શકાય છે.

## અંચલિકા

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવા માટે જે બાધારૂપ હોય અને જેને દૂર કરવા ઈચ્છનીય હોય તેવા કારણોને ગૌણ કારણો માનવામાં આવે છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત ન થવા દેતાં આવા ગૌણ કારણોમાં કાંદર્પી આદિ પાંચ પ્રકારની પાપ ભાવના પ્રમુખ છે. આ પાંચ પ્રકારની સંકલેશરૂપ નીચ ભાવનાનો અભાવ કરવા માટે તેનાથી વિપરીત એવી તપોભાવના આદિ પાંચ પ્રકારની અસંકલેશરૂપ ઉચ્ચ ભાવનાનો અભ્યાસ ઉપયોગી છે. આચાર્યશ્રી શિવકોટીના શબ્દોમાં—

(આર્યા)

तवभावणा य सुद्सत्तभावणेगत्त भावणा चेव ।
धिदिबलं विभावणावि य असंकिलिट्ठावि पंचविहा ॥

**ભાવાર્થ : પાંચ પ્રકારની સંકલેશ ભાવનાનો અભાવ કરનારી તેની વિરુદ્ધ અસંકલેશરૂપ ભાવના પણ પાંચ પ્રકારની છે.**

**૧. તપોભાવના,**

**૨. શ્રુતભાવના,**

**૩. સત્ત્વભાવના,**

**૪. ધૃતિબલભાવના,**

**૫. એકત્ત્વભાવના**

(ભગવતી આરાધના :
છઠ્ઠો ભાવના અધિકાર : ગાથા ૧૮૬)



### આલોકની અલ્પ પણ સુખેચ્છા

આલોકની અલ્પ પણ સુખેચ્છા આત્માર્થીપણાની યોગ્યતાને પણ અટકાવનારી છે. પારમાર્થિક માર્ગમાં આગળ વધવા માટે આત્માર્થીપણું અનિવાર્ય આવશ્યકતા છે. આત્માર્થીપણા વિના પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજી પણાય શકાતા નથી તો હૃદયગત તો કેમ થાય ? ન જ થાય. માટે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે આલોકની અલ્પ પણ સુખેચ્છા હોય તો તે ટાળવી એકદમ જરૂરી છે. (પ્રકરણ ૬ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત ન થવાના કારણો : પાના નંબર ૧૩૮ જુઓ)



## ઉપસંહાર

**'હું પરમાત્મા છું'** આ એક સિદ્ધાંતમાં બીજા બધાં પારમાર્થિક સિદ્ધાંતો સમાઈ જાય છે. પોતાનું આત્મહિત સાધવા માટે આ એક જ સિદ્ધાંત બસ છે. તેથી પારમાર્થિક પંથમાં પ્રવેશ મેળવવા આ સિદ્ધાંતને હૃદયગત કરવો અત્યંત આવશ્યક છે. આ સિદ્ધાંતને હૃદયગત કરવાની પાત્રતા હોય અને તે માટેનો પ્રયત્ન પણ હોય તેમ છતાં આ સિદ્ધાંત હૃદયગત ન થઈ શકતો હોય તો તેના કારણો તપાસવા જરૂરી છે.

**'હું પરમાત્મા છું'** અને તેના જેવા બીજા સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણોમાં પોતાનો સ્વચ્છંદ, સંસારમાં ક્યાંક સુખબુદ્ધિ અને દેવ-ગુરુ પ્રત્યેના પરમ વિનયની કચાશ મુખ્યત્વે હોય છે. અને ગૌણ કારણોમાં કાંદર્પી આદિ પાંચ પ્રકારની કુત્સિત ભાવનાઓ છે. આવા કારણો પૈકી પોતે કયા કારણે અટકે છે તે પોતે જાતે જ નક્કી કરવાનું છે અને તે મુજબ તેને દુરસ્ત કરવાનો ઉપાય કરવાનો છે. દુરસ્ત કરવાના ઉપાય અનેક હોય છે પણ તેમાં અમોઘ ઉપાય એક જ છે. પોતાના પરમાત્મસ્વભાવને ઓળખવાનો અભ્યાસ કરવો. જેમ એક જ માસ્ટર કીથી અનેક તાળા ઉઘાડી શકાય છે તેમ એક જ અમોઘ રામબાણ ઉપાય કરવાથી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને હૃદયગત ન થવા દેનારા અનેક કારણોનો અભાવ કરી શકાય છે. આવી બધા તાળાની એક જ ચાવી છે –પોતાના જ્ઞાયકસ્વભાવને ઓળખવામાં જ પોતાનું ચિત્ત ચોંટાડવું. આ માટે પરવિષયોમાં ભટકતા પોતાના ચિત્તને ત્યાંથી પાછું વાળી પોતાના પરમાત્મસ્વભાવના અભ્યાસમાં વાળવું આવશ્યક છે. તેમ કરવાથી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત ન થવા દેતી બધા પ્રકારની બાધાઓ દૂર થશે. આચાર્યશ્રી શુભચંદ્રના શબ્દોમાં —

(અનુષ્ટુપ)

विषयेषु यथा चित्तं, जन्तोर्मग्न मनाःकुलम्ः।
तथा यद्यात्मनस्तत्त्वे, सद्यः को न शिवीभवेत् ॥

**ભાવાર્થ : જેવી રીતે પોતાનું ચિત્ત પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં નિરાકુળપણે તલ્લીન થાય છે. તેવી જ રીતે તે પોતાના પરમાત્મસ્વભાવના અભ્યાસમાં લીન થાય તો એવો કયો જીવ હોય કે જેને *'હું પરમાત્મા છું'* સિદ્ધાંત હૃદયગત કરનારી બાધાઓ દૂર થઈ તે હૃદયગત ન થાય ?** (જ્ઞાનાર્ણવ : સર્ગ-૨૦, શ્લોક ૧૨)

### શા માટે ?

### પવિત્ર સિદ્ધાંતોની ફોરમ હૃદય સુધી પહોંચતી નથી

જે જીવને સંસારમાં જ ક્યાંક સુખબુદ્ધિ છે, સાંસારિક વિષયોનું આકર્ષણ ઊભું છે, સાંસારિક પ્રવૃત્તિમાંથી બહાર આવવું ગમતું નથી તેને સંસારનો ખરેખરો ત્રાસ નથી અને તેથી તેને આત્મહિતની ભાવના જ નથી. આત્મહિતની સ્વલક્ષી યથાર્થ ભાવના નથી તેને સંસારસંબંધી પરલક્ષી કુત્સિત ભાવના હોય જ છે. અપવિત્ર કુત્સિત ભાવનાના કારણે તત્વજ્ઞાનના પવિત્ર સિદ્ધાંતો હૃદયગત થતા નથી. અપવિત્ર કુત્સિત ભાવનાની બદબૂ હોય ત્યાં સુધી પવિત્ર સિદ્ધાંતોની ફોરમ હૃદય સુધી પહોંચતી નથી.

પ્રકરણ : ૬ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત ન થવાના કારણો : પ્રાસ્તાવિકમાંથી

## ટિપ્પણ

**૧. *કુત્સિત*** :: નીચ, નઠારી, અધમ, હલકી, ધિક્કારવા યોગ્ય.
**૨. *યથેચ્છ*** :: ઈચ્છા મુજબ.
**૩. *દાવાનળ*** :: વનમાં આપમેળે લાગતી મોટી આગ, દાવાગ્નિ, દવ.
**૪. *નિઃસ્પૃહ*** :: સ્પૃહા વિનાનું, નિષ્કામ. :: **૫. *રાજમાર્ગ*** :: મુખ્ય ધોરી માર્ગ.
**૬. *ભાંડ*** :: બિભત્સ શબ્દો કે ચેનચાળા વગેરેથી બીજાને મનોરંજન થાય એવા ખેલ કરનાર માણસ, અસભ્ય કે નિર્લજ્જ વ્યક્તિ.
**૭. *અભિરત*** :: અત્યંત આસક્ત. :: **૮. *આર્યિકા*** :: પંચમગુણ સ્થાનવર્તી ઉચ્ચ પ્રતિમાધારી સ્ત્રી કે જે એક વસ્ત્ર ધારણ કરે છે.
**૯. *ભૂતિકર્મ*** :: મંત્રેલી ભસ્મ કે ભૂરકી નાખવી, વશીકરણ કરવું, ભરમાવી નાખવું, જેવા કાર્યોને ભૂતિકર્મ કહે છે.

## સંદર્ભ ગ્રંથો

**પ્રાસ્તાવિક** બોધામૃત : પાનુ ૭૩ ઉપરનો દોહરો; ૨. બહેનશ્રીના વચનામૃત નં. ૨૧, ૫૫.

**૧. તત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણો** ૧. આત્મસિદ્ધિ : ગાથા ૧૫; • ૨. શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૫૪.

**૧.૧ સ્વચ્છંદ** ૧. ભગવતી આરાધના ગાથા ૧૩૦૮ થી ૧૩૧૩, ૧૯૫૦ની ટીકા; • ૨. ચારિત્રસાર ૧૪૪/૨; • ૩. ભાવપાહુડ : ગાથા ૧૪ની ટીકા; • ૪. બહેનશ્રીના વચનામૃત નં. ૪૫,૬૦,૯૮,૧૯૯,૩૩૩,૪૨૫; • ૫. શ્રીમદ્રાજચંદ્ર પત્રાંક/પાનુ : ૪૦/૧૭૧, ૧૯૬/૨૬૧; ૨૫૪/૨૨૮; /૨૯૪/૩૦૫; • ૬. શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશ છાયા - ૪ પાનુ ૬૮૮,૬૯૪, વ્યાખ્યાનસાર ૧/૪૯, પાનુ ૭૪૧; • ૭. શ્રીમદ્ રાજચંદ્ર આત્મસિદ્ધિ : ગાથા ૧૫,૧૬,૧૭; • ૮. જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ : ભાગ-૪ સ્વચ્છંદ પાનુ ૫૦૩.

**૧.૨. આલોકની અલ્પ પણ સુખેચ્છા** ૧. પ્રવચનસાર : ગાથા ૧૩,૫૯, ૬૨ થી ૬૭; • ૨. સમયસાર : ગાથા ૨૦૬; • ૩. નિયમસાર : ગાથા ૧૭૭-૭૮; • ૪. પાહુડદોહા : દોહરો ૧૦; • ૫. ગુરુદેવશ્રીના વચનામૃત નં. ૧૭,૨૮૬; • ૬. બહેનશ્રીના વચનામૃત નં. ૧, ૧૫૮, ૩૪૮, ૩૪૯, ૩૭૧, ૪૧૪, ૪૧૯; • ૭. શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક/પાનુ : ૧૭/૩૨,૧૦૮/૨૧૩, ૨૫૪/૨૮૮/૮૩૨/૬૨૦; • ૮. પં. ચૈનસુખદાસકૃત : સંસારભાવના.

**૧.૩ દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ** ::: ૧. શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક/પાનુ ૫૮/૧૮૪, ૭૬/૧૯૪, ૧૨૮/૨૨૨, ૧૯૮/૨૬૧, ૨૦૭/૨૬૬, ૨૨૩/૨૭૬, ૨૫૪/૨૮૯, ૨૫૮/૨૯૨, ૨૬૨/૨૯૬, ૩૯૭/૩૪૩, ૪૧૬/૩૫૭; • ૨. બહેનશ્રીના વચનામૃત : નં. ૧૫૭,૧૫૯, ૧૬૧, ૨૧૦, ૨૨૫, ૨૨૯, ૨૭૩, ૩૩૪; આત્મસિદ્ધિ ગાથા ૧. **અંચલિકા** ૧. ભાવપાહુડ : ગાથા ૧૫૩.

**૨. તત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવના ગૌણ કારણો** :: ૧. જ્ઞાનાર્ણવ : સર્ગ-૪ શ્લોક ૪૦,૪૧ • ૨. મૂલાચાર : ગાથા ૬૩ • ૩. ભાવપાહુડ : ગાથા ૧૩ની ટીકા • ૪. અનગાર ધર્મામૃત : અધ્યાય ૭, શ્લોક ૧૦૦, • ૫. ભગવતી આરાધના : ગાથા ૧૮૭ • ૬. જૈ.સિ.કો : ભાગ ૩ : ભાવના ૧/૩, પાનુ ૨૨૫.

**૨.૧. કાંદર્પી ભાવના** : ૧. ભગવતી આરાધના : ગાથા ૧૮૮, ૧૯૬ થી ૨૦૧ • ૨. મૂલાચાર : ગાથા ૬૪ • ૩. તિલ્લોયપણ્ણતિ : ૩/૨૦૩ • ૪. તત્વાર્થરાજવાર્તિક : ૭/૩૨/૧/૫૫૬ • ૫. જૈ.સિ.કોશ : ભાગ-૨ કંદર્પ પાનુ ૩૧.

**૨.૨. કૈલ્વિષી ભાવના** : ૧. ભગવતી આરાધના : ગાથા ૧૮૯, ૨૦૨,૨૦૩ • ૨. મૂલાચાર : ગાથા ૬૬ • ૩. તિલ્લોયપણ્ણતિ ૩/૨૦૨ • ૪. જૈ.સિ.કોશ ભાગ-૨ દેવ : ૨/૨, પાનુ ૪૪૫.

**૨.૩. આભિયોગિકી ભાવના** : ૧. ભગવતી આરાધના ગાથા ૧૯૦, ૨૦૪ થી ૨૦૭ • ૨. મૂલાચાર : ગાથા ૬૫ • ૩. તિલ્લોયપણ્ણતિ ૩/૨૦૩ • ૪. જૈ.સિ.કોશ ભાગ-૧ આયુ : ૨/૨, પાનુ ૨૫૮.

**૨.૪ આસુરી ભાવના** : ૧. ભગવતી આરાધના ગાથા ૧૯૧, ૨૧૦ થી ૨૧૧ • ૨. મૂલાચાર : ગાથા ૬૮ • ૩. તિલ્લોયપણ્ણતિ : ૩/૨૦૬ • ૪. જૈ.સિ.કોશ ભાગ-૧ આસુરી : પાનુ ૨૮૧.

**૨.૫. સંમોહિની ભાવના** : ૧. ભગવતી આરાધના ગાથા ૧૯૨, ૨૦૮, ૨૦૯ • ૨. મૂલાચાર : ગાથા ૬૭ • ૩. તિલ્લોયપણ્ણતિ ૩/૨૦૫ • ૪. જૈ.સિ.કોશ ભાગ-૪ સંમોહી ભાવના: પાનુ ૧૨૮

• **અંચલિકા** : ૧. ભગવતી આરાધના ; દશમો ભાવના અધિકાર ગાથા ૧૮૯ :: ૨. અનગાર ધર્મામૃત : અધ્યાય-૭, શ્લોક ૧૦૦ની ટીકા.

• **ઉપસંહાર** : ૧. જ્ઞાનાર્ણવ, સર્ગ ૨૦, શ્લોક ૧૨.



## હેતુલક્ષી પ્રશ્નો

***યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.***

૧. તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત હૃદયગત ન થાય તો તેમાં પોતાની શેની ખામી હોય છે ? 1. ☐
   A. ભાવનાની
   B. પુણ્યની C. માર્ગદર્શનની
   D. સિદ્ધાંતના કઠિનપણાની

૨ ક્યો પુરુષાર્થ હંમેશા સફળ થાય છે ? ૨. ☐
   A. સમાજસેવાના કાર્ય માટેનો
   B. આત્મહિતના કાર્ય માટેનો
   C. માન-સન્માન મેળવવા માટેનો
   D. શરીરને સુદૃઢ રાખવા માટેનો

૩. જીવ કોને મટાડે તો અવશ્ય મોક્ષપદને પામે ? ૩. ☐
   A. પોતાના પાપને B. પોતાના સ્વચ્છંદને
   C. પોતાના અશુભ પરિણામોને
   D. પોતાની નિર્ધનતાને

૪. સ્વચ્છંદ મટાડવા માટે શેની જરૂર હોય છે ? ૪. ☐
   A. એકાંતવાસની
   B. સંયમ અને સદાચારની
   C. પોતાની અને ગુરુની લગામની
   D. પોતાની વૃત્તિઓને છૂટી મૂકી દેવાની

૫. સ્વચ્છંદ મટાડવા માટે ગુરુની લગામને કામ કરવા માટે સૌ પ્રથમ શેની જરૂર હોય છે ? ૫. ☐
   A. પોતાની માન્યતા એક બાજુ મૂકી દઈને ગુરુની વાત બેસાડવાની
   B. ગુરુના સત્સંગની C. ગુરુની કૃપાની
   D. પોતાના પુરુષાર્થની

૬. સંસારમાં સુખ ક્યાં હોય છે ? ૬. ☐
   A. ભોગોપભોગમાં
   B. પોતાના મનની માન્યતામાં
   C. સ્વર્ગની સાનુકૂળતાઓમાં
   D. ક્યાંય હોતું નથી

૭. આલોકની અલ્પ પણ સુખેચ્છા કોને અટકાવનારી છે ? ૭. ☐
   A. સમ્યગ્દર્શનની પ્રગટતાને
   B. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત થવાને
   C. આત્માર્થીપણાની યોગ્યતાને
   D. સત્શાસ્ત્રોનો અભ્યાસ કરવાની પાત્રતાને

૮. શેના વિના પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજી શકાતા નથી ? ૮. ☐
   A. સમ્યગ્દર્શન વિના
   B. આત્માર્થીપણા વિના
   C. ગુરુ વિના D. ઉત્તમ બુદ્ધિ વિના

૯. અર્જુન ગુરુ દ્રોણ પાસેથી ઉત્કૃષ્ટ વિદ્યા પ્રાપ્ત કરી શક્યો તેનું કારણ શું ? ૯. ☐
   A. ઉત્કૃષ્ટ ગુરુ દક્ષિણા આપવાના કારણે
   B. ગુરુ પ્રત્યેનો ઉત્કૃષ્ટ આદર, વિનયના કારણે
   C. ગુરુની સાચા હૃદયથી સેવા-ચાકરીના કારણે
   D. ગુરુના અર્જુન પ્રત્યેના પક્ષપાતના કારણે

૧૦. પાર વિનાનું દુઃખ પામવાનું શું કારણ છે ? ૧૦. ☐
   A. તાત્ત્વિક સિદ્ધાંતોની અસમજણ
   B. પાપ કર્મનો આકરો ઉદય
   C. સદ્‌ગુરુના સત્સંગનો અભાવ
   D. પૈસાની તંગી

૧૧. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણો પૈકી કયું કારણ દૂર થતા તે હૃદયગત થવાનો રાજમાર્ગ ખુલ્લો થઈ જાય છે ? ૧૧. ☐
   A. દેવગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ
   B. આલોકની અલ્પ પણ શુભેચ્છા
   C. સ્વચ્છંદ
   D. ઉપરોક્ત ત્રણેય કારણો

૧૨. કોના વિનયમાં બધું આવી જાય છે ? ૧૨. ☐
   A. સદ્‌ગુરુના
   B. વીતરાગીદેવના C. વડીલોના
   D. જગતના કર્તા-હર્તા પરમાત્માના

૧૩. ક્યા શસ્ત્રવડે સંસારરૂપી વેલના મૂળનો નાશ થાય છે ? ૧૩. ☐
   A. સુદર્શનચક્ર

B. ભાવશસ્ત્ર C. ખૂરપી
D. બધાં પ્રકારના શસ્ત્રોના ત્યાગ કરવાથી

૧૪. કાંદર્પી ભાવના ધરાવનારો જીવ કેવો હોતો નથી ? ૧૪. [ ]
A. સ્પર્શેન્દ્રિયના વિષયમાં આસક્ત
B. ભાંડ જેવા હાસ્યવચન બોલનારો
C. કંદર્પ દેવ જેવી કાયચેષ્ટા કરનારો
D. વિકથા અને અસત્ય વચનો વડે અન્યને અભિભૂત કરનારો

૧૫. ક્યા પ્રકારનો માયાચાર સૌથી મોટું પાપ છે ? ૧૫. [ ]
A. ગ્રાહકને ભાવતાલ અને તોલમાપમાં છેતરવા
B. ન્યાય કોર્ટમાં સત્ય બોલવાના સોગંદ લઈને ખોટું બોલવું
C. મનમાં કાંઈક હોય, વાણીમાં વળી જુદું.. વર્તનતો સાવ વિપરીત
D. દેવ-ગુરુની બહારથી પ્રશંસા કરવી અને અંદરથી અવર્ણવાદનો ભાવ રાખવો

૧૬. અભિયોગ ક્રિયામાં કોનો સમાવેશ નથી ? ૧૬. [ ]
A. મંત્ર-તંત્રાદિકના પ્રયોગ કરવાવા
B. મનોરંજન અને પ્રભાવક વાક્છટા વડે લોકોને આકર્ષવા
C. પૈસાવાળાની પ્રશંસા કરવી
D. કુદેવ-ગુરુની ઉપાસના

૧૭. આસુરી વૃત્તિમાં કોનો સમાવેશ નથી ? ૧૭. [ ]
A. નિમિત્તજ્ઞાન જેવી વિદ્યાનો ઉપયોગ કરી આજીવિકા ચલાવવી
B. ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ન રાખવો
C. મોટા માણસોની ખુશામત કરવીવી
D. ભવોભવ ચાલે તેવી તીવ્ર વૈરભાવના રાખવી

૧૮. આસુરી ભાવનાને મારી હટાવનાર કોણ છે ? ૧૮. [ ]
A. સત્ત્વભાવના B. ધૃતિબલભાવના
C. અસુરકુમાર દેવ D. શુભભાવના

૧૯. સંમોહિની ભાવનાવાળો જીવ કેવો હોતો નથી ? ૧૯. [ ]
A. મિથ્યાત્વ અને મોહથી મોહિત
B. અનેકની વચ્ચે પણ પોતાને એકલો માનનાર
C. મોક્ષમાર્ગથી વિરુદ્ધ વર્તનારર
D. સન્માર્ગમાં દૂષણ દેખી ઉન્માર્ગનો ઉપદેશ કરનાર

૨૦. *'હું પરમાત્મા છું'* જેવા સિદ્ધાંતને હૃદયગત ન થવા દેતા સઘળા કારણોને દૂર કરી તેને હૃદયગત કરનારી માસ્ટરકી કઈ છે ? ૨૦. [ ]
A. પોતાના પરમાત્મસ્વભાવને ઓળખવાનો અભ્યાસ કરવો
B. પરમકૃપાળુ પરમાત્માના શરણમાં જવું
C. સદ્ગુરુની સેવા ચાકરી કરવી
D. 'હું પરમાત્મા છું'નું રટણ સતત કર્યે રાખવું

## સૈદ્ધાંતિક પ્રશ્નો

***નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ આપો***

૧. યથાર્થ ભાવના કોને કહે છે ?
૨. ક્યા પરિણામની સાથે કુદરત બંધાયેલ છે ?
૩. સવળો પુરુષાર્થ કોને કહે છે ?
૪. આત્મહિતની ભાવના એટલે શું ?
૫. ક્યા પ્રકારના પુરુષાર્થ વિના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત થતા નથી ?
૬. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના કારણોને ક્યા બે વિભાગમાં દર્શાવી શકાય છે ?
૭. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણો કોને કહે છે ?
૮. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના મુખ્ય કારણો ક્યા છે ?
૯. સ્વચ્છંદ કોને કહે છે ?
૧૦. સ્વચ્છંદ મટાડવા માટે સૌથી અગત્યની કઈ ચીજ છે ?
૧૧. આલોકની અલ્પ પણ સુખેચ્છા એટલે શું ?
૧૨. સંસાર અને મોક્ષનો માર્ગ પરસ્પર કેવો છે ?
૧૩. આત્માર્થીપણાની આવશ્યકતા શા માટે છે ?
૧૪. તીર્થંકર જેવા મહાનુભાવો સાંસારિક સાનૂકૂળતાઓ હોવા છતાં તેનો ત્યાગ શા માટે કરે છે ?
૧૫. દૈન્યતા એટલે શું ?

૧૬. દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ કોને કહે છે ?

૧૭. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતના પ્રરૂપક અને પ્રચારક કોણ હોય છે ?

૧૮. વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની દૈન્યતા એ ખરેખર શું છે ?

૧૯. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના ગૌણ કારણો કોને કહે છે ?

૨૦. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત ન થવાના ગૌણ કારણભૂત પાંચ પાપ ભાવનાઓના નામ જણાવો.

૨૧. કાંદર્પી ભાવના કોને કહે છે ?

૨૨. કઈ ઉત્તમ ભાવના વડે કંદર્પી ભાવનાનો અભાવ કરી શકાય છે ?

૨૩. કૈલ્વિષ ભાવના કોને કહે છે ?

૨૪. ચાર પ્રકારના સંઘના નામ આપો ?

૨૫. કૈલ્વિષી ભાવનાને કઈ રીતે ટાળી શકાય છે ?

૨૬. અભિયોગ ક્રિયા એટલે શું ?

૨૭. આસુરી ભાવના કોને કહે છે ?

૨૮. આસુરી ભાવનાવાળો આત્મહિત શા માટે સાધી શકતો નથી ?

૨૯. આત્મિકવીર્ય એટલે શું ?

૩૦. આત્મિકધૈર્ય એટલે શું ?

૩૧. સંમોહ એટલે શું ?

૩૨. આત્માનું હિત શેમાં છે ?

૩૩. સંમોહિની ભાવનાનો અભાવ કઈ ઉત્તમ ભાવના વડે થાય છે ?

૩૪. પાંચ પ્રકારની સંકલેશ ભાવનાનો અભાવ કરનારી તેની વિરુદ્ધ પાંચ પ્રકારની અસંકલેશ ભાવનાના નામ આપો.

૩૫. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત ન થવા દેતા અનેક કારણોને દૂર કરવાનો એક અમોઘ ઉપાય કયો છે ?

***નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તૃત આપો***

૧. ચૈતન્યની ભાવના નિષ્ફળ જતી નથી. શા માટે ?

૨. સ્વચ્છંદી જીવ કેવો હોય છે ?

૩. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત કરવામાં સ્વચ્છંદ કઈ રીતે બાધારૂપ છે ?

૪. સ્વચ્છંદ કઈ રીતે મટાડી શકાય છે ?

૫. શા માટે સંસારમાં સુખબુદ્ધિનો સમૂળગો અભાવ અત્યંત આવશ્યક છે ?

૬. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત ન થવામાં આલોકની અલ્પ પણ સુખેચ્છા ટાળવી શા માટે જરૂરી છે ?

૭. સંસારમાં ક્યાંય સુખ નથી તે કઈ રીતે સમજી શકાય છે ?

૮. દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાની ઓછાઈ પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને હૃદયગત થવામાં કઈ રીતે બાધક બને છે ?

૯. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને સમજીને હૃદયગત કરવા માટે વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની પરમ દૈન્યતાનીી ઓછાઈ દૂર કરવી શા માટે જરૂરી છે ?

૧૦. ઉત્તમ પ્રકારના ભાવશસ્ત્રને ધારણ કરવું એટલે શું ?

૧૧. કાંદર્પી ભાવના આત્મહિતમાં કઈ રીતે બાધારૂપ છે ?

૧૨. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત ન થવામાં કાંદર્પી ભાવનાની શી ભૂમિકા છે ?

૧૩. કૈલ્વિષી ભાવના ધરાવનાર જીવનું સ્વરૂપ સમજાવો ?

૧૪. શા માટે કૈલ્વિષી ભાવના ધરાવનારો જીવ 'હું પરમાત્મા છું' જેવા સિદ્ધાંતને હૃદયગત કરી શકતો નથી ?

૧૫. આભિયોગિકી ભાવનાવાળો જીવ કેવો હોય છે ?

૧૬. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવા માટે આભિયોગિકી ભાવના કઈ રીતે અડચણરૂપ છે ?

૧૭. આભિયોગિકી ભાવના કઈ રીતે અટકાવી શકાય છે ?

૧૮. આસુરી ભાવનાવાળો જીવ કેવો હોય છે ?

૧૯. 'હું પરમાત્મા છું' જેવા સિદ્ધાંતને હૃદયગત કરવા માટે આસુરી ભાવના ટાળવી શા માટે જરૂરી છે ?

૨૦. આસુરી ભાવનાનો અભાવ કઈ રીતે થઈ શકે છે ?

૨૧. સંમોહિની ભાવનાવાળો જીવ કેવો હોય છે ?

૨૨. આત્મહિત માટે સંમોહિની ભાવનાનો અભાવ શા માટે આવશ્યક છે ? ?

૨૩. સંમોહિની ભાવનાનો અભાવ કઈ રીતે કરી શકાય છે ?

૨૪. કઈ પ્રકારની કુત્સિત ભાવનાનો કઈ પ્રકારની ઉત્તમ ભાવના વડે અભાવ થાય છે ?

૨૫. બધા તાળાની એક જ ચાવી એટલે શું ? તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો હૃદયગત કરવા માટે તે કઈ છે ?

પ્રકરણ

૭

# 'હું પરમાત્મા છું'

## હૃદયગત થવાનું ફળ

◆ પ્રકરણની રૂપરેખા

❖ પ્રાસ્તાવિક



**૧. પારમાર્થિક ફળ**

૧.૧. પારમાર્થિક તત્કાળ ફળ
- ૧.૧.૧. સમ્યક્ત્વ - સન્મુખતા
- ૧.૧.૨. મોહની મંદતા
- ૧.૧.૩. જ્ઞાનની નિર્મળતા
- ૧.૧.૪. ઉપયોગની સૂક્ષ્મતા
- ૧.૧.૫. ચિત્તની સ્થિરતા
- ૧.૧.૬. કષાયની મંદતા
- ૧.૧.૭. વિષયોની વિરક્તતા
- ૧.૧.૮. પરિણામોની વિશુદ્ધિ

૧.૨. પારમાર્થિક દૂરોગામી ફળ

**૨. લૌકિક ફળ**

૨.૧. લૌકિક તત્કાળ ફળ
- ૨.૧.૧. દુર્ભાવના દૂર થાય
- ૨.૧.૨. સમાધાનવૃત્તિ અને સહનશીલતા કેળવાય
- ૨.૧.૩. ધૈર્યબળ ધારણ થાય
- ૨.૧.૪. બુદ્ધિશાળી બનાય
- ૨.૧.૫. એકાગ્રતા આવે
- ૨.૧.૬. લઘુતાગ્રંથિ ન રહે
- ૨.૧.૭. પુણ્યની પ્રાપ્તિ થાય
- ૨.૧.૮. શરીર સ્વસ્થ અને સુંદર રહે

૨.૨. લૌકિક દૂરોગામી ફળ

❖ ઉપસંહાર

પ્રકરણ : ૭

## 'હું પરમાત્મા છું'
## હૃદયગત થવાનું ફળ મોક્ષ દર્શાવતાં
# શ્રી યોગીન્દુ-મુનિરાજ રચિત યોગસારનાં કેટલાંક દોહરાઓ



(હરિગીત)

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર.

જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત;
હે યોગી! શિવહેતુ એ, અન્ય ન મંત્ર ન તંત્ર.

એકાકી, ઇન્દ્રિયરહિત, કરી યોગત્રય શુદ્ધ;
નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ.

જે સિદ્ધયા ને સિદ્ધશે, સિદ્ધ થતા ભગવાન;
તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાન્ત.


ભાવાર્થ : 'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવાથી જેઓ ધ્યાન વડે અભ્યંતરમાં પોતાનાં અશરીરી પરમાત્મસ્વભાવને દેખી શકે છે તેઓ આ શરમજનક જન્મમાં ફરી ઉપજતાં નથી. તેથી તેઓને ફરી વખત માતાનું દૂધ પીવું પડતું નથી.

'હું પરમાત્મા છું' સિદ્ધાંત હૃદયગત થવાથી હે યોગી! જે જિનદેવ છે તે હું છું, હું પોતે જ જિનદેવ જ છું એમ નિઃશંકપણે અનુભવાય છે. પોતાનાં પરમાત્માપણાનો આવો અનુભવ જ મોક્ષનું કારણ છે. મોક્ષનું કારણ અન્ય કોઈ મંત્ર કે તંત્ર નથી.

હે ભવ્ય આત્મા! એકત્વરૂપ અને અતીન્દ્રિય એવા તારા પરમાત્મસ્વભાવને તું મન-વચન-કાયાની ત્રિયોગ શુદ્ધિથી જાણ. એટલે કે 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કર અને એમ કરવાથી તું શીઘ્ર જ મોક્ષસુખને પામીશ.

ભૂતકાળમાં જે સિદ્ધ થયા છે, વર્તમાનકાળમાં જે સિદ્ધ થાય છે અને ભવિષ્યકાળમાં જે સિદ્ધ થશે; તેઓ બધાં ખરેખર પોતાના પરમાત્મસ્વભાવને જાણવાથી જ સિદ્ધ થયા છે. એટલે કે 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવાથી જ સિદ્ધ થયા છે. આ બાબત જિનવરદેવે કહેલી હોવાથી નિઃસંશય જાણવી.

(યોગસાર : દોહરા : ૬૦, ૩૫, ૮૬, ૧૦૭)



(હરિગીત)

**જિનસૂત્ર સમકિત હેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે**
**તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને.**

**ભાવાર્થ : જિનસૂત્ર એટલે કે જિનેન્દ્ર પ્રરૂપિત '*હું પરમાત્મા છું*' જેવો સિદ્ધાંત સમ્યક્ત્વનું બહિરંગ સહકારી કારણ છે અને સુત્રજ્ઞાતા પુરુષ એટલે કે આવા સિદ્ધાંતને હૃદયગત કરીને તે અનુસાર પરિણમન કરનારા જિન સિદ્ધાંતોને જાણનારા જ્ઞાની ધર્માત્માઓ કે જેમને મિથ્યાત્વમોહના ક્ષયાદિક છે તે આ સિદ્ધાંતને સમજાવીને સમ્યક્ત્વ પ્રદાન કરાવનારા હોવાથી તેઓ સમ્યક્ત્વનું અંતરંગ સહકારી કારણ છે.**

(નિયમસાર : ગાથા ૫૩)

**'હું પરમાત્મા છું'** જેવા જિનસૂત્રને હૃદયગત કરવાનું ફળ સમ્યક્ત્વ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે. સમ્યક્ત્વથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ આ સિદ્ધાંતના ફળમાં હોય છે. એટલે કે '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ પારમાર્થિક પંથમાં પ્રવેશથી માંડીને પૂર્ણ પરમાત્મદશાની પ્રાપ્તિ સુધીનું છે. આઆ સિદ્ધાંત હૃદયગત થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ દૂર રહેતી નથી તોપણ તેને દૂરોગામી ફળ તરીકે માનવામાં આવે છે. અને તત્કાળ ફળમાં આઆ સિદ્ધાંતને હૃદયગત કરવાની પ્રક્રિયાના કાળમાં મળતાં ફળને માનવામાં આવે છે. આ તત્કાળાળ ફળ '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાની પ્રક્રિયાની સાથે જ અમુક અંશે શરૂ થઈ જાય છે. આપણા જીવનમાં તે જણાઈ પણ આવે છે. અત્યારનો જમાનો તત્કાળ ફળને જ મહત્ત્વ આપનારો છે. જો કે, દૂરોગામી ફળનું મહત્ત્વ અનેકગણું અદકેરૂં છે. સિદ્ધદશા સુધીનું સર્વોત્કૃષ્ટ ફળ તે પ્રાપ્ત કરાવે છે. તોપણ જીવને જે અત્યારે જ અને તુરત જ મળે તેનું મહત્ત્વ વધુ ભાસે છે. તેથી અહીં આપણે પારમાર્થિક અને લૌકિક પ્રકારના આઠ-આઠ તત્કાળ ફળની વિગતવાર અને વિસ્તૃત ચર્ચા કરીશું અને દૂરોગામી ફળનો માત્ર ઉલ્લેખ જ કરીશું.

પારમાર્થિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો આવા પારમાર્થિક ફળ માટે જ હોય છે. તોપણ આ સિદ્ધાંત હૃદયગત થતાં અને તે પહેલાં તે હૃદયગત કરવાના પ્રયત્ન સમયે થતા શુભભાવજન્ય પુણ્યોદયના કારણે તથા પારમાર્થિક ફળ સાથે સંબંધિત આનુસંગિક બાબતરૂપ કેટલાક લૌકિક ફળ પણ આપમેળે પ્રાપ્ત થાય છે. લૌકિક ફળ એ વિના પ્રયોજન અને વિના પ્રયત્ને પ્રાપ્ત થતી એક ઉપપેદાશરૂપ છે. લૌકિક ફળ પણ દૂરોગામી અને તત્કાળ એમ બંને પ્રકારના કહી શકાય છે.

આ રીતે સર્વ સિદ્ધાંતોનો શિરમોર અને બાર અંગના સારભૂત '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ ઘણું મહાન છે, અદ્‌ભુત છે, અલૌકિક છે, અચિંત્ય છે, અનંત છે. જે આ નીચેના કોઠામાં દર્શાવવામાં આવે છે, તે મુજબનું છે.



# 'હું પરમાત્મા છું'
## સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ

## ૧. પારમાર્થિક ફળ

### ૧.૧. તાત્કાળ ફળ

૧.૧.૧.સમ્યક્ત્વ-સન્મુખતા
૧.૧.૨.મોહની મંદતા
૧.૧.૩.જ્ઞાનની નિર્મળતા
૧.૧.૪.ઉપયોગની સૂક્ષ્મતા
૧.૧.૫.ચિત્તની સ્થિરતા
૧.૧.૬.કષાયની મંદતા
૧.૧.૭.વિષયોની વિરક્તતા
૧.૧.૮.પરિણામોની વિશુદ્ધિ

### ૧.૨. દૂરોગામી ફળ

૧.૨.૧. સમ્યગ્દર્શન
૧.૨.૨. શ્રાવકદશા
૧.૨.૩. મુનિદશા
૧.૨.૪. અરિહંતદશા
૧.૨.૫. સિદ્ધદશા

## ૨. લૌકિક ફળ

### ૨.૧. તાત્કાળ ફળ

૨.૧.૧. દુર્ભાવના દૂર થાય
૨.૧.૨. સમાધાનવૃત્તિ અને સહનશીલતા કેળવાય
૨.૧.૩. ધૈર્યબળ ધારણ થાય
૨.૧.૪. બુદ્ધિશાળી બનાય
૨.૧.૫. એકાગ્રતા આવે
૨.૧.૬. લઘુતાગ્રંથિ ન રહે
૨.૧.૭. પુણ્યની પ્રાપ્તિ થાય
૨.૧.૮. શરીર સ્વસ્થ અને સુંદર રહે

### ૨.૨. દૂરોગામી ફળ

૨.૨.૧. પંડિત મરણની પ્રાપ્તિ
૨.૨.૨. ઉત્તમ મનુષ્ય
૨.૨.૩. ઉત્તમ દેવ
૨.૨.૪. ચક્રવર્તીપદ
૨.૨.૫. ઈન્દ્રપદ

# ૧. પારમાર્થિક ફળ

**પોતાના આત્માના ઉદ્ધાર કે કલ્યાણ સાથે સંબંધિત ફળને પારમાર્થિક ફળ કહે છે.**

જેના કારણે પોતાના આત્માનું હિત થાય તે પારમાર્થિક ફળ છે. *'હું પરમાત્મા છું'* એ એક પારમાર્થિક સિદ્ધાંત છે. તેથી તેનું ફળ પણ પારમાર્થિક જ હોય એ દેખીતું છે. પારમાર્થિક સઘળાં પ્રકારના પ્રયોજનો આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી પ્રાપ્ત થાય છે ; જેને પારમાર્થિક ફળ કહે છે. આ પારમાર્થિક ફળ નીચે મુજબ બે પ્રકારમાં વહેંચી શકાય.

**૧.૧. તત્કાળ**
**૧.૨. દૂરોગામી**

## ૧.૧. પારમાર્થિક ફળ

**જે પારમાર્થિક ફળ સિદ્ધાંતને હૃદયગત કરવાની પ્રક્રિયા સમયે કે હૃદયગત થતાં તુરત જ પ્રાપ્ત થાય તેને તત્કાળ ફળ કહે છે.**

**'હું પરમાત્મા છું'** એ એક સર્વગ્રાહી પારમાર્થિક સિદ્ધાંત છે. તેને હૃદયગત કરવાની પ્રક્રિયા દરમ્યાન કે હૃદયગત થતાં તુરત જ પ્રાપ્ત થતાં ફળને પારમાર્થિક તત્કાળ ફળ કહે છે. સર્વગ્રાહી પારમાર્થિક સિદ્ધાંતનું ફળ સર્વગ્રાહી હોય છે. અને તેનું તત્કાળ ફળ પણ અનેક પ્રકારનું છે. તેમાં સમ્યક્ત્વ-સન્મુખતા મુખ્ય છે. સમ્યક્ત્વ-સન્મુખતાના કારણે જીવ આઠ કર્મોનો અભાવ કરી સમ્યગ્દર્શનના આઠ અંગો અને શ્રાવકના આઠ મૂળગુણો દ્વારા સિદ્ધદશાના આઠ મહાગુણોનીી પ્રાપ્તિ કરે છે. તેથી અહીં સમ્યક્ત્વ-સન્મુખતાની પ્રમુખતાવાળા નમૂનારૂપ આઠ ફળો આ નીચે આપવામાં આવે છે.

**૧.૧.૧. સમ્યક્ત્વ-સન્મુખતા**

**૧.૧.૨. મોહની મંદતા**

**૧.૧.૩. જ્ઞાનની નિર્મળતા**

**૧.૧.૪. ઉપયોગની સૂક્ષ્મતા**

**૧.૧.૫. ચિત્તની સ્થિરતા**

**૧.૧.૬. કષાયની મંદતા**

**૧.૧.૭. વિષયોની વિરક્તતા**

**૧.૧.૮. પરિણામોની વિશુદ્ધિ**

ઉપરોક્ત દરેક બાબતની આ નીચે ચર્ચા કરવામાં આવે છે. તેમાં સૌ પ્રથમ જે તે બાબતની વ્યાખ્યા, તેની સમજૂતી, 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવાથી તે ફળ કઈ રીતે મળે ? અને અંતમાં કોઈ ગાથા કે કાવ્યના આધારે સારભુત કથન દ્વારા સમાપન કરવામાં આવેલ છે.

### ૧.૧.૧. સમ્યક્ત્વ-સન્મુખતા

**પોતાના શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાન-આચરણને સમ્યક્ત્વ કહે છે. સમ્યક્ત્વને પ્રાપ્ત કરાવનારી તેની પ્રક્રિયાને સમ્યક્ત્વ-સન્મુખતા કહે છે.**

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વની એકદમ નજદીક પહોંચી ગયેલ જીવને સમ્યક્ત્વ-સન્મુખ કહે છે. સમ્યક્ત્વ-સન્મુખ હોય



તેવા જીવનું મિથ્યાત્વ મંદ હોય છે અને અનંતાનુબંધી કષાયનો રસ ઘટી ગયેલો હોય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવો એટલે પોતાના પરમાત્મસ્વભાવ કે શુદ્ધાત્માનો સ્વીકાર કરવો તે છે. પોતાના શુદ્ધાત્માના સ્વીકારના જ કારણે તે શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાન-આચરણરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ છે. આ રીતે આ સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ સમ્યક્ત્વની પ્રાપ્તિ છે. તેથી આ સિદ્ધાંતને હૃદયગત કરનારો સમ્યક્ત્વની એકદમ નજદીક એટલે કે સમ્યક્ત્વ-સન્મુખ હોય છે. વળી આ સિદ્ધાંતને હૃદયગત કરવાની પ્રક્રિયાથી મિથ્યાત્વ મંદ પડતું જાય છે અને અનંતાનુબંધીનો અનુભાગ ઓછો થતો જાય છે, જે પણ તેની સમ્યક્ત્વ-સન્મુખતાને દર્શાવે છે.

વસ્તુમાં વસ્તુપણાના નીપજાવનારા પરસ્પર વિરોધી બે ધર્મોને વસ્તુનું અનેકાંતસ્વરૂપ કહે છે. અનેકાંતસ્વરૂપી આપણા આત્માના પરસ્પર વિરોધી બે ધર્મો દ્રવ્ય અને પર્યાય છે. ધ્રુવ દ્રવ્ય સ્વભાવપણે આપણો આત્મા પરમાત્મા છે અને ક્ષણિક પર્યાયસ્વભાવપણે તે જ આત્મા પામર પણ છે. દ્રવ્યસ્વભાવ શક્તિ કે સામર્થ્યરૂપ હોય છે. અને પર્યાયસ્વભાવ વ્યકત કે પ્રગટરૂપ હોય છે. આ દ્રવ્ય કે પર્યાય એ બેમાંથી કોઈપણ એક પ્રકારે જ આપણા આત્માનો સ્વીકાર હોય છે.

ક્ષણિક પર્યાયપણે આપણા આત્માનો સ્વીકાર કરવાથી આપણને આપણો આત્મા પામર, અલ્પજ્ઞ અને અશુદ્ધ ભાસે છે. પર્યાય અનેક પ્રકારની જુદી-જુદી, ચિત્રવિચિત્ર અને મલિન હોવાથી તેના વડે આપણા આત્માનું સાચું મૂલ્યાંકન કે કિંમત નથી. પર્યાય પલટતી અને અસ્થાયી હોવાથી તે આશ્રય કે શરણભૂત નથી. આશ્રય કે શરણભૂત ન હોય તેવી પર્યાય ધ્યાનનો વિષય એટલે કે ધ્યાનનું ધ્યેય બની શકે નહિ. વર્તમાન પર્યાય પરાશ્રયે પ્રવર્તતી અશુદ્ધ છે. પરાશ્રયે પ્રવર્તતી પરાધીન પર્યાયપણે પોતાનો સ્વીકાર કરવાથી પરાધીનતા ચાલુ જ રહે છે. પરાધીનતા હોય ત્યાં સુધી મિથ્યાત્વ ચાલુ રહે છે. તેથી પર્યાયદૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ છે. એટલે કે પર્યાયપણે પોતાનો સ્વીકાર કરવો એ મિથ્યાત્વનું કારણ છે.

પર્યાયની વિરુદ્ધ ધ્રુવ દ્રવ્યપણે આપણા આત્માનો સ્વીકાર કરવાથી આપણને આપણો આત્મા પરમાત્મા, સર્વજ્ઞ અને શુદ્ધ ભાસે છે. દ્રવ્યસ્વભાવ શુદ્ધ, સદૃશ, એકરૂપ અને ત્રૈકાલિક પરિપૂર્ણ સામર્થ્યથી સભર હોવાથી તેના વડે આપણા આત્માનું સાચું મૂલ્યાંકન કે કિંમત છે. દ્રવ્ય સ્વભાવ શાશ્વત અને સ્થાયી હોવાથી તે આશ્રય કે શરણભૂત છે. આશ્રય કે શરણભૂત હોય તેવો દ્રવ્યસ્વભાવ જ ધ્યાનનો વિષય એટલે કે ધ્યાનનું ધ્યેય બની શકે છે. અનન્ય શરણભૂત દ્રવ્ય-સ્વભાવ જ પોતાનું સાચું સ્વરૂપ છે. તેથી આ દ્રવ્યસ્વભાવનો આશ્રય જ સ્વાશ્રય છે. દ્રવ્ય સ્વભાવપણે પોતાનો સ્વીકાર કરી તેના સ્વાશ્રયે જ સ્વાધીન શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે, જેને સમ્યક્ત્વ કહે છે. આ રીતે દ્રવ્યદૃષ્ટિ એ સમ્યદૃષ્ટિ છે. એટલે કે પોતાના પરમાત્મસ્વભાવી દ્રવ્યપણે પોતાનો સ્વીકાર કરવાથી જ શુદ્ધાત્માના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ છે. પોતાના પરમાત્મ-સ્વભાવી શુદ્ધાત્માનો સ્વીકાર એ જ *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતનું હૃદયગતપણું છે. તેથી આ સિદ્ધાંતને હૃદયગત કરવો એ જ સમ્યક્ત્વના કારણભૂત સમ્યક્ત્વ-સન્મુખતા છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં —

(હરિગીત)

**જાણે, જુએ ને આચરે નિજ આત્મને આત્મા વડે,**
**તે જીવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે નિશ્ચિતપણે.**

**ભાવાર્થ : પોતે પોતાથી અનન્યમય એવા પરમાત્મસ્વભાવી પોતાના શુદ્ધાત્માને સ્વીકારીને તેને જાણે છે, દેખે છે અને આચરે છે તે જ શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાન-આચરણરૂપ સમ્યક્ત્વ છે એમ નિશ્ચિતપણે જાણો.**

(આ સમ્યક્ત્વના કારણભૂત શુદ્ધાત્માનો સ્વીકાર એ સમ્યક્ત્વ-સન્મુખતા છે એ પણ આના ઉપરથી તારવી શકાય છે.) (પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૬૨)

## ૧.૧.૨. મોહની મંદતા

**પરમાં પોતાપણાની માન્યતાને મોહ કહે છે. સંસારનું મૂળ કારણ મોહ છે. મોહના ઘટાડાને તેની મંદતા કહે છે..**

મોહ એકત્વબુદ્ધિનો અને અસ્થિરતાનો એમ બે પ્રકારે હોય છે. અહીં એકત્વબુદ્ધિના મોહની મંદતાની વાત છે. અસ્થિરતાનો મોહ જ્ઞાનીને પણ તેની ભૂમિકા અનુસારનો હોય છે.

પરપદાર્થને પોતાપણે માનવાની ભ્રમણા, અજ્ઞાન કે મૂઢતાને મોહ કહે છે. શરીરાદિ પરપદાર્થમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ વગેરે મોહનું સ્વરૂપ છે.

સમગ્ર સંસારમાં મોહરૂપી રાજાનું એકચક્રી શાસન ચાલે છે. મોહને વશ થઈને જ આ જીવ રાગદ્વેષાદિ વિકારીભાવો કરે છે અને કર્મબંધન પામે છે. તેનાથી સંસારમાં રખડે છે અને અનેક પ્રકારના દુઃખોને ભોગવે છે. તેથી સઘળા સંસારનું મૂળ મોહ જ જાણવું..

મોહને મટાડવાનો કે મંદ કરવાનો એક માત્ર ઉપાય પોતાના સાચા સ્વરૂપને સમજવાનો છે. પોતે પરમાત્મસ્વભાવે છે, અને શરીરાદિરૂપે નથી. અરે, પલટતી પર્યાય પણ પોતાનું સ્વરૂપ નથી અને તેનાથી પણ પોતાનો શુદ્ધાત્મા ભિન્ન છે. આ રીતે પરને પરપણે જાણતાં પર સાથેની એકત્વબુદ્ધિરૂપ મોહ મટે છે..

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી પોતે પોતાને પોતાના પરમાત્મસ્વભાવપણે સ્વીકારે છે. તેથી શરીરાદિ પરદ્રવ્યો અને રાગાદિ પરભાવો પ્રત્યેનું મમત્વ ટળે છે. અને તેના કારણે અનાદિનો મોહ અવશ્ય મંદ પડે છે.

પોતાના ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવને સીધેસીધો ઓળખી શકાતો નથી પણ તે ઓળખવા માટે અરિહંત ભગવાન એક આદર્શ છે. પોતાના પરમાત્મસ્વભાવના પ્રતિકરૂપ અરિહંત ભગવાન છે. અરિહંત ભગવાનનું સ્વરૂપ એ જ મારું સ્વરૂપ છે. અરિહંત ભગવાન પોતાના ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવે એટલે કે ત્રિકાળી દ્રવ્ય-ગુણપણે શુદ્ધ છે અને તેના આશ્રયે થતી તેની પલટતી ક્ષણિક પર્યાય પણ તેના જેવી શુદ્ધ છે. અરિહંત ભગવાનના આવા શુદ્ધ સ્વરૂપના આધારે પોતાના શુદ્ધાત્માને ઓળખી શકાય છે. અરિહંત ભગવાન જેવો પોતાનો પરમાત્મસ્વભાવ એટલે કે શુદ્ધાત્મા તે જ હું છું અને આ શરીરાદિ પરપદાર્થો અને રાગાદિ પરભાવો તે હું નથી. પરપદાર્થો અને પરભાવોથી હું ભિન્ન છું એમ જાણતાં તેમના પ્રત્યેનો એકત્વબુદ્ધિનો મોહ મટે છે. આચાર્યશ્રી કુંદકુંદના કથન અનુસાર —

(હરિગીત)

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**

**ભાવાર્થ : જે અરિહંત ભગવાનને તેના દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે શુદ્ધ જાણે છે. તે તેના આધારે પોતાના શુદ્ધાત્માને જાણી શકે છે. અને**



**પોતાના શુદ્ધાત્મા એટલે કે પરમાત્મસ્વભાવને પોતાપણે જાણતાં પરપદાર્થો સાથેના એકપણાનો મોહ અવશ્ય નાશ પામે છે.** (પ્રવચનસાર : ગાથા ૮૦)

## ૧.૧.૩. જ્ઞાનની નિર્મળતા

**જ્ઞાન સંબંધી સંશય, વિપર્યય અને અનધ્યવસાય નામના ત્રણ દોષો છે. આ દોષોનો અભાવ થવાથી જ્ઞાનની નિર્મળતા હોય છે.**

નિર્દોષ જ્ઞાનને નિર્મળ કહે છે. જ્ઞાનના દોષ ત્રણ પ્રકારે છે — સંશય, વિપર્યય અને અનધ્યવસાય. હું પરમાત્મા હઈશ કે પામરાત્મા હઈશ તેવી શંકાને સંશય દોષ કહે છે. પોતે પરમાત્મા હોવા છતાં પોતાને પામરાત્મા માનવો તેને વિપર્યય દોષ કહે છે. પોતે પરમાત્મા કે પામરાત્મા એ બેમાંથી એકપણે છે પણ તે શું છે તેનો બરાબર નિર્ણય ન થઈ શકવો તેને અનધ્યવસાય દોષ કહે છે. પરમાં એકત્વપણાની માન્યતારૂપ મોહના કારણે આ દોષ સંભવે છે. તેથી જેટલા પ્રકારે મોહ મંદ પડે તેટલા પ્રકારે જ્ઞાનની સદોષતા ટળે છે અને નિર્દોષતા કે નિર્મળતા પ્રગટે છે. પોતે પોતાને પરમાત્મા તરીકે દઢપણે સ્વીકારે તો મોહ મટે છે અને આ ત્રણેય પ્રકારના દોષો પણ ટળે છે. અને તેથી જ્ઞાન નિર્મળ બને છે.

નિર્મળ જ્ઞાનથી મનની ચંચળતા મટે છે અને ઉપયોગની સૂક્ષ્મતા બને છે અને તેથી આવું નિર્મળ જ્ઞાન સ્વ-પરનો વિવેક કરવામાં સક્ષમ બને છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી પોતે પોતાને પરમાત્મપણે નિઃશંક સ્વીકારે છે. તેથી પોતાના પરમાત્મસ્વભાવ સંબંધી સંશય, વિપર્યય કે અનદયવસાય જેવો કોઈ પણ દોષ રહેતો નથી. આવા દોષ રહિતનું જ્ઞાન નિર્મળ કહેવાય છે. આ રીતે આ સિદ્ધાંતનું તત્કાળ ફળ જ્ઞાનની નિર્મળતા છે.

પોતાના પરમાત્મસ્વભાવની યથાર્થ ઓળખાણ કરીને તેને બીજા બધાંથી જુદો જાણીને તેનો દઢપણે સ્વીકાર કરવો તે જ જ્ઞાનની નિર્મળતા છે. જ્ઞાનની નિર્મળતાના કારણે જ મનનો નિરોધ થાય છે અને આપણો આત્મા શુદ્ધ બને છે. આ પ્રમાણે જણાવતા આચાર્ય વટ્ટકેર કહે છે —

जेण तच्चं विबुज्झेज्ज जेण चित्तं णिरुज्झदि ।
जेण अत्ता विसुज्झेज्ज तं णांण जिणसासणे ॥

**ભાવાર્થ : *તત્ત્વના યથાર્થ બોધથી પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ થવી તે જ જ્ઞાનની નિર્મળતા છે. જેના કારણે પોતાના મનનો નિરોધ અને આત્માની શુદ્ધિ થાય છે. જિનશાસનમાં તેને જ જ્ઞાનની નિર્મળતા કહી છે.*** (મૂલાચાર : ગાથા ૨૬૭)

## ૧.૧.૪. ઉપયોગની સૂક્ષ્મતા

**આત્માના ચેતનાના વ્યાપારને ઉપયોગ કહે છે જે ઉપયોગ સ્વભાવ-વિભાવનો અને તેના આધારે સ્વ-પરનો વિવેક કરી શકે તેવા ઉપયોગને સૂક્ષ્મ કહે છે.**

પારમાર્થિક આત્મહિત માટે સ્વ-પરનું ભેદજ્ઞાન કરી શકે તેવા ઉપયોગને સૂક્ષ્મ કહે છે. જ્ઞાનની નિર્મળતાના કારણે ઉપયોગની સૂક્ષ્મતા આવે છે. પરલક્ષી લૌકિક બાબતોમાં વિવેક રાખનાર ઉપયોગને સૂક્ષ્મ કહેવાતો નથી પણ સ્વલક્ષી પારમાર્થિક હેતુ માટે સ્વ-પરનો વિવેક કરનાર ઉપયોગને સૂક્ષ્મ કહેવાય છે. પારમાર્થિક આત્મહિતને લગતી દરેક બાબત માટે ઉપયોગની સૂક્ષ્મતા ઉપયોગી હોય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવા માટે પોતાના ત્રિકાળી ધ્રુવ પરમાત્મસ્વભાવને બીજા બધાંથી જૂદો તારવવાનો હોય છે. પોતાના

પરમાત્મસ્વભાવને ઓળખીને અલગ પાડવા માટે મોહને મંદ પાડી, જ્ઞાનની નિર્મળતા વધારીને, ઉપયોગની સૂક્ષ્મતા કરવી આવશ્યક છે. ઉપયોગની સૂક્ષ્મતાના આધારે પોતાના પરમાત્મસ્વભાવી શુદ્ધાત્માને બાહ્ય સંયોગો અને સંયોગી ભાવોથી ભિન્ન પાડી શકાય છે. તેથી આ સિદ્ધાંતને સમજીને હૃદયગત કરનારનો ઉપયોગ અવશ્ય સૂક્ષ્મ હોય જ છે. ઉપયોગની સૂક્ષ્મતા વડે જ પોતાના પરમાત્મસ્વભાવને જુદો તારવી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતને હૃદયગત કરી શકાય છે. તેથી આ સિદ્ધાંતને હૃદયગત કરનારાના ઉપયોગની સૂક્ષ્મતા હોય છે તે સમજી શકાય છે.

પોતાના પરમાત્મસ્વભાવને સ્વીકારનારનો ઉપયોગ સૂક્ષ્મ હોય છે. આ સુક્ષ્મ ઉપયોગ એક તીક્ષ્ણ છીણી જેવું કામ કરે છે. જે જીવ અને પૌદ્‌ગલિક કર્મના બંધને જૂદો પાડવાનું કાર્ય કરે છે. પૌદ્‌ગલિક કર્મબંધ અઘાતિકર્મો અને ઘાતિકર્મો એમ બે પ્રકારે હોય છે. વર્ણાદિક ભાવ ધરાવતા શરીરાદિ નોકર્મ દ્વારા અઘાતિકર્મોને અને રાગાદિક ચિદ્‌વિકારરૂપ ભાવકર્મ દ્વારા ઘાતિકર્મોને પોતાના પરમાત્મસ્વભાવથી એકદમ ભિન્ન કરીને પોતાના પરમાત્મસ્વભાવને પોતામાં, પોતામાટે, પોતાથી, પોતે જ જાણી લ્યે છે. તે સમયે ગુણ-ગુણી, જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય જેવા કોઈ ભેદ પણ દેખાતા નથી અને એક અભેદ આત્મા જ અનુભવાય છે. પંડિત દૌલતરામજીના શબ્દોમાં —

(હરિગીત)

जिन परम पैनी सुबुधि छैनी, डारि अन्तर भेदिया;
वरणादि अरु रागादितैं, निज भाव को न्यारा किया ।
निजमांहि निज के हेतु निजकर, आपको आपै गह्यो;
गुण-गुणी ज्ञाता-ज्ञान-ज्ञेय मंझार कछु भेद न रह्यो ॥

**ભાવાર્થ :** જે ભવ્યાત્મા પોતાના પરમાત્મ-સ્વભાવને જાણે છે તે પોતાના ઉપયોગની સૂક્ષ્મતા વડે જાણે છે. જેમ કોઈ પુરૂષ તીક્ષ્ણ છીણી વડે પથ્થર



આદિના બે ભાગ કરી નાંખે છે તેમ આ જીવ પોતાના અંતરંગમાં સ્વ-પરનો વિવેક કરનાર ઉપયોગની સૂક્ષ્મતારૂપ છીણી વડે પોતાના પરમાત્મસ્વભાવને બધાંથી જૂદો પાડી જાણે છે. તે સમયે તે પોતાના શુદ્ધાત્માને દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી અત્યંત ભિન્ન કરીને પોતા માટે, પોતાવડે, પોતામાં, પોતાને, પોતે જ ગ્રહણકરણ કરે છે. ત્યારે ગુણ-ગુણી કે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય જેવા કોઈ ભેદ પણ રહેતા નથી અને અભેદ એકરૂપ પોતાના પરમાત્મસ્વભાવને પોતે જ ગ્રહણ કરે છે. (છ ઢાળા : ઢાળ ૬ : ગાથા ૮)

## ૧.૧.૫. ચિત્તની સ્થિરતા

**મનના સંગે થતી આત્મ પરિણામોની અત્યંત અસ્થિરતાને ચિત્તની ચંચળતા કહે છે. ચિત્તની ચંચળતાના અભાવને ચિત્તની સ્થિરતા કહે છે.**

આત્માના પરિણામ સતત એકસરખા એટલે કે સદૃશ અને જુદા જુદા પ્રકારે એટલે કે વિસદૃશપણે બદલાતા રહે છે. આત્માના પરિણામમાં થતા ઝડપી વિસદૃશ પરિવર્તનને અસ્થિરતા કહે છે. જે મનના સંગે થતા હોવાથી તેને મનની અસ્થિરતા કે ચિત્તની ચંચળતા કહે છે.

ચિત્તની ચંચળતાનું મૂળ કારણ પોતાના પરમાત્મસ્વભાવની અવગણના કરીને પરમાં પોતાપણું માનવારૂપ અજ્ઞાન છે. અજ્ઞાનના કારણે પરમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ જેવી પરપરિણતિ પ્રવર્તે છે. આ પરપરિણતિ નિરંતર વિસદૃશપણે બદલતી જ રહે છે. અને તે મનના



સંગે થતી હોય છે. મનના સંગે સંકલ્પ-વિકલ્પરૂપે થતી પરપરિણતિ, મોહકર્મના તીવ્ર ઉદયે અત્યંત ઝડપી હોય તો તે ચિત્તની ચંચળતા છે.

ચિત્તની ચંચળતાના કારણે અનેક પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિની ઉત્પત્તિ છે. જે મોટાભાગના માણસોમાં જોવા મળે છે. તેથી ચિત્તની ચંચળતાા એ અત્યારના કાળની બહુ મોટી સમસ્યા છે. આ સમસ્યાના નિવારણ માટે ચિત્તની સ્થિરતા આવશ્યક છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી પરપદાર્થો અને પરભાવોથી ભિન્ન પોતાના પરમાત્મસ્વભાવનો સ્વીકાર થાય છે. પોતાના પરમાત્મસ્વભાવનો સ્વીકાર થવાથી પરસંયોગો અને સંયોગીભાવો સાથેનું એકત્વ કે મમત્વ મટી જાય છે. પર સાથેનું એકત્વ કે મમત્વ મટતાં મોહ મંદ પડે છે. મોહ મંદ થતાં મનના સંગે થતીી સંકલ્પ-વિકલ્પરૂપ પરપરિણતિ મંદ પડે છે અને તેના કારણે ચિત્તની સ્થિરતા આવે છે. આ રીતે આ સિદ્ધાંતને હૃદયગત કરનારને તત્કાળ ચિત્તની સ્થિરતા ચોક્કસપણે પ્રાપ્ત થાય છે. જે એક મહાન ઉપલબ્ધિ છે.

ચારગતિના સંસારચક્રનું કારણ ચિત્તની ચંચળતા જ છે. પોતાનો પરમ સ્થિર પરમાત્મસ્વભાવ જ પોતાનો આશ્રય કે શરણ હોવાથી તેમાં મનને પરોવવાથી મનને શાંતિ કે સ્થિરતા હોય છે અને પોતાના પરમાત્મસ્વભાવ સિવાય બીજે કયાંય પોતાનો આશ્રય કે શરણ ન હોવાથી ત્યાં મનને રોકવાથી મનની અશાંતિ કે અસ્થિરતા જ હોય છે. તેથી ચિત્તની સ્થિરતારૂપ સુંદર આચરણ માટે પોતાના પરમાત્મસ્વભાવને ઓળખીનો પોતાના ચિત્તમાં તેનું જ ચિંતવન કરો. કવિ જિનેશ્વરદાસના શબ્દોમાં —

(જોગીરાસા)

चंचल चित्त को रोकि चतुर्गति—चक्र भ्रमण निरवारी ।
चारु चरण आचरण चतुर नर चन्द्रप्रभू चित्त धारो ॥



**ભાવાર્થ : હે ચતુર મનુષ્ય ! જો તારે ચારગતિના સંસારચક્રનું પરિભ્રમણ ટાળવું હોય તો તેના માટે ચિત્તની ચંચળતાને મટાડવીવી પડશે. ચિત્તની ચંચળતા મટાડી તેની સ્થિરતારૂપ સુંદર આચરણ કરવા માટે બહારમાં ચંદ્રપ્રભુ ભગવાન અને અંદરમાંાં તેમના જેવા પોતાના પરમાત્મસ્વભાવને પોતાના ચિત્તમાં ધારણ કરો.**

(ચંદ્રપ્રભુ ભગવાનના પૂજાની ધ્રુવપંક્તિ)

## ૧.૧.૯. કષાયની મંદતા

**જીવના પરલક્ષી પરિણામને કારણે થતાં આત્માના વિકારીભાવોને કષાય કહે છે. કષાયોની શક્તિ અને તેના કારણે થતી તેની વ્યક્તિની ઓછપને કષાયની મંદતા કહે છે..**

**કષાય = કષ્ + આય**

અહીં 'કષ' એટલે સંસાર અને 'આય' એટલે લાભ. જેનાથી સંસારનો લાભ એટલે કે સંસારની પ્રાપ્તિ થાય તેવા જીવના વિકારીભાવોને કષાય કહે છે. આ કષાયની વ્યક્તિ એટલે કે પ્રગટતા મુખ્યત્વે ક્રોધ-માન-માયા-લોભરૂપે હોય છે. કોઈના પ્રત્યેના અણગમા કે અરુચિને ક્રોધ કહે છે. સંયોગો કે સંયોગીભાવોથી પોતાની મહત્તા માનવી તે માન છે. આડોડાઈ, કપટ કે છેતરવાના પરિણામ તે માયા છે. પરપદાર્થ કે પરભાવરૂપ પરિગ્રહ પ્રત્યેયે મમત્વના ભાવને લોભ કહે છે. આવા ક્રોધ-માન-ા-માયા-લોભરૂપ કષાયના ભાવની પ્રગટતાનીીી ઓછપ તે કષાયની મંદતા છે.

કષાયની વ્યક્તિ કે પ્રગટતા ઓછી કરવારૂપ કષાયની મંદતા માટે કષાયની શક્તિ ઓછી કરવી જરૂરી છે. કષાયની શક્તિ અપેક્ષાએ તેના ચાર પ્રકાર છે — અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્જવલન. આ ચાર પૈકી અનંતાનુબંધી કષાય એ અનંત સંસારનું કારણ છે. તેથી તે સૌથી મોટો અને મુખ્ય કષાય છે. કષાયની મોટા ભાગની શક્તિ અનંતાનુબંધીમાં જ સમાય છે. અનંતાનુબંધીનો અભાવ થતાં બાકીના ત્રણ કષાયની શક્તિ નગણ્ય છે. બાકીના ત્રણ કષાયમાં માત્ર અસ્થિરતાના દોષો છે. તેથી અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ ટળતાં કે મંદ થતાં કષાયની મંદતા સહજ થાય છે.

પોતાના ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવની અરુચિ અને શુભાશુભભાવની રુચિ તે જ અનંતાનુબંધી ક્રોધ છે. પોતાના પરમાત્મસ્વભાવના અનંત સામર્થ્યથી પોતાની મહત્તા માનવાને બદલે સાનુકૂળ સંયોગો કે સંયોગીભાવોથી પોતાની મહત્તા માનવી તે અનંતાનુબંધી માન છે. લૌકિકકક શિક્ષણ અઘરૂં હોય તોય શીખે અને પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ કરાવનાર પારમાર્થિક તત્ત્વજ્ઞાનનું શિક્ષણ સરળ હોય તોય ન આવડે એવી આડ મારીને પોતાના આત્માને જ છેતરવો તે અનંતાનુબંધી માયા છે. પોતાના અનંતગુણોની અવગણના કરીને તેની પ્રગટતાનો ઉપાય ન કરવો અને તેના બદલે બ્રાહ્ય પરિગ્રહોના સંચયની લાલસા રાખવી તે અનંતાનુબંધી લોભ છે. પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણ વિના અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ ટળતા નથી કે મંદ પડતા નથી. અને તે મંદ પડ્યા વિના કષાયની મંદતા થતી નથી. અનંતાનુબંધી કષાય ટાળ્યા કે મંદ પાડ્યા વિના કોઈ કષાયની પ્રગટતા ઓછી કરે તો તે માત્ર લેશ્યા અપેક્ષાએ કષાયની મંદતા છે. આ પ્રકારની કષાયની મંદતા લૂખી અને ચંચળ હોય છે. ખરેખર તો તે એક રુંધાયેલો કષાય જ છે. તેથી જેને મિથ્યાત્વ કે અનંતાનુબંધી કષાય બિલકુલ મંદ થયો નથી તેવા અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિ ગમે તેવા ઉપસર્ગ અને પરિષહોને શાંતભાવે સહેતા હોવા છતાં તે લેશ્યા અપેક્ષાની કષાયની મંદતા છે પણ અંતરંગ કષાયની શક્તિ ઘટ્યા વિના તે વાસ્તવિક કષાયની મંદતા કહેવાતી નથી.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી શરીરાદિ પરપદાર્થો અને ક્રોધાદિ પરભાવોથી તદ્દન ભિન્ન પોતાના પરમાત્મસ્વભાવનો સ્વીકાર થાય છે. પોતે પોતાને પરમાત્મસ્વભાવપણે સ્વીકારતા પરપદાર્થ કે પરભાવનું કોઈ પ્રયોજન ભાસતું નથી. તેથી મિથ્યાત્વ અને તેની સાથે સંબંધિત અનંતાનુબંધી કષાય અત્યંત મંદ થાય છે. અને તેથી ક્રોધાદિ કષાયની પ્રગટતાા પણ ઓછી થાય છે. પોતાને પરમાત્મસ્વભાવપણે માનનારને ક્રોધાદિ કષાયનું કોઈ કારણ હોતું નથી. પણ પૂર્વ સંસ્કારવશ આવા કષાયો ક્યારેક થાય છે. તોપણ તે લાંબો સમય ટકતા નથી અને તુરત ટળી જાય છે. તેથી આ સિદ્ધાંતને હૃદયગત કરવાનું તત્કાળ ફળ કષાયની મંદતા છે તે સમજી શકાય છે..

આ જીવ જ્યાં સુધી ક્રોધાદિ કષાયોથી તદ્દન ભિન્ન એવા પોતાના પરમાત્મસ્વભાવને જાણતો નથી ત્યાં સુધી તેને ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિ થયા કરે છે. પણ પોતાના પરમાત્મસ્વભાવને ક્રોધાદિ કષાયોથી જુદો જાણતાં જ ક્રોધાદિનું કોઈ કારણ રહેતું ન હોવાથી તે અવશ્ય મંદ પડે છે. અને પોતાના પરમાત્મસ્વભાવમાં પૂર્ણ સ્થિરતા પ્રાપ્ત કરવાથી તે નાશ પણ પામે છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં —

(હરિગીત)

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહિ,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની.**

**ભાવાર્થ : આ જીવ જ્યાં સુધી પોતાના શુદ્ધાત્મ સ્વભાવ અને ક્રોધાદિ આસ્રવ એ બન્નેનો તફાવત અને ભેદ જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો ક્રોધાદિ આસ્રવોમાં પ્રવર્તે છે.**

(સમયસાર : ગાથા ૬૯)

## ૧.૧.૭. વિષયોની વિરકતતા

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ એ પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો છે. આ વિષયોની ઉપેક્ષાને તેની વિરક્તિ કહે છે.**

જેમાં સુખબુદ્ધિ હોય તેની આસક્તિ હોય છે. અને તેમાંથી સુખબુદ્ધિ ટળી જતાં તેની વિરકતતા આવે છે. સ્પર્શાદિ પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિના કારણે તેની આસક્તિ હોય છે. અને આ વિષયોમાંની સુખબુદ્ધિ ટળતાં તેની વિરકિત આવે છે. પોતાના પરમાત્મ-સ્વભાવની અણ-સમજણના કારણે વિષયોની આસક્તિ અને સમજણના કારણે તેની વિરકિત હોય છે. તે આ રીતે—

આ જીવને અનાદિકાળથી પોતાના પરમાત્મ-સ્વભાવની અણસમજણ છે. અણસમજણના કારણે તેને પાંચ ઈન્દ્રિયોના પૂતળારૂપ શરીરાદિ પરપદાર્થથી અત્યંત ભિન્ન પોતાના પરમાત્મસ્વભાવનો પરિચય નથી. અને તેથી તે શરીરાદિ પરપદાર્થોમાં પોતાપણું માને છે. પરમાં પોતાપણાની માન્યતાને મોહ કહે છે. મોહના કારણે જીવના જ્ઞાનદર્શનની શક્તિ હીણી થઈ ગયેલી છે.

હીણા જ્ઞાનને કારણે તેને પ્રત્યક્ષ એવું અતીન્દ્રિયજ્ઞાન નથી અને પરોક્ષ એવું ઈન્દ્રિયજ્ઞાન છે. જેમ જેની આંખ નબળી હોય તેને જોવા માટે ચશ્માનો આશ્રય હોય છે તેમ જેનું જ્ઞાન નબળું છે તેને જાણવા માટે ઈન્દ્રિયોનો આશ્રય હોય છે. પરોક્ષ એવા ઈન્દ્રિયજ્ઞાનનો આશ્રય કરતાં જીવને તેના જ્ઞાનની કારણભૂત સામગ્રી એવી ઈન્દ્રિયો પ્રત્યે સ્વભાવથી જ મૈત્રી પ્રવર્તે છે. ઈન્દ્રિયો પ્રત્યે મૈત્રી પામેલા જીવને ઈન્દ્રિયોના સ્પર્શાદિ વિષયો પ્રત્યેની આસક્તિ પણ હોય જ છે. જીવનો મોહ ઈન્દ્રિયો પ્રત્યે મૈત્રી ઉપરાંત એકત્વ બુદ્ધિ કરાવે છે. અને તેથી ઈન્દ્રિય વિષયોની આસક્તિમાં ઓર વધારો થાય છે. મોહનો ઉદય તીવ્ર બનતાં આ આસક્તિ પણ તીવ્ર બની જાય છે. જેમ લોખંડના ગોળાને ભેજને ગ્રહણ કરવાની તૃષ્ણા હોય જ છે. અને તેને તપાવવામાં આવતા તેની તૃષ્ણા એકદમ વધી જાય છે અને તેના ઉપર ગમે તેટલું પાણી રેડવામાં આવે તોપણ તે તેને પૂરુ પડતું નથી અને છમકારો બોલાવીને ઊડી જાય છે. તેમ ઈન્દ્રિયજ્ઞાન ધરાવનારને ઈન્દ્રિય વિષયોની આસક્તિ હોય જ છે. અને તેમાં મોહનો ઉદય ભળતાં તેની આસક્તિ તીવ્ર બને છે અને ગમે તેટલાં વિષયોથી પણ તેને તૃપ્તિ થતી નથી. આ રીતે વિષયોની તૃષ્ણાનું મૂળ કારણ પોતાના પરમાત્મસ્વભાવની અણ-સમજણના કારણે ઉત્પન્ન થયેલો મોહ જ જાણવો. પોતાના પરમાત્મસ્વભાવને સમજવાથી ઈન્દ્રિયો પ્રત્યેની મૈત્રી મટે છે અને મોહ પણ મંદ પડે છે અને તેથીી વિષયોની વિરકતતા આપમેળે આવે છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવાથી પોતે પોતાને પરમાત્મસ્વભાવપણે જ ભાસે છે અને તેથી શરીરાદિ પ્રત્યેના એકપણાનો મોહ મટે છે અને તેથી ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેની સુખબુદ્ધિ પણ ટળે છે. વળી પોતાનો પરમાત્મસ્વભાવ અનંત

સુખાદિ સામર્થ્યથી ભરચક ભરેલો ભગવાન છે. તેથી પોતાના સુખ માટે પરવિષયોની કોઈ અપેક્ષા હોતી નથી. વળી પર વિષયોમાં સુખ હોતું જ નથી. અને હોય તોય તે પોતાનામાં આવતું નથી. આ રીતે પોતાને પરમાત્મસ્વભાવપણે સ્વીકારતાં મોહ ટળે છે અને પરવિષયોમાં સુખ-બુદ્ધિ રહેતી નથી. તેથી વિષયો પ્રત્યેની ઉપેક્ષા થતાં વિષયોની વિરકતતા આવે છે.

અનાદિ અજ્ઞાની જીવ પરવિષયોમાં પોતાનું સુખ માની વિષયોની આસક્તિ ધરાવે છે. પણ જો તો પોતાના પરમાત્મસ્વભાવને ઓળખે તો તેને જણાશે કે સુખ પોતાના સ્વભાવમાં જ છે અને પરવિષયોમાં બિલકુલ નથી. પોતાના પરમાત્મસ્વભાવનો સંવેદનપૂર્વક સ્વીકાર થતાં જ સુલભ વિષયો પણ રુચતાં નથી. અને જેને વિષયો રુચતાં નથી તેને પોતાના પરમાત્મસ્વભાવનો સ્વીકાર પણ હોય જ છે. આચાર્યશ્રી પૂજ્યપાદના શબ્દોમાં—

(અનુષ્ટુપ)

यथा यथा समायाति, संवितौ तत्त्वमुत्तमम् ।
तथा तथा न रोचन्ते, विषयाः सुलभा अपि ।।

यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि ।
तथा तथा समायाति, संवितौ तत्त्वमुत्तमम् ।।

**ભાવાર્થ : જેમ જેમ ઉત્તમ તત્ત્વસ્વરૂપ પોતાનો પરમાત્મસ્વભાવ સંવેદનમાં આવતો જાય છે તેમ તેમ સુલભ વિષયો પણ રુચતા નથી. અને જેમ જેમ સુલભ વિષયો રુચતા નથી તેમ તેમ પોતાના સંવેદનમાં પોતાનું ઉત્તમ તત્ત્વસ્વરૂપ પરમાત્મસ્વભાવ આવતો જાય છે.**

(ઇષ્ટોપદેશ : ગાથા ૩૭,૩૮)

## ૧.૧.૮. પરિણામોની વિશુદ્ધિ

**મોહ-રાગ-દ્વેષાદિ વિકારી ભાવોની કિંચિત્ નિવૃત્તિને કારણે થતી પરિણામોની આંશિક શુદ્ધિને તેની વિશુદ્ધિ કહે છે.**

અજ્ઞાની જીવ હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ જેવા પાપભાવો, વિષય - કષાયના વિકારી ભાવો અને વેપાર-ધંધાના વિકલ્પોથી ઘેરાયેલો રહી પોતાના પરિણામોને નિરંતર કલુષિત કરતો રહે છે. આ પરિણામોની કલુષિતતાને ઓછી કરવી તે તેની વિશુદ્ધિ છે.

પરિણામોની વિશુદ્ધિ અંદરમાં પોતાના પરમાત્મ-સ્વભાવના સ્વીકારથી અને બહારમાં એ પરમાત્મ-સ્વભાવની ઓળખાણ કરાવનાર વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયથી છે. આ સિવાય જગતના બીજા બધાંય સ્થાનો પોતાના પરિણામોની અશુદ્ધિ જ કરાવે છે. મોહની તીવ્રતાના કારણે પરિણામોની અશુદ્ધિ અને મોહની મંદતાના કારણે તેની વિશુદ્ધિ છે. આ મોહની મંદતાનો એક માત્ર ઉપાય વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રના શરણે પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણમાં છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાના ફળમાં મિથ્યાત્વ અને મોહની મંદતા, જ્ઞાનની નિર્મળતા, ઉપયોગની સૂક્ષ્મતા, ચિત્તની સ્થિરતા, કષાયની મંદતા અને વિષયોની વિરકતતા હોય છે, તે આપણે જોઈ ગયા છીએ. આ બધાના કારણે પરિણામોની વિશુદ્ધતા પણ હોય છે. પોતાના પરમાત્મસ્વભાવનો આશ્રય પરિણામોની સંપૂર્ણ શુદ્ધિનું કારણ છે અને તેની સમજણ આંશિક શુદ્ધિનું કારણ છે. તેથી પરમાત્મસ્વભાવનો સ્વીકાર કરાવનાર આ સિદ્ધાંતના કારણે પરિણામોની વિશુદ્ધિ હોય તે સમજી શકાય છે.



પોતાના પરમાત્મસ્વભાવને ઓળખીને તેનો આશ્રય કરવાથી સમસ્ત મોહ-રાગ-દ્વેષાદિ વિકારીભાવો નાશ પામી પરિણામોની સંપૂર્ણ શુદ્ધિ થાય છે. અને આ પરમાત્મસ્વભાવની સમજણ માત્રથી પણ પરિણામોની આંશિક શુદ્ધિ એટલે કે વિશુદ્ધિ થાય છે. તેથી પોતાના પરિણામોની વિશુદ્ધિ માટે પોતાના એકરૂપ, શુદ્ધ, મમત્વરહિત અને જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ એવા પરમાત્મસ્વભાવની સમજણ કરી તેનો સ્વીકાર કરવો. આ બાબત આચાર્યશ્રી કુંદકુંદ નીચેના શબ્દોમાં કહે છે —

(હરિગીત)

**હું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું ;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

**ભાવાર્થ : હું એક, શુદ્ધ, મમતારહિત અને જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ એવો પરમાત્મસ્વભાવી છું. આ પરમાત્મસ્વભાવમાં સ્થિત રહીને તેના અનુભવમાં લીન થતો થકો હું આ મોહ-રાગ-દ્વેષાદિ સર્વ પ્રકારના વિકારીભાવોને ક્ષય પમાડું છું.**

(સમયસાર : ગાથા ૭૩)

## ૧.૨. પારમાર્થિક દૂરોગામી ફળ

**જે પારમાર્થિક ફળ લાંબા ગાળે કે પછીના ભવમાં પ્રાપ્ત થાય તેને દૂરોગામી ફળ કહે છે.**

પારમાર્થિક સિદ્ધાંત પારમાર્થિક ફળ માટે હોય છે. અને તેનાં કેટલાંક ફળ તત્કાળ જ પ્રાપ્ત થતાં હોય છે. તોપણ કેટલાંક ફળ લાંબી પ્રક્રિયા પછી પ્રાપ્ત થતા હોવાથી અને તેના માટે પોતાના પુરુષાર્થની ઉગ્રતાની આવશ્યકતા હોવાથી તે મળતાં થોડો વખત લાગે છે. આવા થોડા સમય પછી કે પછીના ભવમાં પ્રાપ્ત થતાં ફળને દૂરોગામી ફળ કહે છે.

**'હું પરમાત્મા છું'** એક મહાન પારમાર્થિક સર્વગ્રાહી સિદ્ધાંત છે. સર્વગ્રાહી હોવાના કારણે આ એક જ સિદ્ધાંતમાં બીજા બધાં પારમાર્થિક સિદ્ધાંતો સમાવેશ પામે છે. તેથી સઘળાં પ્રકારનું પારમાર્થિક પ્રયોજન અને ફળ આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી પ્રાપ્ત થાય છે.

પારમાર્થિક પંથની શરૂઆત સમ્યગ્દર્શનથી અને તેની પૂર્ણતા પરમાત્મપદની પ્રાપ્તિ એટલે કે સિદ્ધદશાથી હોય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી થાય છે.

પારમાર્થિક પંથમાં અનુક્રમે સમ્યગ્દર્શન, શ્રાવકદશા, મુનિદશા, અરિહંતદશા અને સિદ્ધ દશા હોય છે. આ બધાંની પ્રાપ્તિનું કારણ આ સિદ્ધાંતનું હૃદયગતપણું છે. આ સિદ્ધાંતને હૃદયગત કર્યા વિના કોઈ પણ જીવ આવી કોઈ પણ દશા પ્રાપ્ત કરી શકતો નથી. તેથી સિદ્ધદશાની પ્રાપ્તિ સુધી આ સિદ્ધાંતનું હૃદયગતપણું જ કાર્યકારી જાણવું. આચાર્યશ્રી યોગીન્દુદેવના શબ્દોમાં —

(દોહરો)

**જે સિદ્ધયા ને સિદ્ધશે, સિદ્ધ થતા ભગવાન;**
**તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાંત.**

**ભાવાર્થ : જિનવરદેવનું કહેવાનું છે કે, જે કોઈ ભૂતકાળમાં સિદ્ધ થયા છે, વર્તમાનમાં સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં સિદ્ધ થશે તેઓ પ્રગટપણે આત્મદર્શન એટલે કે પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારથી જ થાય છે, એ બાબત નિઃસંશયપણે જાણો.**

(યોગસાર : દોહરો ૧૦૭)

# ૨. લૌકિક ફળ

**સાંસારિક સિદ્ધિઓ અને સુવિધાઓ સંબંધિત ફળને લૌકિક ફળ કહે છે.**

પારમાર્થિક સિદ્ધાંતનું પ્રયોજન પારમાર્થિક ફળ માટે હોય છે. તોપણ પારમાર્થિક ફળ સાથો સંબંધિત કે આનુસંગિક બાબત તરીકે કેટલીક સાંસારિક સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે. તેમ જ વગર પ્રયોજને પણ પુણ્યની પ્રાપ્તિ થાય છે અને તેના કારણે સાંસારિક સુવિધાઓ પણ મળે છે. આવાં બધાં લૌકિક ફળ કોઈ અપેક્ષા કે પ્રયોજન ન હોવા છતાં આપમેળે સહજપણે એક ઉપપેદાશ તરીકે પ્રાપ્ત થાય છે. લૌકિક ફળને પણ પારમાર્થિક ફળની જેમ નીચે મુજબના બે વિભાગમાં વહેંચી શકાય છે.

૨.૧. લૌકિક તત્કાળ ફળ
૨.૨. લૌકિક દૂરોગામી ફળ

## ૨.૧. લૌકિક તત્કાળ ફળ

**તુરત જ મળતા સાંસારિક ફળને લૌકિક તત્કાળ ફળ કહે છે.**

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરતાંની સાથે જ અથવા તે અગાઉ તેને હૃદયગત કરવાની પ્રક્રિયા દરમ્યાન તુરત જ પ્રાપ્ત થતી કોઈ સાંસારિક સિદ્ધિ કે સુવિધાને લૌકિક તત્કાળ ફળ કહે છે. આ લૌકિક તત્કાળ ફળ આ ભવમાં જ મળતું આલોક સંબંધી હોય છે અને તે તુરત જ પ્રાપ્ત થતું હોય છે.

લૌકિક ફળનું પ્રયોજન હોતું નથી. તોપણ આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી જે સમજણ કેળવાઈ છે તેના કારણે તેની આનુસંગિક બાબત તરીકે લૌકિક જીવનમાં પણ તે કાર્યકારી બને છે. અને તેના કારણે સહનશીલતા, સમાધાનવૃત્તિ, ધૈર્યબળની ધારણા જેવી સાંસારિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી પરિણામોની વિશુદ્ધિ થાય છે અને તેથી પુણ્ય બંધાય છે. પાપ પલટીને પણ પુણ્ય થઈ જાય છે અને પુણ્ય હોય તેનો અનુભાગ વધી જાય છે. આ પુણ્યનું ફળ કોઈવાર તુરત જ પ્રાપ્ત થાય છે. જેના કારણે સાંસારિક સુવિધાઓ પ્રાપ્ત થાય છે. આવા અનેક પ્રકારના તત્કાળ ફળ આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી પ્રાપ્ત થાય છે. અહીં પારમાર્થિક ફળની જેમ નમૂનારૂપે મુખ્ય આઠ ફળની ચર્ચા કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

૨.૧.૧. દુર્ભાવના દૂર થાય
૨.૧.૨. સમાધાનવૃત્તિ અને સહનશીલતા કેળવાય
૨.૧.૩. ધૈર્યબળ ધારણ થાય
૨.૧.૪. બુદ્ધિશાળી બનાય
૨.૧.૫. એકાગ્રતા આવે
૨.૧.૬. લઘુતાગ્રંથિ ન રહે
૨.૧.૭. પુણ્યની પ્રાપ્તિ થાય
૨.૧.૮. શરીર સ્વસ્થ અને સુંદર રહે

ઉપરોક્ત દરેક મુદ્દાની ચર્ચા આ નીચે કરવામાં આવે છે. તેમાં જે તે મુદ્દાની વ્યાખ્યા, તેની સમજૂતી, 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવાથી તે કઈ રીતે મળે ? અને અંતમાં કોઈ કાવ્ય કે ગાથાના આધાર સહિત સારભૂત સમાપન કરવામાં આવેલ છે.



## ૨.૧.૧. દુર્ભાવના દૂર થાય

**ક્રોધ, માન, માયા, લોભ, કામવાસના, વૈર, ઈર્ષ્યા વગેરે જેવી ખોટી અને ખરાબ ભાવનાને દુર્ભાવના કહે છે.**

પારમાર્થિક વીતરાગતાની ભાવનાને સદ્ભાવના અને તેનાથી વિપરીત સાંસારિક રાગની ભાવનાને દુર્ભાવના કહે છે. આ દુર્ભાવના અનેક પ્રકારની હોય છે. તેમાં **ક્રોધ**, **માનન્ન માયાગ્રાલોભ**, **કામવાસના**, **વૈર**, **ઈર્ષ્યા** જેવી દુર્ભાવના મુખ્ય છે. આ દરેક દુર્ભાવના પર સાથે સંબંધિત હોય તેવી પરપરિણતિ હોય છે. જેમ કે, પર પ્રત્યેનો અણગમો તે **ક્રોધ**, પરસંયોગો કે પરભાવોથી પોતાની મહત્તા માનવી તે **માનન્ન**પરને છેતરવાના ભાવ તે **માયાગ્રા**પરપરિગ્રહને સાચવવાનો અને વધારવાનો ભાવ તે **લોભ**, પરવિષયોની અને તેમાંય ખાસ કરીને સ્ત્રીના વિષયની આસક્તિ તે **કામવાસના**, બહારના દુશ્મન પ્રત્યેની અદાવતનો બદલો લેવાની ભાવના તે **વૈરભાવના**, બીજાની બઢતી જોઈને અંદરમાં બળતરા થવી તે **ઈર્ષ્યા** છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવાથી પોતે પોતાને પરમાત્મસ્વભાવપણે જ જાણે છે અને કોઈ પરપણે જાણતો નથી. તેથી તેને કોઈ પ્રકારની પરપરિણતિનું પ્રયોજન ભાસતું નથી. તેથી પરપરિણતિરૂપની દુર્ભાવના દૂર થાય છે. તે આ રીતે —

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી પોતાનું ભલું પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારથી અને બૂરું પોતાના પરમાત્મસ્વભાવની અવગણનાથી છે તેમ સમજાય છે. અન્ય કોઈ પોતાનું ભલું-બૂરું કરનાર નથી. તેથી પોતાનું બૂરુ કરનાર બીજો કોઈ છે તેમ માની તેના પ્રત્યે અણગમારૂપ **ક્રોધ** કરવાનું કોઈ કારણ રહેતું નથી. પોતાની મહત્તા પોતાના અનંતગુણોના નિધાનરૂપ પરમાત્મસ્વભાવથી છે અને પરસંયોગો કે પરભાવોથી નથી તેમ જાણતાં **માનન**ટળી જાય છે. બીજાને છેતરી શકાતો નથી અને બીજાને છેતરવા જતા પોતાના પરમાત્મસ્વભાવનો ઘાત કરી પોતે પોતાને જ છેતરે છે તેમ જણાતાં **માયાયા** મટી જાય છે. પોતાનો પરમાત્મસ્વભાવ જ પોતાનો હિતકર છે અને પરપરિગ્રહ અહિતકર છે. તેમ સમજાતાં પરપરિગ્રહ પ્રત્યેનો **લોભ** રહેતો નથી. પોતાનો પરમાત્મસ્વભાવ જ અનંત સુખનો ભંડાર છે અને પરવિષયો કે સ્ત્રીના વિષયમાં પોતાનું સુખ નથી તેમ સમજાતાં **કામવાસના**નું કોઈ કારણ રહેતું નથી. પોતાના પરમાત્મસ્વભાવના અનાદરથી ઉત્પન્ન થતી દુર્ભાવના જ પોતાનો દુશ્મન છે અને બહારમાં કોઈ પોતાનો દુશ્મન નથી. તેથી બહારના કોઈને દુશ્મન માની તેના પ્રત્યેની અદાવતથી બદલો લેવાની **વૈરભાવના** રાખવાનું કારણ નથી. પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારથી બીજાના ગુણો પ્રત્યે પ્રમોદનો અને ગુણગ્રાહીપણાનો ભાવ ઉત્પન્ન થાય છે. તેથી **ઈર્ષ્યા** ઊભી રહેતી નથી. આ રીતે આ સિદ્ધાંતને હૃદયગત કરવાથી સઘળા પ્રકારની દુર્ભાવના દૂર થાય છે.

પોતાને પોતાના પરમાત્મસ્વભાવપણે સ્વીકારવાથી સમસ્ત દુર્ભાવના દૂર થઈ સદ્-ભાવના ઉત્પન્ન થાય છે. આવો જીવ એવી ભાવના ભાવે છે કે —

अहंकार का भाव न रक्खूं, नही किसी पर क्रोध करुं ।
देख दूसरों की बढती को, कभी न ईर्ष्या भाव धरुं ॥
रहे भावना ऐसी मेरी, सरल-सत्य व्यवहार करुं ।
बने जहां तक ईस जीवनमें, औरों का उपकार करुं ॥

**ભાવાર્થ :** પોતાને પરમાત્મસ્વભાવપણે જાણનારની ભાવના બની શકે ત્યાં સુધી આ જીવનમાં બીજાનો ઉપકાર કરવાની અને સરલ-સત્ય-વ્યવહાર રાખવા જેવી સદ્દ્ભાવના હોય છે. અને તે અહંકાર કરવો, કોઈના પર ક્રોધ કરવો કે બીજાની બઢતી જોઈને ઈર્ષ્યા ભાવ ધારવો જેવી દુર્ભાવના ક્યારેય ઉત્પન્ન ન થાય તેવી ભાવના ભાવે છે.

(પં. જુગલકિશોર મુખ્તારકૃત મેરીભાવના : કડી નં. ૮)

## ૨.૧.૨. સમાધાનવૃત્તિ-સહનશીલતા કેળવાય

**પ્રતિકૂળ સંયોગોને કોઈ પણ વિરોધ વિના સ્વીકારી લેવાની ભાવનાને સમાધાનવૃત્તિ અને તેને શાંતિથી સહન કરી લેવાની ભાવનાને સહનશીલતા કહે છે.**

પ્રતિકૂળ પ્રસંગે ઘણા લોકો તેનો ઘોખો કરે છે. કોઈ તેને અન્યાય માને છે તો કોઈ વળી તેને દૂર કરવાના ઉપાયમાં જ રચ્યોપચ્યો રહે છે. આ બધું તેની સમાધાનવૃત્તિનો અભાવ છે. પ્રતિકૂળ સંયોગોને કોઈ પણ રોષ કે વિરોધ વિના સહજપણે સ્વીકારી લેવો તે સમાધાનવૃત્તિ છે. સમાધાનવૃત્તિના કારણે તે શાંતિથી સહન કરી લેવામાં માને છે. અને આ જ સમાધાનવૃત્તિ તેને તે સહન કરવાની શક્તિ પણ પ્રેરે છે. તે તેની સહનશીલતા છે. સમાધાનવૃત્તિ અને સહનશીલતા કેળવવી તે એક મહાન ઉપલબ્ધિ છે. આવો મનુષ્ય કપરા સંયોગોમાં પણ આગળ વધી શકે છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવાથી પોતે પ્રતિકૂળ સંયોગોથી તદ્દન ભિન્ન એવો પરમાત્મસ્વભાવી છે. પોતે પોતાના પરમાત્મસ્વભાવમાં સ્થિત રહે તો કોઈ પણ સંયોગો તેને દુઃખ ઉત્પન્ન કરાવી શકતા નથી. સંયોગોના સાન્નિધ્યમાં ઉત્પન્ન થતાં વિકારી સંયોગીભાવો જ આત્માને દુઃખનું કારણ છે. પ્રતિકૂળ સંયોગો એ પૌદ્‌ગલિક કર્મની પેદાશ છે. તેથી પોતે તેમાં કોઈ ફેરફાર કરી શકતો નથી. *'ભોગવે તેની ભૂલ'* એ ન્યાયે પોતે અગાઉ જે ભૂલ કરી પાપ બાંધ્યું હતુ તેના વિપાકરૂપે આ પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થયા છે તેથી તે સ્વીકારી લેવામાં જ સજ્જનતા છે. આ પ્રકારે સમજવાથી સમાધાનવૃત્તિ કેળવાય છે. સમાધાનવૃત્તિના કારણે તેને શાંતિથી સહન કરવાની ભાવના આવે છે. અને પોતાના પરમાત્મસ્વભાવના લક્ષે સંયોગોનું લક્ષ ઘટાડી તેને સહન કરવાની શક્તિ કેળવાય છે તેથી સહનશીલતા પણ આવે છે.

પ્રતિકૂળતા ગમતી નથી અને ટકતી નથી તેથી તે પોતાનો સ્વભાવ નથી. પોતાનો સ્વભાવ પરમાત્મસ્વભાવી છે અને તે આ સંયોગોથી તદ્દન જુદો છે. આવી સમજણ પ્રાપ્ત કરવાથી પ્રતિકૂળ સંયોગોમાં પણ અડીખમ ઉભા રહી શકાય તેવી સમાધાનવૃત્તિ અને સહનશીલતા કેળવાય છે. પોતાના પરમાત્મસ્વભાવની સાચી સમજણ હોય ત્યાં સમાધાન આવે જ છે. અને સમાધાન હોય ત્યાં સહનશીલતા પણ હોય જ છે. લોકોક્તિ અનુસાર—

**સમજણ ત્યાં સમાધાન, અણસમજણ ત્યાં અતિક્રમણ.**

## ૨.૧.૩. ધૈર્યબળ ધારણ થાય

**કોઈપણ કાર્ય કે પ્રસંગમાં શાંતિ અને ધીરજ ધારણ કરી તેને ટકાવી રાખવાની ક્ષમતાને ધૈર્યબળ કહે છે.**

ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય કે અસામાન્ય કાર્ય હોય તેવા પ્રસંગે પોતાની શાંતિ કે ધીરજને



ગુમાવ્યા વિના તેને પાર પાડવાનો પ્રયાસ ચાલુ રાખવો તે ધૈર્યબળ છે.

અશાંતિ અને અધીરાઈ એ અત્યારના જગતમાં મોટી સમસ્યા છે. માણસોને પૈસા કમાવામાંા અધીરાઈ છે અને જલ્દીથી કરોડપતિ થઈ જવું છે. શરીરનો રોગ પણ જલ્દીથી મટાડવો છે અને નિરોગી રહેવું છે. સામાજિક સમસ્યાઓનું તાત્કાલિક નિવારણ કરવું છે. કૌટુંબિક કાર્યો તુરત જ પાર પાડવા છે. પણ આ બધાંય બહારના કાર્યો છે. અને બહારના કાર્યો પોતે કરી શકતો નથી. પરંતુ, આ જીવ એવું માને છે કે હું પરના કાર્યો કરી શકું છું અને તે કાર્ય મારી ફરજ કે જવાબદારી છે. વાસ્તવમાં પરના કાર્યો તેના કાળે અને કારણે થાય છે અને તે પોતાને આધીન હોતાં નથી. તેથી પોતાની મરજી મુજબ ન થાય ત્યારે અશાંતિ થાય તે સ્વાભાવિક છે. આ અશાંતિ મટાડવાનો એક માત્ર ઉપાય પોતાનું સાચું સ્વરૂપ સમજવામાં છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને સમજવાથી પોતે પરમાત્મસ્વભાવી છે અને તેથી જગતનો માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે અને કર્તા-હર્તા બિલકુલ નથી તે બાબતની પ્રતીતિ આવે છે. પોતાની ભૂમિકા અનુસાર ગૃહસ્થસંબંધી કાર્યોમાં જોડાય છે અને લૌકિક પદ્ધતિએ તે કાર્ય પોતાની ફરજ કે જવાબદારી મનાય છે. તોપણ અંદરથી તેને તેમાં પોતાનું કર્તૃત્વ બિલકુલ ભાસતું નથી. આ કારણે તે કાર્યો પાર પડે કે ન પડે, તુરત જ થાય કે વિલંબથી થાય, તોપણ તેનું ધૈર્યબળ તૂટી જતું નથી. અને જરાય અધીરાઈ કે અશાંતિ આવતી નથી. તેથી આ સિદ્ધાંતને સમજવાથી ધૈર્યબળ ધારણ થાય છે તે બાબત સમજી શકાય છે.

*'ઉતાવળા સો બહાવરા ધીરા સો ગંભીર'* —એ કહેવત અનુસાર ઉતાવળિયો માણસ પાગલ સમાન છે અને ધૈર્ય ધારણ કરનારો જ ગંભીર હોય છે.

કોઈપણ કાર્યમાં ધીરજ અને શાંતિ જરૂરી હોય છે. આત્માની પ્રાપ્તિ માટે પણ ધીરજ અને શાંતિ કાર્યકારી છે. કોઈપણ પ્રસંગમાં શાંતિ, શાંતિ અને શાંતિ તે જ લાભદાયક છે. પોતાના પરમાત્મસ્વભાવને ઓળખનાર ગમે તેવા સંયોગોમાં ધૈર્યબળ ધારણ કરે છે. ધીરજના ફળ મીઠા હોય છે. ઉતાવળે આંબા પાકતા નથી. ઉતાવળો થાકે છે અને પાછો વળે છે પણ ધીરજ ધારણ કરનારના કામ સફળ થાય છે. કહ્યું પણ છે —

(દોહરો)

**ધીરે ધીરે રાવતાં, ધીરે સબ કુછ હોય ;**
**માળી સીંચે સોગણાં, પણ રત વિના ફળ ન હોય.ય.**

**ભાવાર્થ : માળી ચારગણું પાણી સીંચે તોપણ તેના સમય વિના વૃક્ષ પર ફળ આવતાં નથી. તે ફળ ધીરે ધીરે જ આવે છે. તે રીતે બધાંય કાર્યોમાં ધીરજ જરૂરી હોય છે.** (પ્રાચીન દોહરો)

## ૨.૧.૪. બુદ્ધિશાળી બનાય

**સમજ, વિવેક, ડહાપણ, ચતુરાઈ વગેરે જ્ઞાનની વિશેષ પ્રકારની અવસ્થાને બુદ્ધિ કહે છે.**

બુદ્ધિ એ જ્ઞાનની વિશેષ પ્રકારની અવસ્થા છે. બુદ્ધિ માત્ર જાણવાનું જ કામ નથી કરતી પણ જાણવાવા ઉપરાંત તે જેને જાણે તેને સમજવાનું, તે ભલું-બુરું, સ્વ-પર, હેય-ઉપાદેય વગેરે કયા પ્રકારનું છે તેનો વિવેક કરવાનું, તેમાં પોતાના શાણપણનો ઉપયોગ કરી ડહાપણ દર્શાવવાનું, તેમાં પોતાની હોંશિયારી, ચાલાકી કે યુક્તિનો ઉપયોગ કરીને ચતુરાઈ વાપરવાનું જેવા કામ પણ કરે છે.



બુદ્ધિને ચિત્તની **આકલન શક્તિ** કે અક્કલ પણ કહે છે.

મનુષ્યની બુદ્ધિ મન દ્વારા કામ કરતી હોવાથી તેનો મનની એક વિભૂતિ માનવામાં આવે છે. મનનીની આ વિભૂતિ મન દ્વારા પદાર્થના સ્વરૂપને સમજવાનું કે ગ્રહણ કરવાનું કામ કરતી હોવાથી તેને ચિત્તની **આકલન શક્તિ** કહે છે.

આ બુદ્ધિ સામાન્યપણે ન કળી શકાય તેવા અગમ્ય પદાર્થનું અને ખાસ કરીને અગમ્ય એવા પોતાના પરમાત્મસ્વભાવનું પણ આકલન કરનારી હોવાથી તેને **અક્કલ** પણ કહે છે.

મનુષ્ય એક બુદ્ધિજીવી પ્રાણી છે. મનુષ્ય પોતાનું મોટા ભાગનું કામ બુદ્ધિ વડે જ કરે છે. શરીરનાા બળ કે પૈસા કરતાં બુદ્ધિ વધારે ઉપયોગી છે. અક્કલ કે બુદ્ધિથી જે કામ થાય છે તે બળ કે પૈસાથી થતું નથી. અક્કલથી પૈસા મળે છે. પણ પૈસાથી અક્કલ મળતી નથી. પૈસાથી અક્કલ વેચાતી મળતી હોત તો કોઈ ધનવાન અક્કલનો ઓથમીર જોવા ન મળે. પણ ધનવાનમાં પણ કોઈ બુદ્ધિના બળદિયા જોવા મળે છે.

અત્યારના સમયમાં બુદ્ધિની બોલબાલા છે. તેથી બુદ્ધિશાળી બનવાની દોડ લાગે છે. પણ શંખપુષ્પી જેવી ઔષધિથી કે બદામ જેવા સૂકામેવાથી બુદ્ધિમાન બની શકાતું નથી. બુદ્ધિ એક કુદરતી દેન છે. તોપણ તેનો વિકાસ મોહને મંદ પાડવાથી થાય છે. પોતાનો મોહ જેટલા અંશે ટળે તેટલા અંશે પોતાની બુદ્ધિમતા વધે છે. તીવ્ર મોહ સમયે ચિત્તની ચંચળતા વધી જાય છે અને તેથી બુદ્ધિ બૂઠી થઈ જાય છે. મોહ ઘટતાં ચિત્તની ચંચળતા ઘટે છે અને તેથી બુદ્ધિ વિકાસ પામે છે. આપણો પોતાનો જાત અનુભવ હોય છે કે જ્યારે આપણા મોહનો ઉદય તીવ્ર હોય અને તેના કારણે આપણો ક્રોધાદિ કષાય તીવ્ર હોય એટલે કે આપણે ખૂબ ગુસ્સામાં હોઈએ ત્યારે આપણી બુદ્ધિ કૂંઠિત થઈ જાય છે અને તે જ મોહ મંદ થવાથી એટલે કે ગુસ્સો શાંત થવાથી તે જ બુદ્ધિ ખીલી ઉઠે છે. તેથી બુદ્ધિશાળી બનવા માટે મોહને મંદ પાડવો જરૂરી હોય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાની પ્રક્રિયામાત્રથી પણ પોતાની બુદ્ધિ વધે છે. આ સિદ્ધાંતને હૃદયગત કરવા માટે બુદ્ધિનો મહત્તમ ઉપયોગ કરવો પડે છે. અને બુદ્ધિનો ઉપયોગ જેમ વધે તેમ તેની શક્તિ પણ વધે જ છે. આપણે જોઈ ગયા છીએ તે મુજબ આ સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ મોહની મંદતા છે. મોહની મંદતા થતાં બુદ્ધિશક્તિ આપમેળે વધી જાય છે. તેથી બુદ્ધિશાળી બનવું હોય તેણે આ સિદ્ધાંતને હૃદયગત કરવાનું કાર્ય કરવું.

અક્કલ બડી કે ભેંસ ? એ પ્રચલિત કહેવત અનુસાર જગતમાં મોટી ચીજ પોતાની અક્કલ જ છે. જગતમાં બીજી બધી વસ્તુઓ પૈસાથી મળે છે. પણ અક્કલ મળતી નથી. અને અક્કલ હોય તેની પાસે પૈસા પણ દોડતા આવે છે. આ અક્કલ મેળવવાનો એકમાત્ર ઉપાય પોતાનાા પરમાત્મસ્વભાવને ઓળખવો તે છે. કવિ કસનીયાના કહેવા મુજબ—

(સોરઠા)

**આવે વસ્તુ અનેક, ધનમાયા ગાંઠે હુવે ;**
**અક્કલ ના'વે એક, આવે તો આતમજ્ઞાન થકી.**

**ભાવાર્થ : ધનસંપત્તિ પોતાની પાસે હોય તો જગતની અનેક વસ્તુઓ મેળવી શકાય છે. પણ અકલ તેનાથી મળતી નથી. તેના માટે તો પોતાના પરમાત્મસ્વભાવની ઓળખાણરૂપ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું તે જ ઉપાય છે.**

(પ્રાચીન કવિ કસનીયાકૃત: પ્રાચીન દોહરાના આધારે)



## ૨.૧.૫. એકાગ્રતા આવે

**નિર્ધારિત એક જ બાબત ઉપર પોતાના ઉપયોગને કેન્દ્રિત કરવો તેને એકાગ્રતા કહે છે.**

પોતાનો ઉપયોગ ચારેબાજુ ચકળવકળ થયા કરે તે વ્યગ્રતા છે અને તે એક જ લક્ષ ઉપર કેન્દ્રિત રહે તે એકાગ્રતા છે. છદ્મસ્થનો ઉપયોગ અંતર્મુહૂર્તથી વધુ સમય ક્યાંય ટકતો નથી અને તે બીજે જાય છે તોપણ તે પોતાના લક્ષ ઉપર જ પાછો ફરે અને ત્યાં જ ચોંટ્યો રહે તે એકાગ્રતા છે.

પારમાર્થિક કે લૌકિક કોઈ પણ કાર્ય એકાગ્રતા વગર પાર પડતું નથી. પારમાર્થિક કે લૌકિક ક્ષેત્રે જે કોઈએ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે તેની એકાગ્રતાના કારણે જ હોય છે. વ્યગ્રતા એક મોટી વ્યાધિ છે. વ્યગ્રતા ધરાવનાર જીવની કોઈ પણ કામગીરીમાં કાંઈ પણ ભલીવાર હોતી નથી. અત્યારના કાળમાં એકાગ્રતાની ઊણપ વર્તાય છે. ચિત્તની સ્થિરતા વિના એકાગ્રતા આવી શકતી નથી અને આ ચિત્તની સ્થિરતા પોતાના પરમાત્મસ્વભાવની સાચી સમજણ વિના પ્રાપ્ત થતી નથી.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાનું પારમાર્થિક તત્કાળ ફળ ચિત્તની સ્થિરતા છે તે બાબત આપણે જોઈ ગયા છીએ. ચિત્તની સ્થિરતાના કારણે કોઈ પણ કાર્યમાં એકાગ્રતા આવે છે. આ સિદ્ધાંતને હૃદયગત કરનારને પોતાના શરણભૂત સ્થિર પરમાત્મસ્વભાવનું લક્ષ કાયમ માટે રહે છે. તોપણ તે પોતાની ગૃહસ્થોચિતત કામગીરી કે પ્રવૃત્તિમાં પણ જોડાય છે. તે સમયે તે પોતાની નિર્ધારિત કામગીરીમાં પોતાનું લક્ષ કેન્દ્રિત કરી શકે છે અને તેનું ચિત્ત ચારેબાજુ ભટકતું નથી. તેનું કારણ તેની કષાયની મંદતા અને વિષયોની વિરક્તતા છે. વિષય-કષાય જ ચિત્તને અસ્થિર કરી વ્યગ્ર બનાવે છે. જે આ સિદ્ધાંતને હૃદયગત કરનારને હોતા નથી. જેના કારણે પણ તેનામાં એકાગ્રતા આવે છે.

એકાગ્રતાનું ઉત્તમ ઉદાહરણ મુનિરાજ છે. મુનિરાજ પોતાના સ્વરૂપમાં લીન હોય ત્યારે તો એકાગ્ર હોય જ છે પરંતુ સ્વરૂપમાંથી બહાર આવી કોઈ શાસ્ત્રનું લેખન કરે, શિષ્યને ઉપદેશ આપે કે વ્રત-સમિતિ-ગુપ્તિ જેવા અનુષ્ઠાનમાં પ્રવર્તે તે દરેકમાં તેની એકાગ્રતા હોય છે. એકાગ્રતાની મૂર્તિસમા મુનિરાજની એકાગ્રતાનું કારણ પોતાના પરમાત્મ-મ-સ્વભાવનો સ્વીકાર છે. આ પરમાત્મસ્વભાવનો સ્વીકાર વસ્તુના યથાર્થ અનેકાંતસ્વરૂપના નિર્ણય દ્વારા થાય છે અને તે વસ્તુસ્વરૂપનો નિર્ણય આગમના અભ્યાસ દ્વારા થાય છે. આ કારણે એકાગ્રતા માટે આગમના આધારે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી પોતાના પરમાત્મસ્વભાવનો સ્વીકાર કરવો જોઈએ, તેમ જણાવતાં આચાર્યશ્રી કુંદકુંદ કહે છે —

**શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય ને એકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,**
**નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે.**



**ભાવાર્થ : શ્રમણ હંમેશા એકાગ્રતાને પ્રાપ્ત હોય છે. એકાગ્રતા વસ્તુના સ્વરૂપના યથાર્થ નિશ્ચયથી આવે છે. વસ્તુસ્વરૂપનો નિશ્ચય આગમના અભ્યાસ દ્વારા થાય છે. તેથી એકાગ્રતા માટે આગમમાં વ્યાપાર કરીને પોતાની અસલી વસ્તુસ્વરૂપનો એટલે કે પરમાત્મ-સ્વભાવનો નિર્ણય કરવો જોઈએ.**

(આ સિવાય એકાગ્રતા માટે બીજો કોઈ ઉપાય નથી તેમ આચાર્ય અમૃતચંદ્રે આ ગાથાની ટીકામાં કહેલું છે.) (પ્રવચનસાર : ગાથા ૨૩૨)

## ૨.૧.૬. લઘુતાગ્રંથિ ન રહે

**પોતે ઘણો નાનો, નબળો, હીણો, ઉતરતા દરજ્જાનો કે હલકી કક્ષાનો છે અને નિર્ધારિત કામ કરવાને સક્ષમ કે લાયક નથી એવી મનમાં ગાંઠ વળે તેવા ભાવને લઘુતાગ્રંથિ કહે છે.**

પોતાને પામર અને ઉતરતી કોટિનો માની પ્રયોજનભૂત નિર્ધારિત કાર્ય કરવા માટે પોતે યોગ્ય નથી તેવા પ્રકારની મનમાં ગાંઠ વાળી તેવા કાર્યથી દૂર રહેવું તે લઘુતાગ્રંથિ છે. કેટલાંક લોકો લઘુતાગ્રંથિથી કાયમ પીડાતા રહે છે. અને તેથી તેઓ પારમાર્થિક કે લૌકિક કોઈ પણ ક્ષેત્રમાં પોતાનો વિકાસ સાધી શકતા નથી. લૌકિકમાં કોઈ અમુક પ્રકારનો નવો ધંધો કરવાનો હોય, અંગ્રેજી શીખવું પડે તેમ હોય, કોમ્પ્યુટરમાં કામ કરવાનું હોય તો તેમાં મારૂં કામ નહિ તેમ માની તેનાથી દૂર રહે છે. પારમાર્થિકમાં કુંદકુંદાચાર્યદેવના પ્રવચનસાર, સમયસારાદિ મૂળ શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો હોય તો આમાં મારી ચાંચ ન ડૂબે, મને ન આવડે એમ માની તેનો અભ્યાસ ન કરે તો તે એક લઘુતાગ્રંથિ જ છે.

લઘુતાગ્રંથિ એટલે કે નબળી મનોવૃત્તિ ધરાવનાર માણસ કયારેય સફળતા પામતો નથી. રોતો રોતો જાય તે મૂઆના જ સમાચાર લાવે તેમ નબળી મનોવૃતિવાળો નિષ્ફળતા જ પામે. આ નબળીળી મનોવૃતિ કે લઘુતાગ્રંથિ મટાડવાનો એક માત્ર ઉપાય પોતાને પામરને બદલે પરમાત્મસ્વભાવપણે સ્વીકારવાનો છે.

જગતમાં કોઈપણ કાર્ય અશકય હોતું નથી. કાળા માથાનો માનવી નેવાના પાણી મોભે ચઢાવી શકેકે છે, પણ તે માટે પ્રબળ ઈચ્છાશક્તિ (Willpower)ની જરૂરિયાત હોય છે. કહેવત છે કે *'મન હોય તો માળવે જવાય'*(A Will will find a way) પરંતુ પોતાનું આ મન એટલે કે ઈચ્છાશક્તિ ઉત્પન્ન કરવામાં પણ લઘુતાગ્રંથિ જ આડે આવે છે. આ લઘુતાગ્રંથિ દૂર કરવી હોય તો પોતાને પરમાત્મસ્વભાવપણે સ્વીકારવો જોઈએ.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી પોતે પોતાને પરમાત્મસ્વભાવપણે સ્વીકારે છે. પોતાના સ્વભાવથી પોતે ચૈતન્ય ચક્રવર્તી છે જગતમાં સર્વોત્કૃષ્ટ ચૈતન્ય મહાપદાર્થ છે. પોતે સાક્ષાત્ ભગવાન જેવો છે. અરે ! ભગવાન જ છે. પોતામાં અનંત અનંત ગુણો છે અને દરેક ગુણનું સામર્થ્ય પણ અનંત અનંત છે. પોતે અભણ હોય કે ભણેલો હોય, ગરીબ હોય કે અમીર હોય એ બધી બાહ્ય બાબતો છે. અંતરંગ સામર્થ્યથી પોતે કોઈનાથી ઉતરતો નથી. તેથી પોતે જે ધારે તે કરી શકે છે. પોતા માટે કોઈ ચીજ અશક્ય નથી. આ રીતે આ સિદ્ધાંત સમજવાથી લઘુતાગ્રંથિ કોઈ પણ પ્રકારે સંભવતી નથી.

પારમાર્થિક તત્ત્વજ્ઞાન અને તેના સિદ્ધાંતો મને ન સમજાય. આચાર્યદેવના મૂળશાસ્ત્રોનો અભ્યાસ કરવો એ મારૂં કામ નહિ. એ બધી લઘુતાગ્રંથિના કારણે ઉદ્ભવતી આત્માની આડોડાઈ છે, એક પ્રકારનો અનંતાનુબંધીનો માયાચાર છે. જો પોતે પોતાને પરમાત્મસ્વભાવપણે સ્વીકારે તો આવી હીણપતબુદ્ધિરૂપ કે લઘુતાગ્રંથિરૂપ માયાચાર તુરત જ મટી જાય છે તેમ જણાવતા આચાર્યશ્રી યોગીન્દુદેવ કહે છે —

(દોહરો)

**જિનવર તે આતમ લખો, એ સિદ્ધાન્તિક સાર;**
**એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર.**



**ભાવાર્થ : હે ભવ્ય જીવો ! જિનેન્દ્ર ભગવાન સમાન પોતાનો આત્મા પરમાત્મસ્વભાવી છે એ સઘળાં સિદ્ધાંતનો સાર છે. આવા પરમાત્મ-સ્વભાવી પોતાને જાણીને મને આ બાબત ન સમજાય તેવા માયાચારને છોડો.**

(યોગસાર : દોહરો ૨૧)

## ૨.૧.૭. પુણ્યની પ્રાપ્તિ થાય

**શુભકર્મના બંધ અને તેના તત્કાળ ઉદયને પુણ્યની પ્રાપ્તિ કહે છે.**

જીવના મોહની મંદતા અને પરિણામોની વિશુદ્ધિ જેવા શુભભાવના નિમિત્તે શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, શુભઆયુ, શુભનામ જેવા શુભકર્મનું બંધન થાય અને ક્યારેક તેનું ફળ તત્કાળ પ્રાપ્ત થાય તે પુણ્યની પ્રાપ્તિ છે. શુભભાવના નિમિત્તે બંધાતા પુણ્યનું ફળ પાછળથી કે પછીના ભવમાં પ્રાપ્ત થાય છે. તો કોઈક વાર તુરત જ પ્રાપ્ત થાય છે. તુરત જ પ્રાપ્ત થતા ફળમાં પાપનો ઉદય પુણ્યમાં ફેરવાઈને ઉદયમાં આવે, પુણ્યનો ઉદય ચાલુ હોય તેનો અનુભાગ વધી જાય કે નવું પુણ્યકર્મ બંધાઈને તેનો તુરત જ ઉદય આવે તેવું બને તે પુણ્યની પ્રાપ્તિ છે. પુણ્યના કારણે માન-સન્માન, સત્તા-સંપતિ, સગવડતાઓ-સુવિધાઓ જેવા સાનુકૂળ સંયોગોની પ્રાપ્તિ થાય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાથી મોહની મંદતા, પરિણામોની વિશુદ્ધિ જેવા શુભભાવો સહજપણે પ્રવર્તે છે. જેના કારણે વગર પ્રયોજને એક ઉપપેદાશ તરીકે પુણ્યની પ્રાપ્તિ થાય છે.

સંસારી જીવને પુણ્ય અને તેના ફળની મીઠાશ વર્તે છે. *'માગે તેથી ભાગે અને ન માગે તેની આગે'* એ ઉક્તિ અનુસાર પુણ્ય માંગવાથી મળતું નથી પણ માંગ્યા વિના, વગર પ્રયોજને કોઈપણ અપેક્ષા વિના પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારથી સહજપણે પ્રાપ્ત થાય છે.

જગતમાં બીજા બધાં સ્થાનો પાપનાં છે. અંદરમાં પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારપૂર્વક તેવી પરમાત્મદશા પ્રગટ કરવાની ભાવના સાથે પરમાત્મદશા પ્રગટ કરેલ જિનેન્દ્ર ભગવાનની ભાવભીની ભક્તિ જ ઉત્તમ પુણ્યનું કારણ છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારી દેવના શબ્દોમાં — —

(શાર્દૂલવિક્રિડિત)

नानानूननराधिनाथ विभवानाकर्ण्य चालोक्य च
त्वं क्लिश्नासि मुधात्र किं जडमते पुण्यार्जितास्ते ननु ।
तच्छक्तिर्जिननाथ पादकमलचन्द्राचार्यनायामियं
भक्तिस्ते यदि विद्यते बहुविधा भोगाः स्युरेतेत्त्वयि ॥

**ભાવાર્થ : નરાધિપતિઓના અનેકવિધ મહાવૈભવોને સાંભળીને તથા દેખીને હે જડમતિ ! ! તું અહીં ફોગટ કલેશ કેમ પામે છે ! તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે અને તે પુણ્યની પ્રાપ્તિ અંદરમાં પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારપૂર્વક પરમાત્મદશા પ્રગટ કરનાર જિનનાથના પાદપદ્મ યુગલની પૂજા-ભક્તિમાં છે. જો તને પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારપૂર્વક તેવી પરમાત્મદશા પ્રગટ કરવાની ભાવનાપૂર્વક જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગોના કારણભૂત પુણ્યની પ્રાપ્તિ આપોઆપ હશે.**

(નિયમસાર : તાત્પર્યવૃત્તિ : શ્લોક ૨૯)

## ૨.૧.૮. શરીર સ્વસ્થ અને સુંદર રહે

**શરીરની તંદુરસ્તી અને કાર્યક્ષમતાને તેની સ્વસ્થતા કહે છે. અને સ્વસ્થ શરીરની તેજસ્વિતા અને સપ્રમાણતાને સુંદરતા કહે છે.**

શરીર અનેક પ્રકારના અવયવોથી રચાયેલું છે. શરીરના સંચાલનમાં વાત, પિત્ત અને કફની

કામગીરી છે. વાત,પિત્ત કે કફના બગાડના કારણે શરીરના અવયવોની કામગીરી કે તેના સંચાલનમાં જે કોઈ વિક્ષેપ, બાધા કે અડચણ આવે તેને રોગ કહે છે. શરીર રોગોનું જ ઘર છે. અનેક રોગો સત્તામાં હોય છે. જે પૈકી કોઈ રોગ કોઈ કારણે ઉદયમાં આવે છે. રોગને કારણે શરીરમાં પીડા હોય છે. અને તે નબળું પડે છે. નીરોગી અને સુદઢ શરીરને તંદુરસ્ત કહે છે.

તંદુરસ્ત શરીર પૂરી તાકાતથી કામ કરી શકે તેને તેની કાર્યક્ષમતા કહે છે. શરીરની તંદુરસ્તી અને કાર્યક્ષમતા તે તેની સ્વસ્થતા છે. સ્વસ્થ શરીરની કાંતિને તેજસ્વિતા અને તેના અંગ-ઉપાંગોના યોગ્ય માપ કે કદને તેની સપ્રમાણતા કહે છે. સ્વસ્થ શરીરની તેજસ્વિતા અને સપ્રમાણતાના કારણે તે સુંદર કહેવાય છે.

शरीरमाद्यं खलु धर्म साधनम् । એ સુત્ર અનુસાર શરીરને ધર્મનું સૌ પ્રથમ સાધન માનવામાં આવે છે. વાસ્તવમાં આત્માના ધર્મ માટે શરીરનું સાધન હોય નહિ. પરંતુ પ્રથમ ભૂમિકામાં સ્વાધ્યાય-ચિંતન-મનન માટે અને આત્માની પ્રાપ્તિ થયા બાદ સંયમ માટે શરીરનું સહકારીપણું હોય છે. તેથી ઉપચારથી કે વ્યવહારથી શરીરને ધર્મનું સાધન માનવામાં આવે છે..

શરીર વડે ધર્મ કે અધર્મ કોઈનું પણ સાધન થઈ શકે છે. શરીર વડે સંયમ, વ્રત, તપ જેવા ધર્મ સંબંધી કામ કરવાથી શરીર સાત્ત્વિક તેજવાળું રહે છે અને તેથી સહજપણે સ્વસ્થ અને સુંદર રહે છે. તેનાથી વિરુદ્ધ શરીર વડે અસંયમ, અવ્રત, ભોગોપભોગ જેવા અધર્મ સંબંધી કામ કરવાથી શરીરમાં નબળાઈ, તનાવ, બેચેની, કુસંગ, કુટેવ જેવી દુરાચારી બાબતો ઉત્પન્ન થઈ તેને અસ્વસ્થ અને અસુંદર બનાવે છે.

અજ્ઞાની જીવ શરીરમાં પોતાપણાની માન્યતાના ધરાવે છે. અને શરીર વડે અધર્મ સંબંધી ભોગોપભોગના સાધન માટે શરીરને સ્વસ્થ અને સુંદર રાખવા પ્રયત્ન કરે છે. શરીરની સ્વસ્થતા માટે તે મેવા-મીઠાઈના સમૃદ્ધ અને સ્વાદિષ્ટદષ્ટ આહાર આરોગે છે પણ વાસ્તવમાં તેનાથી શરીર સ્વસ્થ રહેતું નથી. પણ જીભ ઉપર સંયમ રાખવાથી તે જરૂર સ્વસ્થ રહે છે. શરીરની સુંદરતા માટે વેશભૂષા, આભૂષણો અને સૌંદર્ય પ્રસાધનોનો પ્રયોગ કરે છે. પણ તેનાથી શરીર સુંદર દેખાતું નથી. પણ બ્રહ્મચર્યના તેજના કારણે તે જરૂર સુંદર દેખાય છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરનાર જીવને સંયમ અને સદાચાર સહજપણે હોય છે તેના કારણે તેનું શરીર પણ સ્વસ્થ અને સુંદર રહે છે.

શરીરમાં આત્મબુદ્ધિ રાખનારો અજ્ઞાની જીવ શરીરની ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે આસક્તિ ધરાવી શરીર વડે શરીરને પુષ્ટ કરનારા આહાર, ઔષધિ અને પ્રસાધનનો પ્રયોગ કરે છે. તોપણ તેનું શરીર સ્વસ્થ અને સુંદર હોતું નથી. જ્યારે શરીરથી ભિન્ન પોતાના પરમાત્મસ્વભાવને ઓળખીને તેમાં જ આત્મબુદ્ધિ રાખનારો આત્માર્થી જીવ ઈન્દ્રિયવિષયો અને શરીર પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા ધરાવી શરીર વડે શરીરને કષ્ટ આપનારા વ્રત, તપ, સંયમાદિનું સાધન કરે છે. તોપણ તેનું શરીર સ્વસ્થ અને સુંદર હોય છે. આચાર્યશ્રી પૂજ્યપાદના શબ્દોમાં —

(અનુષ્ટુપ)

शुभं शरीरं दिव्यांश्च विषयानभिवाञ्छति ।
उत्पन्नात्ममतिर्देहे, तत्त्वज्ञानी ततश्च्युतिम् ॥



**ભાવાર્થ : મૂર્ખ મનુષ્ય શરીરને જ પોતાપણે માની શરીર અને ઈન્દ્રિય વિષયોની આસક્તિનાા કારણે સ્વર્ગીય વિષયભોગો ભોગવવાની ભાવના રાખીને શરીરને સ્વસ્થ અને સુંદર રાખવાના ઉપાયો કરે છે.** (તોપણ તેનું શરીર સ્વસ્થ અને સુંદર રહેતું નથી) **પણ તત્ત્વજ્ઞાની પુરુષ શરીરથી ભિન્ન પોતાના પરમાત્મસ્વભાવમાં જ પોતાપણું સ્થાપી શરીર અને ઈન્દ્રિયવિષયોથી છૂટવાની ભાવના ભાવીને શરીર પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા ધરાવે છે.** (તોપણ તેનું શરીર સ્વસ્થ અને સુંદર રહે છે.)

(સમાધિતંત્ર : ગાથા ૪૨)

## ૨.૨. લૌકિક દૂરોગામી ફળ

**આ ભવમાં મોડેથી મળતા કે પરભવમાં પ્રાપ્ત થતા લૌકિક ફળને લૌકિક દૂરોગામી ફળ કહે છે.**

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હ્રદયગત કરતાં લૌકિક મોડેથી મળતા ફળમાં પંડિત મરણની પ્રાપ્તિ છે. આ ભવનું આયુષ્ય પુરું થઈ શરીરનો વિયોગ થવો તે મરણ છે. શાંતિ કે સમાધિપૂર્વક થતાં મરણને પંડિત મરણ કહે છે..

આ સિદ્ધાંતને હ્રદયગત કરતાં પરભવમાં મળતાં લૌકિક ફળમાં ઉચ્ચ કોટિના સ્વર્ગના અને મનુષ્યના ભવ છે. મનુષ્યના ભવમાં પણ આત્મહિતને અનુકૂળ હોય એવી કર્મભૂમિ, આર્યક્ષેત્ર, પાંચ ઈન્દ્રિયો અને મનની પૂર્ણતા, ઉત્તમકુળ, પુણ્યનો ઉદય, નીરોગી કાયા, લાંબુ આયુષ્ય, ઉત્તમ બુદ્ધિ, વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રાપ્તિ, સાક્ષાત્ જ્ઞાનીની દેશના જેવી ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અને દુર્લભ બાબતોની પ્રાપ્તિ થાય છે. સ્વર્ગના ભવમાં પણ આત્મહિતને અનુકૂળ વૈમાનિક દેવની પ્રાપ્તિ થાય છે.

આ સિદ્ધાંતને હ્રદયગત કરતાં મળતાં લૌકિક દૂરોગામી ફળ તરીકે કોઈવાર મહાન પુણ્યોદયે પ્રાપ્ત થતાં ચક્રવર્તીપદ, ઈન્દ્રપદ જેવી ઉચ્ચ પદવીઓની પ્રાપ્તિ પણ થાય છે.

## ઉપસંહાર

**'હું પરમાત્મા છું'** એ એક પારમાર્થિક સર્વગ્રાહી સિદ્ધાંત છે. આ સર્વગ્રાહી સિદ્ધાંતને હ્રદયગત કરવાનું ફળ પણ સર્વગ્રાહી અને મહાન છે. આ ફળને પારમાર્થિક અને લૌકિક એમ બે મુખ્ય વિભાગમાં દર્શાવી શકાય છે.

આ સિદ્ધાંત પારમાર્થિક છે તેથી તેનું પ્રયોજન પારમાર્થિક ફળનું છે. અને તેનું પારમાર્થિક ફળ અલૌકિક અને અચિંત્ય છે. પારમાર્થિક ફળને તત્કાળ અને દૂરોગામી એમ બે વિભાગમાં દર્શાવી શકાય છે. પારમાર્થિક તત્કાળ મળતાં ફળમાં સમ્યક્ત્વ-સન્મુખતા, મોહની મંદતા, જ્ઞાનની નિર્મળતા, ઉપયોગની સૂક્ષ્મતા, ચિત્તની સ્થિરતા, કષાયની મંદતા, વિષયોની વિરક્તતા, પરિણામોની વિશુદ્ધિ મુખ્ય છે. પારમાર્થિક દૂરોગામી ફળમાં સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ છે.

**'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હ્રદયગત કરવાથી આનુસંગિક બાબત તરીકે કે પુણ્યના પ્રતાપે વગર પ્રયોજને આપમેળે પ્રાપ્ત થતાં સાંસારિક ફળને લૌકિક ફળ કહે છે. તે પણ તત્કાળ અને દૂરોગામી એમ બે પ્રકારનું છે. તત્કાળ મળતાં લૌકિક ફળમાં મુખ્યત્વે દુર્ભાવના દૂર થાય, સમાધાનવૃત્તિ અને સહનશીલતા કેળવાય, ધૈર્યબળ ધારણ થાય, બુદ્ધિશાળી બનાય, લઘુતાગ્રંથિ ન રહે, પુણ્યની પ્રાપ્તિ થાય તેમ જ શરીર સ્વસ્થ અને સુંદર રહે

જેવા ફળનો સમાવેશ છે. દૂરોગામી ફળમાં આ ભવમાં પાછળથી થતાં પંડિત મરણની પ્રાપ્તિ છે અને પરભવમાં ઉત્તમ પ્રકારના મનુષ્ય અને દેવના ભવ છે. આ ઉપરાંત મહાન પુણ્યોદયે પ્રાપ્ત થતા ચક્રવર્તી કે ઈન્દ્રપદ જેવી ઉચ્ચ પદવીની કોઈવાર થતી પ્રાપ્તિ પણ પરભવમાં મળતું દૂરોગામી ફળ છે.

કલ્પવૃક્ષનું ફળ કલ્પ્યા વિના મળતું નથી. અવલોકનમણિનું ફળ તેના અવલોકન વગર મળે નહિ. ચિંતામણિનું ફળ ચિંતવ્યા વિના પ્રાપ્ત ન થાય. કામધેનુ ગાયનું દૂધ દોહ્યા વિના ન મળે. પણ *'હું પરમાત્મા છું'* એ સર્વગ્રાહી સિદ્ધાંતને હૃદયગત કરવાથી સઘળા પ્રકારનું પારમાર્થિક અને લૌકિક ફળ વગર કલ્પ્યે, વગર અવલોક્યે, વગર ચિંતવ્યે વગર દોહ્યે આપોઆપ પ્રાપ્ત થાય છે. તો પછી આ સિદ્ધાંતને હૃદયગત કરવાના ધર્મના કાર્યમાં ઢીલ શા માટે ? આ જ બાબત આચાર્યશ્રી ગુણભદ્ર નીચેના શબ્દોમાં કહે છે—

અનુષ્ટુપ

संकल्प्यं कल्पवृक्षस्य, चिन्त्यं चिन्तामणिरपि ।
असंकल्प्यम् असंचिन्त्यं, फलं धर्मादवाप्यते ।।

**ભાવાર્થ : કલ્પવૃક્ષનું ફળ તેના સંકલ્પયુક્ત વચનો વડે પ્રાપ્ત થાય છે. ચિંતામણિનું ફળ તેની સન્મુખ ચિંતવવાથી મળે છે. પરંતુ ધર્મના સિદ્ધાંતોને હૃદયગત કરવાનું ફળ વગર કલ્પ્યે અને વગર ચિંતવ્યે આપો આપ જ પ્રાપ્ત થાય છે. આમ જાણીને ધર્મના સિદ્ધાંતોને હૃદયગત કરવાના સાધનને જ સાધવું જોઈએ.**

(આત્માનુશાસન : શ્લોક ૨૨)

## સંદર્ભ ગ્રંથો


***પ્રાસ્તાવિક*** ૧. નિયમસાર : ગાથા ૫૩.

***૧ પારમાર્થિક ફળ*** ૧. સમયસાર : ગાથા ૧૫૧ અને તેની જયસેનાચાર્યકૃત ટીકા.

**૧.૧ પારમાર્થિક તત્કાળ ફળ**

**૧.૧.૧ સમ્યક્ત્વ-સન્મુખતા** ૧. સર્વાર્થસિદ્ધિ - ૧/૧/૫/૩૬; • ૨. સમયસાર : ગાથા ૧૧,૧૩,૧૭-૧૮,૩૮,૭૩ અને તેની ટીકા; • ૩. પંચાસ્તિકાસંગ્રહ : ગાથા ૧૬૨.

**૧.૧.૨ મોહની મંદતા** ૧. પ્રવચનસાર : ગાથા ૮૦,૮૩,૮૫ અને તેની ટીકા; • ૨. બૃહદદ્રવ્યસંગ્રહ : ગાથા ૪૮ની ટીકા; • ૩. સમયસાર : ગાથા ૨ની ટીકા; • ૪. સર્વાર્થસિદ્ધિ : ૮/૪/૩૮૦/૫.

**૧.૧.૩ જ્ઞાનની નિર્મળતા** ૧. બૃહદ દ્રવ્ય સંગ્રહ : ગાથા ૪૨ અને તેની ટીકા; • ૨. ન્યાયદીપિકા : અધિકાર : ૧ : પ્રકરણ : ૯ પાનુ ૮,૯,૧૧; • ૩. જૈ.સિ.કોશ : ભાગ: ૧, અનધ્યવસાય પાનુ ૬૨; ભાગ: ૩ વિપર્યય: પાનુ ૫૫૫; ભાગ : ૪ સંશય : પાનુ ૧૪૪; • ૪. મૂલાચાર : ગાથા ૨૬૭.

**૧.૧.૪ ઉપયોગની સૂક્ષ્મતા** ૧. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૪૦ની જયસેનાચાર્યકૃત ટીકા; • ૨. પંચસંગ્રહ : પ્રાકૃત : ૧/૧૭૮; • ૩. ગોમ્મટસાર : જીવકાંડ ગાથા ૬૭૨; • ૪. સર્વાર્થસિદ્ધિ : ૨/૮/૭૬૩/૩; • ૫. પ્રવચનસાર : ગાથા ૧૫૫ની ટીકા; • ૬. છ ઢાળા : ઢાળ ૬ : ગાથા ૮.

**૧.૧.૫ ચિત્તની સ્થિરતા** ૧. સમયસાર નાટક : અધિકાર ૮ : બંધદ્વાર : દોહરા ૫૦થી ૫૫; • ૨. જ્ઞાનાર્ણવ : સર્ગ-૪, શ્લોક - ૩૮; • ૩. તત્ત્વાનુશીલન : ગાથા ૭૬ થી ૮૧; • ૪. જિનેશ્વરદાસકૃત ચંદ્રપ્રભુ ભગવાનના પૂજનની ધ્રુવપંક્તિ.

**૧.૧.૬ કષાયની મંદતા** ૧. પંચસંગ્રહ : પ્રાકૃત: ૧/૧૦૯; • ૨. ધવલ: ૧/૧,૧,૪/૧૪૧/૫; ૬/૧, ૯-૧,૨૩/૪૧/૩; ૭/૨,૧,૩/૭/૧; • ૩. ચારિત્રસાર : ૮૯/૧; ૪. સર્વાર્થસિદ્ધિ : ૮/૯/૩૮૬; • ૫. સમયસાર : ગાથા ૬૯.

**૧.૧.૭ વિષયોની વિરક્તતા** ૧. પ્રવચનસાર : ગાથા ૬૩,૧૯૬ અને તેની ટીકા; • ૨. પ્રવચનસાર : ગાથા ૨૩૯ની જયસેનાચાર્યકૃત પ્રક્ષેપક ગાથા ૧ અને તેની ટીકા; • ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૭/૧૨/૪/૫૩૯/૧૨; • ૪. ઈષ્ટોપદેશ : ગાથા ૩૭,૩૮.

**૧.૧.૮ પરિણામોની વિશુદ્ધિ** ૧. ધવલ : ૬/૧,૯-૭,૨/૧૮૦/૬; ૧૧/૪,૨,૬/૧૬૯-૧૭૦/૩૧૪/૬; ૧૧/૪,૨,૬/૫૧,૨૦૮/૨; • ૨. સમયસાર : ગાથા ૫૩,૫૪ની ટીકા; • ૩. જૈ.સિ.કોશ : ભાગ૩ વિશુદ્ધિ : પાનુ ૫૬૮; • ૪. સમયસાર : ગાથા ૩૮,૭૩.



**૧.૨ પારમાર્થિક દૂરોગામી ફળ** ૧. યોગસાર : દોહરો - ૧૦૭ ::

*૨. લૌકિક ફળ*

**૨.૧ લૌકિક તત્કાળ ફળ**

**૨.૧.૧ દુર્ભાવના દૂર થાય** ૧. ભગવતી આરાધના : ગાથા ૧૭૯; • ૨. જ્ઞાનાર્ણવ : સર્ગ-૪, શ્લોક ૪૧; • ૩. પં.જુગલકિશોર મુખ્તારકૃત મૈત્રીભાવના: કડી નં. ૪.૪.

**૨.૧.૨ સમાધાનવૃત્તિ અને સહનશીલતા કેળવાય** ૧. મહાપુરાણ : ૨૧/૨૨૬; • ૨. બહેનશ્રીના વચનામૃત : નં. ૨૩૬.

**૨.૧.૩ ધૈર્યબળ ધારણ થાય** ૧. નિયમસાર : ગાથા ૭૩ની ટીકા; • ૨. ભાવપાહુડ : ગાથા ૪૩ની ટીકા; • ૩. બહેનશ્રીના વચનામૃત નં. ૧૧૬,૧૨૦; • ૪. પ્રાચીન દોહરો.

**૨.૧.૪ બુદ્ધિશાળી બનાય** ૧. સ્યાદ્વાદ મંજરી : ૮/૮૮/૩૦; • ૨. ન્યાયસૂત્ર : ૧/૧/૧૫/૨૦; • ૩. યોગસારપ્રાભૃત : ૮/૮૨; • ૪. ષટ્ખંડાગમ : ૧૩/૫,૫/સુત્ર ૪૦/૨૪૩; • ૫. જૈ.સિ.કોશ : ભાગ-૩ : બુદ્ધિ : પાનું ૧૮૪; • ૬. પ્રાચીન દોહરો.

**૨.૧.૫ એકાગ્રતા આવે** ૧. સર્વાર્થસિદ્ધિ : ૯/૨૭/૪૪૪/૬; • ૨. ચારિત્રસાર : ૧૬૬/૬; • ૩. પ્રવચનસાર : ગાથા ૧૯૧ની ટીકા; • ૪. તત્વાનુશાસન : ગાથા ૫૭, ૬૦થી ૬૫; • ૫. તત્વાર્થ રાજવાર્તિક : ૯/૨૭/૪-૭,૨૦-૨૧/૬૨૫-૨૭; • ૬. પ્રવચનસાર : ગાથા ૨૩૨.

**૨.૧.૬ લઘુતાગ્રંથિ ન રહે** ૧. યોગસાર : દોહરો ૨૧.

**૨.૧.૭ પુણ્યની પ્રાપ્તિ થાય** ૧. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૨૮; • ૨. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૭૧; • ૩. નિયમસાર : તાત્પર્યવૃત્તિ : શ્લોક ૨૯.

**૨.૧.૮ શરીર સ્વસ્થ અને સુંદર રહે** ૧. મુલાચાર : ગાથા ૪૭૯,૪૮૧, ૪૮૩, ૮૧૫, ૮૩૯, ૮૪૦; • ૨. આત્માનુશાસન : શ્લોક ૭૦,૧૧૬; • ૩. સમાધિતંત્ર : ગાથા ૪૨.

**૨.૨ લૌકિક દૂરોગામી ફળ** ૧. બૃહદ દ્રવ્ય સંગ્રહ : ગાથા ૩૫ની ટીકા; • ૨. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૯૧ થી ૨૯૪ • ૩. મૂલાચાર : ગાથા ૧૦૩૩.

***ઉપસંહાર*** ૧. આત્માનુશાસન : શ્લોક ૨૨.

---

## હેતુલક્ષી પ્રશ્નો

***યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.***

૧. સમ્યક્ત્વ-સન્મુખ જીવનું સ્વરૂપ શું છે? ૧ ☐
A. અનંતાનુબંધીનો અનુભાગ ઓછો થવો
B. શુદ્ધાત્માની અનુભૂતિ થવી
C. અતીન્દ્રિય આનંદ આવવો
D. મોક્ષમાર્ગમાં પ્રવેશ પામવો

૨. સઘળા સંસારનું મૂળ શું છે? ૨ ☐
A. કર્મ B. મોહ
C. શરીર D. રાગ

૩. જ્ઞાનસંબંધી દોષમાં કોનો સમાવેશ નથી? ૩ ☐
A. અનધ્યવસાય B. વિપર્યય
C. અલ્પજ્ઞતા D. સંશય

૪. સૂક્ષ્મ ઉપયોગ એક તીક્ષ્ણ છીણી જેવું કામ કરી કોને જુદા પાડે છે? ૪ ☐
A. જીવ અને રાગ B. જીવ અને જ્ઞાન
C. જીવ અને બંધ D. જીવ અને શરીર

૫. અત્યારે મોટા ભાગના માણસોમાં ચિત્તની ચંચળતા જોવા મળે છે તેનું શું કારણ છે? ૫ ☐
A. અત્યારનો કાળ જ એવો છે.
B. વ્યાવસાયિક પ્રવૃત્તિની વિશાળતા
C. ચિત્તનો સ્વભાવ જ એવો છે
D. પોતાના પરમાત્મસ્વભાવનો અસ્વીકાર

૬. અનંતાનુબંધી કષાય ટાળ્યા કે મંદ પાડ્યા વિના માત્ર લેશ્યા અપેક્ષાની કષાયની મંદતા કેવી છે? ૬ ☐
A. અવાસ્તવિક અને અવ્યાવહારિક
B. ઉપચારથી ધર્મ C. ઉપશમરસથી તરબોળ
D. લુખ્ખી અને ચંચળ

૭. પોતાના પરમાત્મસ્વભાવનો સંવેદપૂર્વક સ્વીકાર થતાં શું સ્ફુરતું નથી? ૭ ☐
A. ભગવાનની ભક્તિ B. શાસ્ત્રનો સ્વાધ્યાય

C. સુલભ વિષયો D. જીગરી મિત્રો

૮. પરિણામોની વિશુદ્ધિ માટે શું જરૂરી છે ? ૮ ☐

A. મિથ્યાત્વનો અભાવ

B. પુણ્યનો ઉદય C. મોહની મંદતા

D. સદ્‌ગુરુનું સાન્નિધ્ય

૯. મોહ-રાગ-દ્વેષાદિ વિકારી ભાવોનો અભાવ કરવા શું કરવું જોઈએ ? ૯ ☐

A. પોતાને પરમાત્મપણે સ્વીકારવો જોઈએ.

B. પોતાના પરમાત્મસ્વભાવમાં લીન રહેવું જોઈએ.

C. દરેકમાં પરમાત્માને દેખવો જોઈએ.

D. બહારના પરમાત્માનું શરણ લેવું જોઈએ.

૧૦. પરમાત્મદશા પ્રગટ થવાનું કારણ શું? ૧૦ ☐

A. પોતાના પરમાત્મસ્વભાવનો સ્વીકાર

B. કાળલબ્ધિ C. ભવિતવ્ય

D. સદ્‌ગુરુનો સદુપદેશ

૧૧. વેરભાવના કઈ રીતે દૂર થાય ? ૧૧ ☐

A. પોતાની દુર્ભાવના જ પોતાનો દુશ્મન છે અને બહારમાં કોઈ દુશ્મન નથી તેમ માનવાથી

B. પોતાનો શત્રુ હોય તેના પ્રત્યેની અદાવતનો બદલો લેવાથી

C. આપણે નબળા છીએ અને દુશ્મન સબળો છે તેમ સમજી વેર લેવાનું માંડી વાળવાથી

D. વેર રાખવાથી વેર વધે છે તેમ સમજવાથી

૧૨. કેવો મનુષ્ય કપરા સંયોગોમાં પણ આગળ વધી શકે છે ? ૧૨ ☐

A. હોશિયાર અને મહેનતુ હોય તે

B. સમાધાનવૃત્તિ અને સહનશીલતા રાખનારો

C. સત્તા અને સંપત્તિ ધરાવનારો

D. મોતને મુઠ્ઠીમાં લઈને ચાલનારો

૧૩. પ્રતિકૂળ સંયોગો પ્રત્યે કયા પ્રકારનું વર્તન પોતાની સજ્જનતા છે ? ૧૩ ☐

A. પ્રતિકૂળ સંયોગોને અન્યાય માની તેનો સામનો કરવામાં

B. પ્રતિકૂળ સંયોગો પ્રત્યે રોષ રાખી તેને દૂર કરવાનો ઉપાય કરવામાં

C. પ્રતિકૂળ સંયોગોને સ્વીકારી, સમાધાન રાખવામાં

D. પ્રતિકૂળ સંયોગોને પરમાત્માની પ્રસાદી માનવામાં

૧૪. પોતાનું કોઈ પણ કાર્ય કઈ રીતે પાર પડે છે ? ૧૪ ☐

A. ભગવાનની કૃપાથી

B. તનતોડ મહેનતથી

C. શાંતિ અને ધીરજથી

D. વગ અને પૈસાથી

૧૫. મનુષ્ય કેવું પ્રાણી છે ? ૧૫ ☐

A. અન્નજીવી B. પરજીવી

C. શ્રમજીવી D. બુદ્ધિજીવી

૧૬. બુદ્ધિશાળી બનવા માટે શું કરવું જોઈએ ? ૧૬ ☐

A. પૈસા ખર્ચવા જોઈએ.

B. બદામ-પીસ્તા ખાવા જોઈએ.

C. ખૂબ ભણવું જોઈએ.

D. મોહને મંદ કરવો જોઈએ..

૧૭. વ્યગ્રતાનું કારણ શું ? ૧૭ ☐

A. કામનો બોજો B. પૈસાની તંગી

C. ચિત્તની ચંચળતા D. પાપનો ઉદય

૧૮. કઈ રીતે પુણ્યની પ્રાપ્તિ થાય છે ? ૧૮ ☐

A. નીતિમત્તાપૂર્વક વેપાર ધંધો કરવાથી

B. કષ્ટપૂર્વક વ્રત-તપાદિ કરવાથી

C. પોતાના પરમાત્મસ્વભાવના સ્વીકારપૂર્વક પરમાત્માની ભક્તિ કરવાથી

D. પુણ્યશાળીના ઘેર જન્મ લેવાથી

૧૯. શરીરને સ્વસ્થ અને સુંદર રાખવા માટે શું કરવું જોઈએ ? ૧૯ ☐

A. સમતોલ અને પૌષ્ટિક આહાર લેવો જોઈએ.

B. સંયમ, સદાચારપૂર્વક જીવન જીવવું જોઈએ.

C. આસન અને પ્રાણાયમ કરવા જોઈએ.

D. ઔષધિ-પ્રસાધનોનો પ્રયોગ કરવો જોઈએ.

૨૦. કોનું ફળ આપોઆપ મળે છે ? ૨૦ ☐

A. ધર્મના સિદ્ધાંતોને હૃદયગત કરવાનું

B. કલ્પવૃક્ષનું C. ચિંતામણિનું

D. અવલોકનમણિનું

# સૈદ્ધાંતિક પ્રશ્નો

***નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.***

૧. સમ્યક્ત્વ એટલે શું છે ?
૨. પારમાર્થિક ફળ કોને કહે છે ?
૩. સમ્યક્ત્વ-સન્મુખતા કોને કહે છે ?
૪. સમ્યક્ત્વ-સન્મુખ જીવ કેવો હોય છે ?
૫. વસ્તુનુ અનેકાંત સ્વરૂપ કોને કહે છે ?
૬. મોહ કોને કહે છે ?
૭. મોહ કયા બે પ્રકારે હોય છે ?
૮. એકત્વબુદ્ધિના મોહનું સ્વરૂપ શું છે ?
૯. સમગ્ર સંસારમાં કોનું એકચક્રી શાસન ચાલે છે ?
૧૦. જ્ઞાન સબંધી ત્રણ દોષોના નામ આપો ?
૧૧. જ્ઞાનની નિર્મળતા શેના માટે સક્ષમ બને છે? કઈ રીતે ?
૧૨. ઉપયોગ કોને કહે છે ?
૧૩. કયા ઉપયોગને સૂક્ષ્મ કહે છે ?
૧૪. ચિત્તની સ્થિરતા કોને કહે છે ?
૧૫. કષાય કોને કહે છે ?
૧૬. કષાયની મંદતા કોને કહે છે ?
૧૭. કષાયની વ્યક્તિ કે પ્રગટતા મુખ્યત્વે કયા રૂપે હોય છે ?
૧૮. કષાયની શક્તિ અપેક્ષાએ તેના કયા પ્રકાર છે ?
૧૯. અનંતાનુબંધી કષાય કોને કહે છે ?
૨૦. અનંતાનુબંધી ક્રોધ કોને કહે છે ?
૨૧. અનંતાનુબંધી માન કોને કહે છે ?
૨૨. અનંતાનુબંધી માયા કોને કહે છે ?
૨૩. અનંતાનુબંધી લોભ કોને કહે છે ?
૨૪. આ જીવ કયાં સુધી ક્રોધાદિ આસ્રવોમાં પ્રવર્તે છે ?
૨૫. પાંચ ઈન્દ્રિયોના વિષયો કયા કયા છે ?
૨૬. વિષયોની આસક્તિ-વિરક્તિનું કારણ શું હોય છે ?
૨૭. પરિણામોની વિશુદ્ધિ કોને કહે છે ?
૨૮. પોતાનો પરમાત્મસ્વભાવ કેવો છે ?
૨૯. પારમાર્થિક દૂરોગામી ફળ કોને કહે છે ?
૩૦. જો કોઈ સિદ્ધ થયા છે, થાય છે અને થશે તે કેવી રીતે થાય છે ?
૩૧. લૌકિક ફળ કોને કહે છે ?
૩૨. દુર્ભાવના કોને કહે છે ?
૩૩. સમાધાનવૃત્તિ અને સહનશીલતા કોને કહે છે ?
૩૪. શા માટે પ્રતિકૂળતા પોતાનો સ્વભાવ નથી ?
૩૫. ધૈર્યબળ કોને કહે છે ?
૩૬. કેવો માણસ ગંભીર ગણાય છે ?
૩૭. બુદ્ધિ કોને કહે છે ?
૩૮. જગતમાં કઈ ચીજ પૈસાથી મળતી નથી ?
૩૯. એકાગ્રતા કોને કહે છે ?
૪૦. એકાગ્રતા માટે શેની જરૂર રહે છે ?
૪૧. એકાગ્રતાનું ઉત્તમ ઉદાહરણ કયુ છે ?
૪૨. લઘુતાગ્રંથિ એટલે શું ?
૪૩. પુણ્યની પ્રાપ્તિ કોને કહે છે ?
૪૪. શરીરની સ્વસ્થતા અને સુંદરતા કોને કહે છે ?
૪૫. મનુષ્યના ભવમાં આત્મહિતને અનુકૂળ હોય એવી ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અને દુર્લભ બાબતો કઈ છે ?

***નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો***

૧. સમ્યક્ત્વનું બહિરંગ સહકારી કારણ અને અંતરંગ સહકારી કારણ શું છે ?
૨. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવાથી મળતા પારમાર્થિક તત્કાળ ફળના નામ આપો ? ?
૩. શા માટે પર્યાયદૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ છે ?
૪. શા માટે દ્રવ્યદૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ છે ?
૫. મોહને મટાડવાનો કે મંદ કરવાનો ઉપાય શું છે ?
૬. અરિહંત ભગવાનના આધારે પોતાનો પરમાત્મ-સ્વભાવ કઈ રીતે ઓળખી શકાય છે ? અને તેથી પોતાનો મોહ કઈ રીતે મટે ?
૭. જ્ઞાનની નિર્મળતા કઈ રીતે થાય તે સમજાવો ?
૮. જિનશાસનમાં આત્માની શુદ્ધિ કઈ રીતે કહી છે ?
૯. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરનારની ઉપયોગની સૂક્ષ્મતા શા માટે હોય છે ?
૧૦. ચિત્તની ચંચળતા શું છે ? તે કઈ રીતે થાય છે? તેના કારણો શું બને છે ?
૧૧. 'હું પરમાત્મા છું' સિદ્ધાંતને હૃદયગત કરવાથી ચિત્તની સ્થિરતા કઈ રીતે આવે છે ?
૧૨. શા માટે અનંતાનુબંધી કષાય ટાળ્યા કે મંદ પાડ્યા વિના કષાયની મંદતા કહેવાતી નથી ?
૧૩. 'હું *પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાથી કષાયની મંદતા કઈ રીતે આવે છે ?

૧૪. પોતાના પરમાત્મસ્વભાવની અણસમજણના કારણે વિષયોની આસક્તિ હોય છે તે બાબત સમજાવો ?

૧૫. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને સમજવાથી કઈ રીતે વિષયોની વિરક્તતા આવે છે ? તે સમજાવો ?

૧૬. પરિણામોની વિશુદ્ધિ શું છે ? અને તે કઈ રીતે થાય તે બાબત સમજાવો ?

૧૭. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાથી પરિણામોની વિશુદ્ધિ કઈ રીતે થાય ? તે સમજાવો.

૧૮. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાથી મળતું પારમાર્થિક દૂરોગામી ફળ જણાવો ? ?

૧૯. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરતાં મળતા લૌકિક તત્કાળ ફળના નામ આપો ?

૨૦. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાથી દુર્ભાવના કઈ રીતે દૂર થાય છે ? તે સમજાવો.

૨૧. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને સમજવાથી સમાધાનવૃત્તિ અને સહનશીલતા કઈ રીતે કેળવાય ? તે સમજાવો

૨૨. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને સમજવાથી ધૈર્યબળ કઈ રીતે ધારણ થાય ? તે સમજાવો

૨૩. બુદ્ધિ શું છે ? તેના બીજા ક્યા નામ છે ? કઈ રીતે ?

૨૪. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાની બુદ્ધિશાળી કઈ રીતે બનાય ?

૨૫. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાથી એકાગ્રતા કઈ રીતે આવે ?

૨૬. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃદયગત કરવાથી લઘુતાગ્રંથિ કેમ રહેતી નથી ?

૨૭. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતની સમજણ કઈ રીતે પુણ્યની પ્રાપ્તિનું કારણ છે ?

૨૮. શરીર વડે ક્યા પ્રકારનું સાધન થઈ શકે ? કઈ રીતે ?


૨૯. શા માટે શરીરમાં આત્મબુદ્ધિ રાખનારનું શરીર સ્વસ્થ અને સુંદર રહેતું નથી પણ તેની ઉપેક્ષા કરનારનું રહે છે ?

૩૦. '*હું પરમાત્મા છું*' સિદ્ધાંતને હૃહૃદયગત કરવાથી મળતા લૌકિક દૂરોગામી ફળ જણાવો..

## પરિશિષ્ટ : ૧ :: હેતુલક્ષી પ્રશ્નોના જવાબ

| પ્રશ્ન ક્રમ / પ્રકરણ ક્રમ | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | ૫ | A | A | B | C | D | D | C | B | A | A |
| ૨ | ૬ | A | B | B | C | D | D | C | B | B | A |
| ૩ | ૭ | A | B | C | C | D | D | C | C | B | A |
| ૪ | | A | B | C | D | D | D | D | C | B | A |

## અમારા આગામી પ્રકાશનો



### સંસારદુઃખ અને મોક્ષસુખ

નાસ્તિથી સંસારમાં દુઃખ અને અસ્તિથી મોક્ષમાં સુખ છે તે બાબત સમજાય તો અને તો જ આત્માર્થીપણાની યોગ્યતા આવે છે. સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ માટે તો જ બીજા અન્ય મિથ્યાત્વ ટળી સમ્યકત્વની પ્રાપ્તિ થઈ શકે છે. આ બાબતને ધ્યાનમાં લઈને આ પુસ્તકમાં સાત વિભાગના કુલ એકત્રીસ પ્રકરણ દ્વારા સંસારમાં સઘળે દુઃખ જ છે અને મોક્ષમાં જ આત્માનું સાચું સુખ છે તે બાબતને અત્યંત સરળ, રોચક અને સુગમ શૈલીથી સમજાવી છે. અનેક ચિત્રોથી સુશોભિત આ દળદાર પુસ્તક પ્રથમ ભૂમિકાવાળા જીવો માટે અત્યંગ ઉપયોગી છે. પાઠશાળાના બાળકોના અભ્યાસક્રમમાં સામેલ કરી શકાય તે રીતે તેને પાઠ્યપુસ્તકના સ્વરૂપમાં રજૂ કરાયેલ છે.



### જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની : બારભાવના

પારમાર્થિક પંથકની શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધી જ્ઞાન સહિતના વૈરાગ્યની આવશ્યકતા હોય છે. જ્ઞાનપૂર્વકના વૈરાગ્ય માટે જિનેન્દ્ર પ્રરૂપિત અનિત્યાદિ બારભાવનાઓ અત્યંત ઉપકારી છે. બારભાવનાના અભ્યાસ વિના બારભાવનાના કાવ્યનું પઠન કાર્યકારી બનતું નથી. બારભાવનાનાં સર્વાંગીણ અભ્યાસ કરાવવા માટે આ પુસ્તકમાં દરેક ભાવનાના પ્રકરણમાં જે તે ભાવનાની વ્યાખ્યા, તેની સમજૂતી, તેનું સ્વરૂપ, ચિંતવન પ્રક્રિયા, ચિંતવન માટેનું સાધન કે કારણ, કઈ રીતે વૈરાગ્ય પ્રેરકે છે? કઈ રીતે વસ્તુ સ્વરૂપનું જ્ઞાન કરાવનાર છે? તેના અભ્યાસથી થતું પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ વગેરે જેવી બાબતોની વૈજ્ઞાનિક પદ્ધતિથી પરંતુ લોકભોગ્ય અને સુગમ શૈલીથી રજુઆત કરવામાં આવી છે. દરેક ભાવનાને અંતે તેને અનુરૂપ સચિત્ર કથા પણ આપવામાં આવી છે.



### જૈન દર્શન

જૈન દર્શનની સામાન્ય સમજ આપતી આ એક લઘુ પુસ્તિકા છે. તેમાં જૈન દર્શનના વીતરાગી સત્‌દેવ - ગુરુશાસ્ત્ર, જૈન દર્શનના મૂળભૂત સિધ્ધાંતો અને તેના આધારે તેની વિશેષતાઓ, જૈન દર્શનના ખરા અનુયાયી કઈ રીતે થવાય? જૈન દર્શનને અનુસરવાનું મહાન ફળ તેમ જ જૈન દર્શન અને અન્ય દર્શનો વચ્ચેનો મૂળભૂત તફાવત જેવી બાબતોની સંક્ષેપમાં પણ સર્વગ્રાહી અને સરળ સમજૂતી આપવામાં આવી છે.



### સમ્યક્ત્વ - સાધના

પ્રથમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સમ્યક્ત્વ - સાધના સંબંધી પ્રેરક જીવન પરિચય આપતું તેમજ સમ્યક્ત્વ - સાધના માટેની પ્રેરણા આપનારા પુરુષાર્થપ્રેરક પૂજ્ય બહેનશ્રીના પોતાના લખાણ અને વચનોનો સંગ્રહ ધરાવતી આ પુસ્તિકાની સંશોધિત અને સંવર્ધિત ત્રીજી આવૃતિ બહાર પાડવામાં આવી રહી છે.

ઉપરોક્ત પુસ્તકો ઉત્પાદનના તબક્કામાં છે અને તુરત જ પ્રકાશિત થવાની સંભાવના છે. ગુલાબ શેઠની કરાયેલી કલમે કંડારાયેલા આ પુસ્તકો આપના ઘરનું ઘરેણું બની શકે છે. વ્યક્તિગત રીતે અને મંડળ દ્વારા આપને આ પુસ્તકો કેટલી સંખ્યામાં જોઈએ છે તે પ્રકાશકને નીચેના સરનામે જણાવવા વિનંતી છે.

**વાંકાનેર દિગંબર જૈન સંઘ**
પ્રતાપ રોડ, દેનાબેંકની બાજુમાં, વાંકાનેર (સૌરાષ્ટ્ર) ફોન : (૦૨૮૨૮) ૨૨૩૫૯૬
Email : subhash.sheth@yahoo.co.in

પરિશિષ્ટ ૨

# સ્વમૂલ્યાંકન

**"હું પરમાત્મા છું"** એ સિદ્ધાંતનું હૃદયગત થવું અત્યંત મહત્વનું છે. પોતાનું શ્રદ્ધાન, વિશ્વાસ, ભરોસો કે સ્વીકાર પોતાના ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવપણે કરવો અને વર્તમાન પલટતી પર્યાયપણે ન કરવો તે જ આ સિદ્ધાંતનું હૃદયગતપણું છે. આ સિદ્ધાંતને હૃદયગત થતાં પોતે પ્રગટ પર્યાયપણે છે તેવું જ્ઞાન બરાબર હોવા છતાં પોતાનો સ્વીકાર પર્યાયપણે હોતો નથી અને તે સ્વીકાર પોતાના શુદ્ધ દ્રવ્યસ્વભાવપણે એટલે કે પોતાના પરમાત્મસ્વભાવપણે જ હોય છે.

**"હું પરમાત્મા છું"** આ સિદ્ધાંતને હૃદયગત કરવાનું ફળ અલૌકિક અને અચિંત્ય છે. પારમાર્થિક પંથમાં પ્રવેશ પામવા માટે આ સિદ્ધાંતને હૃદયગત કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. આ સિદ્ધાંત પોતાને કેટલે અંશે હૃદયગત થયો છે, અને તે હૃદયગત થવાના ક્રમમાં પોતે કયાં સુધી પહોંચ્યો છે, તેમ જ તે દૃઢપણે હૃદયગત કરવા માટે હવે શો ઉપાય જરૂરી છે, તે જાણવા માટે તેનું મૂલ્યાંકન જરૂરી છે. અહીં આ સિદ્ધાંતના હૃદયગતપણાનું સ્વમૂલ્યાંકન કરવા માટેનો એક પંચબિંદુ ક્રમ માપદંડ (Five Point Rating Scale) આપવામાં આવે છે. અત્યારના કાળમાં આપણું મૂલ્યાંકન કરી આપે તેવા ગુરુ ગોત્યાંય મળતાં નથી. તેથી પોતાનું મૂલ્યાંકન પોતે જ કરવાનું રહે છે. અહીં અપાયેલો સ્વમૂલ્યાંકન માટેનો ક્રમ માપદંડ એ એક સ્વનિર્મિત ઉપકરણ છે અને તેથી તે પ્રમાણભૂત નથી. આમ છતાં આમાં અપાયેલા દરેક વિધાનો આપણા પ્રસ્તુત સિદ્ધાંત *"હું પરમાત્મા છું"*માં હૃદયગતપણા સાથે સંબંધિત છે અને તેના આધારે પોતે આ સિદ્ધાંત કેટલા અંશે હૃદયગત કરી શક્યો છે તે જાણી શકે છે, હૃદયગત કરવાના ક્રમમાં ક્યાં સુધી પહોંચ્યો છે તે તપાસી શકે છે અને તે હૃદયગત કરવા સુધી પહોંચવા માટેનો ઉપાય પ્રયોજી શકે છે, તેમ જ હૃદયગત ન થવા દેતી બાધાઓને દૂર કરી શકે છે. આ રીતે આ સિદ્ધાંતને દૃઢપણે હૃદયગત કરવા માટે આ ક્રમ માપદંડ એક ઉપયોગી ઉપકરણ છે. પણ તે માટે પોતે પોતાનો અભિપ્રાય એકદમ તટસ્થ અને પ્રમાણિકપણે પોતાની જાતે જ દર્શાવવાનો છે.

આ પંચબિંદુ ક્રમ માપદંડ (Five Point Rating Scale)માં દરેક વિધાન કે ઘટક સામે A, B, C, D, E, એમ પાંચ ક્રમાંકનો પૈકી કોઈ એક ક્રમાંકન દર્શાવવાનો છે.

આ પાંચ ક્રમાંકનો આ પ્રમાણે છે.

**A : ખૂબ સંતોષકારક**

**B : સંતોષકારક**

**C : નિર્ણય નહીં**

**D : અસંતોષકારક**

**E : ખૂબ અસંતોષકારક**

ઉપરોક્ત ક્રમાંકનમાં A પોતાના પરમાત્મ-સ્વભાવના સ્વીકારને એટલે કે *'હું પરમાત્મા છું'* સિદ્ધાંતના હૃદયગતપણાને દર્શાવે છે. ત્યારપછીના



અનુક્રમે B,C,D,E ક્રમાંકનો તેની ઉત્તરોતર કચાશને દર્શાવે છે. તેથી A ક્રમાંકન માટે પૂરા ૪ ગુણ અને ત્યારપછી ઉત્તરોતર ઉતરતા ક્રમમાં B માટે ૩ ગુણ, C માટે ૨ ગુણ, D માટે ૧ ગુણ અને E માટે શુન્ય ગુણની ફાળવણી કરી તમારા મૂલ્યાંકનની ગણત્રી તમારે જાતે જ કરવાની છે.

અહીં સ્વમૂલ્યાંકન માટે કુલ ૫૦ વિધાનો અપાયેલા છે. દરેક વિધાન માટે A, B, C, D, E, એ પાંચ પૈકી જે કોઈ તમારા માટે લાગુ પડતું હોય તે તેની સામેના ખાનામાં દર્શાવવાનું છે. બધા વિધાનો ભરવા માટે તમને ૧૫ મિનિટ જેટલો સમય જોઈશે. દરેક વિધાનની સામેના ખાનામાં ખરેખર પોતાને જે લાગુ પડતું હોય તે જ ક્રમાંકન દર્શાવો જેથી મૂલ્યાંકન હકીકતલક્ષી અને વ્યાજબી રીતે થાય.ય.

સૌ પ્રથમ મૂલ્યાંકનમાં તમે નાપાસ થશો પણ તેથી હતાશ કે નિરાશ થવાની જરૂર નથી. આ જીવે અનાદિથી પોતાને પોતાની પલટતી પર્યાયપણે જ માન્યો છે. મનુષ્યના માનસશાસ્ત્ર અનુસાર મનુષ્યની માન્યતા બદલવી ખૂબ જ મુશ્કેલ હોયેય છે. વળી પોતામાં *'હું પરમાત્મા છું'* જેવા પારમાર્થિક સિદ્ધાંતને પચાવવા જેવી પૂરી પાત્રતા પણ હોતી નથી. તેથી આ સિદ્ધાંત હૃદયગત થશે અને પોતે સ્વમૂલ્યાંકનની આ કસોટીમાંથી પસાર થઈ શકશે તેમ માનવું વધુ પડતું છે. અનાદિનો અણઅભ્યાસ અને મિથ્યા માન્યતાને એકદમ બદલી શકાતો નથી. તોપણ શાંતિ અને ધીરજથી અહીં અપાયેલા માર્ગદર્શન મુજબ આ સિદ્ધાંતને હૃદયગત કરવા માટેનો વારંવાર અભ્યાસ કરવાથી જરૂર સફળતા મળશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તો પછી હવે સ્વમૂલ્યાંકનની કસોટી માટે માનસિક રીતે તૈયાર રહો.

અહીં છાપકામની સુગમતા અને જગ્યાની બચત કરવા માટે દરેક વિધાન સામે ક્રમાંકનનું લખાણ અને તે માટેના જુદા ખાના આપવામાં આવતાં નથી. દરેક વિધાન સામે જે ચાર ખાના આપવામાં આવેલ છે તેમાં પ્રથમ ખાનુ સૌ પ્રથમ મૂલ્યાંકનના પરીક્ષણ કરતી વખતે A, B, C, D, E, પૈકી જે ક્રમાંકન લાગુ પડતું હોય તે દર્શાવવા માટે છે. પ્રથમ પરીક્ષણનું મૂલ્યાંકન કરી તેની ટકાવારી સૌથી નીચે તેના માટે આપેલા ખાનામાં નોંધ કરો. ત્યારપછી જરૂરી આનુસંગિક કાર્ય (Follow up work) કરી થોડા વખત પછી બીજું પરીક્ષણ કરો અને તેના મૂલ્યાંકનની ટકાવારી મેળવો અને અગાઉ કરતાં કેટલો અને કેવો ફેર પડ્યો છે તે તપાસો. આ રીતે ચારવાર પરીક્ષણ થઈ શકે તે માટે દરેક વિધાનની સામે ચાર ખાના અપાયેલ છે. તો ચાલો પોતે પ્રસ્તુત ક્રમ માપદંડના દરેક વિધાન સામે પોતાના માટે લાગુ પડતું ક્રમાંકન સૌ પ્રથમ ખાનામાં ભરી *'હું પરમાત્મા છું'* સિદ્ધાંત પોતાને કેટલા અંશે હૃદયગત થયો છે તે જાણવા પોતે જ પોતાનું મૂલ્યાંકન કરવા માટે પ્રયત્ન કરીએ.

---

**'હું પરમાત્મા છું'**
**સિદ્ધાંતના હૃદયગતપણાં સબંધી સ્વમૂલ્યાંકન કરવા માટેનું**
**પંચબિંદુ ક્રમ માપદંડ**
FIVE POINT RATING SCALE

| ક્રમાંકન | મૂલ્યાંકન |
|---|---|
| A | ખૂબ સંતોષકારક |
| B | સંતોષકારક |
| C | નિર્ણય નહીં |
| D | અસંતોષકારક |
| E | ખૂબ અસંતોષકારક |





| ક્રમ | વિધાન | પરિક્ષણ ક્રમાંક | | | |
|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | હું એક સ્વતંત્ર અને પરિપૂર્ણ ચૈતન્યપદાર્થ છું તેવી અંતરની ઊંડી પ્રતીતિ મને પ્રવર્તે છે. | | | | |
| ૨. | હું દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મથી તદ્દન ભિન્ન છું એનું મને બરાબર ભાન છે. | | | | |
| ૩. | હું દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા જેવા શુભભાવોથી મારી મહત્તા માનતો નથી અને તેને ધર્મ કે ધર્મનું કારણ સમજતો નથી. | | | | |
| ૪. | હું મારા પરમાત્મસ્વભાવના આશ્રયે પ્રગટ થતી વીતરાગતાને જ આત્માનો ધર્મ માનું છું. | | | | |
| ૫. | ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે તેવી મારી દૃઢ માન્યતા છે. | | | | |
| ૬. | હું મારા નિમિતે થતા પરના કાર્યોનો કર્તા થતો નથી. | | | | |
| ૭. | મારો યોગ અને ઉપયોગ પરના કાર્યોમાં નિમિત હોવા છતાં તે નિમિત્તપણામાં મારો દોષ કે અપરાધ સમજી શકું છું. | | | | |
| ૮. | હું કોઈ સાંસારિક સિદ્ધિ કે કાર્યકુશળતાનું ગૌરવ અનુભવતો નથી. | | | | |
| ૯. | હું મારા આત્માને વર્તમાન મનુષ્ય પર્યાયપણે માનતો નથી. | | | | |
| ૧૦. | હું મારી વર્તમાન મનુષ્ય અવસ્થાની ઓળખાણ માટેના સંજ્ઞારૂપ નામ સાથે બિલકુલ તાદાત્મ્યતા અનુભવતો નથી. | | | | |
| ૧૧. | મને મારા ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વભાવના અસ્તિત્વનો સંપૂર્ણ સ્વીકાર છે. | | | | |
| ૧૨. | મારા પોતાના આત્માનું કાર્ય મારા પોતાના પુરુષાર્થથી જ થાય છે અને નિમિતથી થતું નથી તેમ હું બરાબર માનું છું. | | | | |
| ૧૩. | મારો પુરુષાર્થ સ્વાધીન અને સફળ છે તેમ હું સ્વીકારું છું. | | | | |
| ૧૪. | મને સંસારની સાનુકૂળતામાંય સુખ ભાસતું નથી. | | | | |
| ૧૫. | મારામાં પાંચ ઈન્દ્રિયોના વિષયોથી વિરક્તિ સ્પષ્ટ જણાય આવે છે તેથી મને પરવિષયોની કોઈ આકાંક્ષા નથી. | | | | |

| ક્રમ | વિધાન | પરિક્ષણ ક્રમાંક | | | |
|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૬. | મને મારો અનંત ગુણોના નિધાનરૂપ શુદ્ધાત્મા જ અજાયબઘર ભાસે છે. તે સિવાય જગતની કોઈ ચીજ અજાયબ ભાસતી નથી. | | | | |
| ૧૭. | મારું એકમાત્ર પ્રયોજન મારા પરમાત્મસ્વભાવનો આશ્રય કરી પરમાત્મદશા પ્રગટ કરવાનું છે. | | | | |
| ૧૮. | ગૃહસ્થ સબંધી સાંસારિક પ્રવૃત્તિઓ હોવા છતાં તેમાં મને કોઈ રુચિ કે રસ નથી. | | | | |
| ૧૯. | મને મારા પરિપૂર્ણ શુદ્ધ પરમાત્મસ્વભાવની અનુભૂતિ માટેની અંતરના ઊંડાણપૂર્વકની તીવ્ર લગની, ભાવના, ખટક કે ઝંખના રહ્યા કરે છે. | | | | |
| ૨૦. | વીતરાગી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો અપૂર્વ મહિમા અને અપાર ભક્તિથી મારૂં હૃદય ઉલ્લસિત થાય છે. | | | | |
| ૨૧. | મારાથી અધિક ગુણવાળાને જોઈને બિલકુલ માત્સર્યભાવ થતો નથી અને અત્યંત પ્રમોદ થાય છે. તેમની હરપ્રકારે સેવા કરવાની વાત્સલ્ય ભાવના ઊછળે છે. | | | | |
| ૨૨. | હું તત્ત્વજ્ઞાનના ગંભીર રહસ્યો અને સૂક્ષ્મ ન્યાયો સમજવા હંમેશાં આતુર રહું છું. | | | | |
| ૨૩. | મને પરસ્ત્રી (કે પરપુરુષ) પ્રત્યે કોઈ આકર્ષણ નથી. | | | | |
| ૨૪. | મને મારો કોઈ દોષ બતાવે તો તેના પ્રત્યે ઉપકૃતતા દાખવી તે દોષને દૂર કરવા નિરંતર ઉદ્યમશીલ રહું છું. | | | | |
| ૨૫. | આત્મહિત સિવાય અન્ય કોઈ રીતે મારો વખત ન વેડફાઈ અને તેની એક એક ક્ષણનો સદ્‌ઉપયોગ થાય તે માટે હું સાવધાન રહું છું. | | | | |
| ૨૬. | મહાપુરુષોની સાધનાભૂમિ અને સિદ્ધક્ષેત્રોની મુલાકાત દ્વારા આત્મહિત સાધવાની ભાવના હોય છે. તેથી આવા તીર્થક્ષેત્રોના પ્રવાસ સિવાય અન્ય કોઈ પ્રવાસને હું પસંદ કરતો નથી. | | | | |
| ૨૭. | હું આવડતના અભિમાનથી દૂર રહેનારો અને મારી મોટાઈને છૂપાવનારો છું. | | | | |

| ક્રમ | વિધાન | પરિક્ષણ ક્રમાંક | | | |
|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૮. | હું મારી માન્યતા જ સાચી એવો દુરાગ્રહ સેવનારો નથી. અને આચાર્યદેવના કથનોને જ પ્રમાણભૂત સમજનારો છું. | | | | |
| ૨૯. | હું સાદો, સાત્વિક, નિર્દોષ, પ્રાસુક અને અલ્પ આહાર કરવામાં માનનારો છું.. | | | | |
| ૩૦. | મને જગતની કહેવાતી સાનુકૂળતાઓમાંય સુખ ભાસતું નથી અને મારું સુખ મારા આત્મામાં જ ભાસે છે. | | | | |
| ૩૧. | મને વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે પરમ આદર અને સંપૂર્ણ સમર્પણતાની ભાવના પ્રવર્તે છે. | | | | |
| ૩૨. | હું મારા શીલ અને ગુણોથી મારી શોભા માની તેની રક્ષા કરનારો છું. | | | | |
| ૩૩. | હું કોઈની પણ નિંદા કરવાનાં ભાવથી દૂર રહેનારો છું. | | | | |
| ૩૪. | હું હંમેશાં સ્પષ્ટ, સત્ય, શિષ્ટ અને મિષ્ટ વચનો બોલનારો છું. | | | | |
| ૩૫. | હું અન્ય કોઈને પ્રભાવિત કરવાની ભાવના ધરાવતો નથી. | | | | |
| ૩૬. | હું કોઈના પ્રત્યે રોષ કે વૈરભાવના રાખનારો નથી. | | | | |
| ૩૭. | હું સત્સંગ, સત્શ્રવણ, સદ્વાંચન અને સદાચારમાં માનનારો છું. | | | | |
| ૩૮. | હું સર્વજ્ઞ પ્રરૂપિત સન્માર્ગનો આરાધક છું. | | | | |
| ૩૯. | મને જગતના સર્વ જીવો પ્રત્યે સમદૃષ્ટિ કે સમભાવની ભાવના રહે છે. | | | | |
| ૪૦. | હું માન અને માનના પ્રસંગોથી દૂર રહેવામાં મારું હિત સમજું છું. | | | | |
| ૪૧. | મારા મનમાં જે હોય તે જ મારા વચનમાં અને વર્તમાનમાં હોય છે. | | | | |
| ૪૨. | હું ક્યારેય પણ કોઈને છેતરવાનો કે કપટનો ભાવ ધરાવતો નથી. | | | | |
| ૪૩. | હું સત્કાર્યોમાં ખર્ચ કરવામાં કંજૂસાઈ કરતો નથી. | | | | |
| ૪૪. | મને પુણ્ય કે પુણ્યના ફળની બિલકુલ આકાંક્ષા નથી. | | | | |



| ક્રમ | વિધાન | પરિક્ષણ ક્રમાંક | | | |
|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૪૫. | હું ગમે તેવા પ્રતિકુળ પ્રસંગોમાં પણ સમાધાન અને સહનશીલતા રાખું છું. | | | | |
| ૪૬. | હું ગમે તે પ્રસંગોમાં શાંતિ અને ધીરજ ગુમાવતો નથી. | | | | |
| ૪૭. | હું દૃઢપણે જૈનાચારને જાળવુ છું. | | | | |
| ૪૮. | હું કોઈપણ કાર્ય એકાગ્રતાથી કરી શકું છું. | | | | |
| ૪૯. | હું દરેક પ્રકારની દુર્ભાવનાથી દૂર રહી શકું છું. | | | | |
| ૫૦. | હું લઘુતાગ્રંથિથી બિલકુલ પીડાતો નથી. | | | | |
| | **મૂલ્યાંકનની ટકાવારી : :** | | | | |
| | **પરીક્ષણ ક્રમાંક :** | **૧** | **૨** | **૩** | **૪** |

ઉપરોક્ત સ્વમૂલ્યાંકન માટેના ક્રમમાપદંડના પ્રથમ પરીક્ષણ માટેના બધાં ખાના ભરાઈ ગયા બાદ તેના મૂલ્યાંકનની ગણત્રી કરવા માટેની રીત આ નીચે સમજાવવામાં આવે છે.

સૌ પ્રથમ દરેક વિધાન સામે કરવામાં આવેલ ક્રમાંકન A, B, C, D, E પૈકી ક્રમાંકન કેટલી વાર આવે છે એટલે કે દરેક ક્રમાંકનની કેટલી આવૃતિ થયેલ છે. તે જાણવા માટે આવૃતિ-વિતરણ કરો. આ માટે A, B, C, D, E એ પાંચેય ક્રમાંકનને નીચેના નમુના મુજબના કોષ્ટક પ્રમાણે પહેલા સ્તંભમાં દર્શાવો પછી જે તે ક્રમાંકન સામે ક્રમશઃ ઊભા લીટા કરતા જાઓ જેમ કે, તમે પહેલા વિધાન સામે B મુકેલ હોય તો B સામે ઊભો લીટો કરો. અને તે રીતે આગળ વધો. આ રીતે કુલ ૫૦ વિધાનો માટે ૫૦ ઊભા લીટા કરવાના રહેશે. આ લીટાને આવૃતિચિહ્ન (Tally Mark) કહેવામાં આવે છે. કરેલ લીટાની ગણત્રી કરવાનું સરળ બને તે માટે જે તે ક્રમાંકન સામે પાંચમો લીટો બાકીના ચાર લીટાને જોડતો ત્રાંસો કરીને પાંચના સમૂહને જુદો પાડો. આ આવૃતિચિહ્નના લીટાઓ માટે બીજા સ્તંભનો ઉપયોગ કરો અને ત્રીજા સ્તંભમાં જે તે ક્રમાંકનની કુલ આવૃતિઓ લખો.

આ પ્રકારે આવૃતિ-વિતરણ (Frequency Distribution) માટેનો નમૂનો અહીં આપવામાં આવે છે.

**સ્વમૂલ્યાંકન માટેના ૫૦ વિધાનોના ક્રમાંકનનું આવૃતિ-વિતરણ**
**Frequency Distribution**

| ક્રમાંકન Gradation | આવૃતિચિહ્નો Tally Mark | આવૃતિ Frequency |
|---|---|---|
| A. | IIII | ૦૪ |
| B. | 𝍸 𝍸 I | ૧૧ |
| C. | 𝍸 𝍸 𝍸 𝍸 III | ૨૩ |
| D. | 𝍸 IIII | ૦૯ |
| E. | III | ૦૩ |
| Total | કુલ | ૫૦ |

ઉપર મુજબ દરેક ક્રમાંકનની આવૃતિ શોધ્યા બાદ તેનો દરેક ક્રમાંકન માટે નિયત કરેલા ગુણભાર સાથે ગુણાંકન કરીને પ્રાપ્તાંક મેળવો અને તે પ્રાપ્તતાંકોનો સરવાળો કરી કુલ ગુણ મેળવો. ઉપરના નમૂના મુજબના આવૃતિ-વિતરણ માટે તે નીચે મુજબ થશે..

| ક્રમાંકન Gradation | નિયત ગુણભાર Weightage | X આવૃતિચિહ્નો Tally Mark | = પ્રાપ્તાંક કે મેળવેલ ગુણ Obtained Marks |
|---|---|---|---|
| A. | ૪ | ૦૪ | ૧૬ |
| B. | ૩ | ૧૧ | ૩૩ |
| C. | ૨ | ૨૩ | ૪૬ |
| D. | ૧ | ૦૯ | ૦૯ |
| E. | ૦ | ૦૩ | ૦૦ |
| Total | કુલ | ૫૦ | ૧૦૪ |



ઉપર મુજબ નમૂનાના કુલ પ્રાપ્તાંક કે મેળવેલ ગુણ ૧૦૪ છે. આપણા ક્રમમાપદંડમાં કુલ ૫૦ વિધાનો છે અને તેનાં ઉચ્ચતમ ક્રમાંકન A માટેનો નિયત ગુણભાર ૪ છે. તેથી ૫૦ X ૪ = ૨૦૦ એ મળી શકતાં વધુમાં વધુ ગુણ છે. ઉપરના નમૂનામાં ૨૦૦ માંથી ૧૦૪ ગુણ મેળવાયેલ છે તેથી તેનો અડધો ભાગ કરતાં નીચે મુજબ ટકાવારી પ્રાપ્ત થશે.

$$\text{ટકાવારી} = \frac{\text{મેળવેલ ગુણ X ૧૦૦}}{\text{૨૦૦}} = \frac{\text{૧૦૪ X ૧૦૦}}{\text{૨૦૦}} = \text{૫૨ ટકા}$$

ઉપરોક્ત નમુના મુજબનું સ્વમૂલ્યાંકન **૫૨ ટકા** થશે. તેનો અર્થ **'હું પરમાત્મા છું'** સિદ્ધાંત ૫૨ ટકા હૃદયગત થયો છે. તેના આધારે આ સિદ્ધાંત કયાં સુધી હૃદયગત થયો છે અને તેના માટે આનુસંગિક કાર્ય શું કરવું જોઈએ તે વિચારી અને તે મુજબ કાર્ય કરી ફરીથી બીજીવાર પરીક્ષણ કરી ફરીથી મૂલ્યાંકન કરો અને જે ફેર પડ્યો તે તપાસો. આ રીતે ચાર વાર પરીક્ષણ કરી શકાય તે માટેના ચાર ખાના દરેક વિધાન સામે આપેલા છે. આવા ચાર પરીક્ષણ દરમ્યાન ઉત્તરોતર તમારી ટકાવારી વધતી જશે અને તે દરમ્યાન તમને આ સિદ્ધાંત હૃદયગત થશે તેવી અપેક્ષા છે. તેમ છતાં તે હૃદયગત ન થાય તો વધુ પ્રયત્ન કરી વધુ પરીક્ષણ કરો અને તેને કોઈપણ ઉપાયે હૃદયગત કરીને જ જંપો, તમારા પુરુષાર્થ અને દેવ-ગુરુ-શાસ્ત્રની કૃપાથી તમને જરૂર સફળતા હાંસલ થશે.

કેટલી ટકાવારી માટે આ સિદ્ધાંત તેના હૃદયગત થવાના ક્રમમાં કયાં સુધી હૃદયગત થયો છે અને વધુ હૃદયગત કરવા માટે કયાં ઉપાય કરવો તેના માર્ગદર્શન માટે આ નીચે ટકાવારીના આધારે મૂલ્યાંકનનુ તારણ અને આનુસગિક કાર્ય સૂચવતો કોઠો આપવામાં આવે છે. અહીં અપાયેલ તારણ અને આનુસંગિક કાર્ય પ્રમાણભૂત નથી. વધુ પરીક્ષણો અને અવલોકનો બાદ મળેલા સ્વતંત્ર, સ્વસ્થ, અને તટસ્થ અભિપ્રાયોના આધારે તેમાં ફેરફાર થઈ શકે છે. તોપણ કામચલાઉ માર્ગદર્શન માટે તે ઉપયોગી થશે તેવી આશા છે.

## 'હું પરમાત્મા છું'
### સિદ્ધાંતના હૃદયગત થવા સબંધી સ્વમૂલ્યાંકન માટેના ક્રમ માપદંડની ટકાવારીના આધારે
# મૂલ્યાંકન, તારણ અને આનુસંગિક કાર્ય દર્શાવતું કોષ્ટક

| ક્રમ<br>No. | ટકાવારી<br>*સ્વમૂલ્યાંકનમાં મેળવેલ ગુણની ટકાવારી*<br>Percentage | મૂલ્યાંકનન<br>*હૃદયગત થવાના વધુમાં વધુ ક્રમમાં વધુમાં વધુ ક્યાં સુધી હૃદયગત થયું ગણાય ?*<br>Evaluation | તારણ<br>*હૃદયગત થવામાં શી ખામી છે ?*<br>Conclusion | આનુસંગિક કાર્ય<br>*હૃદયગત થવાની પ્રક્રિયામાં આગળ વધવા શું કરવું ?*<br>Follow Up Work |
|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૩૦ | ઈહા સુધી | બિલકુલ હૃદયગત નથી. | શરૂઆતથી જ સઘળો ઉપાય કરવો |
| ૨. | ૩૧ થી ૪૦ | અવાય સુધી | યોગ્યતાની ખામી છે. | **પ્રકરણ-૩**માં દર્શાવેલ યોગ્યતા પૈકીકી જે કોઈ ખામી હોય તે દૂર કરો ત્યાર પછી આગળનું કાર્ય કરો. |
| ૩. | ૪૧ થી ૫૦ | ધારણા સુધી | દ્રવ્યબંધારણ અને તેના આધારે વસ્તુના અનેકાંત સ્વરૂપની સમજણ નથી. | **પ્રકરણ-૪**માં દર્શાવ્યા મુજબબ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ સારી રીતે કરો. દ્રવ્યબંધારણ માટે પ્રવચનસાર ગાથા ૯૩ થી ૧૨૬ સમજો અને પછી આગળનું કાર્ય કરો. |
| ૪. | ૫૧ થી ૬૦ | અનુમાન સુધી | સર્વાંગીણ પરીક્ષામાં ખામી છે. | **પ્રકરણ-૫**માં દર્શાવ્યા અનુસારાર પરીક્ષા કરો અને પછી આગળ વધો. |
| ૫. | ૬૧ થી ૭૦ | પરીક્ષા સુધી | સ્વચ્છંદ, સંસારમાં ક્યાંક સુખબુદ્ધિ કે દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિની કોઈ કચાશ છે. | **પ્રકરણ-૬** અનુસાર હૃદયગત ન થવાના જે કારણો હોય તે દૂર કરી ભાવભાસનનો પ્રયત્ન કરો. |
| ૬. | ૭૧ થી ૯૦ | ભાવભાસન સુધી | આપ હૃદયગત થવાની એકદમ નજીક છો. | સ્વ-પરના ભેદ અભ્યાસ દ્વારા સંવેદનનો પ્રયાસ કરો. |
| ૭. | ૯૧ થી ૧૦૦ | સંવેદન સુધી | **અભિનંદન !** આપને આ સિદ્ધાંત હૃદયગત છે. | શુદ્ધાત્માના ધ્યાન દ્વારા સમ્યક્ત્વની પ્રાપ્તિનો પ્રયત્ન કરો. |

# અર્પણ



## માતુશ્રી તારાબહેન જયંતીલાલ શેઠ

જન્મ : તા. ૨૭-૧૧-૧૯૨૧ દેહ વિલય : ૨-૬-૧૯૮૫

અમારી બા અમારી જન્મદાત્રી જ નથી, પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રરૂપિત આધ્યાત્મિક ક્રાંતિમાં અમને જોતરનાર અમારી પ્રેરણાદાત્રી પણ છે અને તેથી પણ આગળ વધીને તે અમારામાં સદ્ધર્મનું સિંચન કરનારી સંસ્કારદાત્રી છે.

બાના ફુઆ અને અમારા કુટુંબી ખીમચંદ જેઠાલાલ શેઠના સંપર્ક અને જીંથરી હોસ્પિટલના નિવાસ દરમ્યાન અમારી બા સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિકટના પરિચયમાં આવ્યા. તે સમયે પૂજ્ય ગુરુદેવ જીંથરી સુધી ફરવા આવતા અને બાને તેમના દર્શનનો લાભ મળતો. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રરૂપિત તત્ત્વજ્ઞાન તુરત બેસી જવાથી તેમણે સમગ્ર કુટુંબના વિરોધ વચ્ચે પણ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રરૂપિત સનાતન દિગંબર જૈન ધર્મને અંગીકાર કર્યો. પાછળથી પિતાજીએ પણ આ જ માર્ગને અપનાવતા તે વિરોધ શમી ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ ધરાવતા અમારા માતુશ્રીએ અમને બધાં બાળકોને પારણામાંથી જ પારમાર્થિક પંથના પિયુષ પાયા છે. રોજેરોજ ચાલતી જૈન શાળામાં અમારી નિયમિત હાજરી હોય જ, પરંતુ તે ઉપરાંત રોજ રાત્રે ચાલતા સ્વાધ્યાયમાં પણ પિતાજી સાથે અમારે જવાનું ફરજીયાત રહેતું. વાંકાનેરમાં જિન મંદિર થયા પહેલાં અમારા કુટુંબી નગરશેઠ વનેચંદ શેઠની મેડીમાં રોજ રાત્રે સ્વાધ્યાય ચાલતો, તે ત્યારપછી જિન મંદિરમાં આજ સુધી ચાલી રહ્યો છે. જેમાં અમારી સતત ઉપસ્થિતિ એ અમારી માતુશ્રીની જ દેન છે. આ ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતી, પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, સોનગઢમાં યોજાતી બાળકો માટેની ગ્રીષ્મકાલિન શિક્ષણ શિબિર વગેરેમાં પણ પ્રસંગોપાત જવાનું થતું. પૂજ્ય માતુશ્રી દ્વારા આ પ્રકારના સંસ્કારો પ્રાપ્ત થવાના કારણે જ આજે અમે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજતા થયા છીએ.




અમારા માતુશ્રીને 'બહેનશ્રીના વચનામૃત' પુસ્તક અત્યંત પ્રિય હતું. તેમાં અવારનવાર આવતાં 'હું જ્ઞાયક છું' શબ્દો પર તેમનો ખાસ લગાવ રહેતો. ઘરના બારીબારણાં ઉપર પણ 'હું જ્ઞાયક છું' એવા શબ્દો તેઓ ચોક વડે લખતાં. સુભાષભાઈના સહકાર્યકર અને મિત્ર વરીયા સાહેબે નવો કેમેરો ખરીદતાં તેમણે સૌ પ્રથમ બિમાર માતુશ્રીનો ફોટો પાડવાનું રાખ્યું. બિમારી સમયે પણ માતુશ્રીનું મક્કમ મનોબળ અને જ્ઞાયકનું રટણ દાદ માંગી લે તેવું હતું. તેઓએ પોતાની જાતે કાગળમાં 'હું જ્ઞાયક છું' લખી ઘરમાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અંકિત 'ૐ' નીચે ઉભા રહીને ફોટો પડાવ્યો. ત્યારપછી એકાદ પખવાડિયામાં જ તેઓ અમને છોડીને સ્વર્ગે સંચર્યા.

સત્સંસ્કારોના બીજ રોપી અમને કોઈ નવો જ જન્મ પ્રદાન કરનારી અમારી માતુશ્રીનું ઋણ કોઈ રીતે ચૂકવી શકાતું નથી. તો પણ અમારા તર્પણ ખાતર માતુશ્રીના પ્રિય વિષય 'હું જ્ઞાયક છું'નું પ્રતિપાદન કરતું આ 'હું પરમાત્મા છું' પુસ્તક તેમને સાદર અર્પણ કરીએ છીએ.

પુત્રો : સુભાષ, નિતિન — પુત્રી : હંસિકા
પુત્રવધૂ : સાધના — જમાઈ : નરેન્દ્રકુમાર
પૌત્ર : વારિજ, રાજીવ — પૌત્રી : સુજ્ઞા
પૌત્રવધૂ : રુચિ, સેજલ
પ્રપૌત્ર : આત્મિન — પ્રપૌત્રી : લબ્ધિ
દોહિત્રી : મીતલ, ધારિણી, દર્શના

**માતુશ્રી તારાબહેન જયંતીલાલ શેઠ**

**માતુશ્રીને પ્રિય પૂજ્ય ગુરુદેવના વચનો**


*'હું જ પરમાત્મા છું' એમ નક્કી કર, 'હું જ પરમાત્મા છું' એવો નિર્ણય કર, 'હું જ પરમાત્મા છું' એવો અનુભવ કર. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકીનાથ પરમાત્મા (સીમંધરદેવ) સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે, 'હું પરમાત્મા છું' એમ નક્કી કર. "ભગવાન 'તમે પરમાત્મા છો' એટલું તો અમને નક્કી કરવા દો!" એ ક્યારે નક્કી થશે? કે જ્યારે 'હું પરમાત્મા છું' એવો અનુભવ થશે, ત્યારે 'આ (સીમંધર ભગવાન) પરમાત્મા છે' એવો વ્યવહાર તને નક્કી થશે; નિશ્ચય નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ.* ('ગુરુદેવશ્રીનાં વચનામૃત'નું આમુખ)

## વાચકોની અંગત નોંધ

| પ્રકરણ નં. | મુદ્દો | નોંધ | પાના નં. |
|---|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | પરમાત્મદશા પ્રગટ કરવાનાં પારમાર્થિક પંથનાં પ્રથમ પગથિયે પગ મૂકનાર પણ પરમાત્મદશાને પ્રાપ્ત થાય છે.<br>(આ નમૂનાની નોંધ છે. વાચકો પોતાને ગમતી ઉપયોગી કોઈ નોંધ લખી શકે છે.) | ૧ |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |



અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.




બારભાવના

# આગામી પ્રકાશનો


જૈન દર્શન


સમ્યક્ત્વ સાધના